

# પ્રત્યેક બુદ્ધ

પૂ. આચાર્યદેવ શ્રીમદ્
વિજય પૂર્ણચન્દ્રસૂરીશ્વરજી મહારાજ

પૂ. આચાર્ય શ્રી વિજય યુગચન્દ્રસૂરિજી મહારાજ પ્રેરિત
શ્રીમતી સૂરજબેન રીખવચંદ સંઘવી ગ્રંથમાળા-૧૪૭

# પ્રત્યેક બુદ્ધ

સ્વયં ગુરુ અને સ્વયં શિષ્ય સમું અદ્ભુત વ્યક્તિત્વ ધરાવતા
કરકંડુ-દ્વિમુખ-નમિરાજ નગગતિનું જીવન દર્શન

શબ્દશિલ્પી
સિદ્ધહસ્તલેખક પ્રવચન શ્રુતતીર્થ પ્રેરક પૂ. આચાર્યદેવ
**શ્રીમદ્ વિજય પૂર્ણચન્દ્રસૂરીશ્વરજી મહારાજ**

પ્રકાશક
**પંચપ્રસ્થાન પુણ્યસ્મૃતિ પ્રકાશન**
૧૦-૩૨૬૮-A, કાજીનું મેદાન, ગોપીપુરા, સુરત-૩૯૫૦૦૧

**પ્રકાશન-નિમિત્ત**
સૂરિમંત્ર પ્રભાવક
પૂ.આચાર્યદેવ શ્રીમદ્ વિજય
**પૂર્ણચન્દ્રસૂરીશ્વરજી મહારાજાના**
આચાર્યપદારોહણના ૨૫ વર્ષ
રજત ઉત્સવ પ્રસંગ
વિ.સં. ૨૦૪૭-૨૦૭૨

**લેખક પરિચય**
જૈનશાસન શિરતાજ પૂ. આચાર્યદેવ શ્રીમદ્
વિજય રામચન્દ્રસૂરીશ્વરજી મહારાજાના પટ્ટપ્રભાવક
સિંહસત્ત્વના સ્વામી પૂ. આચાર્યદેવ શ્રીમદ્
વિજય મુક્તિચન્દ્રસૂરીશ્વરજી મહારાજાના પટ્ટપ્રદ્યોતક
પ્રશમરસ પયોનિધિ પૂ. આચાર્યદેવ શ્રીમદ્
વિજય જયકુંજરસૂરીશ્વરજી મહારાજાના પટ્ટધરરત્ન
સિદ્ધહસ્તલેખક પૂ. આચાર્યદેવ શ્રીમદ્ વિજય
**પૂર્ણચન્દ્રસૂરીશ્વરજી મહારાજ**


| | | |
|---|---|---|
| નામ | : | **પ્રત્યેક બુદ્ધ**<br>**pratyek buddh** |
| પ્રકાશન | : | વૈશાખ-૨૦૭૨, મે-૨૦૧૬ |
| આવૃત્તિ | : | પ્રથમ |
| સાહિત્યસેવા | : | ૪૦-૦૦ |
| પૃષ્ઠ | : | ૮ + ૨૭૨ |
| પ્રતિ | : | ૨૦૦૦ |

મુખ્ય સંપર્કસૂત્ર
**રમેશભાઈ સંઘવી - સુરત. (મો.) 9376770777**

પ્રાપ્તિસ્થાન
(૧) જિતેન્દ્ર જ્વેલર્સ ૧૦૦, ભંડારી સ્ટ્રીટ, ગોળદેવલ, મુંબઈ-૪ (મો.) 9819643462
(૩) ગૂર્જર પ્રકાશન રતનપોળ નાકા સામે, ગાંધીમાર્ગ, અ'વાદ-૧ ફોન : 079-22144663
(૪) પ્રવચન શ્રુતતીર્થ વિરમગામ હાઈવે, શંખેશ્વર. (મો.) 8469377929

# પ્રકાશકીય

સાહિત્ય પ્રકાશન સમજ અને સમાજના ઘડતરનું પ્રેરક પરિબળ છે. આજના કરાળ કલિકાળમાં ચો તરફ વેર-વાસના-વિપ્લવ આદિની વિકૃતિએ માઝા મૂકી છે. જીવન જીવવાની દિશા અને દશાથી માનવ સમૂહ વિખૂટો પડતો જઈ રહ્યો છે, ત્યારે સંસ્કાર-સંસ્કૃતિ-સદાચાર-ધર્મ-તીર્થરક્ષા-અહિંસા કાજે પ્રાણ પૂરે તેવા સાહિત્ય પ્રકાશનની આવશ્યકતા અતિ વધતી જાય છે.

ધર્મને જીવનની મુખ્ય ધરી પર સ્થિર કર્યા પછી માનવ માત્રની પ્રગતિ સુનિશ્ચિત છે. વાસ્તવિક આધાર તરીકે જો કોઈ હોય, તો તે ધર્મ ને માત્ર ધર્મ છે. આવા ધર્મને પ્રાણાંતે પણ જાળવવાની નેક અને ટેક પેદા થાય, તેવા શુભ-આશયથી પૂજ્યશ્રીની કામણગારી અને કસાયેલી કલમે કંડારાયેલ સાહિત્ય સિંધુમાંથી નાનકડા બિંદુઓ રૂપે આ પુસ્તકો પ્રકાશિત કરતા અમારા અંતરનો આનંદ નિરવધિ બને છે.

સાહિત્ય સર્જક પૂજ્યશ્રીનો આપણા સહુ ઉપર અમાપ ઉપકાર છે. આવું સુજ્ઞ-સરળ-સાત્ત્વિક-રોમાંચક-રસાળ-બોધપ્રદ સાહિત્યલેખન કરીને પૂજ્યશ્રીએ વિશાળ વાચક વર્ગને ઋણી બનાવ્યો છે.

સૂરિમંત્ર પ્રભાવક પૂ.આચાર્યદેવ શ્રીમદ્ **વિજય પૂર્ણચન્દ્રસૂરીશ્વરજી** મહારાજાના આચાર્યપદારોહણના ૨૫ વર્ષના શુભ-આલંબનને પ્રાપ્ત કરીને પૂજ્યશ્રી લિખિત ૨૫ પુસ્તકોનું એક સાથે પ્રકાશન કરવાનો જે પુણ્યલાભ અમને પ્રાપ્ત થયો છે, તેથી અમો ધન્યતા અનુભવીએ છીએ.

શંખેશ્વર તીર્થના પ્રવેશદ્વાર સમા પ્રવચન શ્રુતતીર્થનાં પ્રાંગણે ચતુર્મુખ જિનાલયની પ્રથમ સાલગીરી ઉત્સવ દરમ્યાન સૂરિપદ રજત વર્ષ દિન વૈશાખ સુદ-૬ની પાવન ઘડીએ પ્રગટ થતા આ સાહિત્ય સંપુટના પ્રકાશન કાર્યમાં પૂજ્યશ્રીના શિષ્ય પરિવારરૂપ શ્રમણ-શ્રમણી ભગવંતોના સુંદર સહયોગ પૂર્વક અમારા સંસ્થાના માર્ગદર્શક હૃદયસ્પર્શી પ્રવચનકાર પૂ.આચાર્યદેવ શ્રીમદ્ **વિજય યુગચન્દ્રસૂરિજી** મહારાજાના સદુપદેશથી જે ગુરુભક્તો-શ્રુતભક્તો ઉદારદિલે લાભાન્વિત બન્યા છે, તેની આ તકે હાર્દિક અનુમોદના કરીએ છીએ.

સેંકડો હાથોમાં શોભાવતા આ સાહિત્યને હજારો હાથોમાં રમતું કરવા આપ સહુ વાચકોના સહકારની સદાય અપેક્ષા સાથે......

**લિ. પંચપ્રસ્થાન પુણ્યસ્મૃતિ પ્રકાશન વતી**
**રમેશ રીખવચંદ સંઘવી - સુરત**

સૂરિપદ રજતવર્ષ ઉત્સવ પ્રસંગે પ્રકાશિત ૨૫ પુસ્તક પ્રકાશનના

# લાભાર્થી પરિવારો

## મુખ્ય દાતા

- શ્રીમાન અશોકભાઈ ગજેરા - લક્ષ્મી ડાયમંડ, મુંબઈ
- માતુશ્રી હંસાબેનના આત્મશ્રેયાર્થે બંસીલાલ શાંતિલાલ દલાલ - મુંબઈ
- શ્રીમતી ચેતનાબેન રોહિતભાઈ જોગાણી - મુંબઈ
- શ્રીમતી સોનલબેન કેતનભાઈ ઝવેરી- મુંબઈ
- શ્રીમતી પારૂલબેન ભરતભાઈ કાપડીયા - અમદાવાદ
- શ્રીમતી સેજલબેનના ઉપધાન નિમિત્તે ચન્દ્રાબેન નવીનચન્દ્ર શાહ-મુંબઈ
- શ્રીમતી પરીદાબેન હીતેશભાઈ સરકાર - મુંબઈ
- શ્રીમતી સરોજબેન ભદ્રિકલાલ શ્રોફ - અમદાવાદ
- શ્રીમતી ગીતાબેન સ્વરૂપચંદ મહેતા - મુંબઈ
- શ્રીમતી ધર્મિષ્ઠાબેન સુધીરભાઈ શાહ - અમદાવાદ
- શ્રીમતી હંસાબેન જયંતીભાઈ શાહ - મુંબઈ
- શ્રીમાન નટવરલાલ મૂળચંદ શાહ - માસરરોડવાળા, મુંબઈ
- શ્રીમતી મમતાબેન લલિતભાઈ બી. પટવા - વિસનગર
- શ્રીમતી માયાબેન કેતનભાઈ વસંતલાલ કપાસી - અમદાવાદ
- શ્રીમાન ઉમેદમલજી બાબુલાલજી જૈન - તખતગઢ (રાજસ્થાન)
- તીર્થરત્ન કેવલચંદજી છોગાલાલજી સંકલેશા (રામા) - કલ્યાણ
- શ્રીમાન ભાગચંદજી ગણેશમલજી શ્રીશ્રીમાલ - કલ્યાણ
- પ્રવીણકુમાર પુખરાજજી ફોલામુથાના આત્મશ્રેયાર્થે (આહોર) - કલ્યાણ
- શ્રીમતી પારૂલબેન રાજેશભાઈ છગનલાલ શાહ - વાપી
- નગીનભાઈ પૌષધશાળાના આરાધક ભાઈઓ - પાટણ
- શ્રીમતી પંકુબાઈ ખેમચંદજી ચૌહાણ પરિવાર - દાંતરાઈ



- માતુશ્રી મંગનીબાઈ બાબુલાલજી પ્રતાપજી સતાવત (હરજી) - ભિવંડી
- ડૉ. ભાનુબેન જયંતીલાલ શાહ - સત્રા - મુંબઈ
- મનુભાઈ ત્રિકમલાલના આત્મશ્રેયાર્થે હ. શૈલેષભાઈ શાહ - અમદાવાદ
- સ્વ. રેવીબાઈ માંગીલાલજી જવાનલમજી પરમાર
  હ. ઘીસુલાલ, કુંદનમલ, ડૉ. શ્રેણિક, સંપ્રતિ, ડૉ.વિમલ - વલવણ-પૂના
- શ્રીમતી રશ્મિબેનના અઢારીયા ઉપધાનના ઉપલક્ષ્યમાં
  હ.મહેન્દ્રભાઈ જમનાદાસ દોશી, સાગર, સૌ. પ્રિયંકા તથા અંબર-કોલકાત્તા
- માતુશ્રી જયાબેન બેચરદાસ મહેતા પરિવાર - જેસર - મહુવા
  હ. રાજુભાઈ ડોંબિવલી
- શ્રીમાન ચુનીલાલજી ઘમંડીરામજી ચંદન - સાંચોર
  ચંદન સ્ટીલ લિમિટેડ-મુંબઈ
- ભાઈ કીર્તિકુમાર, માતુશ્રી શાંતાબેન, પિતાશ્રી મોહનલાલ ઝવેરચંદ ઝવેરી - ખેરલાવવાળા (તારાબાગ-મુંબઈ)ના સુકૃતની અનુમોદનાર્થે
  હ. મંજુલાબેન મહેન્દ્રભાઈ ગાંધી - મુંબઈ
- અ.સૌ. ઈન્દ્રાબેન રાકેશકુમાર છત્રગોતાના લગ્નજીવનના ૨૫ વર્ષના ઉપલક્ષ્યમાં - આહોર - કલ્યાણ
- કીરચંદભાઈ જે. શેઠ તથા મનોજભાઈ કે. શેઠના આત્મશ્રેયાર્થે
  હ. નીલાબેન, કલ્પક - સૌ.ઉર્વિ, કુ. ધન્વી શેઠ પરિવાર - સુરેન્દ્રનગર
- ઘોટી નિવાસી સ્વ. જયંતીલાલ ચંદુલાલ મહેતાના સ્મરણાર્થે
  હ. રતિભાઈ, વિશાલકુમાર, દર્શન, વર્ધન
- દોશી જબીબેન પૂનમચંદભાઈ પરસોત્તમદાસ - જેતડાવાળા - અમદાવાદ
  હ. વિપુલ - સૌ. સંગીતા, પિયુષ-સૌ. સેજલ
- સ્વ. ઈન્દુમતીબેન નાથાલાલ ચંપાલાલ શાહના આત્મશ્રેયાર્થે અનીલાબેન-ભુપેન્દ્રભાઈ. પુત્ર : ડૉ. અંકુશ, આતિશ, અનુપ, પુત્રવધૂ : ડૉ. દીપા, રૂપાલી, પન્ના, પૌત્ર : મોક્ષિત, આરવ, વિહાન, પૌત્રી : સ્વરા - કલ્યાણ



- પૂ.સા.શ્રી રમ્યશ્રેયાશ્રીજીના સદુપદેશથી માલેગાંવ નિવાસી શ્રીમતી કાંતાબેન રતિલાલ શાહ બંધુ પરિવાર ડૉ. શૈલેષભાઈ-સુનંદાબેન, અશોકભાઈ-સુનીતાબેન, આશિષભાઈ-નયનાબેન, શ્રીપાળ-નેહા, ઋષભ-ઋત્વી પુત્રી : શુક્લાબેન વિલાસકુમાર શાહ કુ. માન્યા-ટ્વીસા
- ભાભરતીર્થનિવાસી માતુશ્રી ધુડીબેન કાંતિલાલ જીવતલાલ શેઠ પરિવાર હ. રાજેન્દ્રકુમાર - ઉર્મિલાબેન, પુત્ર : દર્શન-વીતરાગ, પુત્રી : શીતલ, ક્રીંજલ, પ્રપૌત્ર : હિતાંશ, પ્રપૌત્રી : સ્તુતિ, ક્રિયા.
- શ્રી ચંપતલાલજી જસરાજજી દોસી - સિરોહી (રાજ.) ધ.પ. લીલાદેવી, પુત્ર - મુકેશ, પ્રવીણ, વિમલ, વિપીન.

## સહયોગી

- શંખેશ્વર પ્રવચન શ્રુતતીર્થ (વિ.સં.૨૦૭૨)ના ઉપધાનતપના આરાધકો
- જાસુદબેનના આત્મશ્રેયાર્થે નવીનભાઈ ચંદુલાલ વિરવાડીયા જેતડા - સુરત
- શ્રીમતી દમયંતીબેન પ્રફુલચન્દ્ર શાહ - ખોડલા - મુંબઈ
- શ્રીમાન દિનેશભાઈ પોપટલાલ શાહ - ધાણધા - મુંબઈ
- શ્રીમતી ભાગવંતીબેન ચંપાલાલજી પાલરેચા - લખમાવા - મુંબઈ
- શ્રીમતી લલિતાબેન નવીનભાઈ ચોપડા - ઘોટી
- એક ગુરુભક્ત પરિવાર - કલ્યાણ
- શ્રીમાન દિનેશકુમાર પ્રવીણકુમારજી જૈન - વાશી - મુંબઈ
- શ્રીમતી દેવીબેન એવંતીલાલ કાંતિલાલ દોશી, રાધનપુર - મુંબઈ
- શ્રીમતી બદામીબેન દેવીચંદજી સિસોદીયાહરણ, પોસાલિયા - થાણા
- શ્રીમાન પારસમલજી પુખરાજજી છાજેડ - માલગઢ - અંધેરી, મુંબઈ
- માતુશ્રી મણીબેન ફુલચંદ કરણીયા - જામનગર - મુલુંડ-મુંબઈ

# વિજય અને વિરામ

મૌન જ જેના માટે મહા-વ્યાખ્યાન બની જતું હોય, જગતની નજરે સાધારણ લેખાતા કોઈ દૃશ્યને જોતાં જ માંહ્યલો એકાએક જાગી જતો હોય અને જે મહાભિનિષ્ક્રમણનું વિરાટ-કદમ ઊઠાવીને વતનની વાટે ચાલી નીકળતા હોય, ઈન્દ્ર-ધનુષ્યના પલટાતા રૂપરંગ, વિખરાતા વાદળ-દળ અથવા તો ક્ષણિકતાનો પોકાર પાડતું આવું જ કોઈ દૃશ્ય જોતા સંસાર-સંન્યાસ સ્વીકારવા જે સજ્જ થઈ જતા હોય, એ પ્રત્યેક-બુદ્ધ ! યુગોનાં યુગ વીતે, ત્યારે આવા કોઈ પ્રત્યેક-બુદ્ધ જાગે. જૈન-શાસ્ત્રોના પાને, આવા ચાર પ્રત્યેક-બુદ્ધના નામો સુવર્ણાક્ષરે નોંધાયેલા છે :

करकंडू कलिंगेसु, पंचालेसु य दुम्मुहो । नमिराया विदेहेसु, गंधारेसु य नग्गइ ॥

કલિંગદેશમાં કરકંડૂ, પંચાલ-દેશમાં દ્વિમુખ, વિદેહદેશમાં નમિરાજા અને ગંધાર-દેશમાં નગગતિ. આ ચાર પ્રત્યેક બુદ્ધોમાં જૈનજગત માટે સહુથી વધારે જાણીતા પ્રત્યેક બુદ્ધ તો એક જ છે : નમિરાજ !

સ્વયંબુદ્ધ એને કહેવાય છે કે, બોધ પામવા માટે જેને કોઈ બાહ્ય કારણની કે પ્રેરણાની જરૂર નથી પડતી, જે સ્વયં જ બોધ પામે છે. આવા સ્વયંબુદ્ધ તરીકે તીર્થંકર-ભગવંતનું વ્યક્તિત્વ પ્રસિદ્ધ છે.

જેને જાગવા માટે તીર્થંકર-દેવના ઉપદેશની કે એ તારકના શાસનની ધુરા વહેનારા આચાર્ય-દેવાદિ સાધુ-સંઘના બોધની અપેક્ષા રહે છે, એ 'બુદ્ધ-બોધિત' ગણાય છે. તીર્થંકરદેવો અને પ્રત્યેકબુદ્ધ સિવાયનું વ્યક્તિત્વ આ કક્ષામાં સમાવેશ પામે છે.

જેને કોઈ એકાદ નિમિત્ત મળી જતાં બોધ થાય, એ પ્રત્યેક-બુદ્ધ ગણાય છે. આવા પ્રત્યેક-બુદ્ધની સંખ્યા ચારની છે. ચારે પ્રત્યેકબુદ્ધોનું 'પુષ્પોત્તર' વિમાનમાંથી એક જ સમયે ચ્યવન થતું હોય છે. ચારેનો જન્મ અલગ-અલગ દેશોમાં એકી સાથે થતો હોય છે, ચારેને બોધ પામવાના અલગ-અલગ દેશોમાં એકી સાથે થતો હોય છે, ચારેને બોધ પામવાના અલગ-અલગ નિમિત્તો પણ એકી સાથે જ મળતા હોય છે અને ચારે એકી સાથે જ સંયમ જીવનને સ્વીકારતા હોય છે. ચારે પ્રત્યેક-બુદ્ધો કેવળી અને નિર્વાણી પણ એક જ સમયે બનતા હોય છે. આવા વિરલ અને વિશિષ્ટ-વ્યક્તિત્વને જૈનશાસન 'પ્રત્યેક-બુદ્ધ' તરીકે ઓળખાવે છે. ચારે પ્રત્યેક-બુદ્ધનાં જીવન એવા તો શુદ્ધ અને પ્રબુદ્ધ છે કે, કાન બંધ કરીએ, તોય એમના જીવનમાંથી નીકળતો 'યુદ્ધ-વિરામ'નો પ્રેરણા પડઘો આપણને સંભળાઈ જ જાય !

માનવ આજે યુદ્ધ-ભૂમિ પર ખડો છે. બહાર કરતા અંદરના/અંતરના શત્રુઓએ વધારે માથું ઊંચક્યું છે. માનવને જેટલો માનવનો ભય નથી, એટલો આજે માનવે પોતાના મનનો જ ભય રાખવાનો છે. મનનો મુકાબલો કરવામાં જે માયકાંગલો બને છે, એ આંતરશત્રુઓ સામે યુદ્ધ ખેલીને પોતાનો વિજય અને વિરામ જાહેર કરી શકતો નથી.

મનના મેદાનમાં અશુભ-શક્તિઓ, શુભ-શક્તિઓની સામે યુગ-યુગથી યુદ્ધ આદરીને બેઠી છે. યુદ્ધ-નેતા માનવ જેમ જેમ અશુભનો શરણાગત બનતો જાય છે, એમ એમ એની ખુવારી અને નાલેશીભરી-હારની હારમાળા લંબાતી જ જાય છે ! આ હારમાંથી ઉગરીને વિજય ભણી કૂચકદમ ઊઠાવતા-ઊઠાવતા અંતે યુદ્ધ વિરામ'નો નેજો ફરકાવવો હશે, તો માનવે 'નમિરાજ'ની જેમ અંતરના પેટાળમાંથી એક પોકાર પાડવો જ પડશે કે मिथिलायां दह्यमानायां न मे दह्यति किंचन મિથિલા બળે એમાં મારે શું ?

માનવના મનમાં રહેલા 'શુભ' પર ચોમેરથી આમ તો આક્રમણ થતું જ આવ્યું છે ! પણ આજે એ આક્રમણમાં જે આવેગ અને આવેશ ધસી આવ્યા છે, એની જોડ જડવી મુશ્કેલ છે. માનવ અસલમાં તો ક્ષમા, વિનય, સરળતા અને સંતોષનો 'અમર-નિધિ' છે, પણ આ 'અમર-નિધિ' જ આજે સુરક્ષિત નથી ! એની પર ચોતરફથી આક્રમણ ખાબક્યું છે. ક્રોધે એના ક્ષમાના ક્ષીરસાગર પર કબજો જમાવ્યો છે. માને એના વિનયના વૈભવ પર સ્વામીત્વ ઠોકી બેસાડ્યું છે. માયાએ એની સરળતાની સંપત્તિ પર લૂંટ-ફાટ ચલાવી છે અને લોભે એના સંતોષના સામ્રાજ્યની છડેચોક લૂંટ ચલાવવા માંડી છે ! આમ, માનવનો 'અમર-નિધિ' આજે શત્રુના શરણે છે. શત્રુના આ શરણમાંથી પોતાનો અમર-નિધિ મેળવવા મનના મેદાનમાં આંતર-શત્રુઓની સામે રણભેરી બજાવીને વિજયને વરવો અને પછી વિરામ જાહેર કરવો-એ માનવનું પહેલું કર્તવ્ય બની જાય છે. કર્તવ્યનાં આ કદમ ઊઠાવવા કાજે મનને મર્દ બનાવવું જરૂરી છે પરતંત્રતાના દર્દનું નિદાન જાણી લેવું આવશ્યક છે. યુદ્ધમાં વિજય અને વિરામ પામવા માટેની આ બધી પૂર્વભૂમિકા છે, અને એના સર્જન માટે જરૂરી માર્ગદર્શન ચાર કથાનાયકોના જીવનમાંથી મળી રહે એમ છે.

અનેક પ્રકારના યુદ્ધોથી માનવની શક્તિઓ આજે શોષાઈ રહી છે. ત્યારે આ વાર્તાઓ કોઈને ને કોઈને કોઈ પણ એકાદ પ્રકારનોય 'યુદ્ધ-વિરામ' હાંસલ કરી આપવામાં સહાયક સિદ્ધ થશે-એવી આશા રાખવી અસ્થાને નહિ લેખાય !

-આચાર્ય વિજય પૂર્ણચન્દ્રસૂરિ

(પૂર્વાવૃત્તિમાંથી)

# રાજર્ષિ કરકંડૂ

## કથાક્રમ


૧. વિઘ્નોની વણઝાર ....................................૨
૨. જંગલમાં જાગ્યું મંગલ ....................................૧૧
૩. આશ્રમમાં આશ્રય ....................................૨૧
૪. કાંઠે કદીક ડૂબે સાગર તરી જનારા ....................................૩૦
૫. પડ્યો રંગમાં ભંગ ....................................૩૯
૬. રંગમાં ભંગ, ભંગમાં ઉમંગ ....................................૪૭
૭. સંગ્રામની સુરંગને સાદ ....................................૫૭
૮. ભેદ ખુલ્યા ભીતરના ....................................૬૭
૯. નસનસમાં ખુન્નસ ....................................૭૭
૧૦. ચમત્કાર પર ચમત્કાર ....................................૮૮
૧૧. પ્રણામ પ્રત્યેક બુદ્ધત્વને ....................................૧૦૦

## પ્રકરણ ૧

# વિઘ્નોની વણઝાર

વર્ષાઋતુનો સમય હતો. આકાશમાં અષાઢી મેઘ ગર્જના કરી રહ્યો હતો. મેઘનું શ્યામરૂપ વચ્ચે વચ્ચે થતા વીજ-ચમકારાથી ઓર ખીલી ઊઠતું હતું. પ્રવાસીઓના પ્રવાસને થંભાવી દે, એવી આ ઋતુ હતી. છતાં રાજા-રાણીના વનવિહારની વાત જ્યારે ચંપાપુરીએ સાંભળી, ત્યારે એક વાર તો સમગ્ર નગરી આશ્ચર્ય અનુભવી રહી. આમ છતાં વનવિહારની

પાછળ કાંઈ ખાસ હેતુ હોવાનું અનુમાન કરીને નગરીએ મનોમન સમાધાન મેળવી લીધું. પરંતુ રાજવીની અંગરક્ષાની જવાબદારી સંભાળતી સેના માટે આ સમાચાર સાંભળીને પોતાનું કર્તવ્ય અદા કરવા સજ્જ બન્યા વિના ચાલે એમ ન હતું. વચ્ચે આડી એક રાત જ હતી. એથી એ સેનાએ સજ્જ થવા કમ્મર કસી.

ચંપાપુરીના આગેવાનો, મંત્રીશ્વરો તેમજ શાણા માણસોને આવી વર્ષાઋતુમાં રાજા-રાણી વનવિહાર કરવા નીકળે, એ યોગ્ય ન લાગ્યું. કેમ કે આ કંઈ વનવિહારને યોગ્ય ઋતુ ન હતી. એમાં વળી રાજા-રાણી હાથીના હોદ્દે ચડીને વનવિહારે સંચરવાના હતા. ચંપાનગરીની આસપાસનું વાતાવરણ વર્ષાઋતુમાં એવું તો માદક બનતું કે, ઘણી વાર હાથીઓ મદોન્મત્ત બનીને પાગલની જેમ જંગલો તરફ દોટ મૂકતા, ત્યારે ગમે તેવા અણિયાળા-અંકુશો પણ એ હાથીઓની ગતિને અટકાવી ન શકતા. એથી સૌએ રાજા-રાણીને વનવિહારે ન સંચરવા વિનંતી કરી, પણ રાજવી તરફથી વનવિહાર માટેનું જે સબળ કારણ રજૂ થયું, એ સાંભળીને સૌને મૌન થઈ જવું પડ્યું. ઠીક ઠીક વિચારને અંતે સૌએ વનવિહારને યોગ્ય ઠરાવ્યો, કેમ કે ભાવિના ભીતરમાં રહેલા ભેદની કોઈને જાણકારી ન હતી.

વર્ષારાણી આખી રાત મન મૂકીને નાચ્યાં હતાં. એથી સવારે વર્ષાની સંભાવના નહિવત્ જણાતાં સૂર્યની સાક્ષીએ રાજા-રાણી વનવિહારે સંચર્યા. ચંપાપુરીથી થોડે દૂર આવેલા એક વિશાળ બગીચામાં થોડી વાર ટહેલ્યા બાદ વનવિહાર માટે આગળ વધવાનો કાર્યક્રમ નક્કી થયો હોવાથી, અંગરક્ષકોની સેનાને થોડી વાર પછી નીકળવાનું સૂચન અપાયું હતું. રાજા-રાણી બગીચામાં પહોંચ્યા. હાથીના હોદ્દેથી તેઓ નીચે ઊતર્યા. રાણીએ પુરુષનો વેશ ધારણ કર્યો. પુરુષવેશી રાણીને રાજવી જોતા જ રહ્યા. રાણીમાં આવેલા આ અદ્ભુત રૂપ-પલટાનો રાજવી વિચાર કરે,

એટલામાં તો રાણી હાથીના હોદ્દે ચડી ગયાં. આગળ રાણીએ બેઠક લીધી હતી, પાછળ છત્ર ધારણ કરવાપૂર્વક રાજવીએ આસન જમાવ્યું હતું. એથી એક અદ્‌ભુત અને અભૂતપૂર્વ દૃશ્ય ખડું થયું. મહાવત આ નાટક જોતો જ રહ્યો. ચિઠ્ઠીના એ ચાકરના લલાટમાં તો મોઢે તાળું મારીને આ બધું જોતા જ રહેવાનું લખાયું હતું. એથી આશ્ચર્યમગ્ન બનીને એ આ બધું જોતો જ રહ્યો.

અંગરક્ષકોની સેના આવ્યા પછી જ વનવિહાર માટે હાથીને આગળ ચલાવવાની કડક સૂચના મહાવતને અપાઈ હતી. છતાં અંતે તો એ ચિઠ્ઠીનો ચાકર હતો, એથી રાજવીની આજ્ઞા થતાં જ મહાવતે ન છૂટકે હાથીને આગળ વધવાની સંજ્ઞા કરી. રાણી અને રાજાના મનની પ્રસન્નતાનો પાર ન હતો. દિવસોથી ચિંતિત અને અપ્રસન્ન ચહેરો લઈને ફરતી રાણીના મોં પર આ સમયે જાણે ચાર ચાંદ ખીલી ઊઠ્યા હતા !

ચંપાપુરીનો એ બાહ્યભાગ વનરાજીથી લચી પડેલો હતો. જાતજાતની વેલડીઓ અને ભાતભાતનાં વૃક્ષો એ પ્રદેશને અવર્ણનીય શોભા આંપી રહ્યાં હતાં. એ વેલીઓ અને વૃક્ષો પર સુગંધી પુષ્પો પમરાટ વેરી રહ્યાં હતાં. પવનમાં અત્તર જેવી સુગંધ વહેતી હતી. પંખીઓના કલરવ જાણે ગીત બનીને ગુંજી રહ્યા હતા. આવા માદક-મોહક વાતાવરણની મીઠાશને ખોબે ખોબે પીતાં રાજા-રાણી આગળ વધી રહ્યાં. એમને એ વાતનો ખ્યાલ પણ ન રહ્યો કે, અંગરક્ષક-સેનાના સથવારા વિના જ આપણે એકલા વનવિહારે નીકળી ચૂક્યાં છીએ ! બગીચો છોડ્યા પછી જેમ જેમ જંગલી વનરાજીની સુગંધનું પ્રમાણ વધવા માંડ્યું, એમ એ હાથીના દેહમાં પણ એ સુગંધના કારણે માદકતા વધવા માંડી, એથી એની ગતિમાં વેગ વધવા માંડ્યો.

થોડી વધુ પળો પસાર થઈ. વર્ષાના આગમનને સૂચવતો ઠંડો પવન શરૂ થયો અને જેની કોઈ જ કલ્પના ન હતી, એવી વર્ષા એકાએક શરૂ

થઈ. થોડી વારમાં તો એ વર્ષામાં વેગ આવ્યો અને મેઘમાળા ધોધમાર વરસવા માંડી. ફૂલોની સુગંધ તો હાથીને મદોન્મત્ત બનાવી જ રહી હતી, એમાં વળી વર્ષા થતાં જમીનમાંથી પણ એક જાતની ગંધ છૂટવા માંડી. આ બેવડી સુગંધના કારણે હાથી વધુ મદોન્મત્ત બનીને દોડવા માંડ્યો. એ દોડ જોઈને રાણી ગભરાઈ ઊઠી. એણે ધ્રૂજતા સ્વરે કહ્યું :

'સ્વામીનાથ ! આ છત્ર ફેંકી દઈને આપ મારી સાથે બેસો. એક બાજુ પ્રચંડ વરસાદ અને બીજી બાજુ ગાંડો આ હાથી ! હવે પછીની પળની કલ્પના પણ મને ધ્રુજાવી જાય છે. માટે આપ હવે પાછળ ન બેસો. આપ મારી સાથે બેઠા હો, તો મને હૂંફ મળે ?'

રાણીનો આ ગભરાટ જોઈને રાજાએ છત્ર ફેંકી દીધું અને રાણીની સાથે એમણે આસન જમાવ્યું. ભીતરથી તો રાજા પણ કાયર બની ગયા હતા, છતાં બહારથી બહાદુરી બતાવતાં એમણે કહ્યું :

"દેવી ! મારા જેવો હાજર હોય, ત્યાં ડરવાની શી જરૂર ! આ બધો તો ઇન્દ્રજાલ જેવો ખેલ છે. ઘડીમાં જેમ વાદળ ચડી આવ્યાં અને વરસાદ શરૂ થયો, એમ ઘડી વારમાં જ વર્ષાનું આ તાંડવનૃત્ય પણ શમી જશે. હું બેઠો હોઉં અને તું આમ ડરી જાય, એનો અર્થ જ એ થાય કે, તને મારા પરાક્રમ ઉપર વિશ્વાસ નથી !"

રાણીના દિલનો ફફડાટ આ સાંભળીને કંઈક ઓછો થયો. એણે કહ્યું : "સ્વામીનાથ ! આપના જેવા શિરછત્રની છાયા હોય, પછી ડરવાનું કેવું અને રડવાનું કેવું ? પણ અત્યારની આ પરિસ્થિતિ જ એવી છે કે, એક વાર તો હૈયું ફફડી ઊઠ્યા વિના ન જ રહે !"

રાજા-રાણી વચ્ચે આ રીતે વાર્તાલાપ ચાલી રહ્યો હતો, એટલામાં જ વીજળીએ એક એવો ભયંકર કડાકો બોલાવ્યો કે, રાજા-રાણી બંને ભયથી ધ્રૂજી ઊઠ્યાં. આ વીજ કડાકા પછી તો વર્ષાએ પણ ભયંકર વેગ ધારણ કર્યો અને વાતાવરણ વધુ ભયજનક બન્યું. રાજાએ મહાવતને

ગમે તે ભોગે હાથીને ઊભો રાખવાની આજ્ઞા કરી. પણ હાથીના પગમાં તો ઝંઝાવાતી ઝડપ ધસી આવી હતી. એથી મહાવતના બધા જ પ્રયાસો નિષ્ફળ નીવડ્યા. અંકુશ લોહીથી લાલઘૂમ બની ગયો અને હાથીનું ગંડસ્થળ લોહીલુહાણ બનવા પામ્યું, તોય હાથીના વેગમાં જરાય ભંગાણ ન પડ્યું, તે ન જ પડ્યું.

વનનું વાતાવરણ જોતાં અને માદકતાથી ફાટફાટ થતી સુગંધ નાકમાં જતાં એ રાજહાથીને પોતાના વહાલા વતન સમાં જંગલો યાદ આવી ગયાં હતાં, એથી જંગલો તરફની એની દોડ, સમય વીતતો ગયો, એમ વધુ ને વધુ વેગ પકડતી ગઈ. ઉતાવળા બનીને વનવિહાર માટે મહાવતને આપેલી આજ્ઞા બદલ અત્યારે હવે રાજાને પસ્તાવો થવા માંડ્યો. અંગરક્ષકોની સેનાનો સથવારો હોત, તો ક્યારનોય આ ભય ટળી ગયો હોત ! પણ 'અબ પછતાયે હોત ક્યા જબ ચીડિયા ચુન ગઈ ખેત' જેવો ઘાટ ઘડાયો હોવાથી હવે તો ધીરજ ધરીને આ આફતમાંથી ઊગરવાનો કોઈ માર્ગ કાઢવામાં જ ડહાપણ હતું.

રાજાએ દૂર દૂર નજર કરી, તો દિવસે પણ જ્યાં અંધારું જામેલું રહે, એવી ભયાનક ઝાડીથી ભરપૂર જંગલો દેખાતાં હતા. એ જંગલોમાં જઈ ચડ્યા પછી જીવવાની આશા રાખવી વ્યર્થ હતી. કેમ કે જીવલેણ અને જંગલી જાનવરો ત્યાં મુક્ત મને ઘૂમતાં હોય, એ સાવ સહજ હતું અને હાથી તો એ જંગલો તરફ દોડી જ રહ્યો હતો. મહાવતે જ્યારે હાથીને હંફાવવા જતાં અંતે હાર સ્વીકારી લીધી, ત્યારે રાજાએ હવે જીવન-બચાવ માટેના ઉપાયોની વિચારણા કરવા માંડી. નિર્ણય લેવામાં ઢીલ કરવી પાલવે એમ ન હતી. જીવવા માટે ફાંફાં મારવા રાજાની આંખ સામે એક આશાકિરણ ચડ્યું.

થોડેક જ દૂર એક વિરાટ-વડલો ઊભો હતો. ઘેઘૂર-વડવાઈઓથી વીંટળાયેલા આ વડલામાં રાજાને 'જીવન-દાતા'નાં દર્શન થયાં. રાજાએ

ઝડપી નિર્ણય લઈને રાણીને કહ્યું : 'દેવી ! લાંબુ વિચારવાનો આ સમય નથી. વીજ ઝબૂકે, એટલામાં જ મોતી પરોવી લેવાનું શાણપણ દાખવીશું, તો જ બચી શકીશું. માટે સામે જે વડલો દેખાય છે, એની નજીક પહોંચતાં જ સાવધાન અને સાબદા થઈ જવાનું છે. આ હાથી તો હવે અટકે એમ જ નથી. માટે એ વડલો આવતાં જ આપણે એની વડવાઈને પકડી લેવાની ! વડવાઈ હાથમાં આવી જાય, પછી તો આપણી જીત છે. આ હાથી પરથી કૂદકો મારીને નીચે પહોંચાય એમ નથી, ત્યારે હવે જીવતા રહેવાનો આ એક જ ઉપાય છે !'

રાજા અને મહાવત સાવધાન થઈ ગયાં. આ અખતરો ખતરાભર્યો હોવા છતાં એને અજમાવ્યા વિના હવે જીવવાની કલ્પના પણ થઈ શકે એમ ન હતી. રાણીના દેહ પર પહેરવેશ ભલે પુરુષનો હતો, પણ એથી કંઈ એના હૈયાની કોમળતા ઢંકાઈ જાય, એ શક્ય ન હતું. એથી ભયભીત-અંતરે એણે આ અખતરો અજમાવવા માનસિક તૈયારી કરવા માંડી. પણ પળ પછીની કલ્પના કરતા એની આંખે અંધારા આવવાં માંડ્યાં.

હાથી પવન-વેગે દોડી રહ્યો હતો અને એ વિરાટ વડલો ધાર્યા કરતાં વધુ ઝડપે નજીક આવી રહ્યો હતો. આવા પવનવેગી હાથી પર બેઠા બેઠા વડલાની વડલાઈઓને વળગી પડવું, એ જોકે સહેલું કાર્ય ન હતું, એ રાજા સમજતા હતા. છતાં આ સાહસ કર્યા વિના જીવવું સંભવિત પણ ન હતું, એની પાકી ખાતરી હોવાથી રાજા, રાણીને વારંવાર ચેતવી રહ્યા હતા. પણ ભાવિના ભીતરી ભેદ અને વિધાન વિચિત્ર હશે, એથી એ વડલો આવતાં જ રાજા અને મહાવત તો એ વડલાની વડવાઈને પકડી લેવામાં સફળ થયા, જ્યારે ઘણી ઘણી માનસિક તૈયારી કરી લીધી હોવા છતાં રાણી એ પળ ચૂકી ગઈ. અણીના અવસરે જ રાણીનું હૈયું ભયથી ધ્રૂજી ઊઠ્યું અને વડની વડવાઈને પકડવામાં નિષ્ફળ નીવડેલી એ રાણીને રાજહાથી બમણા વેગે જંગલ ભણી ખેંચી ગયો.

રાજા અને મહાવત આબાદ ઊગરી ગયા હતા. છતાં આ ઉગાર બદલ તેઓ પોતાના ભાગ્યને બિરદાવી ન શક્યા. કેમ કે રાજાએ હૈયાના હાર સમી રાણીને એવી રીતે ગુમાવી દીધી હતી કે, હવે જેના પુનર્મિલનની આશા જ ન રાખી શકાય ! રાજા રડમસ સાદે પોતાના ભાગ્યને ભાંડી રહ્યા : 'મને આજે જ ક્યાં આ વનવિહારની ઇચ્છા જાગી ! અંગરક્ષક સૈન્યની મેં રાહ જોઈ હોત, તો આ રીતે સર્વસ્વ ગુમાવી દેવાની ગોઝારી પળ ઊભી ન થાત ! રે ! વડવાઈએ મને આશરો ન આપ્યો હોત અને રાણીની જેમ હાથી મને પણ જંગલમાં ખેંચી ગયો હોત, તો વધુ સારું થાત ! તો આ રીતે અમારા બંને માટે પાણી વિહોણી માછલીની જેમ તરફડવાનો અવસર તો ન આવત !

મહાવત દીન મોઢે પોતાના રાજાના દુઃખને જોઈ રહ્યો, અત્યારે આ સિવાય એની પાસે બીજો કોઈ ઉપાય જ ન હતો. આકાશ મુશળધારે રડી રહ્યું હતું. રાજા પણ રડી રહ્યા હતા, એ જોઈને મહાવત પોતાની આંખનાં આંસુ ખાળી ન શક્યો, થોડી વાર સુધી એ બધાનાં રુદન ચાલુ જ રહ્યાં. થોડી વધુ પળો વીતી અને આકાશનાં આંસુ અટકી ગયા, પણ રાજાનું રુદન હજી અટક્યું ન હતું. મહાવતને થયું કે, આ રીતે રડવાથી હવે રસ્તો નહિ નીકળે. રાત પડે એ પૂર્વે તો આ જંગલમાંથી બહાર નીકળી જઈને ચંપાપુરીના માર્ગ પર ચડી જ જવું જોઈએ. કેમ કે અંગરક્ષકો એ માર્ગની આસપાસ જ રાજાની શોધ કરતા ઘૂમતા હોવાની સંભાવના છે ! એણે રાજાને કહ્યું :

'મહારાજા ! પ્રસંગ જ એવો બન્યો છે કે, પથ્થર પણ પીગળી જાય. પરંતુ હવે રડવાથી શું વળવાનું છે ? આપનું રુદન કંઈ એ રાજ-હાથીના કાન સુધી પહોંચીને એને પીગળાવી શકવાનું નથી ! રાણીબાને આમ ભાગ્યને ભરોસે મૂકીને ન જ જવાય, એ તો હું પણ જાણું છું. પરંતુ એમને મેળવવા જતા જો આપણે જ મોતના મોંમાં હોમાઈ જઈએ,

એવી શક્યતા હોય, તો એ બહેતર છે કે, આપણે હવે ચંપાપુરીના માર્ગે પળનોય વિલંબ કર્યા વિના દોટ મૂકી દઈએ ! રાણીબાની ચિંતા કરવી એ આપનું કર્તવ્ય છે, છતાં સમસ્ત પ્રજાની ચિંતા કરવી, એ તો આપની અમિટ ફરજ છે. કર્તવ્ય કરતાં ફરજ હંમેશાં વધુ મહાન હોય છે. માટે મારી તો આપને વિનંતી છે કે, આપ હવે ચંપાપુરી તરફ કદમ ઊઠાવો ! 'જીવતો નર ભદ્રા પામે' આપ જીવતા રહેશો, તો રાણીબાની શોધ પણ કરાવી શકશો.'

મન માનતું ન હતું અને અંતરને આરામ ન હતો. છતાં રાજા માટે મહાવતનું આ કથન સ્વીકાર્યા વિના હવે છૂટકો જ ન હતો. રાજહાથીના ગમનની દિશામાં એક વહાલભરી મીટ એઓ થોડી વાર સુધી માંડી રહ્યા. એ મીટ સફળ થવાની કોઈ આશા ન હતી, એ નક્કી જ હતું. છતાં આમ મીટ માંડ્યા વિના રાજાનું મન માને એમ જ ન હતું. મહાવતને થયું કે, હવે પળ લાખેણી જાય છે ! એથી એણે ચંપાપુરીની દિશામાં પગ ઉપાડ્યો. હવે રાજા માટે પગ ઉપાડ્યા સિવાય કોઈ રસ્તો રહ્યો નહિ. એમણેય મહાવતની પાછળ પાછળ ચાલવા માંડ્યું. કાળજા વિના, દિલ વિના અને મન વિના પણ ચાલી શકાય, એની પગલે પગલે પ્રતીતિ પામતા રાજા ચંપાપુરીના માર્ગે વળ્યા. થોડુંક ચાલ્યા બાદ મહાવતે પાછળ દૃષ્ટિ કરી. રાજાને આવતા જોઈને એ ઊભો રહી ગયો અને રાજાના પગમાં માથું મૂકતાં એણે માફી માંગી કે, મેં અનુચર-ધર્મ અદા ન કર્યો એ બદલ દિલગીરી વ્યક્ત કરું છું !

રાજા અને મહાવત મૌનપણે ચંપાપુરીની દિશા તરફ આગળ વધી રહ્યા. બંનેના મોં પર મૌન હતું, પરંતુ મનમાં તો સંકલ્પ-વિકલ્પો દોડદોડ કરી રહ્યા હતા. રાજા વિચારી રહ્યા હતા કે, આજે મને ભુલાવામાં નાખનાર તત્ત્વ કયું હશે ? નગરના આગેવાનોની વિનંતીને ધ્યાનમાં રાખીને મેં વનવિહારનો કાર્યક્રમ બંધ રાખ્યો હોત, તો વિઘ્નોની આવી વણઝાર વચ્ચે મારે ઘેરાઈ જવું ન પડત !

મહાવતના મનમાં વળી નવી જ વિચારસૃષ્ટિ અવતરી હતી. એ વિચારી રહ્યો હતો કે આવી વર્ષાઋતુમાં, આવા અકાળે રાજા-રાણીને વનવિહાર કરવાનું મન કેમ થયું હશે ? અને બગીચામાં આવ્યા બાદ રાણીએ પુરુષવેશ સજ્યો, રાજાજી છત્રધર બનીને રાણીની પાછળ બેઠા, આની પાછળ વળી કયું ઊંડું-રહસ્ય છુપાયેલું હશે ?

રાજા અને મહાવત માંડમાંડ રસ્તો ગોતતા અને ભીતરના ભેદને ઉકેલવા મથતા આગળ વધી રહ્યા હતા, સાંજ થવા આવી હતી. અંગરક્ષકોની કોઈ જ એંધાણી કળાતી ન હતી, એટલામાં જ દૂર દૂરથી થોડોક કોલાહલ સંભળાયો અને ચહલપહલ જેવું કંઈક જણાયું.

●

## પ્રકરણ ૨

# જંગલમાં જાગ્યું મંગલ

**આ**જથી લગભગ ૨૫૦૦ વર્ષ પૂર્વે ભગવાન શ્રી મહાવીર પરમાત્મા જ્યારે સદેહે વિચરી રહ્યા હતા, ત્યારના ભૌગોલિક ભૂભાગમાં અંગદેશ તરીકે ઓળખાતા પ્રદેશની રાજધાની ચંપાપુરી હતી. અંગદેશ અને ચંપાપુરીની નામના-કામના એ કાળે અજોડ હતી. ભૌતિક સમૃદ્ધિની દૃષ્ટિએ તો એ નગરી વખણાતી જ હતી, પરંતુ એને વરેલી આધ્યાત્મિક

સમૃદ્ધિ તો ભલભલાને ઈર્ષા કરાવે એવી હતી ! બારમા તીર્થપતિ શ્રી વાસુપૂજ્યસ્વામીનાં પાંચે પાંચ કલ્યાણકોની ઉજવણીથી ધર્મધામ બનેલી આ નગરી હતી. કોઈ એક તીર્થંકર-ભગવંતનાં પાંચે પાંચ કલ્યાણક એક જ નગરીમાં ઊજવાયાં હોય એવી એક માત્ર ચંપાપુરી હોવાથી, અનેક ધર્મયાત્રીઓ માટે એ ચંપાપુરી યાત્રાધામ તરીકે આરાધ્યનગરી હતી.

ચંપાપુરીમાં ત્યારે દધિવાહન રાજાનું રાજ્ય તપતું હતું. એમની ધર્મપ્રિયતા, વીરતા, ધીરતા અને સમૃદ્ધિ અંગ ઉપરાંત આસપાસના અનેક દેશોમાં પ્રસિદ્ધ હતી. નજીકના મગધ-દેશ સાથે તો તેઓ અનેક રીતે સંકળાયેલા હતા. એમનું એ સૌભાગ્ય હતું કે, ભગવાન શ્રી મહાવીર પરમાત્માના પરમ ભક્ત ગણાતા પરમાર્હત્ શ્રી ચેટકરાજાની પુત્રી પદ્માવતી સાથે એઓ લગ્નગ્રંથિથી જોડાયેલા હતા. પરાક્રમી અને પરમાર્હત્ આવા રાજવી સાથે સંબંધ બાંધવાના મનોરથ તો ત્યારે ઘણા રાજવીઓ સેવતા હતા, પણ એ મનોરથ દધિવાહન જેવા સૌભાગ્યશાળી કોક રાજવીના જ સફળ થતા. પદ્માવતી જેવી સંસ્કાર અને સૌન્દર્યથી સમૃદ્ધ નારીને મેળવીને રાજા દધિવાહન અનેક રીતે ધન્ય બન્યા હતા.

અંગદેશ અને એમાંય રાજધાની ચંપાપુરીની આસપાસના પ્રદેશ ઉપર તો કુદરતની ખૂબ જ મહેર ઊતરી હતી. એથી વિવિધ જાતની વનસ્પતિઓ તેમજ વેલડી-વૃક્ષોથી એ પ્રદેશ અત્યંત મનોહર હતો. વનરાજીથી ભરપૂર જંગલો હોવાને કારણે હાથીઓ માટે આ પ્રદેશ ક્રીડાભૂમિ ગણાતો હતો. ચંપાપુરીના કોટ-કિલ્લા, એના માર્ગો, એના બગીચાઓ અને એની ધર્મવાસિત પ્રજા : આ બધું જ ત્યારે વિખ્યાત હતું.

રાજવી દધિવાહન અનેક રીતે સંપન્ન-સમૃદ્ધ રાજવી હતા. એમાંય રાણી પદ્માવતીના આગમન બાદ એ સંપન્નતામાં વધારો થતો રહ્યો હોવાથી પદ્માવતીને એમણે પટ્ટરાણીનું પદ સમર્પિત કર્યું હતું. પદ્માવતી

સાથે લગ્નસંબંધે જોડાયા પછી સુખસમૃદ્ધ ઠીક ઠીક કાળ પસાર થયો. એક દહાડો પદ્માવતી સગર્ભા બની. એની કૂખે આવેલો જીવ કોઈ વિચિત્ર છતાં આશ્ચર્યકારી કર્મને લઈને આવેલો હશે, એથી એક વાર રાણીને એવો દોહદ થયો કે, પુરુષના વેશમાં હું પટ્ટહાથી પર બેસું. સ્વામીનાથ દધિવાહન મારા માથે છત્ર ધારણ કરે અને આ રીતે હું વનવિહારે સંચરું !

ગર્ભસ્થ બાળકના ભાગ્યને સૂચવનારો આ દોહદ હોવા છતાં એને રાજા આગળ રજૂ કરવા પદ્માવતીનું દિલ ચાલતું ન હતું. એને થયું કે, આવી પણ વાત સ્વામીનાથ જરૂર સ્વીકારી લે, પરંતુ એક સતી-સ્ત્રી તરીકે પતિ સમક્ષ આવી માગણી કઈ રીતે મૂકી શકાય? એથી દિલના એ દોહદને દિલમાં જ દબાવી દઈને રાણીએ સમય પસાર કરવાનું નક્કી કર્યું. એ દોહદ અને દોહલાને ભૂલી જવા રાણી ખૂબ ખૂબ મથી, પણ એથી તો એ દોહદ વધુ તીવ્ર બનવા માંડ્યો, આની અસર રાણીના દેહ પર વર્તાવા લાગી. અને ધીમે ધીમે રાણીની કાયા કૃશ થવા માંડી.

રાજા દધિવાહનને થયું કે, પદ્માવતી કોઈ રોગનો ભોગ બની લાગે છે ! એથી રાજવૈદ્યો પાસે એમણે નિદાન કરાવવાનું નક્કી કર્યું. રાણીની નાડી જોઈ-જોઈને રાજવૈદ્યો થાક્યા, પણ રોગનું કોઈ જ કારણ એમના હાથમાં ન આવ્યું. નખમાંય રોગ ન હોય, પછી નિદાન ક્યાંથી મળે ? આ દર્દ તો દિલનું હતું. રાણીનું તન તો સાવ નીરોગી જ હતું. આમ છતાં ઓસડ-ઔષધ ચાલુ થયાં, એક બાજુ ઓસડિયાંઓનું પ્રમાણ વધતું ચાલ્યું, તો બીજી બાજુ રાણીની કાયાને ઘેરી વળેલી કૃશતા પણ વધતી ચાલી. એથી હાથ ખંખેરી નાખીને એક દહાડો રાજવૈદ્યોએ કહી દીધું કે, મહારાજ ! રાણીબાના નખમાંય રોગ નથી. માટે કાયાની કૃશતાને ખેંચી લાવનારું દર્દ દિલનું જ હોવું જોઈએ. એથી આપ જ હવે એમના

વૈદ બનીને, દિલની નાડી તપાસો, તો કદાચ કાયાની કૃશતાનું કારણ મળી જાય !

રાજા દધિવાહનને પણ વૈદોની આ વાત સાચી જણાઈ. એક વાર એકાંત મેળવીને એમણે રાણીને પૂછ્યું : 'દેવી, વૈદ્યો દવા કરી કરીને થાક્યા. એમનું કહેવું છે કે, રાણીના નખમાંય રોગ નથી ! આનો અર્થ એ થયો કે, દિલનું કોઈ દર્દ ઊભું થયું હોવું જોઈએ.'

પદ્માવતી મનોમન લજ્જિત થઈ ગઈ. ભીતરના ભેદ બહાર ન આવી જાય, એની સાવચેતી રાખીને એણે કહ્યું : 'સ્વામીનાથ ! આપની છત્રછાયામાં મને વળી દિલદર્દ કેવું ? પોતે નિષ્ફળ નીવડ્યા, એથી દોષનો ટોપલો બીજાના માથે નાખી દેવાની તાસીર ધરાવતા આવા રાજવૈદ્યો તો આ ચંપાપુરીમાં આજે પહેલવહેલા જ જોયા ! મારું દિલ તો સાવ સાજું છે. છતાં કાયા કૃશ બની રહી છે, એ હકીકત છે.'

જવાબ દેવાની પદ્માવતીની રીતભાત પરથી દધિવાહનને એ સત્ય સમજતાં વાર ન લાગી કે, રાણી કંઈક છુપાવી રહી છે ! દેહને આગળ કરીને દિલને છુપાવતી રાણીને એમણે કહ્યું : 'દેવી ! તારી વાત સાચી હોવા છતાં મને લાગે છે કે, આ વાતમાં થોડો ફેરફાર જરૂરી છે. દેહ સાવ સાજો હોવા છતાં કાયા કૃશ બની રહી છે, આ હકીકત છે, માટે આ રોગનું મૂળ દિલમાં જ ક્યાંક જડ ઘાલીને બેઠું હોવું જોઈએ !'

વાત જેમ આગળ ચાલતી ગઈ, એમ પદ્માવતીના ચહેરા પર શરમ-સંકોચની લાગણી વધુ ફેલાતી ગઈ. એ લાગણીને પકડી પાડીને દધિવાહને કહ્યું : 'દેવી ! કહેવત છે કે, શરમાય એ કરમાય ! તારા ચહેરા પર ફેલાયેલી શરમ-સંકોચની લાગણી એ વાતની ચાડી ખાઈ રહી છે કે, મારી આગળ તું દિલના દરવાજા બંધ રાખીને, અરે ! ક્યાંક એ દિલદ્વાર ખૂલી ન જાય, એની પૂરી તકેદારી રાખીને વાત કરી રહી છે ! તારી

કૂખે કોઈ માનવ-પંખી પોતાનો માળો રચી રહ્યું હોય, એ હવે છાનું રહી શકે એમ નથી. એ ગર્ભના પ્રભાવે ન કહી શકાય, અને ન સહી શકાય એવો કોઈ દોહદ તો તારા દિલનું દર્દ બનીને આ કાયાને કૃશ બનાવી નથી રહ્યો ને ?'

આ પ્રશ્નાર્થ ખૂબ જ અણિયાળો હતો. એની અણી રાણીના મર્મભાગને વીંધી ગઈ. ભીતરના ભેદને ખુલ્લી પાડતી લજ્જા-શરમ રાણીના સંપૂર્ણ ચહેરા પર છવાઈ ગઈ. એક પણ અક્ષરનો જવાબ વાળ્યા વિના નતમસ્તક બનીને રાણી જમીનને ખોતરી રહી. દિલનું દર્દ હાથમાં આવી જતાં રાજાએ કહ્યું : 'તારું મૌન વાચાળ બનીને દિલનું દર્દ કહી રહ્યું છે. બાદલ-છાયો સૂર્ય છૂપો રહી શકે નહિ, એમ હવે તું તારું દિલદર્દ મારી આગળ છુપાવી શકે નહિ ! આજે તારું દિલદર્દ જાણીને જ હું ઊભો થવાનો છું. મને વહેલો વિદાય કરવો કે મોડો, એ હવે તારી મરજીની વાત છે !'

ભીતરના ભેદ લગભગ ખુલ્લા પડી ગયા હતા. રાણી એકદમ શરમાઈ ગઈ. હવે મૌન રહેવાનો કોઈ જ અર્થ ન હતો. છતાં વિગતવાર બધું કહેવા રાણીની જીભ ઊપડતી ન હતી. એથી એણે ટૂંકમાં એટલો જ જવાબ વાળ્યો કે, સ્વામીનાથ ! આપે મારું દિલદર્દ આબાદ પકડી પાડ્યું છે. વાત કંઈક આવી જ છે, પણ મારા દિલમાં જે રીતનો દોહદ જાગ્યો છે. એને કહેતા મારી જીભ ઊપડતી નથી, એનું શું ?

રાજા દધિવાહનને કહ્યું : લજ્જા અને શરમ તો પારકા પાસે રાખવાની હોયં ! હું શું પારકો છું ?

આ પ્રશ્ને અને આ આક્ષેપે રાણીનાં દિલદ્વાર એકીઝાટકે ઉઘાડી નાખ્યાં. પદ્માવતીએ કહ્યું : સ્વામીનાથ ! આપ તો મારા પ્રાણ અને ત્રાણ છો. આપને જો હું પારકા માનતી હોઉં, તો પછી આખા સંસારમાં મારું રહે કોણ ? આપનું નિદાન સાચું છે. ગર્ભના પ્રભાવે મારા દિલમાં

એક એવો દોહદ જાગ્યો છે કે, પુરુષનો વેશ ધારણ કરીને હું રાજહસ્તી પર બેસું. આપ મારા છત્રધર બનો ને પછી આપણે વનવિહારે નીકળીએ ! દિલના આ દોહદને દિલમાં જ દાબી દેવાની મારી મથામણ દિવસોથી આજ સુધી ચાલુ જ રહી છે. પણ કાયાની કૃશતાએ અંતે આજે ભીતરના એ ભેદને ઉઘાડો પાડી જ દીધો !

આટલું બોલતાં બોલતાં તો રાણીની આંખમાંથી અનરાધાર આંસુધાર વહી નીકળી. મહેલની બહાર તો વાદળ વરસી જ રહ્યાં હતાં. રાજા દધિવાહને આ દોહદનો સાવ સાહજિકતા સાથે સ્વીકાર કરતાં કહ્યું : 'દેવી ! આટલી સામાન્ય વાત હતી, છતાં ભીતરના ભેદને ભીતરમાં જ શા માટે દબાવી રાખ્યા ! આમાં શરમાવા જેવી કઈ બાબત છે કે, આમ કાયા કૃશ થઈ જાય, એટલી હદે દિલના દર્દને વધવા દેવું પડે ? કંઈ નહિ, હવે જાગ્યા ત્યારથી સવાર ! આપણે કાલે જ વનવિહારે જઈશું. કર્યું એ કામ અને વીંધ્યું એ મોતી ! આ વાતમાં શ્રદ્ધા રાખનારો હું છું. માટે દિલનું દર્દ જાણ્યા પછી દવા કરવામાં હવે તો પળનોય વિલંબ શાને કરવો જોઈએ ?

રાજા-રાણી છૂટાં પડ્યાં. કોઈ મેરુ-બોજ માથા ઉપરથી મુક્ત થઈ ગયો હોય, એવી હળવાશ એઓએ અનુભવી. રાણીએ નહોતું ધાર્યું કે, આ રીતે પોતાની માગણીને સ્વામીનાથ આટલી સાહજિકતા સાથે વધાવી લેશે ! અને રાજાને પણ સ્વપ્નેય એવો ખ્યાલ ન હતો કે, રાણીના દિલમાં આ જાતનું દર્દ દિવસોથી વેગ પકડી રહ્યું હશે ? રાજાએ તરત જ મંત્રીને બોલાવીને વનવિહારની તૈયારી કરવાનો આદેશ આપ્યો.

'વનવિહાર ! આવી વર્ષાઋતુમાં વનવિહાર ! અને તે પણ વળી હાથીના હોદ્દે !' આવા આશ્ચર્ય-ભરપૂર પ્રશ્નપૂર્વક વર્ષાઋતુના વનવિહારનાં ભયદર્શક સ્થાનો મંત્રીશ્વરે રાજાની સેવામાં સાદર રજૂ કર્યાં.

પણ આની સામે જ્યારે રાજાએ ભીતરના ભેદ ખુલ્લા પાડવા પૂર્વક 'વનવિહાર'ની વાતનો પુનરુચ્ચાર કર્યો, ત્યારે મંત્રીશ્વરે પણ એ વાતને વધાવી લીધી. ત્યાર બાદ નગરના આગેવાનોને પણ આ વાત સ્વીકારવી પડી.

ને રાજા-રાણી બીજે દિ' વનવિહારે સંચર્યાં. મંત્રીશ્વરો અને નગરના આગેવાનોએ જે ભયસ્થાનોની કલ્પના કરી હતી, એ કલ્પના સાચી નીવડી. પુષ્પો અને પૃથ્વીની સુગંધે રાજહસ્તીને પાગલ બનાવ્યો. જંગલો તરફની એની દોડ જીવલેણ જણાતાં વટવૃક્ષની વડવાઈ ઝાલી લેવાનું નક્કી થયું. પણ આમાં રાજાને સફળતા સાંપડી, જ્યારે નિષ્ફળ નીવડેલી રાજરાણીને રાજહાથી ભયાનક જંગલો ભણી ઢસડી ગયો.

આંખમાં આંસુ અને અંતરમાં આગ ! આવી વિચિત્ર અવસ્થા ભોગવતા રાજા અને મહાવત માંડ માંડ રાતે ચંપાપુરીની નજીક જઈ પહોંચ્યા ત્યાં અંગરક્ષક સૈનિકોને જોતા જ એમના જીવમાં જીવ આવ્યો. સૌ ચંપાપુરીમાં પહોંચ્યા. જે અઘટિત ઘટના બની ચૂકી હતી, એની વાત ફેલાતાં જ આખી ચંપાપુરીએ અકળ આઘાત અનુભવ્યો. રાજરાણી પદ્માવતીને સૌ બહેન-દીકરીના રૂપમાં જ જોતાં હતાં, એથી એનું અપહરણ ઘર-ઘરમાં આઘાત જગવે, એ સાવ જ સહજ હતું. આઘાતગ્રસ્ત ચંપાપુરીનું આટલું શબ્દદર્શન મેળવીને હવે આપણે રાણી પદ્માવતી તરફ વળીએ !

— ● —

રાજહસ્તી ગમે તેમ તોય પ્રાણને ધારણ કરનારો એક દેહધારી હતો અને દેહ વહેલો-મોડો આહાર-આરામ માગ્યા વિના રહે ખરો ? જંગલી પુષ્પોની સુગંધથી મદમાતો બનેલો એ હાથી દોડાય, એટલું દોડતો જ રહ્યો ! રાજા અને મહાવત વડની વડવાઈ પકડીને હાથીથી છૂટા પડી ગયા બાદ તો એના માથે કોઈનોય અંકુશ ન હતો. હાથી પર બેઠેલી

રાણી અણધારી આવેલી આફતથી દિગ્મૂઢ થઈ ગઈ હતી. એની આંખમાંથી આંસુઓ ચાલ્યાં જતાં હતાં અને એના મોંમાંથી પથ્થરનેય પીગળાવી દે, એવું કરુણ રુદન વધુ ને વધુ ઘેરું બનીને વાતાવરણને રડાવી રહ્યું હતું.

વરસાદ ઝંઝા અને ઝડી સાથે વરસી રહ્યો હતો. મધ્યાહ્ન સમયે પણ જ્યાં રાત જેવો અંધકાર હોય, એવાં જંગલો શરૂ થઈ ગયાં હતાં. આકાશમાં વીજળીઓ ચમકી રહી હતી અને વરસાદ તો અટકવાનું નામ જ લેતો ન હતો ! આવી વિષમ-દશામાં મુકાયેલી નોંધારી એ નારી રોકકળ ન કરે, તો બીજું કરે પણ શું ! બે માનવ-કાયાનો બોજ ઓછો થઈ જવાથી, હાથીના પગમાં વધુ વેગ ઊભરાયો હતો. હવે એને અટકાવનાર એના પેટ સિવાય બીજું કોઈ જ ન હતું. સાંજ પડવા આવી, ત્યારે ભૂખ્યા-તરસ્યા બનેલા હાથીના વેગમાં કંઈક મંદતા આવી. એથી રાણીને કંઈક આશા બંધાઈ.

થોડીક વનરાજી વટાવ્યા બાદ એક સરોવર આવ્યું. હાથી ત્યાં ઊભો રહી ગયો. એનું તાળવું તરસથી સુકાઈ રહ્યું હતું અને સામે જ સરોવર લહેરાઈ રહ્યું હતું. એક ઝાડ નીચે આવીને હાથી સરોવરનું નિરીક્ષણ કરી રહ્યો. આ તક સાધી લઈને રાણી પદ્માવતી એ ઝાડ ઉપર ચડી ગઈ. મોતના મોંમાંથી ઊગરી ગયાનો આનંદ એ અનુભવવા માંડી. ત્યાં તો વળતી જ પળે હાથીએ સરોવરમાં ઝંપલાવ્યું. રાણીને થયું કે, મારો ભાગ્યોદય હજી જાગતો લાગે છે, નહિ તો થોડું મોડું થયું હોત, તો હું આ સરોવરમાં ફેંકાઈ જાત !

હાથીની જીવલેણ-પક્કડમાંથી મુક્ત બનેલી પદ્માવતીના હૈયાના બંધ પાછા તૂટી ગયા અને એ પુનઃ રડી ઊઠી. આજના આ એક જ દિવસમાં અણધારી આફતો કઈ રીતે આવી હતી, એનો વિચારભાર એ સહન ન કરી શકી. ભૂખ હોવા છતાં વનફળો ખાવાનું અને પ્યાસ હોવા છતાં

સરોવરજળ પીવાનું એને સાનભાન જ ન રહ્યું. દુઃખનો એવો ડુંગર તૂટી પડ્યો હતો કે, એ વખતે આવી પરિસ્થિતિ પેદા થવી, અશક્ય ન ગણાય.

રડી રડીને રાણીનું હૈયું ખાલી થઈ ગયું. આ પછી એની આંખ સામે કર્તવ્યની કેડી કંઈક સ્પષ્ટ રીતે દેખાવા માંડી. ગમે તેમ તોય એ પરમાર્હત્ ચેટકરાજાનું ફરજંદ હતી. એથી સુખમાં વિરાગ કેળવીને દુઃખમાં સમાધિ જાળવવાની ઘણી વાર સાંભળવા મળેલી હિતશિક્ષા એને સાંભરી આવી. આ હિતશિક્ષાના સ્મરણે જ એનાં આંસુ અદશ્ય થઈ ગયાં ને એની વેદનાએ વિદાય લીધી. એણે મનોમન દઢ સંકલ્પ કર્યો કે, આ આફત વેઠવાની જ છે, તો પછી અડીખમ રહીને કેમ ન વેઠવી ? આ સંકલ્પે એનામાં અજોડ બળનું જાગરણ કરી દીધું. અબળામાંથી સબળા બનીને એ સૌ પ્રથમ ધર્મના શરણે દોડી ગઈ.

ઝાડ પરતી નીચે ઊતરીને રાણી પદ્માવતી પદ્માસનમાં ધ્યાનસ્થ બની. અરિહંતાદિના ચાર શરણ એણે યાદ કર્યાં. સુખ-દુઃખની ઘટમાળ સમા સંસારનું સ્વરૂપ એને સાંભર્યું. સુખના શિખર પરથી દુઃખના દરિયામાં ફંગોળી દેતા અને દુઃખની ખીણમાંથી સુખના શિખરે પધરાવી દેતા કર્મ-નાટકના કેટલાય ખેલ એની આંખ સામે સજીવ બની ઊઠ્યા. ધર્મની આટલી શરણાગતિ સ્વીકાર્યા પછી પદ્માવતીને લાગ્યું કે, આ જંગલ પણ મારે માટે તો મંગલ ધામ જ છે ! મારું પુણ્ય જાગતું હશે, તો હવે મારો વાળ પણ વાંકો બનાવવા કોઈ જ સમર્થ બની શકનાર નથી.

એ રાત વૃક્ષ પર વીતાવીને સવારે ભાગ્ય લઈ જાય, એ દિશા તરફ જવાનો નિર્ણય લઈને પદ્માવતીએ આરામ કરવા માંડ્યો. ભય જાણે હવે એની પાસેથી ભાગી છૂટ્યો હતો અને નિર્ભયતાનું લોખંડી-કવચ એને નખશિખ રક્ષી રહ્યું હતું. રાત પડતાં જ જંગલી જાનવરોના

હૃદય-વિદારક અવાજો આવવા માંડ્યા. ભલભલા ભડવીરોની છાતીનાં પાટિયાં બેસી જાય, એવી ભયાનક એ જંગલી-રાત જામવા માંડી, છતાં પદ્માવતીની નિર્ભયતામાં જરાય ધ્રુજારી કે કંપ પેદા ન થયો. ધર્મ જેની રક્ષામાં હોય, એને વળી કોણ ડરાવી શકે ?

પદ્માવતી તો ધ્યાન-દશામાં જ જાણે યોગ નિદ્રા માણી રહી હતી. જંગલમાં ભયાનકતાનું સામ્રાજ્ય ફેલાઈ રહ્યું હતું. પરંતુ એનો એને અણસાર પણ આવી શક્યો ન હતો. એની યોગનિદ્રા વધુ ને વધુ જમાવટ સાધી રહી હતી. જ્યારે જંગલી જાનવરોના અવાજ શમી ગયા અને પંખીઓના કલરવ કાનમાં ગુંજવા માંડ્યા, ત્યારે જ પદ્માવતીને ખ્યાલ આવ્યો કે, રાત પૂરી થઈ છે ને પ્રભાતના પગલે જંગલ હવે જાગી રહ્યું છે !

પદ્માવતી ઝાડ ઉપરથી નીચે ઊતરી, ભાગ્ય લઈ જાય, એ દિશામાં ચાલવાનું એણે શરૂ કર્યું. માનવનો પડછાયોય મળવો દુર્લભ હોય, એવા પ્રદેશમાં નીડરતાથી એ આગળ વધી રહી. થોડીક ઘટિકાઓની મુસાફરી બાદ એની આંખ સામે આશ્ચર્યભર્યું એક દૃશ્ય ખડું થયું. દૂર દૂર એક તાપસમુનિ જંગલમાં કાષ્ઠ ભેગા કરી રહ્યા હતા. એ મુનિનાં દર્શને પદ્માવતીના હૈયામાં એક નવી જ આશા-સૃષ્ટિ જગવી દીધી !

●

## પ્રકરણ 3

# આશ્રમમાં આશ્રય

**આ**ર્યાવર્તની આ ભૂમિની આધ્યાત્મિક અને ભૌતિક સમૃદ્ધિનાં વાહક બે તત્ત્વો તરીકે ઋષિ અને કૃષિનું યોગદાન યુગયુગથી અપૂર્વ રહ્યું છે. ભારતની આ ભૂમિ પર ઋષિઓના પાયા પર આધ્યાત્મિકતાની ઈમારત ખડી થઈ શકી છે, તો કૃષિને આધારશિલા બનાવીને ભૌતિક-સમૃદ્ધિ વૃદ્ધિંગત બની શકી છે ! એથી જ આજેય આ તત્ત્વોની પ્રતિષ્ઠા જરાય ઓછી

આંકી શકાય નહિ. પ્રાચીન-કાળમાં તો આ પ્રતિષ્ઠા એની ચરમસીમાએ પહોંચી હતી, એમ અતિશયોક્તિ વિના કહી શકાય.

અંગદેશમાં અનેક ગામ-નગરો આવેલાં હતાં. એમાં દંતપુર પણ એક જાણીતું-માણીતું નામ હતું. દંતપુરને આવી ખ્યાતિ અપાવવામાં, એનાથી થોડે દૂર આવેલા એક ઋષિઆશ્રમનો ફાળો નાનોસૂનો ન હતો ! એ આશ્રમમાં કેટલાય વિદ્યાર્થીઓ વિદ્યા પ્રાપ્ત કરતા હતા. સાધના કરવા ઈચ્છનારા સાધકો માટે પણ આ આશ્રમ અનોખો આધારસ્તંભ હતો. ત્યાં એવા તાપસ-મુનિઓ મોટી સંખ્યામાં વસતા હતા કે, જેઓ આશ્રમની આસપાસ આવેલ જંગલના આધારે જ જીવનનિર્વાહ કરતા હોય અને ખેડેલી ભૂમિ પર પગ મૂકવામાં જેઓ પાપ માનતા હોય !

આવા સાધક તાપસોથી ગાજતો રહેતો એ આશ્રમ દંતપુરની નજીકમાં જ વિકસ્યો હતો. એના કુલપતિનું નામ હતું : શ્રી વેદર્ષિ ! એઓ પોતેય ખેડેલી ભૂમિ પર પગ પણ નહિ મૂકવાની મર્યાદાના પાલક હતા. એથી આવી મર્યાદામાં માનનારા અનેક તાપસોથી એ આશ્રમ વિખ્યાત હતો. એક દહાડો મધ્યાહ્ન સમયે વેદર્ષિ યજ્ઞ માટેનાં કાષ્ઠ એકઠાં કરવા જંગલમાં ગયા હતા, ત્યારે જંગલમાં ઘૂમતાં ઘૂમતાં એમની નજર થોડે દૂર ગઈ. ભયાનક જંગલમાં નીડર પગલે પ્રવાસ કરતી એકલી-અટૂલી એક નારીને જોતાં જ એમની કરુણા જાગી ઊઠી. એમને વિચાર આવ્યો કે, આવા જંગલમાં ભૂલી પડેલી કોઈ પણ વ્યક્તિને આશરો-સહાનુભૂતિ આપવાં એ કર્તવ્ય ગણાય, જ્યારે આ તો એકલી-અટૂલી નારી છે. માટે એની તો સારસંભાળ લેવી જ જોઈએ.

વેદર્ષિ ઊભા રહી ગયા. થોડી વારમાં જ એ નારી નજીક આવી. ઋષિએ વાત્સલ્યભર્યા સ્વરે પૂછ્યું : ‘બહેન ! આવા જંગલમાં તમને એકલાં-અટૂલાં જોઈને આશ્ચર્ય થાય છે. શસ્ત્ર વિના માણસ પણ જ્યાં એકલો ન ફરી શકે, ત્યાં તમે આમ ક્યાંથી ભૂલાં પડ્યાં ? જે હોય, એ વિના સંકોચે મને ભાઈ માનીને કહેશો, તો હું બનતી સહાય કરીશ.’

વેદર્ષિની આકૃતિ અને બોલચાલ ઉપરથી એ નારીને એમ લાગ્યું કે, અહીં હૈયું ખોલવામાં જરાય ડરવા જેવું નથી ! એણે પોતાનું નામ 'પદ્માવતી' જણાવીને બધી વીતક કહી સંભળાવી. એ સાંભળીને વેદર્ષિ આશ્ચર્ય સાથે બોલી ઊઠ્યા : 'ઓહ ! તો તો તમે રાજવી ચેટકનાં પુત્રી અને ચંપાપુરીના રાજવી દધિવાહનનાં પટ્ટરાણી થાવ !'

પિતા ચેટક અને પતિ દધિવાહનનું નામ આવા અજાણ્યા જંગલમાં સાંભળવા મળતાં પદ્માવતીએ ખૂબ જ આનંદ અને આશ્ચર્ય અનુભવતાં પૂછ્યું : 'આપ વળી આ બંનેને ક્યાંથી ઓળખો ? આપે મને તો બરાબર ઓળખી લીધી !'

વેદર્ષિના આનંદનો પાર ન રહ્યો. ભૂતકાળની રોમાંચક સ્મૃતિઓ એમની આંખ આગળ સજીવન બનીને સરકવા માંડી. એમણે કહ્યું : તમારા પિતા ચેટક-રાજા તો મારા મિત્ર થાય. એથી તમારું અને દધિવાહનનું નામ પણ મેં સાંભળ્યું હતું. તમારા દર્શનનો લાભ તો આજે જ મળ્યો. મારો આશ્રમ નજીક જ છે. ચાલો, આપણે આશ્રમમાં જઈએ !

પદ્માવતીને થયું કે, ધર્મનો આ કેવો અજબ-ગજબનો પ્રભાવ ! જ્યાં સહારાનું સ્વપ્ન લાધવુંય અશક્ય હતું, ત્યાં આવો વિશ્વસનીય-સથવારો સામેથી શોધતો આવે, એ ધર્મનો જ પ્રભાવ ગણાય ને ? જંગલમાંય મંગલનું સર્જન કરનારા ધર્મના પ્રભાવનું ચિંતન કરતી પદ્માવતી, વેદર્ષિની સાથે સાથે આશ્રમમાં પહોંચી. આશ્રમનો આશ્રય મળતાં ધર્મ તરફની એની શ્રદ્ધામાં કેઈ ગણો વધારો થઈ જવા પામ્યો. આશ્રમનો આ આશ્રય એને પિતા અને પતિની ખોટને ભુલાવી દેનારો લાગ્યો.

આશ્રમનું વાતાવરણ સુંદર હતું. જોકે જૈનત્વની છાયા ત્યાં ન હતી, છતાં સંસ્કૃતિની સરવાણી ત્યાં ખળખળ નાદે વહેતી હતી અને એમાંથી જે ગીત ઊઠતું હતું, એનું શ્રવણ પણ ઓછું રોમાંચક ન હતું ! વેદર્ષિએ પદ્માવતીની ખૂબ જ મમતાભરી આગતા-સ્વાગતા કરી. સાથે સાથે

વેદર્ષિએ આવી વિપત્તિમાંય મન સ્વસ્થ રહે, એવું સુંદર ધર્મતત્ત્વ અવાર-નવાર સંભળાવીને પદ્માવતીની ધર્મશ્રદ્ધાને વધુ મજબૂત બનાવી. થોડા દિવસો પસાર થયા. વધુ રોકાવા માટે વેદર્ષિનો આગ્રહ હોવા છતાં પદ્માવતીને મર્યાદાનો ખ્યાલ હતો. એ સમજતી હતી કે, આવા આશ્રમમાં નારી-જાતથી વધુ રહેવાય નહિ ! એથી એણે નજીકના શહેર દંતપુરમાં જવાનો પોતાનો નિર્ણય વેદર્ષિને જણાવ્યો. થોડીઘણી આનાકાની પછી પદ્માવતીની વાત વેદર્ષિએ સ્વીકારી.

વિદાયની વેળા આવતાં વેદર્ષિ જાતે જ પદ્માવતીને વળાવવા હાજર થયા. દંતપુરના રસ્તે તેઓ આગળ વધ્યા, જંગલની હદ પૂરી થતાં વેદર્ષિએ પદ્માવતીને કહ્યું : 'બહેન ! જંગલની હદ પૂરી થઈ, હવે ગામ-નગરની હદ શરૂ થશે. ખેડેલી ભૂમિ પર પગ ન મૂકવાનું મારું વ્રત નંદવાય નહિ, એ માટે મારે અહીંથી જ પાછા ફરવું પડે છે. નહિ તો છેક દંતપુર સુધી તમને વળાવવા હું આવત ! અહીંથી હવે દંતપુરના સાથ-સંગાથ ઘણા મળશે. દંતપુર તરફ જતા કોઈ સાર્થમાં તમે જોડાઈ જશો તો હેમખેમ નગરમાં પહોંચી જશો. ત્યાંથી પછી તમારે જ્યાં જવું હોય, ત્યાં જઈ શકાશે.'

આટલું બોલતાં તે વેદર્ષિની આંખમાં ઝળઝળિયાં આવી ગયાં. પદ્માવતીની પણ એ જ હાલત હતી. આંસુભીની આંખે બંને છૂટાં પડ્યાં. વેદર્ષિએ આશ્રમની વાટ પકડી. ભાવિના કાર્યક્રમને વિચારતી પદ્માવતી દંતપુરના માર્ગે આગળ વધવા માંડી. આ એવો ધોરી રાજમાર્ગ હતો કે, યોગ્ય સાથ મળતાં વાર ન લાગે ! એ જ દિવસે દંતપુર તરફ જતા એક સાર્થમાં સામેલ થઈને પદ્માવતી આગળ વધવા માંડી. સાર્થ દંતપુરથી આગળ જવાનો હતો, છતાં એનો માર્ગ દંતપુર થઈને જ પસાર થતો હતો. થોડા દિવસોના પ્રવાસના અંતે સાર્થ એક દહાડો દંતપુરના પાદરે આવી પહોંચ્યો. પદ્માવતી નગરમાં પ્રવેશી અને સાર્થ પોતાની મંજિલ ભણી આગળ વધ્યો.

દંતપુર હતું તો મોટું નગર ! પણ પદ્માવતીનું પરિચિત કોઈ જ દંતપુરમાં રહેતું ન હતું. એથી ભાગ્યના ભરોસે પદ્માવતી નગરની વાટે આગળ વધી રહી. એનું ભાગ્ય જોર કરતું હશે, એથી પાદરથી થોડે દૂરના જ એક સ્થાનમાં સ્વાધ્યાય-ઘોષ મચાવતી થોડીક જૈન-શ્રમણીઓનું એને દર્શન થયું. એ સ્થાનની બહાર ઊભા ઊભા એણે ઉપર-ઉપરથી જ જૈન શ્રમણીઓને નિહાળી. છતાં એ તરફનું કોઈ અગમ્ય આકર્ષણ એના અંતરમાં જાગ્યું અને પદ્માવતી એ સ્થાનમાં પ્રવેશી.

આર્યા સુપ્રભાની નિશ્રામાં અનેક આર્યાઓ જ્ઞાન-ધ્યાનની મસ્તી માણી રહી હતી. પદ્માવતીએ આર્યા સુપ્રભાને વંદના કરીને બેઠક લીધી. અજાણ્યો છતાં રૂપલાવણ્યથી સભર ચહેરો જોઈને આર્યાને એ સમજી જતાં વાર ન લાગી કે, આ નારી ઊંચા કુળની હોવા છતાં અશુભ કર્મના કારણે આમ એકલી પડી ગઈ હોવી જોઈએ ! એથી આર્યાએ મધુરભાષામાં પૂછ્યું :

'બહેન ! આકૃતિ જ ગુણોને કહી જતી હોય છે. આકૃતિ ઉપરથી એમ લાગે છે કે, તમે એકલાં-અટૂલાં પ્રવાસી ન હોઈ શકો, પરંતુ કર્મનાટકના ખેલ જ ન્યારા હોય છે. એ ખેલમાં અઘટિત પણ ઘટિત બની જતું હોય છે અને ઘટિતને ત્યાં વિઘટિત બની જતાં વાર લાગતી નથી. ઈચ્છા હોય કે ન હોય, પણ ભલભલાને આવા નાટકના ભોગ બનવું પડતું હોય છે. જગતની દૃષ્ટિએ ઘણી ઘટનાઓ આશ્ચર્યકારી અને અસંભવિત ગણાતી હોય છે. પણ કર્મવિજ્ઞાનનો જે જ્ઞાતા હોય, એની નજરમાં તો આશ્ચર્યકારી કે અસંભવિત કશું જ હોતું નથી. માટે સુખ-દુઃખથી ન લેપાવું હોય, એણે કર્મ-વિજ્ઞાનના જ્ઞાતા બનવું જ જોઈએ.'

આર્યા સુપ્રભાના એકએક શબ્દને, શુક્તિ જેમ સ્વાતિ નક્ષત્રીય જળબુંદ ગ્રહણ કરે, એમ પદ્માવતી ભક્તિભર હૈયે ઝીલી રહી હતી. આર્યા અટક્યાં, એટલે પદ્માવતીએ કહ્યું : છેલ્લા દિવસોમાં કર્મનાટકનો મેં જે અનુભવ કર્યો છે, એનું વર્ણન થાય, એમ નથી. આમ છતાં

ધર્મના શરણાગત બન્યા પછી અને આપની હિતવાણી સાંભળ્યા પછી આ નાટકના ખેલથી કોઈ આશ્ચર્ય અનુભવાતું નથી. બીજા કોઈની નહિ, મારી પોતાની વીતક આ વાતના દૃષ્ટાંત તરીકે રજૂ કરાય એવી છે. પહેલાં તો મને એમ જ લાગતું હતું કે, એકાએક આવી આપત્તિ કોણે મોકલી હશે ? પણ હવે તો એમ થાય છે કે, આ સંસારમાં કશું જ અસંભવિત કે અઘટિત નથી !

આટલી ભૂમિકા બાંધીને પદ્માવતીએ પોતાનાં તમામ દિલદ્વાર ખુલ્લાં મૂકી દીધાં. આર્યા સુપ્રભામાં એ પિતા-પતિ બંનેનું દર્શન મેળવી રહી. વનવિહારથી માંડીને વર્તમાન પળ સુધીની એની સંપૂર્ણ વીતક સાંભળીને આર્યા સુપ્રભાએ માત્ર એટલું જ કહ્યું કે, બહેન ! આ સંસાર જ એવો છે કે, અહીં દુઃખ ઝાઝું ને સુખ થોડું છે ! એ થોડું પણ સુખ પાછું દુઃખની પરંપરાને ખેંચી લાવનારું છે, એનો વિચાર થાય, તો એ સુખને સુખ કહેવાનું મન જ ન થાય ! ભગવાન શ્રી મહાવીર પરમાત્માએ દેવેન્દ્રો અને દેવોની વચ્ચે પણ આ જ કારણે સંસારને અસાર કહ્યો છે અને અસારમાંથી સારને સંગ્રહવાની સાધનાને 'સંયમ' તરીકે બિરદાવી છે.

દુઃખના જંગલ વચ્ચે પદ્માવતીને વેદર્ષિનું જે આશ્વાસન સાંપડ્યું હતું, એના કરતાં પણ 'સાધ્વી-સંગ' એને વધુ હૂંફભર્યો અને હેતાળ જણાયો. એનું અંતર પોકાર કરી ઊઠ્યું કે, બળતા-ઝળતા આ સંસારમાં જો હિમ-ગુફા ક્યાંય હોય, તો તે અહીં જ છે ! પૂર્વભવના કોઈ ધર્મ-સ્નેહ પણ કારણ હશે જ, એથી આર્યા સુપ્રભાના સંગે પદ્માવતીની મનોસૃષ્ટિ જ આખી બદલાઈ ગઈ. દંતપુરના માર્ગે આવતાં એના મનમાં પતિ કે પિતાની નગરી તરફ જવાના શમણાં રચાતાં હતાં, પણ આ સાધ્વીસંગના પ્રભાવે એના મનમાં સંયમની સ્વપ્નસૃષ્ટિ અવતરવા માંડી. દુઃખ જેના ગર્ભમાં હોય, એવો આ વિરાગ ન હતો. આ વિરાગ તો જ્ઞાનના લોખંડી પાયા પર ચણાયો હતો. પદ્માવતીએ ભીતરની

આ ભાવના આર્યા સમક્ષ વ્યક્ત કરી. આર્યાએ જવાબમાં એટલું જ કહ્યું :

'બહેન ! સારું કે ખોટું કાર્ય કોઈ વાર અત્યંત આવેગપૂર્વક કરવામાં આવે, તો ઘણી વાર એ શલ્ય બનીને જિંદગીભર દિલને ડંખતું રહેતું હોય છે. આવું ન બનવા દેવા માટે જ તો ડાહ્યા માણસો કહેતા હોય છે : ધીરજનાં ફળ મીઠાં ! તમારી ભાવના સારી છે. ભાવનાના એ માખણને થોડા દિવસ તિતિક્ષાના તવા પર તાવી જુઓ, પછી સંભાવના-સિદ્ધિનું ઘી મળ્યા વિના નહિ રહે !'

આર્યા સુપ્રભાના ચરણમાં માથું નમાવીને પદ્માવતી જ્યારે ઊભી થઈ, ત્યારે એને એમ લાગ્યું કે, માથા પરથી મેરુભાર અદશ્ય બની ગયો છે ! પોતાની સંયમ-ભાવનાને સંભાવના અને સિદ્ધિમાં પલટાવવા પદ્માવતીએ સાધનાનું નવજીવન જીવવું શરૂ કર્યું. ભાવના જો સાચી હોય, તો એ ભવનાશિની બન્યા વિના રહેતી નથી. પદ્માવતીના દિલમાં જાગેલી ભાવના સાચી હતી, એથી થોડા જ સમય પછી એનું ફળ એને જોવા મળ્યું. એક દહાડો આર્યા સુપ્રભાએ ગુર્વાજ્ઞાપૂર્વક પદ્માવતીનું જીવન-સમર્પણ સ્વીકાર્યું અને રાણી પદ્માવતીએ આર્યા પદ્માવતી તરીકે જૈનશ્રમણીનું જીવન જીવવાની શુભ શરૂઆત કરી.

રાણી પદ્માવતી સંયમ-જીવન સ્વીકારતા પૂર્વે ભીતરના એક ભેદને ભીતરમાં જ ગુપ્ત રાખવાની ભૂલનાં ભોગ બની ગયાં. સમજુ હોવા છતાં તેઓને કદાચ ભાવિએ જ ભુલાવ્યાં હશે ! પોતાની કૂખે માળો બાંધી રહેલા એક જીવપક્ષીની ગંભીર વાતને એમણે ગુરુ સમક્ષ પ્રગટ ન કરી. એમને એવો ડર સતાવી ગયો કે, આ વાત પ્રગટ કરું, તો મારા જીવનદ્વારે આવેલું સંયમ કદાચ દૂર દૂર ઠેલાઈ જાય ! સંયમ સ્વીકારવાની અતિઉત્સુકતાએ જ એમની પાસે કદાચ આવી ભૂલ કરાવી હશે ? પણ આ ભૂલનું ભાવિ એમણે વિચાર્યું હોત, તો કદાચ એ ઉત્સુકતામાં ભળેલી 'અતિ'ની માત્રા દૂર થઈ જાત અને આવી ભૂલ ન થવા પામત !

આ ભૂલ સામાન્ય ન હતી. વહેલો કે મોડો આ ભૂલનો ભેદ ખૂલીને રહેવાનો હતો. સંયમ જીવનના થોડા મહિના પછી આર્યા પદ્માવતીનો ગૂઢ-ગર્ભ દેખા દેવા માંડ્યો. આર્યા સુપ્રભા વગર પૂછ્યે જ બધી પરિસ્થિતિ પામી ગયાં. છતાં એકાંત મેળવીને એક દહાડો એમણે આર્યા પદ્માવતી પાસેથી બધી વિગત જાણી લીધી. આંસુભીની આંખે આર્યાએ પોતાની ભૂલ કબૂલી. ગઈ ગુજરી હવે ભૂલ્યા સિવાય છૂટકો જ ન હતો. છતાં આર્યા સુપ્રભાએ એટલું તો કહ્યું જ કે, આર્યા ! સંયમ-સ્વીકાર પૂર્વ તમે આ વાત પ્રગટ કરી દીધી હોત, તો શાસનના માલિન્યનો આ પ્રસંગ ઉપસ્થિત જ ન થાત. તમે તો ભૂલનાં ભોગ ન જ બનો, એવાં સુજ્ઞ છો. એથી ભાવિએ જ તમને ભુલાવ્યાં હશે, એમ માન્યા વિના છૂટકો નથી.

આર્યા પદ્માવતીએ આંસુ નીંગળતી આંખે પોતાની ગંભીર-ભૂલનો નમ્રતાથી સ્વીકાર કરી લીધો. આ પછી શાસનની નિંદા ટાળવાપૂર્વક આ ભૂલને સુધારી લેવાની યોગ્ય ગોઠવણી આર્યા સુપ્રભાએ મનોમન વિચારી લીધી. એ વિચારણા મુજબ ગંભીર-પેટ ધરાવતી ત્રણ-ચાર આર્યાઓ સાથે આર્યા પદ્માવતી એવા એક ઉપવનમાં જઈ પહોંચ્યાં કે, જે નગરથી બહુ દૂર ન હોય. છતાં લોકોની જ્યાં અવરજવર ન હોય ! સ્મશાનની દિશામાં એ ઉપવન આવેલું હતું, એથી લગભગ એ નિર્જન જેવું જ રહેતું હતું.

એ ઉપવનમાં આર્યા પદ્માવતીના દિવસો પસાર થવા માંડ્યા. શાસન-માલિન્યનો એક પ્રસંગ ટળી ગયો, એનો સૌને આનંદ હતો. વળી થોડા દિવસો વીત્યા. એક રાતે આર્યા પદ્માવતીના પેટમાં પ્રસૂતિની પીડા ઊપડી. એઓ એકલાં જ ઉપવનની બહાર નીકળીને સ્મશાન તરફ ગયાં. પકવ બનેલું ફળ જે રીતે વૃક્ષ પરથી વિખૂટું થાય, એ રીતે એમની કૂખેથી એક તેજસ્વી બાળકે જન્મ ધારણ કર્યો. બાળકના દર્શને જ એમનું *માતૃહૈયું વહાલ વરસાવી રહ્યું. આર્યા* પદ્માવતીએ એ નવજાત શિશુને

એક કંબળમાં વીંટાળીને સ્મશાનની નજીકમાં જ ધીરે રહીને તજી દીધું. એક ઝાડની ઓથે છુપાઈને થોડી વાર સુધી એ શિશુને એઓ જોતા જ રહ્યાં અને પછી સવાર થાય, એ પૂર્વે જ તેઓ ઉપવનમાં પહોંચી ગયાં. તન એમનું ઉપવનમાં હતું, પણ એમનું મન તો એ નવજાત શિશુએ જ ચોરી લીધું હતું.

સવાર થતાં જ આર્યા પદ્માવતીએ અન્ય સાધ્વીજીઓને કહ્યું : શાસન-માલિન્ય પેદા કરનારું એક વિઘ્ન આબાદ ટળી ગયું ! આ અંગે હું આપ સૌનો જેટલો ઉપકાર માનું એટલો ઓછો છે. રાત્રે મને પ્રસૂતિ-પીડા ઊપડી. હું સ્મશાનમાં પહોંચી ગઈ. શાસનનું પુણ્ય જાગતું હશે, એથી મારી કૂખેથી મૃત બાળક જન્મ્યો. એને તજી દઈને હું, પાછી અહીં આવી ગઈ. હવે આપણે આર્યા સુપ્રભાની નિશ્રામાં પહોંચી જઈએ. આ એકાંત-વાસમાં રહેવાનું હવે કોઈ કારણ નથી.

આર્યા પદ્માવતીની વાતને સ્વીકારીને સૌ આર્યા સુપ્રભાની નિશ્રામાં જઈ પહોંચ્યાં. એમની આગળ આર્યા પદ્માવતીએ એ જ વાત કહી સંભળાવી. એ વાત પર અવિશ્વાસ કરવાનું કોઈ કારણ ન જણાતાં આર્યા સુપ્રભાએ એ વાતને સ્વીકારી લીધી. ચાતુર્માસ આરંભાઈ ગયું હતું. એથી ચાર મહિના તો ત્યાં જ રહેવાનું નક્કી હતું. શાસનની નિંદાનો એક સવાલ આ રીતે ખૂબ જ સહેલાઈથી ઊકલી ગયો. એનો સંતોષ આર્યા સુપ્રભા માણી રહ્યાં. જ્ઞાન-ધ્યાનની મસ્તી માણતા એ સાધ્વી-સંઘના દિવસો વીતવા માંડ્યા.

•

પ્રકરણ ૪

# કાંઠે કદીક ડૂબે, સાગર તરી જનારા !

સાગરનો તરવૈયો ઘણી વાર કાંઠે ડૂબી મરતો હોય છે. સંપૂર્ણ સંસારને તજી દેનારા કોઈ કોઈ સાધકના જીવનમાં પણ ક્યારેક ક્યારેક આવો જ ઘાટ રચાતો હોય છે. આર્યા પદ્માવતીના ભાગ્યમાં પણ જાણે સંસારનો સાગર તરી જઈને, પુત્ર-સ્નેહના એ સાગર-કાંઠે ડૂબવાનું દુર્ભાગ્ય લખાયું હશે. ભૂલ નામ જ એનું કે, જે બીજી બીજી ભૂલોને આમંત્રણ આપતી જ રહે !

સંયમ-ગ્રહણ કરતા પૂર્વે ગર્ભસ્થ શિશુની વાત પ્રગટ ન કરવાની પહેલી ભૂલ, આર્યા પદ્માવતીના જીવનમાં બીજી અનેક ભૂલોને ખેંચી લાવનારી બનવાની હતી. આ પહેલી ભૂલ ઉપરની એમની બીજી ભૂલ એ હતી કે, એમણે નવજાતશિશુને મૃત જાહેર કરીને એક અસત્યનો આશરો લીધો હતો. એમની કૂખે આવેલો અને જન્મેલો એ બાળક તો વિશિષ્ટ પ્રકારનું પુણ્ય લઈને અવતર્યો હતો. એના માટે 'મૃત-જન્મ'ની કલ્પનાને કોઈ અવકાશ જ ન હતો. છતાં આર્યા પદ્માવતીને સુતસ્નેહે ભુલાવ્યા અને એમણે શિશુના મૃત-જન્મનું અસત્ય સત્યના સ્વરૂપમાં રજૂ કર્યું.

આર્યા પદ્માવતીને એવો ભય સતાવી રહ્યો હતો કે, શિશુ જન્મની વાત હું પ્રગટ કરું, તો એનો ઉછેર કોઈ શ્રાવકના ઘરે શરૂ થાય, તો પછી વારંવાર એનું મુખદર્શન કરવા અને એને વાત્સલ્યનું પાન કરાવવા પોતે એ શ્રાવકના ઘરે જઈ ન શકે ! એથી જીવતા નવજાત-શિશુને મૃત જાહેર કરવામાં સ્વાર્થ સધાતો જણાતા એમણે આવા અસત્યનો આશરો લીધો. બાકી ખરી રીતે તો એ નવજાત શિશુ જીવતો જ હતો. પુત્ર-જન્મની એ રાતે વૃક્ષની ઓથે તેઓ થોડી વાર છુપાઈ રહ્યાં હતાં, એની પાછળ પણ નવજાત-શિશુની સંભાળનો જ આશય હતો, પ્રસૂતિ-સ્નાન તરીકે સ્મશાનની પસંદગી પણ એમણે આ જ કારણે કરી હતી.

એ સ્મશાનનો રક્ષક ચંડાળ અપુત્રિયો હતો, એનો ખ્યાલ આર્યા પદ્માવતીને હતો. એથી પોતાના પુત્રને એ ચંડાળ વહાલથી લઈ જશે અને પોતે પણ અવારનવાર એના ઘરે રોકટોક વિના પ્રવેશી શકશે, આવું ગણિત એમણે માંડ્યું હતું. અને આ ગણિત સાચું પડ્યું. પ્રસૂતિ પછી કંબળમાં લપેટીને તજાયેલો એ બાળક ત્યાં ફરતા ચંડાળની નજરે પડ્યો અને એનું હૈયું નાચી ઊઠ્યું. એને થયું કે, ભાગ્ય-દેવતા આજે આ અભાગિયા પર ચારે હાથે પ્રસન્ન થયા લાગે છે, નહિ તો આવી પ્રસન્નતા વિના વળી મને આવું પુત્ર-રત્ન ક્યાંથી જડે ?

કાળજાની કોરની જેમ જાળવીને એ પુત્રરત્નને ચંડાળે હાથમાં લીધું. ઝાડની ઓથે છુપાયેલાં આર્યા પદ્માવતીએ આ દશ્ય જોયું અને સંતોષનો શ્વાસ લઈને એઓ ઉપવન તરફ ચાલતાં થયાં. ચંડાળે પોતાની પત્નીને એ પુત્રરત્ન સોંપતાં કહ્યું કે, આપણી ઝૂંપડી પર આજે ભાગ્ય-વિધાતાની મહેર આ 'પુત્રરત્ન'ની પ્રાપ્તિ રૂપે ઊતરી છે. પુત્ર વિના આપણે દિવસોથી ઝૂરતાં હતાં, એથી કરુણાર્દ્ર બનીને જ વિધાતાએ આપણને આ રત્ન ભેટ આપ્યું લાગે છે !

ઝૂંપડીનાં અંધારાં, નવજાત એ પુત્રરત્નના તેજથી ઝગમગી ઊઠ્યાં. ચંડાળની એ ઝૂંપડીમાં આનંદ-મંગલના ઉત્સવ મંડાયા. ખરેખર એ પુત્ર વિશિષ્ટ પુણ્યાઈના ભાગ્યલેખ ધરાવતો હતો. પણ એ લલાટ-લેખમાં આરંભે દુર્ભાગ્ય અને પછી સૌભાગ્યનો સંદેશ લખાયો હશે, એથી જ આવી પરિસ્થિતિમાં તેને જન્મવું પડ્યું અને રાજપુત્ર હોવા છતાં ઊછરવા માટે એક આશરા તરીકે એને ચંડાળની ઝૂંપડી મળી. ચંડાળને આ પુત્રની પ્રાપ્તિ સાથે એક વીંટીની પણ પ્રાપ્તિ થઈ હતી, જે કંબળમાં જ પુત્રની સાથે વીંટળાયેલી હતી. એની પર 'દધિવાહન' એવા અક્ષરો અંકિત હતા. પણ આનું રહસ્ય જાણવું, એના માટે ગજા બહારની વાત હતી. કેમ કે કાળા અક્ષર ભેંસ બરાબર જેવી અભણતા એને વારસામાં જ મળેલી હતી.

પુત્રજન્મની પ્રાપ્તિની આ વાત જેમ ફેલાતી ગઈ, એમ એ ચંડાળના ઘરે મંડાયેલા મહોત્સવમાં વધુ ઉલ્લાસ અને આનંદ ઉમેરાતાં ગયાં. 'અવર્ણિક'ના નામે સૌએ એને વધાવી લીધો. અંગે અંગમાં એને ચળ બહુ આવતી હતી, એથી એક વૈદરાજે એવું નિદાન પણ કર્યું કે, પ્રસૂતિ પૂર્વે આની માતાએ શાકપાન આદિ વનસ્પતિનો વધુ પ્રમાણમાં આહાર કર્યો હશે, એથી આ બાળકને આવો રોગ લાગુ પડ્યો હોવો જોઈએ. જન્મજાત આ રોગનું કોઈ ઔષધ ન હોવાનું વૈદરાજે કહ્યું, ત્યારે એ બાળકનાં પાલક માતા-પિતાએ ખૂબ જ દુઃખ અનુભવ્યું કે, સોના જેવા

આ સંતાનના દેહ પર ચળ-રોગ જેવી લોઢાની આ મેખને શું કોઈ જ ઉખેડી નહિ શકે ?

આખી ચંડાળ કોમમાં આ બાળક જેવું તેજસ્વી કોઈ જ ન હતું. એથી અપૂર્વ લાડકોડ સાથે એ ઊછરી રહ્યો. ગુલાબના ગજરાની જેમ એક હાથથી બીજા હાથમાં ફરતા એ બાળકને જે જોતા એનું હૈયું એના પર પ્રેમનો અભિષેક કર્યા વિના ન રહી શકતું.

એક દૃષ્ટિએ સંસારનો ત્યાગ કરવા દ્વારા સાગર તરી ગયેલાં આર્યા પદ્માવતી પણ આ સંતાન-સ્નેહના કાંઠે ડૂબવા જેવી દુઃખદ પરિસ્થિતિનો ભોગ બન્યાં હતાં. એથી બહિર્ભૂમિ જવાના બહાને એઓ અવારનવાર આ ચંડાળના ઘરે આવતા અને પુત્રના મુખદર્શનની ઝંખના પૂર્ણ થતા એઓ અપૂર્વ સંતોષ અનુભવીને પાછાં ચાલ્યાં જતાં. વારંવારના આવા ગમના-ગમનના કારણે બાળકના પાલક ચંડાળ માત-પિતા સાથે એમને સારો સંબંધ બંધાઈ ચૂક્યો હતો, એથી ગમે ત્યારે રોકટોક વિના તેઓ ચંડાળના ઘરમાં પ્રવેશી શકતાં. એમના આગમને ચંડાળ પણ ખુશ ખુશ થઈ જતો. કેમ કે કોઈ કોઈ વાર સારી સારી ખાવાની ચીજ પણ એઓ લેતાં આવતાં. એ બાળક તો એ ચીજોને ખાઈ શકવા હજી સશક્ત ન હતો, એથી એનાં પાલક માત-પિતાને ખાવાની એ ચીજો આપીને આર્યા પદ્માવતી વિદાય થઈ જતાં. ખરેખર સાગર તરી જનારાં તેઓ આમ કાંઠે ડૂબી રહ્યાં હતાં.

છાની-છૂપી રીતે આર્યા પદ્માવતી આવું બધું કરતાં. એથી કોઈને એમની આ પ્રવૃત્તિની ગંધ સરખીય ન આવી શકતી. અવારનવાર પુત્રના મુખનું દર્શન ! ક્યારેક ક્યારેક સારી સારી ખાદ્ય ચીજોનું અર્પણ ! આ ક્રમ ચાલુ રહ્યો અને એમ કરતા ચાતુર્માસ પૂર્ણ થયું. બધી શ્રમણીઓની સાથે આર્યા પદ્માવતી પણ અન્યત્ર વિહાર કરી ગયાં. પણ એમનું મન તો ચંડાળની એ ઝૂંપડીમાં જ ભરાયેલું હતું. દિવસો, મહિનાઓ અને વર્ષો વીત્યાં, પરંતુ પુત્ર-સ્નેહના આ તાંતણાને આર્યા પદ્માવતી ન જ

તોડી શક્યાં. મુખ્યત્વે એમનું વિહાર-ક્ષેત્ર એ જ હતું. એથી જ્યારે જ્યારે એ પ્રદેશની આસપાસ વિહાર થતો ત્યારે ત્યારે તેઓ પુત્રના મુખનું દર્શન કરવાનું ચૂકતા નહિ. ભીતરના આ બધા ભેદ હજી ભીતરમાં જ હતા, આર્યા સુપ્રભાને પણ આની ગંધ આવી શકી ન હતી, આ સંતાન-સ્નેહ પોતાની સાધનામાં બાધક બનતો હતો, એ આર્યા પદ્માવતી સારી રીતે જાણતાં હતાં. પણ પોતાના મન પર એઓ કાબૂ મેળવી શકતાં ન હતાં, સાગર તરવા છતાં પોતાનું મન કાંઠે કેમ ડૂબી રહ્યું હતું ? એની એમને પોતાને જ સમજણ પડતી ન હતી.

વર્ષો વીતતા ગયાં. ચંડાળ માતાપિતાને ત્યાં ઊછરતો 'અવર્ણિક' મોટો થતો ગયો. હજી એને પોતાને જ ખબર ન હતી કે, મારા સાચાં માતાપિતા કોણ છે ? એ તો પાલક માતા-પિતાને જ સાચાં માતા-પિતા ગણી રહ્યો હતો. એ જેમ જેમ મોટો થતો જતો હતો એમ એમ એનું રાજતેજ પ્રકાશ પાથરતું જતું હતું. આ બધાં બાળકોમાં એ જુદો જ તરી આવતો. એની બોલચાલ, એની રમત-ગમત અને એના હાવભાવ : આ બધામાં એનું રાજબીજ અને રાજતેજ છાનું ન રહી શકતું.

અવર્ણિકને રમત પણ એવી જ ગમતી કે, જેમાં પોતાને રાજા થવા મળતું હોય ! એના રૂપ-રંગ પણ એવા વિશિષ્ટ હતા કે, બધાં બાળકો એને 'રમતના રાજા' તરીકે હોંશે હોંશે સ્વીકારી લેતાં. રમત-ગમતમાંય રાજા બનીને એ પોતાનો સ્વાર્થ સાધી લેતો. રૂડો-રૂપાળો દેહ મળવા છતાં ખાટલે મોટી ખોટ એ હતી કે, આખો દિવસ એને ચળ આવ્યા જ કરતી. એથી રમતમાં રાજા બનતો એ પોતાની પ્રજા તરીકે બાળકોને આજ્ઞા કરતો કે, હું તમારા બધાનો રાજા છું, તો તમારે મને કર ન ભરવો જોઈએ શું ?

સામેથી જ્યારે પ્રશ્ન થતો કે, અમારી પાસે શું છે કે, અમે કર ભરીએ ? ત્યારે એ બાળ રાજા અવર્ણિક જવાબ આપતો કે, કર તરીકે મારે પૈસા જોઈતા નથી. તમે વારાફરતી મારા શરીરની ચળ દૂર કરવા

મને ખણતા રહો, એટલે જ હું માનીશ કે તમારો કર ભરપાઈ થઈ ગયો ! આમ રમત દ્વારા એ પોતાનો સ્વાર્થ સાધી લેતો. મા-બાપે એનું નામ તો 'અવર્ણિક' પાડ્યું હતું, પણ આખો દિવસ કર-હાથ દ્વારા એની કંડૂ-ખણજ દૂર કરવાની પ્રવૃત્તિ ચાલુ જ રહેતી, એથી મજામાં એનું 'કરકંડૂ' નામ પ્રચલિત બન્યું. આ નામ ધીરે ધીરે જનજીભે એટલું બધું ચડી ગયું કે, એનું 'અવર્ણિક' નામ સાવ જ વીસરાઈ ગયું. સૌ એને 'કરકંડૂ' તરીકે જ બોલાવવા માંડ્યા.

કરકંડૂની વય વધતી ગઈ, એમ પિતાના કાર્યમાં એ વધુ ને વધુ સહાયક થતો ગયો. એના પિતા સ્મશાન-પાલક હતા. એથી એમને કામકાજમાં વિશેષ તો શું કરવાનું હોય ? કોઈ મૃતક અગ્નિદાહ માટે આવે, ત્યારે એનો લાગો અને એનાં સુંદર વસ્ત્રો ઉઘરાવવાં, આ જ એમનું મુખ્ય કાર્ય હતું. તેમજ સ્મશાનની બાંધેલી હદને વ્યવસ્થિત જાળવવાની જવાબદારી એમના માથે હતી.

કોઈ વાર આવો લાગો કે આવાં વસ્ત્ર આપવામાં સામી વ્યક્તિ આનાકાની કરે અથવા બીજો કોઈ ચંડાળ એમાં ભાગ માંગવા ટપકી પડે, ત્યારે કરકંડૂ એવા રોફથી અને એવી હોશિયારીથી વાત કરે કે, એનો જ વિજય થાય ! આમ, પાલકપિતાને ખૂબ જ સહાયક થતો હોવાથી ઘરમાં, પરિવારમાં કરકંડૂ ખૂબ પ્રિય થઈ પડ્યો.

કરકંડૂનાં પરાક્રમો ક્યારેક ક્યારેક આર્યા પદ્માવતીના કાને પડતાં, ત્યારે તેઓ સાશ્ચર્ય વિચારમગ્ન બની જતાં કે, કર્મની આ કેવી અકળ લીલા કે, રાજપુત્ર જેવા રાજપુત્રનું પરાક્રમ આવા તુચ્છ-હલકા કામ માટે વેડફાય ? પોતાના પુત્રની આવી હીનદશા એમના અંતરમાં ક્યારેક દુઃખની લાગણી જન્માવી જતી, પણ જ્યારે એમને પાછો એવો વિચાર આવતો કે, આમ છતાં આ હીન-દશાના કારણે જ મારા લાડકવાયાનું મુખ હું જોઈ શકું છું. ત્યારે દુઃખની એ લાગણી દબાઈ જતી અને સંતોષ અનુભવાતો.

કરકંડૂને ઘણી વાર ઘણાની સાથે જીભાજોડીમાં ઊતરવું પડતું, પણ અંતે વિજય એનો જ થતો : ત્યારે ઘણાને એમ લાગતું કે, ચંડાળ-પુત્રમાં આવું તેજ શી રીતે સંભવી શકે ? પણ આ અંગે ઊંડી-તપાસમાં ઊતર્યા વિના એ લોકો પોતપોતાના રસ્તે ચાલ્યા જતા. એક દિવસ કરકંડૂને એક બ્રાહ્મણ સાથે વાદ-વિવાદમાં ઊતરવું પડ્યું. આમ જુઓ તો પ્રસંગ ખૂબ જ નાનો હતો. પણ રજે જાણે ગજનું સ્વરૂપ ધારણ કર્યું અને બ્રાહ્મણ-કરકંડૂ વચ્ચેનો એ વિવાદ છેક રાજા પાસે પહોંચ્યો.

એક દહાડો કરકંડૂ સ્મશાનની આસપાસ ફરી રહ્યો હતો. એટલામાં જ ત્યાંથી પસાર થતા નિમિત્તાદિ વિદ્યાના જાણકાર બે મુનિઓ તરફ એની નજર ગઈ. એમાંના મોટા મુનિની દૃષ્ટિ એક વાંસ તરફ જતાં એ ઊભા રહી ગયા. એ વાંસ વિશિષ્ટ લક્ષણવાળો હતો. એથી નાના મુનિને એમણે કહ્યું : આ પ્રદેશ સ્મશાનનો છે, છતાં ઉકરડે પણ કદીક રત્ન મળે, એમ અહીં ઊગેલો આ વાંસ એવી અદ્‌ભુત વિશેષતા ધરાવે છે કે, મૂળથી ઉપર ચાર આંગળ કાપીને આ વાંસ દંડ જો કોઈ પોતાની પાસે રાખે, તો તે અવશ્ય રાજા થાય !

મુનિઓ તો અરસપરસ આટલી વાત કરીને આગળ વધી ગયા. એમને વળી રાજકાજની શી જરૂર હોય ? પરંતુ આ વાત કરકંડૂએ સાંભળી લીધી અને ત્યાંથી પસાર થતા એક બ્રાહ્મણના કાનેય આ વાત અથડાઈ. કરકંડૂ જરા વિચારમાં રહ્યો. એટલામાં તો બ્રાહ્મણે તરત જ એ વાંસ જમીન ખોદીને મેળવી લીધો. કરકંડૂની નજર બ્રાહ્મણ પર ગઈ. એના હાથમાંથી વાંસ ઝૂંટવી લઈને કરકંડૂએ ચોરી પર શિરજોરી કરતા બ્રાહ્મણને દબડાવતાં કહ્યું : એક તો અમારી હદવાળી આ ભૂમિમાં રજા વગર પ્રવેશ કર્યો અને ઉપરથી આ વાંસ ચોરીને ચાલ્યા ? ભૂદેવ ! તમારા જેવા પવિત્ર-માણસને આ શોભે ખરું ?

ચંડાળના સ્પર્શથી છંછેડાઈ ગયેલા બ્રાહ્મણે કહ્યું : બહુ ચિબાવલો થઈ ગયો લાગે છે ! તારો રોફ તું તારી ઘોલકીમાં ચલાવજે. તું અહીં

હરેફરે, એથી કંઈ આ ભૂમિ તારા બાપની નથી થઈ જતી ! એક તો તેં તારા સ્પર્શથી મારી પવિત્ર કાયાને અભડાવી મૂકી અને ઉપરથી મારી માલિકીનો વાંસ તેં ઝૂંટવી લીધો ! તારો આ બેવડો અપરાધ હું કોઈ રીતે ચલાવી નહિ લઉં ! તું સીધી રીતે સમજી જાય, તો સારી વાત છે, નહિ તો તને અપરાધી તરીકે રાજા આગળ પણ ઘસડી જવાની મારી પૂરેપૂરી તૈયારી છે.

કરકંડૂ કમ ન હતો કે, એ બ્રાહ્મણ આગળ ભૂલ કબૂલી લે ! એણે રોકડું પરખાવી દીધું કે, ચોરી પર શિરજોરી તો તમે કરી છે ! શું હું નાનો છું, એથી તમે મને દબડાવી રહ્યા છો ? દીવા જેવો ચોખ્ખો ન્યાય છે કે, આ ભૂમિની માલિકી મારી છે. માટે અહીં જે પેદા થાય, એની માલિકી પણ મારી જ હોય ! તમારાથી થાય એ કરી લેજો. પણ આ વાંસ-દંડ તો હું તમને નહિ આપું, એ નહિ જ આપું !

આ વિવાદ સાંભળીને કરકંડૂના પાલક પિતા અને બીજા ચંડાળો ત્યાં ભેગા થઈ ગયા. બ્રાહ્મણના મગજમાં રાઈ તો ઘણી ભરેલી હતી. પણ એં જાણતો હતો કે ઝાઝી કીડીઓ સાપને પણ તાણી જાય ! સામે ચંડાળો ઘણા હતા. અને પોતે એકલો જ હતો. એથી ઝઘડો કે ઝપાઝપીનો માર્ગ લેવામાં મજા ન હતી. માટે મનમાં ને મનમાં બબડતો તેમજ આ વિવાદને છેક રાજા સુધી પહોંચાડવાની વાતની પુનરુદ્‌ઘોષણા કરતો એ બ્રાહ્મણ ચાલતો થયો. આ બધી વાત સાંભળીને કરકંડૂને એના પિતાએ કહ્યું : બેટા ! એક વાંસ જેવી તુચ્છ ચીજ માટે આ રીતે વાદ-વિવાદમાં ઊતરવાની શી જરૂર છે ! આપી દે ને આ વાંસ ! અહીં તો જોઈએ એટલા વાંસ આપણને મળી શકે એમ છે !

કરકંડૂએ પોતાના પિતાને કહ્યું : પિતાજી ! વાંસ-વાંસમાં અંતર હોય છે. બ્રાહ્મણ જો બીજો વાંસ લેવા તૈયાર હોય, તો હું જાતે ખોદીને બીજો વાંસ કાઢી આપવા તૈયાર છું. પણ આ વાંસ તો હું નહિ જ

આપું. કેમ કે આ વાંસમાં મારા ભાગ્યવિધાતા બનવાની વિશિષ્ટ તાકાત રહેલી છે.

બ્રાહ્મણ ગુસ્સાથી ધમધમાટ મચાવતાં પગલાં પાડતો ચાલ્યો ગયો હતો. એથી ચંડાળો સાવચેત બની ગયા. આ વિવાદ રાજા આગળ પહોંચે, તો શું કરવું એની વિચારણા સૌને ગંભીર અને ગમગીન બનાવી રહી હતી. પણ કરકંડૂએ છાતી ઠોકીને સૌને કહ્યું કે, તમે જરાય ગભરાતા નહિ, રાજા તો શું ચક્રવર્તીની આગળ પણ જવાની અને વાંસ-દંડ ઉપર મારી માલિકી સાબિત કરી આપવાની મારી તૈયારી છે. માટે તમે બધા નિશ્ચિંત રહેજો !

કરકંડૂની બહાદુરીભરી આ તૈયારી જોઈને એના પિતા મનોમન ખૂબ જ પ્રસન્ન થઈ ઊઠ્યા. પણ બાળકની વાત પર મદાર બાંધીને કંઈ નિશ્ચિંત બની જવાય ખરું ? એ જ સાંજે મુખ્ય-મુખ્ય ચંડાળો ભેગા થયા. કરકંડૂના પિતાએ સૌને બધી હકીકત કહી જણાવી. એક બ્રાહ્મણનું હડહડતું અપમાન થયું હતું, એથી ચંડાળો મનોમન ગભરાઈ ઊઠ્યા હતા. એઓ આ અંગે કંઈક વધુ વિચારે, ત્યાં તો રાજા તરફથી એક સંદેશવાહક ત્યાં આવ્યો. એણે કહ્યું :

'તમારી કોમનો એક ગુનો રાજદરબારે નોંધાયો છે. માટે આવતી કાલે રાજસભામાં હાજર રહેવાની રાજાજ્ઞા તમને સંભળાવવા માટે હું અહીં આવ્યો છું !'

સંદેશવાહક આટલું કહીને ચાલ્યો ગયો. બધા ચંડાળોનાં ચિત્ત ચગડોળે ચડ્યાં.

•

## પ્રકરણ ૫ પડ્યો રંગમાં ભંગ !

**"રજનું ગજ !"** આ કહેવત તો રાજાએ ઘણી વાર સાંભળી હતી. પણ આ કહેવતને ચરિતાર્થ કરનારી વ્યક્તિ પોતાના નગરમાં જ વસવાટ કરતી હશે અને તે પણ બ્રાહ્મણ જેવી ભણેલી-ગણેલી વ્યક્તિ હશે, એવી તો રાજાને ક્યારે પણ સ્વપ્નેય કલ્પના નહોતી આવી. પરંતુ એક દહાડો જ્યારે એક બ્રાહ્મણે ફરિયાદ કરી. ત્યારે જ રાજાને ખ્યાલ

આવ્યો કે, રજનું ગજ કરનારો આવો મૂર્ખ પંડિત પણ આ નગરમાં વસે છે ખરો !

બ્રાહ્મણની ફરિયાદ હતી : મહારાજ ! આજે મારી કાયા અભડાઈ ગઈ છે અને હું લૂંટાયો છું. આ બે અપરાધ આ નગરના ચંડાળોએ જ કર્યા છે. મુખ્ય અપરાધી એક બાળક છે. એનું નામ કરકંડૂ છે. હું ન્યાયની આશાથી આવ્યો છું. ન્યાયના આ મંદિરમાં મને પૂરી આસ્થા છે.

રાજાએ વિગતવાર ફરિયાદ જણાવવા કહ્યું, ત્યારે બ્રાહ્મણે બધી વાત કરી. જે વાંસદંડની રાજ્યદાયક શક્તિ પર આંધળો વિશ્વાસ મૂકીને આ વિવાદ ચગાવાયો હતો, એ વિવાદ સાંભળીને રાજાને મનમાં થયું કે, આ તો સુણતા ભી દીવાના અને કહેતા ભી દીવાના જેવી વાત છે ! પરંતુ એમ ને એમ કંઈ આ વાતને ઉડાવી દેવાય ખરી ? તો ન્યાયની વિશ્વસનીયતા ઘટ્યા વિના ન રહે ! એથી રાજાએ બ્રાહ્મણને કહ્યું : તમારી ફરિયાદ સાંભળી લીધી. અત્યારે જ હું એ ચંડાળોને કાલે અહીં હાજર રહેવાની આજ્ઞા પાઠવું છું. તમે કાલે મધ્યાહ્ન પૂર્વે હાજર થઈ જજો !

સંતોષના સ્મિત સાથે વિદાય થયેલા બ્રાહ્મણે બીજે દિવસે વિશ્વાસ અને વિસ્મય સાથે રાજસભામાં પ્રવેશ કર્યો. એક નવી જ જાતની ગૂંચ-ફરિયાદ ઉકેલવાની હોવાથી રાજાને પણ આ વિવાદમાં રસ જાગ્યો હતો. બ્રાહ્મણે રાજસભામાં પ્રવેશ કર્યો અને થોડી જ વારમાં કેટલાક ચંડાળો બાળક કરકંડૂને આગળ કરીને સભામાં પ્રવેશ્યા.

કોઈ મહેલમાંય જેણે પગ મૂક્યો ન હતો, એવા કરકંડૂને અજબ-ગજબના ઠસ્સા સાથે રાજસભામાં પ્રવેશતો જોઈને રાજાનાય વિસ્મયનો પાર ન રહ્યો. રાજા ટીકીટીકીને એનાં રૂપ-રંગ જોઈ રહ્યો. બધા ચંડાળોના ચહેરા પડી ગયા હતા. છતાં અપરાધી કરકંડૂ નિર્ભય દેખાતો હતો. રાજાએ સીધું જ કરકંડૂને પૂછ્યું કે, અપરાધી તરીકે તારે જે કંઈ કહેવું હોય, એ કહેવાની છૂટ છે.

કરકંડૂએ નીડરતાથી જવાબ વાળતાં કહ્યું : મહારાજ ! પહેલાં તો હું અપરાધી છું, એ વાત જ ખોટી છે. મારી હદમાં જે કોઈ ચીજ પેદા થતી હોય, એની માલિકી મારી ગણાય. આ વાતને તો આપ પણ વાજબી જ ગણાવશો ને ? અને તો આપને અપરાધી તરીકે હું નહિ, પણ આ બ્રાહ્મણ જ લાગશે. કેમ કે મારી જગામાં ઊગેલો વાંસ ચોરવાનો ગુનો આ બ્રાહ્મણે કર્યો છે. મેં તો ફક્ત મારી એ ચીજને મારી રાખવા માટે જરૂરી અને ન્યાયપૂર્વકનાં ગણાતાં હોય, એ પગલાં જ લીધાં છે !

કરકંડૂએ ભરી સભામાં જે નીડરતા, જે સચ્ચાઈ અને જે શૂરવીરતા સાથે પોતાની રજૂઆત કરી, એની પર રાજા મનોમન આફરીન પુકારી ગયો અને એણે નિર્ણય લઈ લીધો કે આ બાળક જો ખરેખર અપરાધી હોય, તોય મારે એને નિર્દોષ જ છોડી મૂકવો જોઈએ ! કરકંડૂ પર મુગ્ધ બની ગયેલા રાજાએ બ્રાહ્મણ સમક્ષ નજર કર્યા વિના જ કરકંડૂને પુનઃ પૂછ્યું : તરણાની તોલે પણ ન આવે, એવા એક તુચ્છ વાંસ-દંડ માટે ઝઘડો વહોરી લેનાર તને શું કહેવું, એ જ સમજાતું નથી ! એક તરફ તારામાં અજબગજબનું શાણપણ છે અને બીજી તરફ આવું બાળપણ છે ! આ બેનો મેળ કઈ રીતે બેસાડવો ?

કરકંડૂએ જરા પણ ડઘાયા વિના શાંતિથી જવાબ આપ્યો : મહારાજ ! હું બાળક છું, એથી બાળપણ તો મારામાં હોય જ ને ! પરંતુ બાળપણની સાથે શાણપણ છે, માટે જ મેં આ વાતને વિવાદનું રૂપ આપ્યું છે. ભીતરના ભેદ જેણે જાણ્યા ન હોય, એ ભલે આ વાંસદંડને તુચ્છ સમજે, પણ હું એને કઈ રીતે તુચ્છ ગણું ?

‘ભીતરનો ભેદ વળી શો છે ?’ રાજાએ સાશ્ચર્ય પૂછ્યું. કરકંડૂ એ ભેદને છુપાવવા માંગતો ન હતો. એણે કહ્યું : મહારાજ ! આ વાંસદંડ જેની પાસે હોય, એને ભાવિમાં રાજ્ય મળે ! આ વાંસદંડની આવી ભાગ્યવિધાયકતા જાણ્યા પછી તો હું આને તુચ્છ કઈ રીતે ગણી શકું ?’

કરકંડૂની આ વાત પર અને ભોળપણભરી એની આ અંધશ્રદ્ધા પર રાજા હસી પડ્યો. બ્રાહ્મણને એક અક્ષર પણ બોલવાની તક આપ્યા વિના આ વિવાદનો રમૂજી-ફેંસલો ફાડતાં રાજાએ કરકંડૂને કહ્યું : આ વાંસદંડ પરનો તારો અધિકાર હું એક શરતે કબૂલ રાખું છું કે, તું જ્યારે રાજા બને ત્યારે તારે આ બ્રાહ્મણને એ કહે તે એક ગામ ભેટ આપવું !

કરકંડૂ નાચી ઊઠ્યો. ચંડાળોના આનંદનો પાર ન રહ્યો. બ્રાહ્મણને ખૂબ લાગી આવ્યું. એને થયું કે, રાજાએ તો મારું રાજ્ય લૂંટાવી નાખીને એના બદલામાં મને એક ગામનો ધણી બનાવ્યો ! બ્રાહ્મણના રોમ-રોમમાંથી પુકાર ઊઠી રહ્યો કે, રાજાએ આખી વાતને હસવામાં કાઢી નાખી ! પણ હવે બોલવાનો કોઈ અર્થ ન હતો. કેમ કે વાંસદંડની ભાગ્યવિધાયકતા પર વિશ્વાસ બેસવો, એ કંઈ સરળ વાત ન હતી અને આવો વિશ્વાસ રાજાને ન હોય એ અશક્ય ન હતું. એથી મનમાં ને મનમાં ધૂંધવાતો બ્રાહ્મણ વિલે મોઢે ચાલ્યો ગયો અને ચંડાળોની એ મંડળી નાચતી-કૂદતી પોતાના રહેઠાણ તરફ ચાલી નીકળી ! કરકંડૂ એ દિવસથી આખી નગરી માટે વાતનો રસિક વિષય બની ગયો.

કેટલાક વિજય પરાજય કરતાં વધુ ભૂંડા અને દારુણ-વિપાક આણનારા નીવડતા હોય છે. 'હાર્યો જુગારી બમણું રમે' જેવી ઝનૂનવૃત્તિ ધરાવનારો પરાજિત જ્યારે પોતાના પરાજયને પચાવી શકતો નથી, ત્યારે વિજયી નીવડનારને ઘણી વાર ઘણું ઘણું વેઠવું પડતું હોય છે. કરકંડૂ વિજયી નીવડ્યો હતો, પણ એના પિતાને એમ હતું કે, આના કરતા તો કરકંડૂને પરાજય મળ્યો હોત, તો વધુ સારું થાત ! તો વતનમાં હેમખેમ રહેવાનું તો શક્ય બનત !

રાજ્યસભામાં પરાજિત બનેલા બ્રાહ્મણનું કાળજું બે રીતે ડંખી રહ્યું હતું : એક તો ચંડાળ જેવી હલકી જાતે ભરસભામાં પોતાની આબરૂના લીરેલીરા ઉડાડ્યા હતા અને બીજું પોતાના ભાગ્યમાં આવેલું રાજ્ય

ઝૂંટવાઈ ગયું હતું. એથી ધૂંધવાતા અગ્નિ જેવો ઉકળાટ અનુભવતા બ્રાહ્મણે પોતાની જાતના આગેવાનો આગળ આ વિવાદને મરચું-મીઠું ભભરાવીને રજૂ કર્યો. ત્યારે કેટલાંક ઝનૂની-તત્ત્વો જાણે તલવાર તાણતા ન હોય, એમ હાથ પછાડીને બોલી ઊઠ્યા : આવા કરકંડૂનું કાસળ કાઢ્યા વિના અમે જંપીશું નહિ. ચંડાળ જેવી હલકી જાત ! અને પાછી આવી ગુસ્તાખી !

આ બધી વાતો જ્યારે કરકંડૂના પિતાને કાને આવી, ત્યારે એમના શાંતજીવનમાં ભયનાં કૂંડાળાં રચાવા માંડ્યાં. સાંભળેલી આ વાતની સચ્ચાઈ માટે એમને ચકાસણી કરવાની જરૂર ન પડી. કેમ કે રાજસભામાં મળેલા વિજય પછીના થોડા જ દિવસોમાં બ્રાહ્મણો તરફથી જાણી-અજાણી રીતે કનડગત શરૂ થઈ ગઈ હતી. એ કનડગતનો પ્રકાર એવો હતો કે, કરકંડૂનું કાસળ કાઢી નાખવાની વાતને સમર્થન મળે ! એમના મનમાં થયું કે, રાજ્ય તો મળશે ત્યારે મળશે, પણ અત્યારે તો વહાલી વતનભોમ પણ છોડવી પડે, એવી પરિસ્થિતિ પેદા થવા પામી છે. આના કરતાં કરકંડૂએ એ વાંસને જવા દીધો હોત, તો આપણે શાંતિથી જીવી તો શકત !

કરકંડૂની ઉંમર જોકે બહુ મોટી ન હતી, છતાં એનામાં સમજણ-શક્તિનો વિકાસ સારો થયો હતો. કેમ કે અંતે તો એ રાજબીજનું જ એક ફળ હતું ને ? એથી બધી પરિસ્થિતિનો તાગ પામીને એક રાતે એણે પોતાના પિતાને કહ્યું : શિર જો સલામત હશે, તો પાઘડીઓ તો ઘણી મળી રહેશે. માટે જાન બચાવવા હવે આ સ્થાનને છોડી દેવામાં જ શાણપણ છે. વીફરેલો એ બ્રાહ્મણ આપણો જાન લેવાની યોજના ઘડી રહ્યો છે. એને નિષ્ફળ બનાવવા આપણને રાજા તરફથી કોઈ સંરક્ષણ મળે, એવી આશા રાખવી વ્યર્થ છે. એના કરતાં તો એ બહેતર છે કે, આપણે બીજા કોઈ દૂરના દેશમાં જ ચાલ્યા જઈએ !

કરકંડૂની આ વાત એના પિતાને પણ સમયસરની લાગી અને બીજા જ દિવસની મધરાતે કરકંડૂને લઈને સપરિવાર તેઓ સ્મશાન-ભૂમિના વતનથી વિદાય લઈને ભાગ્યના ભરોસે અન્યત્ર ચાલી નીકળ્યા. આ રઝળપાટ શરૂ કર્યા બાદ ડગલે ને પગલે એમને કરકંડૂના પ્રભાવનું દર્શન થવા લાગ્યું. એની પુણ્યાઈનો સૌને ઠેરઠેર અજબનો અનુભવ થવા માંડ્યો. જ્યાં આંખનીય ઓળખાણ ન હોય, ત્યાં એ બધાને સગા જેવાં સન્માન મળવા માંડ્યાં. ખાવા-પીવા કે પહેરવા-ઓઢવાની કોઈ જ તકલીફ ન પડે. એ રીતે સૌ આગળ ને આગળ વધી રહ્યા. રઝળપાટ અને રખડપટ્ટી જાણે કરકંડૂના પ્રભાવે પ્રવાસ અને સહેલગાહમાં પલટાઈ ગઈ. મહિનાઓના પ્રવાસને અંતે તેઓ સૌ એવા એક પ્રદેશમાં આવી પહોંચ્યા કે, જ્યાં હવે પેલા બ્રાહ્મણોના ભયનો પડછાયો પણ આવી ન શકે !

નિર્ભય પ્રદેશમાં થોડાં વર્ષોના વસવાટ બાદ એક દહાડો કરકંડૂએ પોતાના પિતાને કહ્યું કે, અહીંથી થોડે દૂર કાંચનપુર નામનું નગર છે. એની મનોહરતા અને ઋદ્ધિ-સમૃદ્ધિની ઘણી ઘણી વાતો સાંભળ્યા બાદ મારું દિલ એ નગરમાં જવા આકર્ષાઈ રહ્યું છે. માટે આપણે હવે ધીમે ધીમે એ નગર તરફ આગળ વધીએ !

કરકંડૂની વાતને અસ્વીકાર્ય ગણવાનું કોઈ કારણ ન હતું. કેમ કે એની વાત પાછળ એની પુણ્યાઈનું પીઠબળ હોવાનું સૌએ આજ સુધી અનેક વાર અનુભવી લીધું હતું. એથી એક દહાડો સૌ કાંચનપુરના માર્ગે આગળ વધ્યા. ડગલે ને પગલે શુભ-શકુનો સામે આવતાં હતાં. એથી એ પ્રવાસ ઉત્સાહપૂર્વક કપાઈ રહ્યો હતો. આ બધી મુસાફરી દરમિયાન કરકંડૂએ પેલા 'વાંસદંડ'નું જતન જાનના ભોગે અને કાળજાની કોરની જેમ કર્યું હતું. એનાં માત-પિતાને કંઈ એ વાંસદંડ પર એવી વિશિષ્ટ શ્રદ્ધા ન હતી. પરંતુ કરકંડૂ તો એ વાંસદંડનો અજોડ

શ્રદ્ધાળુ હતો. એ વાંસદંડને એ પોતાના ભાગ્યવિધાતા તરીકે બિરદાવતો હતો.

કાંચનપુર થોડું દૂર રહ્યું, ત્યાં એક દિવસ એવા સમાચાર મળ્યા કે, કાંચનપુરના રાજવી ગંભીર માંદગીમાં પટકાયા છે. ઘણી આશા સાથે કાંચનપુર તરફ જતા કરકંડૂના પિતાને થયું કે, આવા અમંગળ સમાચાર આપણને કાંચનપુરની નજીકમાં જ મળ્યા છે, એથી કાંચનપુરનું ગમન આપણા માટે બહુ ફળદાયક નહિ નીવડે ! એથી બીજા કોઈ નગર તરફ પ્રવાસને વાળવાની વાત એમણે કરકંડૂ સમક્ષ રજૂ કરી, પણ કરકંડૂના અંતરનો અવાજ અને દિલની લાગણી કાંચનપુર તરફની જ રહી, એથી અંતે સૌએ કાંચનપુર તરફ જ પ્રવાસ જારી રાખ્યો.

બે-ત્રણ દિવસના પ્રવાસ બાદ એક સાંજે કરકંડૂ આદિ સૌ કાંચનપુરના પાદરે આવી પહોંચ્યા. એમને થયું કે, નગરમાં પ્રવેશવા માટે સાંજ કરતાં સવાર વધુ સારી ! એથી રાતે નગર બહાર આરામ કરીને સવારે નગરમાં જવાનું નક્કી કરીને સૌ એક ઘેઘૂર-વડલાના ઓટલે સૂઈ ગયાં. કરકંડૂ ભલે સૂઈ ગયો, પણ એનું પુણ્ય તો જાગતું જ હતું. આની પ્રતીતિ સવારે સૂર્યોદય સમયે સૌને થઈ, કેમ કે એક હાથીએ જળકળશનો અભિષેક કરીને કરકંડૂને જાગ્રત કર્યો હતો.

એક રાતમાં તો વિચિત્ર એક વાત બની ચૂકી હતી. કાંચનપુરનો બીમાર રાજવી મરણ પામતાં, એ અપુત્રિયો હોવાથી રાજાની શોધ હાથી દ્વારા કરવાનો નિર્ણય લેવાયો હતો. એ નિર્ણય મુજબ એક હાથીની સૂંઢમાં જળકળશ ભરાવીને એને નગરમાં છૂટો મૂકી દેવાયો હતો. આવા કટોકટીના પ્રસંગે આવો હાથી જેના પર જળાભિષેક કરે, એને રાજા તરીકે સહર્ષ સ્વીકારી લેવાનો રિવાજ ત્યારે પ્રચલિત હતો. એ હાથીની પાછળ નગરજનો ચાલતા હતા. હાથી આખા નગરમાં ફર્યો પણ એનો જળકળશ હજી એમનો એમ જ હતો. અંતે હાથીએ નગર બહાર જવાની

એ દિશા પકડી, જે દિશામાં વડલાની નીચે કરકંડૂ સૂતો હતો. ધીમા પગલે ડોલતો ડોલતો એ હાથી વડલા આગળ આવીને ઊભો રહી ગયો. હર્ષનાદ કરીને એણે વાતાવરણને પ્રસન્નતાથી ભરી દીધું અને કરકંડૂ પર જળાભિષેક કરીને એણે પોતાના દિવ્યકાર્યને પૂર્ણ કર્યું.

અભિષેકની જળધારા પોતાના મસ્તકે પડતાંની સાથે જ કરકંડૂ જાગ્યો, સામેનું પ્રસન્ન વાતાવરણ જોતાં જ એ બધી પરિસ્થિતિ પામી ગયો. એને થયું કે, આ નગરનો બીમાર રાજા અપુત્રિયો મરણ પામ્યો લાગે છે ! એથી દિવ્ય દ્વારા રાજાની શોધ ચલાવતા નગરજનો અહીં આવી લાગ્યા જણાય છે ! વાંસદંડની ભાગ્યવિધાયકતા સાચી પુરવાર થતાં એના આનંદનો પાર ન રહ્યો. આ નગર તરફનું આંતરિક આકર્ષણ સકારણ હતું એમ કરકંડૂને હવે વધુ પ્રતીત થયું. એનાં માતાપિતા જાગી ગયાં. નગરજનોએ એ પરદેશી પ્રવાસીને રાજા તરીકે સ્વીકારી લઈને કાંચનપુરનું સૂનું સિંહાસન સ્વીકારવા વિનંતી કરી. ભાગ્યનું એ વિધાન હતું. કરકંડૂ એને અમાન્ય કરી શકે એમ ન હતો. એથી એની સ્વાગત-યાત્રા આરંભાઈ. કનૈયા કુંવર જેવો કરકંડૂ રાજા તરીકે મળ્યો. એ બદલ આખું નગર નાચી ઊઠ્યું. પણ બ્રાહ્મણો-પુરોહિતોએ આ નવા રાજાના માતપિતાના દેદાર જોઈને, હલકા કુળની સંભાવના વ્યક્ત કરી. એથી સ્વાગતયાત્રા રાજ્યમહેલમાં પહોંચી જવા છતાં કરકંડૂના રાજ્યાભિષેકના રંગભર્યા પ્રસંગમાં અચાનક ભંગ પડ્યો !

•

## પ્રકરણ ૬ રંગમાં ભંગ ! ભંગમાં ઉમંગ !

પાપ જ્યારે જાગતું હોય છે, ત્યારે રંગમાંય ભંગ પડતો હોય છે. પુણ્ય જ્યારે જાગ્રત બને છે, ત્યારે ભંગમાંય રંગ જાગી જતો હોય છે ! કાંચનપુરની જનતા માટે આ સત્યની સાક્ષાત્ પ્રતીતિ કરકંડૂ કરાવી રહ્યો હતો. એના જીવનમાં એકાએક આવેલા પલટાને સૌ પુણ્યના પ્રભાવ તરીકે ફાટી આંખે નિહાળી રહ્યા હતા.

વડલા નીચે સૂતેલા અને મેલોઘેલો દેદાર ધરાવતા કરકંડૂ પર જ્યારે હાથીએ જળકળશનો અભિષેક કર્યો હતો ત્યારે ત્યાં જે અજબગજબનું વાતાવરણ સર્જાયું હતું, એ દશ્ય હજી જનતાની આંખ સામે જ તરવરતું હતું. ત્યારે વગાડ્યા વિના જ વાજિંત્રો વાગી ઊઠ્યાં હતાં. છત્રધર વિના જ કરકંડૂને માથે છત્ર ગોઠવાઈ ગયું હતું. કરકંડૂ જ્યારે નાહી-ધોઈને અને સુંદર વસ્ત્રો પહેરીને હાથીના હોદ્દે બિરાજિત થયો, ત્યારે તો સૌને એવો જ આભાસ થયો કે, દેવલોકમાંથી સાક્ષાત્ દેવકુમાર નીચે અવતર્યા છે કે શું ? સ્વાગત-યાત્રાની શોભા પણ અદ્ભુત અને અભૂતપૂર્વ હતી. આમ છતાં રંગમાં ભંગ પાડવાનો એક હીણો-પ્રયાસ જ્યારે બ્રાહ્મણો અને પુરોહિતોએ કર્યો ત્યારે પ્રજા અંદરઅંદર જ સણસણી ઊઠી. પ્રજા કરકંડૂને ચાહતી હતી. એથી બ્રાહ્મણો અને પુરોહિતોની સામે સજ્જડ ટક્કર ઝીલવાની એની તૈયારી હતી.

પુરોહિતો અને બ્રાહ્મણોનો મુદ્દો એક એ જ હતો કે, નવા રાજવી ભલે રૂડારૂપાળા રહ્યા, પણ એમના માતપિતા જોતાં એ કુળવાન હોવા વિશે શંકા છે. માટે એમના કુળની મૂળ શોધ પ્રથમ થવી જોઈએ, આ પછી જ એમના રાજ્યાભિષેકને અમે માન્ય રાખીશું. આની સામે ઘણાએ કહ્યું કે, આકૃતિર્ગુણાન કથયતિ. આકૃતિ જ ગુણની ઓળખાણ આપનારી હોવાથી આ નવા રાજા ગુણવાન હોય જ, એમાં શંકા કરવાની જરૂર જ નથી. ગુણવાન જ નહિ, એઓ પુણ્યવાન પણ છે, પુણ્ય વિના હાથી એમની પર પસંદગી થોડી જ ઉતારે ! આટલું જ નહિ, દેવો પણ એમની સહાયમાં હોય, એ સંભવિત છે. કેમ કે આવી સહાય વિના વગાડ્યા વગર વાજિંત્રો કઈ રીતે વાગી શકે અને કોઈ આધાર વિના છત્ર કઈ રીતે આકાશમાં ટકી શકે ?

આ વાત વાજબી હોવા છતાં બ્રાહ્મણો પોતાની જીદ છોડવા તૈયાર ન જ થયા અને રંગમાં પડેલો ભંગ ભયંકર સ્વરૂપ પકડી રહ્યો. કરકંડૂની

નજરે બધી પરિસ્થિતિ માપી લીધી. એને થયું : જે વાંસદંડ મને અહીં સુધીની પુણ્યાઈનો સ્વામી બનાવવામાં ભાગ ભજવી ગયો, એ વંશદંડ અણીના અવસરે ચોક્કસ મારી આબરૂ જાળવશે જ ! આવા પ્રચંડ વિશ્વાસ સાથે કરકંડૂએ પોતાનો એ વાંસદંડ ઉગામ્યો, અને ખરેખર એક ચમત્કાર સર્જાયો !

આકાશમાં એકાએક જ ચહલપહલ મચી ગઈ. સૌની નજર ઉપર ગઈ, ત્યાં તો આકાશના ઓવારેથી એવી દેવવાણી થઈ કે, આ નવા રાજાની જે કોઈ અવગણના કરશે, એની ખબર આ વાંસદંડ લઈ નાખશે ! કુળ અને એનું મૂળ તપાસવાની વાહિયાત વાતો કરનારાઓને એટલું જ કહેવાનું છે કે, આ નવા રાજાના કુળનો અને ગુણનો તો ખરો ખ્યાલ આવી પુણ્યાઈ પરથી જ આવી જાય છે. બોલો, આ નવા રાજાનો રાજ્યાભિષેક કોને માન્ય નથી ?

આ દેવવાણીના શ્રવણે પેલા બ્રાહ્મણો અને પુરોહિતો તો થરથર કંપવા માંડ્યા. એમને થયું કે, હવે જો જીવતા રહેવું હોય, તો કરકંડૂના પગ જ પકડી લેવા જોઈએ, નહિ તો આ વાંસદંડ સૌ પ્રથમ આપણી ઉપર જ વીજળી બનીને ત્રાટક્યા વિના નહિ રહે !

પ્રજા આ પુણ્ય-પ્રભાવનો વિચાર કરી રહી હતી, એટલામાં જ બળવો જગવનારા બ્રાહ્મણો/પુરોહિતો કરકંડૂના પગ પકડીને ક્ષમા માગવા લાગ્યા. ચમત્કારને નમસ્કાર કરનારી એ જાત લળીલળીને નમી રહી. પ્રજાએ નવા રાજવી કરકંડૂના જયજયકારથી ગગનને ગજવી મૂક્યું. રાજ્યાભિષેકના રંગમાં જેટલા જોરથી ભંગ પડ્યો હતો, એથી કેઈ ગણા વધુ જોરથી ઉમંગ ઊછળી રહ્યો. કરકંડૂની રાજ્યાભિષેક-વિધિ શાનદાર રીતે પૂર્ણ થઈ.

રાજ્યાભિષિક્ત રાજવી કરકંડૂના મનમાં આજના પ્રસંગે જેમ એક તરફ આશ્ચર્ય જગાડ્યું હતું, એમ બીજી તરફ બ્રાહ્મણજાત તરફ એમની

આંખ આગ ઓકી રહી હતી. પોતાને વતનની ભૂમિમાંથી પહેરેલે લૂગડે મધરાતે નસાડનારી જાત બ્રાહ્મણની જ હતી અને રાજ્યાભિષેકના રંગમાં ભંગ પાડનારી જાત પણ આ જ હતી ! જોકે દેશત્યાગના કારણે જ પોતે રાજ્ય પામી શક્યા હતા, આ એક હકીકત હતી. પણ એથી કંઈ બ્રાહ્મણજાત તરફ ઉપકારીની નજરે જોવા કોઈની જેમ રાજવી કરકંડૂય તૈયાર થાય એમ ન હતા. એથી બ્રાહ્મણ-જાત પરના વેરનો બદલો લેવાના ઈરાદાથી રાજવી કરકંડૂએ પૂછ્યું :

'ભૂદેવો ! સંસ્કારાત્ દ્વિજઃ જાયતે, જન્મથી નહિ, સંસ્કારથી બ્રાહ્મણ થવાય છે, એવું તમારા શાસ્ત્રમાં લખ્યું છે, આનો રહસ્યાર્થ શો ?'

આ પ્રશ્નના ભીતરી ભેદની કલ્પના કર્યા વિના જ બ્રાહ્મણોએ જવાબ વાળતા કહ્યું : મહારાજ ! સંસ્કાર થાય, પછી જ બ્રાહ્મણ બ્રાહ્મણ કહેવાય છે. ખરું બ્રાહ્મણત્વ સંસ્કાર પછી પેદા થાય છે. જન્મથી મળતા બ્રાહ્મણત્વ કરતા સંસ્કારથી મળતા બ્રાહ્મણત્વનું જ વિશેષ મહત્ત્વ છે. એવો આ શાસ્ત્ર વાક્યનો ભાવ છે !

રાજવી-કરકંડૂને જોઈતો હતો, એવો જ આ જવાબ હતો. એથી એમણે બીજો પ્રશ્ન કર્યો કે, જો સંસ્કારનું મહત્ત્વ આટલું બધું હોય, તો ચંડાળની જાત શું સંસ્કારથી શુદ્ધ થઈને બ્રાહ્મણત્વ ન મેળવી શકે ?

આ પ્રશ્ન ખરેખરો અને કસોટી કરનારો હતો. હા કહે તો હાથ કપાય અને ના કહે તો નાક કપાય, એવી પરિસ્થિતિ હતી. થોડી પળો પૂર્વે જ રાજાના પુણ્યનો પરચો મળી ગયો હતો. એથી શાસ્ત્ર કરતાં, શરીરને વધુ વહાલું ગણીને બ્રાહ્મણોએ જવાબ આપ્યો : સાચા બ્રાહ્મણત્વનો જન્મ તો સંસ્કારથી જ થાય છે. માટે સંસ્કાર પ્રાપ્ત કરીને હરકોઈ બ્રાહ્મણ બની શકે છે !

બસ ! રાજાને તો આ જ જવાબ જોઈતો હતો. કેમ કે પોતાને આજ સુધી જે કાંઈ સહન કરવું પડ્યું હતું, એમાં હીન કુલત્વનોય ભાગ

નાનોસૂનો ન હતો ! એથી એમણે તરત જ આજ્ઞા કરી કે, ભૂદેવો ! તમારા મનના સમાધાન માટે મારા માત-પિતા અને આ નગરના સ્મશાન-રક્ષક ચંડાળોને તમારે સંસ્કાર-દીક્ષા આપીને બ્રાહ્મણ બનાવવાના છે. આ જાતના સંસ્કાર થઈ જશે, પછી કોઈનેય રાજકુળ તરફ આંગળી ચીંધવા જેવું નહિ રહે અને મનેય સંતોષ થશે.

બ્રાહ્મણો અને પુરોહિતો આ આજ્ઞાની સામે અક્ષર પણ બોલી શકે એમ ન હતા. શુભ દિવસે સંસ્કાર-દીક્ષાનો કાર્યક્રમ યોજાયો. આની સ્મૃતિમાં ત્યાર બાદ ઘણાં વર્ષો પછી એક સંસ્કૃત-શ્લોક જનજનની જીભે રમવા લાગ્યો :

**दधिवाहनपुत्रेण राज्ञा तु करकंडूना**
**वाटधानकवास्तव्याश्चांडाला ब्राह्मणीकृताः**

રાજવી દધિવાહનના પુત્ર રાજા કરકંડૂએ સ્મશાનમાં વસતા ચંડાળોને બ્રાહ્મણ બનાવ્યા.

કરકંડૂમાંથી રાજા કરકંડૂ તરીકેની કીર્તિ પ્રાપ્ત થયા બાદ તો એ રાજવીના જીવનમાં નવા નવા ચમત્કારો સર્જાતા જ રહ્યા, સર્જાતા જ રહ્યા ! ગત-જન્મોનાં પુણ્ય જાણે એક સામટાં ઉદયમાં આવ્યાં અને કરકંડૂ-રાજવીના પગલે પગલે પુણ્ય-નિધાન પ્રગટવા માંડ્યા. એમના રાજ્યાભિષેકના સમયની ચમત્કારી કીર્તિ-કથા જેમ જેમ ફેલાતી ગઈ, એમ એમ અનેક રાજાઓ સામેથી આવીને એમનું દાસત્વ હોંશે હોંશે સ્વીકારવા માંડ્યા. જે કાંચનપુરની કીર્તિ ગણ્યાગાંઠ્યા નગરોમાં ગવાતી હતી, એ કીર્તિગાન નિઃસીમ બનીને દૂર દૂરના દેશોમાં-નગરોમાં ગુંજવા માંડ્યાં. એના પ્રભાવે રાજવી કરકંડૂનું રાજ્ય અંતઃપુર, ધનભંડાર સમૃદ્ધિ, સૈન્ય આદિથી દિવસે દિવસે વૃદ્ધિગંત બનવા લાગ્યું. સુખ-સમૃદ્ધિની પાંખે રાજવી કરકંડૂનો રાજ્યકાળ ગગનવિહારી ગરુડની જેમ આગળ ને આગળ વધતો ગયો.

થોડાં વર્ષોમાં તો કાંચનપુર અને કરકંડૂ રાજાનાં નામ-કામ દશે દિશામાં ગુંજી ઊઠ્યાં. એ દિશાઓમાં એક દિશા કરકંડૂની જન્મભૂમિની પણ હતી. ત્યાંના રાજાએ પણ આ કીર્તિ સાંભળી અને ત્યાંના પેલા બ્રાહ્મણે પણ આ કીર્તિ સાંભળી. રાજા તો કરકંડૂને ભૂલી ગયો હતો. વાંસદંડના વિવાદની વાત રાજાને વળી ક્યાંથી યાદ હોય ? પણ પેલો બ્રાહ્મણ હજી આ વાત ભૂલ્યો ન હતો. એણે જ્યારે કરકંડૂની રાજવી તરીકેની કીર્તિ સાંભળી, ત્યારે એના હૈયાના ખૂણે ધૂંધવાયેલો દ્વેષાગ્નિ ઠરી ગયો અને લોભ જાગી ઊઠ્યો.

પાપનો બાપ લોભ જે ન કરાવે, એ ઓછું ગણાય ! એક વખત કરકંડૂનું કાસળ કાઢવા મેદાને પડેલો એ બ્રાહ્મણ હવે કરકંડૂના પગ પકડીને એને પ્રસન્ન કરવા દ્વારા એક ગામ મેળવવાની સ્વપ્નસૃષ્ટિમાં રાચી રહ્યો. શુભ ઘડી પળ ગોતી કાઢીને એ બ્રાહ્મણે એક દિ' કાંચનપુર તરફ પ્રયાણ કર્યું.

— ● —

આર્યા પદ્માવતી તો એ જ પ્રદેશનાં ગામ-નગરોમાં વિચરી રહ્યાં હતાં. પણ છેલ્લા કેટલાક સમયથી પહેલાંની જેમ કરકંડૂના સમાચાર મળતા ન હોવાથી તેમનું અંતર સચિંત રહ્યા કરતું હતું. વાંસદંડ, બ્રાહ્મણનો વિવાદ અને વતન-ત્યાગ અંગેની છૂટીછવાઈ વાતો એમના કાને ઘણી ઘણી અથડાઈ હતી, પણ ચોક્કસ માહિતી મળે, તો જ એમના અંતરને શાતા વળે એમ હતું. એથી ગમે ત્યાંથી કરકંડૂની વિગતવાર અને સત્તાવાર માહિતી પામવા તેઓ તલસી રહ્યાં હતાં. એમાં એક દહાડો કાંચનપુર અને કરકંડૂની કીર્તિકથા અથડાતી અથડાતી આર્યા પદ્માવતીના કાને પણ આવી. એના શ્રવણે એમના હોઠને તો જોકે હસવા દીધા નહિ, પણ એમનું હૈયું તો જરૂર હસી ઊઠ્યું ! પોતાના પુત્રનો આવો પુણ્ય-પ્રભાવ સાંભળીને હવે એઓ નિશ્ચિંત બન્યાં. પુત્રની સ્મૃતિને

વિસારે પાડવાપૂર્વક સાધનામાં ખોવાઈ જવા એઓ મથી રહ્યાં અને થોડા સમયમાં આમાં એમને ધારી સફળતા પણ મળી.

આ સફળતા જેમ જેમ વધુ પ્રમાણમાં મળતી ગઈ, એમ એમ આર્યા પદ્માવતીને લાગવા માંડ્યું કે, આજ સુધીની પોતાની સાધના સશલ્ય હતી અને પુત્રસ્નેહનું શલ્ય દિલમાં ઊંડું ખૂંપેલું હોવાથી જ સાધના-માર્ગે પ્રગતિ સાધી શકાતી ન હતી ! એઓ વિચારી રહ્યાં કે, હવે આ પ્રગતિ-માર્ગ પર ટકી શકતા મારા પગમાં વેગ આણવા પ્રાયશ્ચિત્ત દ્વારા શુદ્ધ થઈ જ જવું જોઈએ. મનનો આવો મક્કમ નિર્ધાર હોવા છતાં પ્રાયશ્ચિત્ત માટે કોઈ યોગ્ય પળની પ્રતીક્ષા કરતાં એ આર્યા સાધના-માર્ગે આગળ વધી રહ્યાં.

કરકંડૂ રાજા પાસે એક ગામની માંગણી કરવા ઊપડેલો એ બ્રાહ્મણ મૂળ તો ચંપાપુરીનો વતની હતો. એનાં ઘરબાર-પરિવાર ચંપાપુરીમાં જ હતાં. કાંચનપુર તરફ આગળ વધતા એના મનમાં જાત-જાતના મનોરથ દોડાદોડ કરી રહ્યા હતા. એની મૂંઝવણનો મુખ્ય વિષય એ હતો કે, કરકંડૂ મને ગામનું દાન કરશે તો ખરો ને ? મેં એને મારી નાખવા બ્રાહ્મણોને ઉશ્કેર્યા હતા, એથી જ વતનથી એને નાસી છૂટવું પડ્યું હતું. આ બધું યાદ કરીને વેરની વસૂલાત લેવા એ કરકંડૂ મને જેલ-ભેગો તો નહિ કરી દે ને ? ના, ના, એ આટલો બધો બેવચની બનીને વિશ્વાસઘાત તો નહિ જ કરે. એ જો મને નન્નો ભણી દેશે, તો ન્યાય-તોળનાર રાજાનાં દ્વાર ખખડાવતાં મને કોણ રોકી શકે એમ છે ?

કાંચનપુરના માર્ગે આગળ વધતા બ્રાહ્મણના દિલમાં નકારાત્મક આવા વિચારો ક્યારેક ખળભળાટ મચાવી મૂકતા, તો ક્યારેક વળી હકારાત્મક વિચારોની હારમાળા ઊમટી પડતી. એને વિચાર આવતો : કરકંડૂ રાજા જો ગ્રામદાન કબૂલ રાખે, તો મારે કયું કામ માંગવું ? આ વિચાર કરતાં એની આંખ સામે ઘણાં ઘણાં ગામ-નગરો ઊપસી આવતાં.

પણ કોઈની પર એનું ચિત્ત ઠરતું નહિ. એથી અંતે એણે નક્કી કર્યું કે, ચંપાપુરીની નજીકનું કોઈ ગામ કરકંડૂ પાસે માંગવું, જેથી ઘરબાર પણ સચવાય અને રાજ્યસુખ પણ ભોગવાય !

આ રીતના સંકલ્પ-વિકલ્પમાં અથડાતો એ બ્રાહ્મણ એક દિ' કાંચનપુરની રાજસભામાં જઈ પહોંચ્યો. કરકંડૂ રાજવીના ઠાઠમાઠ જોતાં જ એ મોંમાં આંગળાં નાંખી ગયો અને એની આંખ ચકાચૌંધ થઈ ગઈ. પોતે જેને જોયો હતો, એ બાળક કરકંડૂ ક્યાં ? ને રાજસિંહાનને શોભાવતો આ કરકંડૂ રાજા ક્યાં ? પોતે આવી રાજ્ય-સમૃદ્ધિથી વંચિત રહી ગયો, એ બદલ એ બ્રાહ્મણ દિલ રડી ઊઠ્યું. એને થયું કે, એ જ દિવસે મેં બરાબર લડત લીધી હોત અને વાંસદંડને મેળવવામાં હું સફળ થયો હોત, તો આજે હું આવા રાજ્યનો ભોક્તા બની શક્યો હોત !

બ્રાહ્મણનું દિલ 'જો-તો'ની સૃષ્ટિમાં ખોવાઈ ગયું. થોડી વાર પછી એને થયું કે, હવે હું ગમે તેટલો પશ્ચાત્તાપ કરીશ, તોય કરકંડૂ જેવું રાજ્ય મને નથી જ મળવાનું ! માટે હવે તો મારે એક ગામમાં જ સંતોષી બન્યા વિના છૂટકો નથી ! કલ્પના-સૃષ્ટિમાંથી વાસ્તવિકતા પર પગ મૂકવા બ્રાહ્મણે ભરી રાજસભામાં કરકંડૂને નમસ્કાર કર્યા અને કહ્યું : રાજન્ ! આપ દાતા છો, અને હું યાચક છું. લોકમાં કહેવાય છે કે, માંગ્યા વિના તો મા પણ ન પીરસે ! માટે આજે હું એક માંગણી સાથે આપની સમક્ષ પ્રત્યક્ષ થયો છું.

રાજવી કરકંડૂની નજર યાચક બ્રાહ્મણ પર સ્થિર થઈ. રાજવીને એવો આભાસ થવા માંડ્યો કે, આ વ્યક્તિ પૂર્વ પરિચિત જણાય છે ! છતાં સ્પષ્ટ-ઝાંખી ન મળતાં રાજાએ પૂછ્યું : ભૂદેવ ! ક્યાંથી આવો છો અને તમારી માંગણી શી છે ? તમે જ્યારે મારામાં 'મા'નું દર્શન કરો છો ત્યારે પુત્રની જેમ મારે તમારી સારસંભાળ લેવી જ રહી !

બ્રાહ્મણે ટૂંકમાં પોતાનો પરિચય આપીને મનની માગણી રજૂ કરી. કરકંડૂ રાજવીના મન સમક્ષ એક સ્મૃતિચિત્ર ખડું થઈ ગયું. પોતાનું કાસળ કાઢવા મથનારા આ બ્રાહ્મણને તેઓ ધારત તો કાચી પળમાં જેલ ભેગો કરી શકત. પરંતુ આવું ખુન્નસ ધરાવવા કરતાં એક રાજવી તરીકે ઉદાર અને વિશાળ હૈયાના ધારક બનવામાં જ એમને પોતાના પદની સાર્થકતા જણાઈ. એમના માટે એક ગામનું દાન કરવું, એ તો રમત વાત હતી. એથી રાજાએ કહ્યું :

'ભૂદેવ ! તમારાં દર્શને સંસ્મરણોની એક સૃષ્ટિ સજીવન બની ગઈ ! હું અહીંનો રાજવી બની શક્યો, એમાં અપેક્ષાએ તમે પણ કારણ છો જ. તમે માંગો એ ગામ આપવાની મારી તૈયારી છે. દાન તરીકે નહિ, તમારી થાપણ પરત કરવા રૂપે તમે જે ગામ માગશો, એ તમને મળી જશે. તમે આવ્યા, એ સારું થયું. જેથી હવે હું કરજ-મુક્ત બની શકીશ !'

બ્રાહ્મણનો આનંદ નિરવધિ બન્યો. કરકંડૂ પ્રત્યેના દ્વેષનો એકાદ અંશ પણ એના અંતરમાં હવે રહ્યો નહોતો, રાજાની સજ્જનતા અને ગુણદૃષ્ટિ પર ઓવારી ઊઠેલા બ્રાહ્મણે કહ્યું : રાજવી ! મારું વતન ચંપાપુરી છે. માટે ચંપાપુરીની આસપાસનું કોઈ એકાદ ગામ મને મળે, એવી મારી ઇચ્છા છે. જે આપ પૂરી કરશો, એવો વિશ્વાસ છે.

રાજા કરકંડૂએ મંત્રીશ્વર તરફ ઇશારો કર્યો. નતમસ્તકે સામે ખડા થઈ ગયેલા મંત્રીશ્વરને આજ્ઞા કરતાં રાજવી કરકંડૂએ કહ્યું : આ ભૂદેવનો હું દેવાદાર છું. આજે એમાંથી મુક્ત થવાનો અવસર મને મળ્યો છે, એ મારે માટે ખૂબ જ આનંદની વાત છે. ચંપાપુરીની આસપાસનું કોઈ ગામ આ ભૂદેવને મળી જાય, તો હું ઋણમુક્ત બની શકું. માટે ચંપાપુરીના રાજવી દધિવાહન પર પત્ર લખીને એક દૂત રવાના કરો. પત્રમાં લખજો કે, આ ભૂદેવને જે પસંદ હોય, એ ગામનું આધિપત્ય લખી આપશો ! જેથી કાંચનપુર આ ભૂદેવના કરજથી મુક્ત બની શકે !

મંત્રીશ્વરે રાજાજ્ઞાનો નતમસ્તકે સ્વીકાર કર્યો. થોડી જ વારમાં રાજવી દધિવાહન પરનો એ પત્ર લખાઈ ગયો. પત્રવાહક એક દૂતને પણ તૈયાર રહેવાની સૂચના અપાઈ ગઈ. થોડા દિવસનું આતિથ્ય માણીને એક દહાડો ભૂદેવની સાથે જ એ દૂત પણ ચંપાપુરીના માર્ગે આગળ વધ્યો. સૌની દષ્ટિએ સામાન્ય જણાતો એ સંદેશ-પત્ર સંગ્રામની એક સુરંગ માટે દારૂગોળો બનવાનો હતો, એ ભાવિલેખ વાંચવાની શક્તિ ત્યારે કોઈનામાંય હોત, તો આ પત્ર આવી રીતે રવાના ન થયો હોત ! પણ ભાવિની ભીતરના ભેદને કોણ ભાળી શકે અને એને ભૂંસી પણ કોણ શકે ?

●

## પ્રકરણ ૭

# સંગ્રામની સુરંગને સાદ

**મા**નવ સ્વાભિમાનનું પૂતળું ગણાય છે. એની સાથે કામ લેવું હોય, તો ઘણી ઘણી તકેદારી રાખવી પડે. કાચના નાજુક વાસણ કરતાંય માનવનું કાળજું જો વધુ સાચવી શકાય, તો જ ધાર્યું કામ કઢાવી શકાય ! જો આવી સાચવણીમાં સાવધ ન રહેવાય, તો ઘણી વાર નાવ કિનારે આવી ગઈ હોય, છતાંય ડૂબી જાય ! એમાંય સામાન્ય માનવ કરતાં 'રાજા'

જેવા માનવ-પ્રાણી સાથે કામ લેતાં, તો પૂછી-પૂછીને પગ મૂકવો પડે અને તોળી-તોળીને બોલવું પડે. આમાં જો જરાક ગફલત થાય, તો કામ કામને ઠેકાણે રહી જાય અને સંગ્રામ જાગી ઊઠે.

રાજવી કરકંડૂએ ચંપાપુરીના રાજા દધિવાહન ઉપર જે સંદેશપત્ર પાઠવ્યો, એમાં તેજાબમાં કલમ બોળીને કશું જ લખવામાં નહોતું આવ્યું ! રાજવી કરકંડૂની આસપાસ જે પુણ્ય-પ્રભાવિત વાતાવરણની જમાવટ હતી, એથી વિશ્વસિત બનીને એમણે સાવ સહજ ભાવે જ એ સંદેશ લખાવ્યો હતો. એમાં દધિવાહનની માનહાનિ થાય, એવો એક અક્ષર પણ ન હતો, ચંપાપતિના માનને ખંડિત કરવાની કોઈ કલ્પનાય રાજવી કરકંડૂના મનમાં ન હતી, પણ આ સંદેશપત્ર ઊંધો પડ્યો. સંગ્રામની સુરંગને દારૂગોળો ચાંપવાનું કામ એ પત્રે કર્યું.

કરકંડૂની ફેલાતી કીર્તિ રાજા દધિવાહને ઘણી ઘણી સાંભળી હતી. એથી એમના અંતરના ખૂણે ઈર્ષાનો ભાવ પણ જાગેલો, પણ સમય વીતતાં વાત વિસારે પડેલી અને એમણે મનોમન સમાધાન કરી લીધેલું કે, કરકંડૂની મોટાઈનાં ગીત એના દેશમાં ગવાય, એમાં મારે શું ? એથી કંઈ મારી મહત્તા થોડી જ ઘટી જવાની છે ? આવું સમાધાન મેળવીને એમણે મનમાં જાગી ઊઠેલી ઈર્ષાની નાગણને શાંત કરી દીધી હતી. પરંતુ બ્રાહ્મણની સાથે આવેલા રાજવી કરકંડૂના એ દૂતે જે સંદેશપત્ર દધિવાહન રાજાના ચરણમાં સવિનય રજૂ કર્યો, એ પત્રે સૂતેલી એ નાગણને છંછેડીને જગાડવાનું કામ કર્યું. એ પત્ર વાંચતાં જ ક્રોધથી ધૂંઆપૂંઆ થઈને દધિવાહને દૂતનો ઊધડો લેતાં કહ્યું :

'દૂત અવધ્ય હોવાની રાજનીતિ હોવાથી મારાથી તો તારો વાળ પણ વાંકો ન કરી શકાય, પરંતુ હું તને એટલું તો સાફ સાફ સુણાવી દેવા માંગું છું કે, હું તારા રાજાની ચિઠ્ઠીનો ચાકર નથી કે, આમ એક ગામનું દાન કરકંડૂના કહેવાથી કરી દઉં ! કરકંડૂનો પ્રભાવ વધ્યો હોય,

તો એ એના દેશમાં વધ્યો હશે ? પણ એથી તોરમાં આવી જઈને કંઈ આવી રીતે ચંપાપુરી જેવી એક મહાસત્તા પર આજ્ઞા છોડવાનો અધિકાર એને મળી જતો નથી. સાંભળ્યું છે કે, તારો કરકંડૂ રાતોરાત રખડુમાંથી રાજા બની ગયો છે. એથી એને સત્તા ન પચે એ સહજ છે અને સત્તાનું જ્યારે અજીર્ણ થાય, ત્યારે વિનાશકાળે વિપરીત બુદ્ધિ કરાવીને, એ અજીર્ણ આવું જ અવિચારી લખાવે. એમાં મને તો કોઈ જ આશ્ચર્ય થતું નથી ! તારો રાજા કાંચનપુરના કિલ્લામાંથી બહાર નીકળ્યો નથી, એથી એને ક્યાંથી ખ્યાલ આવે કે, દુનિયા કેટલી વિશાળ છે અને શેરને માથે સવા શેર તરીકે ચડી બેસે, એવી કેવી કેવી શક્તિઓ પૃથ્વીના આ વિરાટ-પથ ઉપર પથરાયેલી પડી છે !'

દધિવાહનનો ફૂંફાડો જોતાં દૂત તો આભો જ બની ગયો અને પેલો બ્રાહ્મણ તો બધાની નજર ચૂકવીને ઊભી પૂંછડીએ નાસી છૂટ્યો. એને થયું કે, ગામ તો મળતાં મળશે, એ પૂર્વે કદાચ રાજવી મારી પર પણ ગુસ્સે ભરાઈ જાય, તો મારાં અહીંનાં ઘરબાર પણ જપ્ત થયા વિના ન રહે અને તો વિશાળ હદવાળું રાજ્ય લેવા જતાં હવેલીય ખોવાનો અવસર આવે !

ઘડી પૂર્વે શાંત-પ્રશાંત અને પ્રસન્ન જણાતા રાજવી દધિવાહનને આમ એકાએક જ લાલચોળ બની ગયેલા જોઈને મંત્રી, સેનાપતિ, અંગરક્ષકો આદિ સૌ તલવાર તાણીને ખડા થઈ ગયા. એમણે ઝૂકીને પ્રણામ કર્યા બાદ રાજવીને પૂછ્યું કે, એવી તો શી વાત છે કે, આ રીતે આપને છંછેડાવું પડે ? સૂતેલા સિંહની કેસરાં સાથે અડપલું કરનારો અવળચંડો એ કરકંડૂ છે કોણ ?

ગુસ્સાથી ધ્રૂજતા દધિવાહને કહ્યું : એનું નામ લેવાથી અપવિત્ર થઈ જવાય એમ છે. માટે એનું નામ લેવું રહેવા દો. ચંડાળનો એ છોકરો છે. કાંચનપુરના મંત્રીઓય ગાંડા કે, હાથીએ દિવ્ય દ્વારા એ રખડુ પર

અભિષેક કર્યો, તો એના પગ ચાટીને એને રાજા તરીકે સ્વીકારી લીધો. સત્તા પચવી કંઈ સહેલી નથી. અને એમાંય હલકી વરણને તો સત્તા પચે જ નહિ. કાલનો એ રખડુ રાતોરાત રાજા બનીને આજે મારી પર આજ્ઞા ચલાવવાની ધિટ્ઠાઈ કરી રહ્યો છે કે, મારા કાગળ મુજબ બ્રાહ્મણને એક ગામડું ભેટમાં આપી દેજો ! તલવારના જોરે મેળવેલું સામ્રાજ્ય આમ કંઈ દાન-દક્ષિણામાં વેડફી દેવાની ચીજ થોડી જ છે કે, એની આજ્ઞાને હું સ્વીકારી લઉં. ગામ તો દૂર રહ્યું, એક તસુભર ધરતી જોઈતી હોય, તોય ભુજા અને તલવારના બળે એ મેળવવી જોઈએ. માંગવાથી મળે નહિ અને આપવાથી અપાય નહિ, એવી આ વસુંધરા તો વીર ભોગ્યા છે ! પણ આ બધું તો ચંડાળનો એ છોકરડો ક્યાંથી જાણતો હોય ? એથી બિચારો એ આવી ચિઠ્ઠી લખી નાંખે, એ સહજ ગણાય.

રાજા દધિવાહનની આ વાત સાંભળીને બધા છંછેડાઈ ગયા. દૂત પર ધિક્કારનો વરસાદ વરસાવતા સૌ અરસપરસ વાત કરવા લાગ્યા કે, આ દૂત તો બિચારો ચિઠ્ઠીનો ચાકર છે. પેટ ભરવા એ આવા કાગળિયાની હેરફેર ન કરે, તો બીજું કરે પણ શું ? પરંતુ એણે એટલો તો વિચાર કરવો જ જોઈએ કે, હું કોની પાસે જઈ રહ્યો છું ? આ તો ઠીક છે કે, આપણા રાજવી વિશાળ હૈયાના છે. બીજો કોઈ રાજા પાસે આ દૂત આ રીતે ગયો હોત, તો એને ખબર પડી જાત કે, ગમે તેવાના કાગળ લઈને રાજા આગળ કઈ રીતે જઈ શકાય છે !

વાર્તાલાપ અટક્યા પછી બધાએ દૂતનો ઊધડો લેતાં કહ્યું : દૂતડા ! તારા કરકંડૂના બચાવમાં એક અક્ષર પણ બોલ્યો, તો તારી બત્રીસી તૂટ્યા વિના નહિ રહે. માટે તું તો મૂંગો જ મરજે. અને મહારાજવી દધિવાહન તરફથી આટલો સંદેશો તું મોઢામોઢ તારા રાજાને કહી સંભળાવજે કે, બાયલાની જેમ આ રીતે ભીખ માંગીને ગામનું દાન

કરવાનું તમને કોણે શીખવ્યું ? બાવડામાં બળ હોય, તલવાર તાણતાં આવડતી હોય અને સંગ્રામભૂમિ પર ઊભા રહેતાં ઝાડો-પેશાબ ન થઈ જતો હોય, તો સૈન્ય લઈને ચંપાપુરીના મેદાનમાં આવજો અને એક ગામડું જ શા માટે, આખો અંગદેશ જીતી લઈને પછી બધા જ બ્રાહ્મણોને એ અંગદેશ દાન-દક્ષિણામાં વહેંચી દેજો. તો તમને અઢળક પુણ્ય બંધાશે અને ભાટ-ચારણો ને ભૂદેવો તો તમારી કીર્તિ ગાતાં થાકશે જ નહિ !

નહોતો ધાર્યો એવો વિચિત્ર-પ્રતિભાવ દધિવાહન તરફથી મળતાં દૂત અંતરથી તો ધૂંધવાઈ ઊઠ્યો હતો. છતાં સભામાં અક્ષર પણ બોલવામાં સાર ન જણાતાં એણે વીલા-વદને વિદાય લીધી. ત્યારે સભામાં ગણગણાટ થઈ રહ્યો કે, શું સમજીને કરકંડૂએ આવી બાલિશતા કરી હશે ? છોકરા સાથે છાશ ન પીવાય, એ કહેવત આ જોતાં તો સાવ જ સાચી જણાય છે. ગામનગર કંઈ દાનપુણ્ય કરવા જેવી ચીજ નથી કે, આમ એક ચિઠ્ઠી મળતાં આપી દેવાય. ગામ લેવા ઈચ્છનારે તો સંગ્રામમાં પોતાનાં બાવડાંનું બળ પુરવાર કરી આપવું જોઈએ. દૂતને કરવામાં આવેલી જે કનડગત ચંપાપુરી માટે એક ગંભીર સમસ્યા સરજવાની હતી, એ કનડગતને મશ્કરીનો વિષય ગણીને સૌ દિવસો સુધી હસતા જ રહ્યા.

એક તો દૂત જેવો દૂત ! અને એની સામે એના સ્વામી ઉપરાંત એનું પોતાનું પણ થયેલું આવું હડહડતું અપમાન ! આને દૂત કઈ રીતે સાંખી શકે ? ચંપાપુરીથી વિદાય થઈને કાંચનપુરી તરફ આગે બઢતા દૂતે વેરની બરાબર વસૂલાત લેવાની મનમાં ગાંઠ વાળી. આ અપમાનને એ ધારત તો નાનું રૂપ પણ આપી શકત, અને ધારત તો રજને એ ગજ પણ બનાવી શકત ! એથી ક્રોધથી ધૂંઆપૂંઆ થતા એ દૂતે એક દહાડો કાંચનપુરમાં પહોંચીને, થયેલા અપમાનને વધારી-વધારીને કહેતાં કહ્યું :

'રાજવી આપે મને દધિવાહન પાસે મોકલ્યો, એના કરતાં તો કોઈ ભિખારી પાસે મોકલ્યો હોત, તો પેલો બ્રાહ્મણ બટકું રોટલો તો પામત ! દધિવાહનમાં માણસાઈ જ નથી, એ રાજા કઈ રીતે બની બેઠો, એ જ મને સમજાતું નથી ! એણે મારું તો ઘોર અપમાન કર્યું જ ! પણ આપના જેવા પુણ્યપ્રભાવી રાજવીની આબરૂના પણ ભરીસભામાં લીરેલીરા ઊડાડતાં એણે જરાય સંકોચ ન અનુભવ્યો. આપે ભલે એને 'રાજા' તરીકે સંબોધ્યો, પણ એ તો આપને 'રખડુ-ચંડાળ' કરતાંય હલકો ગણે છે. એણે આપનું જે હડહડતું અપમાન કર્યું છે, એને વર્ણવવા મારી જીભ ઊપડતી નથી. મને તો લાગે છે કે, છાણના દેવને કપાસિયાની જ આંખ શોભે ! આવાને વાતથી નહિ, લાતથી જ સીધા કરવાના હોય ! માટે આપ એને કશો જ જવાબ વાળ્યા વિના સમશેરની સાખે એની પાસે સમરાંગણમાં જવાબ માંગીને આપની શૂરવીરતા દીપાવશો, એવો મને વિશ્વાસ છે.

આટલી ભૂમિકા બાંધીને પછી દૂતે જે વાત કરી, એના શબ્દે શબ્દે સૌના હૈયાં ડંખી ઊઠ્યાં. રાજવી-કરકંડૂય આવું ઘોર અપમાન સાંભળીને સમસમી ઊઠ્યા. પળનોય વિચાર કર્યા વિના એમણે નગારે ઘા દેવાનો આદેશ કરતાં કહ્યું :

'મંત્રીશ્વર ! લાતોના ભૂતને વાતોથી મનાવવા મથનારો પાગલ જ ગણાય છે. મારે આવા પાગલની પંક્તિમાં મારું નામ નથી નોંધાવવું. એક ગામડું જ નહિ, પૂરા અંગદેશને લડાઈમાં જીતી લેવાનાં જે વેણ એણે મશ્કરીમાં ઉચ્ચાર્યાં છે, એ જ્યાં સુધી સાચા સાબિત કરી બતાવું નહિ, ત્યાં સુધી મારું નામ કરકંડૂ નહિ ! એ બેટોય ભલે ભૂંડી રીતે જાણી લે કે, વીરત્વ કંઈ કોઈ નાતજાત સાથે બંધાઈને કોઈને ઈજારામાં મળનારી મામૂલી ચીજ નથી ! એને તો કાંડાના કૌવતે અને પૂર્વના પુણ્યે મેળવી શકવા હરકોઈ અધિકારી છે ! જેની પાસે પરાક્રમ ને પુણ્ય

ન હોય, એ ચક્રવર્તી જેવો હોય, તોય વીરત્વનો વૈભવ જાળવી ન શકે, અને ચીંથરેહાલ જેવી જણાતી વ્યક્તિ પાસે આ બે હોય, તો ચક્રવર્તી જેવાના સિંહાસને ચડી બેસતાં એને કોઈ જ અટકાવી ન શકે ! દધિવાહને આપણું જે હડહડતું અપમાન કર્યું છે, એનો જવાબ લેવા હવે સંગ્રામ સિવાય બીજો કોઈ વિકલ્પ જ નથી. માટે મંત્રીશ્વર ! બજાવો રણભેરી અને હાકલ કરો યુદ્ધની !'

કરકંડૂએ આગ ઓકતા શબ્દો દ્વારા જે પ્રતિભાવ દર્શાવ્યો, એથી દૂતનાં રોમેરોમ નાચી ઊઠ્યાં. એની નસેનસમાં દધિવાહન તરફ ખુન્નસ વ્યાપી ગયું હતું. એથી એણે મડદાનેય બેઠો કરી દે, એવી બીજી પણ અનેક વાતો મરચું-મીઠું ભભરાવીને એવી વીરતાભરપૂર વાણીમાં કરી કે, કાંચનપુરનું શાંતપ્રશાંત વાતાવરણ યુદ્ધની તૈયારીથી ધણધણી ઊઠ્યું. ઘરે ઘરે શસ્ત્રો સરાણ પર ઘસાઈને એવી ચમક ધરાવી રહ્યા કે, એને જોતાં જ આંખો અંજાઈ જાય ! શેરીએ શેરીએ એવાં રણધિંગાં રણશિંગાં ફૂંકાવા માંડ્યા કે, એ નાદના શ્રવણે બાયલો તો બહેરો જ બની જાય !

આવી ભયંકર તૈયારી યુદ્ધના ધોરણે પૂર્ણ થતાં નજીકના જ દિવસે રાજવી કરકંડૂએ ચંપાપુરી તરફ યુદ્ધ પ્રયાણ આદર્યું. સૌની આંખ દધિવાહન તરફ ખુન્નસ ઓકી રહી હતી. સાગર સમી એ સેના જ્યાંથી જ્યાંથી પસાર થઈ રહી, ત્યાંથી એમાં શરણાગત રાજવીઓની સેવાઓ નદીઓની જેમ ભળતી ગઈ. એથી તોફાની-ભરતીથી ઘૂઘવી ઊઠેલા કોઈ મહાસાગર જેવી એ વિરાટ સેનાના દર્શને જ રાજવી કરકંડૂના બળનો સૌ સાક્ષાત્કાર પામતા ગયા અને પ્રલયકાળની પ્રતીતિ કરાવનારા એક મહાયુદ્ધની કલ્પના સૌને હચમચાવી દેવા માંડી. એથી અનેકનાં હૈયા હલબલી ઊઠ્યાં. પણ સૌ સમજતા હતા કે આકાશમાંથી નીચે ખાબકવા માટે વાદળથી વિખૂટી પડી ચૂકેલી વીજળીને હજી પાછી વાળી શકાય, પણ સામસામી સમશેર તાણીને મેદાને પડવા સજ્જ બનેલા રાજાઓને

કોઈ હિસાબે પાછા ન ફેરવી શકાય ! એથી એક ભયંકર ઓથારની કલ્પના કરતા સૌ ભીષણ-ભાવિને દીન-હીન નજરે નિહાળી રહ્યા.

આવાં હલબલી ઊઠેલાં એ હૈયાઓમાં અને આવી રીતે દીનહીન નજરે ભાવિને નિહાળતી એ આંખોમાં, એક હૈયું અને એક આંખ આર્યા પદ્માવતીની પણ હતી, જે કરકંડૂનાં માતા થતાં હતાં અને દધિવાહનનાં પત્ની થતાં હતાં. વર્ષોથી વધુ અંતર્મુખ બનીને દધિવાહન-કરકંડૂની સ્મૃતિઓને અંતરતી સાવ અળગી કરવાપૂર્વક તેઓ ખરેખર એક અલગારીનું જીવન જીવતા હતાં. એથી આવાં યુદ્ધોની વાતોમાં એમને રસ ન હોય, એ સ્વાભાવિક હતું. પરંતુ આ યુદ્ધની વાત સાંભળતાં જ આર્યા પદ્માવતીના અંતરમાં એવી આશા બંધાઈ કે, હું જો વચમાં પડું તો સંભવ છે કે, બાપ-બેટા વચ્ચેનું યુદ્ધ એક ટીપાનાય રક્તપાત વિના અટકી જાય !

આમ તો એ પ્રદેશમાં અનેક યુદ્ધો ખેલાતાં હતાં અને રક્તપાતય થતો હતો, પરંતુ એની વાતો કાને અથડાતાં અંતરથી અહિંસાની ભાવના ભાવવા સિવાય વધુ કશું જ કરવા આર્યા પદ્માવતી આજ સુધી આગળ આવ્યાં ન હતાં. કેમ કે એ યુદ્ધો બાપ-બેટા વચ્ચેનાં યુદ્ધો ન હતાં, એથી એ સંહાર ટાળવો એમના માટે શક્તિ બહારની વાત હતી. જ્યારે આ યુદ્ધની તો વાત જ નિરાળી હતી ! આમાં અજાણ્યો બેટો અજાણ્યા બાપ સામે જંગે ચડવાનો હતો ! લોહીનાં આ સગપણ સંબંધની જાણ એક માત્ર આર્યા પદ્માવતીને જ હતી અને એઓ પોતે જ યુદ્ધવિરામનો ધર્મસંદેશ લઈને રણપ્રદેશ વચ્ચે જઈ પહોંચે, તો એ પૂરેપૂરું સંભવિત હતું કે, તાતી-તલવાર ફેંકી દઈને 'બાપ-બેટો' ભેટી પડે અને અહિંસા-ધર્મના જયજયકારથી ગગનના ગુંબજ ગાજી ઊઠે !

આવી સંભાવનાથી સોત્સાહિત બનેલાં આર્યા પદ્માવતી વર્ષો પછી ધ્યાન-ધારણાની ગુફામાંથી બહાર આવ્યાં. યુદ્ધ અંગેની પૂરી માહિતી

સત્તાવાર રીતે એમણે મેળવી લીધી. શાંતિદૂત તરીકે યુદ્ધના મેદાનમાં ઝંપલાવવું એ કંઈ નાનુંસૂનું કાર્ય ન હતું ! એથી આમાં આર્યા સુપ્રભાની આજ્ઞા વિના એક ડગય આગળ વધવાની એમની તૈયારી ન હતી. આર્યા સુપ્રભાની આગળ યુદ્ધવિરામની સંભાવનાની વાત કરતાં પૂર્વે ભીતરના ઘણા બધા ભેદ ખોલવા પડે એમ હતા. આર્યા પદ્માવતી થોડાંક વિચારમગ્ન બનીને પછી એકદમ પ્રસન્ન બની ઊઠ્યાં. એમને થયું કે, અંતરને એકદમ નિઃશલ્ય બનાવવા માટે હું જે પળની ઝંખના કરતી રહી છું, એ પળ આ જ છે ! આવી પળ હવે પછી પાછી ક્યાં આવવાની છે ? માટે કરકંડૂની ઘેલછાએ મારી પાસે જે પાપ કરાવ્યાં છે, એ પાપશલ્યોને પશ્ચાત્તાપ અને આલોચના દ્વારા દૂર કરવા કાજે આ જ પળ મારે વધાવી લેવા જેવી છે.

આર્યા પદ્માવતીની એક આંખ આનંદનાં આંસુ વહાવી રહી, તો જૂની પાપ-સ્મૃતિઓ એમની બીજી આંખને અનુતાપના આંસુથી છલકાવી ગઈ. આમ શ્રાવણ-ભાદરવો વરસાવતી આંખો સાથે તેઓ આર્યા સુપ્રભાની પાસે આવ્યાં. એમણે સીધી જ અંતરની વાત રજૂ કરતાં કહ્યું :

'આપની અનુજ્ઞા હોય, તો ચંપાપુરીના મેદાનમાં ખેલાનારા ખતરનાક જંગની વચ્ચે, શાંતિના સંદેશવાહક તરીકે જવાની મારી ભાવના છે ! એ પૂરી શક્યતા છે કે, હું એ સંગ્રામને સ્નેહમાં પલટાવવા જરૂર સફળ થઈશ.'

આર્યા પદ્માવતીની આ ભાવના અને આ માગણી લાગણીનાં દર્શને આર્યા સુપ્રભા એકદમ અવાક્ બનીને આનંદાશ્ચર્ય અનુભવતાં બોલ્યાં :

'આર્યા ! તમારી ભાવના સારી હોવા છતાં એને સંભાવનામાં પલટાવે, એવું કયું બળ તમારી પાસે છે ? આ તો રાજનાં કાજ છે. આમાં વળી આપણા જેવાનું શું ચાલે ? જીવમાત્રના કલ્યાણની ભાવના ભાવવી એ જુદી ચીજ છે અને આ રીતે એ ભાવનાને આંશિક રીતેય

સંભાવનામાં ફેરવવા યુદ્ધના મેદાનમાં જઈ પહોંચવું, એ અલગ બાબત છે. ભૂખ્યા સિંહના મોંમાંથી શિકાર છોડાવવો હજી સહેલી વાત છે, પણ રણે ચડેલા રજપૂતના હાથમાંથી હથિયાર હેઠું મુકાવવું, એ જરાય સહેલી વાત નથી. ધ્યાન-ધારણા અને તપ-જપના વર્ષો સુધીના ગુફાવાસમાંથી આજે એકાએક બહાર નીકળીને તમે કલ્પનામાંય ન આવે, એવી ભાવના દર્શાવી રહ્યાં છો. એથી મારે એમ પૂછવું અનિવાર્ય થઈ પડે છે કે, તમે કયા બળના આધારે આ સંગ્રામ-ભૂમિમાં 'યુદ્ધવિરામ'ની સંભાવના-સૃષ્ટિ નિહાળી રહ્યાં છો ?'

આર્યા પદ્માવતી તો ભીતરના ભેદ ખોલવાની આ પળને વધાવવા જ માગતાં હતાં, પણ એ ભેદની ભીંત કડડભૂસ કરતી એકદમ પાડી નાખવી, એ ભલભલા ભડવીરને માટેય કઠિન કાર્ય હતું. એથી આ પ્રશ્નોત્તરની પળે એમની આંખ જરાક આંસુભીની બને અને હૈયું ઠીકઠીક ભારે બને, એ સહજ હતું. છતાં વળતી જ પળે એમણે ટૂંકમાં જવાબ વાળતાં કહ્યું :

'મારી પાસે માતૃત્વ સિવાય બીજું કોઈ બળ નથી ! આ બળ પર વિશ્વાસ મૂકીને હું યુદ્ધવિરામનું સ્વપ્ન ધોળે દહાડેય નિહાળી રહી છું.'

દધિવાહન સાથે પતિ તરીકેનો સંબંધ તો આર્યા સુપ્રભાથી પરિચિત હતો, પરંતુ આર્યા પદ્માવતીએ જ્યારે માતૃત્વના સંબંધને આગળ કર્યો, ત્યારે આર્યા સુપ્રભા આશ્ચર્ય સાથે પૂછી બેઠાં : કોણ કરકંડૂ ? તમારો પુત્ર ! કરકંડૂ સાથે તમારું માતૃત્વ કઈ રીતે સંકળાઈ શકે !

●

## પ્રકરણ ૮ ભેદ ખુલ્યા ભીતરના

કેટલાંક સંસ્મરણો એવાં મધુર હોય છે કે, એની સ્મૃતિ થતા જ હૈયું હર્ષિત બની જાય, જ્યારે કેટલાંક સંસ્મરણો એવાં હોય છે કે, જેની સ્મૃતિ થતાં જ આંખનાં પાંપણ દ્વારે આંસુનાં તોરણ રચાઈ જાય. કેટલાંક એવાં પણ સંસ્મરણો હોય છે, જે હૈયામાં હર્ષ-શોકની મિશ્ર લાગણી જન્માવે ! આર્યા સુપ્રભાએ જ્યારે આર્યા પદ્માવતીને એમ પૂછ્યું કે, શું કરકંડૂ

તમારો પુત્ર ? ત્યારે એમના અંતરમાં આવી જ મિશ્ર-લાગણીઓની એક લહર દોડી આવી.

આર્યા પદ્માવતી અંતરને એકદમ નિઃશલ્ય બનાવવા માંગતાં હતાં. ભીતરના કોઈ ભેદને જરાક પણ છુપાવવાની એમની ભાવના ન હતી. એથી અથથી ઇતિ સુધીનો સંપૂર્ણ ઇતિહાસ કહેવાની ભૂમિકા રચતાં એમણે કહ્યું :

'આપનો આ પ્રશ્ન છે તો ખૂબ જ નાનો ! પરંતુ એનો જવાબ આપવા માટે સ્મૃતિઓનો એક આખો સાગર ડહોળી નાખ્યા વિના ચાલે એવું નથી. આ ડહોળામણમાં રત્નો ઉપર આવવાની સંભાવના નહિવત છે. જ્યારે કાદવ તો કદમે-કદમે ઉપર આવ્યા વિના રહે એમ નથી. સંયમના સ્વીકારની એ પળે મેં ગર્ભસ્થ બાળકની કબૂલાત ન કરીને એક લાંબી ભૂલ-પરંપરાને જન્માવતું બીજ અંતરની ધરતીમાં વાવ્યું હતું. એમ આજે મને લાગે છે. આ ભૂલ જ એવી હતી કે, વહેલી મોડી એની કબૂલાત કર્યા વિના ચાલે જ નહિ ! એથી એક દહાડો મારી ભૂલ મને નડી. આ તો સારું થયું કે, આપ જેવાં ગંભીર ગુરુદેવતા મારે માથે હતાં, એથી શાસનની નિંદા ન થાય, એ રીતે એ ભૂલનો સુધાર થઈ ગયો !'

આંસુભીની બની ઊઠેલી આંખને જરાક લૂછીને આર્યા પદ્માવતીએ પોતાની વીતક આગળ ચલાવી :

'ઉપવનના એકાંતવાસ દરમિયાન એક રાતે મેં એક પુત્રને જન્મ આપ્યો. આ પછી મારી ભૂલની અહીં જ પૂર્ણાહુતિ થઈ જવી જોઈતી હતી, પણ મેં તો એ ભૂલને આગળ વધારવાનું કાર્ય કર્યું. નવજાત શિશુનો મોહ આમાં ભાગ ભજવી ગયો. તેજતેજનો અંબાર વેરતા એ પુત્ર-રત્નને જોતાં જ મારો મોહ ઉછાળા મારી ગયો. મને એક એવો વિચાર આવી ગયો કે, આ પુત્રરત્ન જો શ્રાવકના ઘરે ઉછેર પામશે, તો એનાં

મુખનું દર્શન હું નહિ મેળવી શકું. એથી માયાની મૈત્રી સ્વીકારીને મેં આપની સમક્ષ એવી જુઠ્ઠી વાત કરી કે, મારી કૂખે મૃત-પુત્રનો જન્મ થયો ! પણ ખરી રીતે તો એ પુત્ર જીવતો જ હતો. જીવતા એ પુત્રને સ્મશાનના જંગલી જાનવરોને હવાલે છોડીને જતાં મારો જીવ ક્યાંથી ચાલે ? એથી જ્યારે એને એક ચંડાળે ખૂબ જ પ્યારથી ઉઠાવ્યો, ત્યારે મારું દિલ શાંત થયું અને હું પાછી ફરી.'

રૂંધાયેલા અવાજને કારણે થોડીક પળોના વિરામ બાદ એ કરુણ-કહાણીને આર્યા પદ્માવતીએ ફરી પાછી આગળ ધપાવી :

'આ બે ભૂલો પછી હું જે ગંભીર ભૂલનો ભોગ બની, એનાં કટુ-ફળ તો વર્ષો સુધી મારે ખમવાં પડ્યાં. નવજાત શિશુને ચંડાળ પ્રેમથી ઊઠાવી ગયો. આટલેથી જ હું સંતોષાઈ નહિ. મારી મોહ-ઘેલછા દિવસે દિવસે વધતી રહી. એથી આપને જણાવ્યા વિના હું અવારનવાર એ ચંડાળના ઘરે જઈને પુત્રરત્નનું મુખદર્શન મેળવવા માંડી. પુત્રનાં પાલક માતાપિતા સાથે સારો સંબંધ બંધાઈ જતાં, રોકટોક વિના હું એના ઘરે જતી. હું ક્યારેક સારું સારું ખાવાનું પણ લઈ જતી અને મારા નવજાત શિશુનાં પાલક એ માતાપિતાને ખાવા આપતી. આટલી હદ સુધીની આચાર-મર્યાદાનો ભંગ પુત્રની ઘેલછાએ મારી પાસે કરાવ્યો. ચાતુર્માસ પૂર્ણ થયા બાદ આપણો વિહાર થયો, પણ મારું મન તો ચંડાળની એ ઝૂંપડી છોડવા કોઈ પણ હિસાબે તૈયાર ન થયું. એથી જ્યારે જ્યારે આ પ્રદેશમાં વિચરવાનું થતું, ત્યારે ત્યારે હું મોહ-નાટકનું કરુણ પાત્ર બનીને એ ઝૂંપડીમાં જઈ પહોંચતી અને મારા બાળની સાર-સંભાળ લઈ આવતી. આમાં ઘડી-પળ જેટલો જ સમય થતો, છતાં મારા અંતરમાં એની અવળી અસર દિવસો-મહિનાઓ સુધી ટકતી. એથી આરાધનામાં મારું અંતર એકરસ બની શકતું નહિ. સશલ્ય આરાધનાનો મારો એ ક્રમ વર્ષો સુધી એકધારો ચાલ્યો, એમાં એક વાર એવો પ્રસંગ બન્યો કે, જેનું 'અવર્ણિક'

નામ રાખવામાં આવ્યું હતું, એ મારા બાળકની જીવનરક્ષા માટે એનાં માતા-પિતા સાથે એનેય દેશત્યાગ કરવો પડ્યો.'

દેશત્યાગનું કારણ જાણવા ઇચ્છતાં આર્યા સુપ્રભાને આર્યા પદ્માવતીએ કહ્યું :

'સ્મશાન પાસેથી એક વાર નિમિત્તવેત્તા બે મુનિઓ પસાર થઈ રહ્યા હતા. વિશિષ્ટ લક્ષણવાળા એક વાંસને જોઈને એમના મોંમાંથી એવા શબ્દો નીકળી પડ્યા કે, મૂળિયાના ભાગથી ઉપર ચાર આંગળ કાપીને આ વાંસ જે રાખે, એ રાજા થયા વિના ન રહે! આ વાત અવર્ણિકે અને એક બ્રાહ્મણે સાંભળી. બ્રાહ્મણે તરત જ એ વાંસ કાપીને લઈ લીધો. અવર્ણિકે બ્રાહ્મણના હાથમાંથી એ વાંસદંડ ઝૂંટવી લેતાં કહ્યું : આ મારી ભૂમિ છે, એથી અહીં જે કંઈ પેદા થાય, એનો એક માત્ર માલિક હું જ ગણાઉં ! આ સાંભળીને રોષે ભરાયેલો બ્રાહ્મણ આ ઝઘડાના નિકાલ માટે અવર્ણિકને રાજસભામાં ખેંચી ગયો. અવર્ણિકનું રૂપ અને બોલવા-ચાલવાની એની ચતુરાઈ જોઈને ખુશ થયેલા રાજાએ વાંસ પરની અવર્ણિકની માલિકી કબૂલ રાખી. એથી રોષે ભરાયેલા બ્રાહ્મણોએ અવર્ણિકનું કાસળ કાઢી નાખવાનું નક્કી કર્યું : આની ગંધ આવતાં જ અવર્ણિક અને એના માતાપિતાએ દેશત્યાગ કર્યો અને તેઓ કાંચનપુર તરફ ગયા. આમ, અવર્ણિક દૂર જતાં મેં મનને મનાવી લીધું અને અંતર્મુખ બનવાનું નક્કી કર્યું.'

સંસારનું સ્વરૂપ હૂબહૂ દર્શાવતી આ ઘટના સાંભળવામાં આર્યા સુપ્રભા મગ્ન હતાં. કાંચનપુરનું નામ આવતા થોડીક પાત્ર-ઘટના અઘટિત જણાતાં એમણે પૂછ્યું : પણ કાંચનપુરના રાજાનું નામ તો કરકંડૂ છે અને તમે તો અવર્ણિકના નામે વાત કરી રહ્યાં છો. આ બેનો મેળ કઈ રીતે જામે ?

આર્યા પદ્માવતીએ કહ્યું : હા. એક ખુલાસો કરવાનો હું ભૂલી જ ગઈ ! સંયમ-સ્વીકાર પૂર્વેના છેલ્લા દિવસોમાં મારે વનસ્પતિ અને ફળો

પર જ જીવવું પડ્યું હતું. એથી મારા સંતાનને જન્મતાં જ ખરજવાનો રોગ લાગુ પડી ગયો હતો. આ કારણે આખો દિવસ એ કર-હાથથી કંડૂ-ખણજ દૂર કરવાનો પ્રયત્ન કર્યા જ કરતો ! માટે સૌ એને 'કરકંડૂ' તરીકે જ બોલાવવા માંડ્યા. કરકંડૂ કાંચનપુર તરફ ગયો. આ પછી હું અંતર્મુખ બનીને સંયમ-સાધનામાં ખોવાઈ ગઈ. પણ આ પુત્રસ્નેહે કરાવેલાં પાપો તો મારા અંતરને ડંખી જ રહ્યાં હતાં. શલ્ય-શુદ્ધિ માટે હું જરાક યોગ્ય સમયની રાહ જોતી હતી, એમાં અચાનક જ કરકંડૂ-દધિવાહન વચ્ચે યુદ્ધની નોબત વાગતાં મારા ભીતરના ભેદને આપની સમક્ષ પ્રગટ કરવાની આ પળ મેં ઝડપી લીધી અને આપની સમક્ષ હું પ્રત્યક્ષ થઈ. યુદ્ધનું કારણ હજી અજ્ઞાત હતું. એથી આર્યા સુપ્રભાએ પૂછ્યું કે, અજાણ્યા આ બાપ-બેટા વચ્ચે આમ એકાએક યુદ્ધ જાગવાનું કારણ શું ? આવો ભયંકર સંગ્રામ કંઈ અકારણ તો પેદા થાય જ નહિ !

આર્યા પદ્માવતીએ કહ્યું : આમાં મને તો અજ્ઞાન જ મોટું કારણ લાગે છે. બન્નેની વચ્ચે રહેલા લોહીના સગપણની બંનેને પિછાણ અને પ્રતીતિ મળી જાય, તો મને વિશ્વાસ છે કે, કાચી પળમાં જ "યુદ્ધવિરામ'નો નેજો ફરકી ઊઠે. સ્મશાનના પેલા વાંસદંડની માલિકી જ્યારે કરકંડૂની કબૂલ રાખવામાં આવી હતી, ત્યારે રાજાએ એક શરત મૂકેલી કે તું રાજા થાય, તો એક ગામ તારે બ્રાહ્મણને દાનમાં આપવું ! એથી બ્રાહ્મણે જ્યાં કરકંડૂને રાજગાદી મળ્યાના સમાચાર સાંભળ્યા, ત્યાં એનો લોભ જાગી ઊઠ્યો અને એક દિ' એ કાંચનપુરમાં કરકંડૂ પાસે જઈ પહોંચ્યો. ભૂતકાળની સ્મૃતિ કરાવીને એણે કરકંડૂ પાસે ચંપાપુરી *નજીકના કોઈ એક ગામની માંગણી મૂકી. વાંસદંડના અને પૂર્વપુણ્યના* પ્રભાવે કરકંડૂની આસપાસનું વાતાવરણ એવું વિશિષ્ટ હતું કે, એણે સહજ ભાવે એક પત્ર ચંપાપુરીના રાજવી દધિવાહન પર લખ્યો. એમાં

એણે જણાવ્યું કે, આ બ્રાહ્મણને એક ગામ દાનમાં આપજો ! પુણ્ય-પ્રભાવે કરકંડૂને નમવા અનેક રાજાઓ આવતા હતા. એથી એને એમ થયું કે, આ દધિવાહન પણ મારા શરણાગત જેવા જ હશે અથવા તો આ પત્ર મળતાં જ ખુશ થઈને મારી શરણાગતિ સ્વીકારી લેશે ! પણ આ ગણિત સાવ જ ઊંધું પડ્યું. આ પત્રને દધિવાહને પોતાનું હડહડતું અપમાન ગણ્યું. એ સમસમી ઊઠ્યા કે, હું કંઈ કરકંડૂની ચિઠ્ઠીનો ચાકર થોડો જ છું કે, આમ એક ગામ દાનમાં આપી દઉં ? એમણે કહેવરાવ્યું કે, એક ગામ જ શા માટે, આખો અંગદેશ યુદ્ધમાં જીતી લઈ તે પછી તમે દાનમાં આપી શકો છે. બસ ! આટલા નાનકડા નિમિત્ત ઉપર જ યુદ્ધ ઊભું થયું છે અને આમાં લાખ્ખો સૈનિકો જોડાયા છે.

કર્મના ચિત્ર-વિચિત્ર ખેલને ખુલ્લી કરી જતી આ વીતક સાંભળતાં-સાંભળતાં કંઈ કેટલીય વાર આર્યા સુપ્રભાની આંખેય ઝળઝળિયાં આવ્યાં હતાં. તો પછી આર્યા પદ્માવતીની આંખે આંસુધાર વહી-નીકળી હોય, એમાં આશ્ચર્ય શું હતું ! બધી વાત જાણ્યા બાદ ગુરુના હૈયેય શિષ્યા જેવી સંભાવનાનું કિરણ ફૂટી નીકળ્યું હતું. છતાં એમણે ફરી પૂછ્યું :

‘કરકંડૂના માન-સ્વમાન આગળ તમારું અજાણ્યું-માતૃત્વ વિજયી નીવડે, એવો તમને વિશ્વાસ છે ખરો ? કરકંડૂ તમને ઓળખશે ખરો ? આ ઓળખાણ પર એ શ્રદ્ધાળુ બને, એવું તમને લાગે છે ખરું ?’

આર્યા પદ્માવતીએ કહ્યું : કરકંડૂ જો મારા ભિક્ષા-પાત્રને ભરવા તૈયાર નહિ થાય. તો યુદ્ધવિરામની ભિક્ષા રાજા દધિવાહન પાસે માંગવા જતાં મને કોણ રોકી શકે એમ છે ? એમની આગળ તો હું અજાણી નથી ને ? મારા અંતરમાંથી એવો અવાજ ઊઠી રહ્યો છે કે, માતૃત્વની વાત પર વિશ્વાસ મૂકીને હું યુદ્ધભૂમિમાં પહોંચી જાઉં અને મારું ભિક્ષા-

પાત્ર લંબાવું ! મારી પાસે માતૃત્વ અને પત્નીત્વની બે શક્તિ ઉપરાંત શ્રમણીત્વની એક મહાશક્તિ છે. જેના બળે લાખ્ખોના લોહીના લલકારની લડાઈને સ્નેહની સગાઈ અને વાત્સલ્યની વધાઈમાં હું અવશ્ય પલટાવી શકીશ ! ગુરુદેવતા ! મારી આ કરમકહાણી છે. હવે જો આપનેય એમ લાગતું હોય કે, મારાં આદર્શને આંબવામાં હું સફળ બની શકીશ, તો જ મને આપ અનુજ્ઞા આપજો, નહિ તો હવે પૂર્ણ-નિઃશલ્ય બનેલી મને આરાધનાના એકાંતવાસમાં પુનઃ પ્રવેશતાં જરાય મનદુઃખ નહિ થાય.

શ્રદ્ધાના રણકાર સાથે, નાભિના ઊંડાણમાંથી નીકળેલા આ વિશ્વાસ-બોલના શ્રવણે આર્યા સુપ્રભાનું હૈયું પણ વિશ્વાસથી છલકાઈ ઊઠ્યું. શિષ્યાને માથે આશિષની અનરાધાર હેલી વરસાવતા બે વરદ હાથ લંબાવતાં એમણે કહ્યું : "શિવાસ્તે પંથાનઃ સન્તુ । તમારું મૈત્રી કાર્ય સરળ, સફળ અને સબળ બની રહો, એવા મારા અંતરના આશીર્વાદ છે."

આ આશીર્વર્ષા ઝીલીને આર્યા પદ્માવતી ધન્ય બની ગયાં. મૈત્રીના આદર્શને આંબવાનો એમનો ઉત્સાહ અને વિશ્વાસ હવે અનેકગણો વધી ગયો. એ વૃદ્ધિ હર્ષના આંસુ રૂપે પ્રગટ થઈને ગુરુદેવતા આર્યા સુપ્રભાના ચરણને પ્રક્ષાળી રહી. ગદ્ગદ કંઠે એમણે કહ્યું : ગુરુદેવતા ! આપ તો સર્વસર્વા છો. છતાં મને એમ લાગે છે કે, મારા આ બધા પાપાપરાધો અસહ્ય છે. આ અસહ્યને સહ્ય ગણી લેવાની વિનંતી તો મારાથી કેમ થાય ? પણ હું એટલું તો જરૂર ઇચ્છી શકું કે, આ પાપોના પ્રાયશ્ચિત્તને પૂર્ણ કરવા હું આપની કૃપાથી શક્તિશાળી નીવડું !

ગુરુદેવતાએ શિષ્યા પર ફરીથી આશીર્વર્ષા કરી. આ કહાણી, આ લાગણી અને માંગણી એવી તો દર્દભીની હતી કે, કેટલીય પળો સુધી એ ચાર આંખો આંસુથી છલકાતી જ રહી ! આંસુ લૂછીને અંતે, મધમીઠા એક દીર્ઘ મૌનનો ભંગ કરતાં ગુરુદેવતાએ કહ્યું : પ્રાયશ્ચિત્ત આપવાનો

તો મારો અધિકાર નથી, પણ મને એમ લાગે છે કે, તમે જો આ લડાઈના લોહીને સગાઈના સ્નેહમાં પલટાવવા સફળ થશો, તો તમારે માટે એ કાર્યસિદ્ધિ જ કદાચ મોટામાં મોટી પ્રાયશ્ચિત્ત-શુદ્ધિ બની રહેશે. માટે હવે તમારે વિના વિલંબે ચંપાપુરી તરફ વિહાર લંબાવવો જોઈએ. સમય થોડો છે, વિહાર મોટો છે અને આદર્શ તો વળી એથીય મોટો છે. માટે હવે વિલંબ કરવાનો કશો જ અર્થ નથી.

ભીતરના ભેદ ખૂલી જતાં ગુરુદેવતા અને શિષ્યા : આ બંનેનાં દિલ હળવાં ફૂલ બની ગયાં હતાં. ભૂલની એકાદ પણ શૂલ હવે ત્યાં રહેવા પામી ન હતી. થોડાં સાધ્વીજીઓની સાથે એ જ ઘડી-પળે આર્યા પદ્માવતીએ ચંપાપુરીના માર્ગે કદમ ઊઠાવ્યાં. કરકંડૂનું સૈન્ય તો દિનરાત કૂચકદમ કરતું આગે ધપી ગયું હતું. એથી વિહારમાં વેગ આણ્યા વિના છૂટકો જ ન હતો. પણ આંખ સામે એક વિરાટ-આદર્શને હાંસલ કરવાની હોંશ હતી, આ માટેના ઉત્સાહ-સાહસ અને વિશ્વાસ પણ પડખે જ હતા. એથી વેગીલા વિહારનું એ મુશ્કેલ કાર્ય પણ સહેલ બની રહ્યું હતું.

ચંપાપુરીના માર્ગે આગળ વધતાં વધતાં આર્યા પદ્માવતીના અંતરમાં પૂરો વિશ્વાસ હોવા છતાં, રણે ચડેલા એ રજપૂતોની ક્ષાત્રવટ એમને ક્યારેક ક્યારેક વિશ્વાસમાંથી ડગમગાવી મૂકતી અને તેઓ વિચારે ચડી જતાં : જગતમાં માતૃત્વનો મહિમા અને માતૃત્વની શક્તિ મહાન ગણાય છે. પણ કરકંડૂ મારા ધાવણથી ઊછર્યો નથી અને સમજણી અવસ્થામાં એણે મને નિહાળીય નથી. તો શું માતૃત્વ પુત્ર આગળ પરાજિત તો નહિ બને ને ? એનું લોહી હજી ઊછળતું છે. પ્રૌઢતા એનાથી દૂર છે. માતૃત્વને ટક્કર લાગે, ત્યારે એ માતૃ-હૈયામાં કેવો વિનાશ વેરાય, એની તો એને હજી કલ્પના પણ ક્યાંથી હોય ? એથી કદાચ સ્વમાનનું અક્કડ શિખર બનીને એ મારી વાત ન સ્વીકારે, એવું તો બનવા નહિ પામે

ને ? ના, ના. હું લોહીનાં સગપણ ખુલ્લાં કરી દઈશ. પથ્થરનેય પીગળાવે તેવી દર્દભીની વાણીમાં મારા હૈયાનો વલોપાત ઠલવી દઈશ, પછી તો કરકંડૂ પીગળ્યા વિના નહિ જ રહે ! કરકંડૂ પીગળે, પછી તો એના પિતા પીગળેલા જ છે ને ? કેમ કે પૂતકપૂત થાય, તોય માવતર કદી કમાવતર ન થાય.

આશા-નિરાશાના આવા ઝૂલે ઝૂલતાં આર્યા પદ્માવતી ઉગ્રવિહાર દ્વારા ચંપાપુરીનું અંતર ઘટાડી રહ્યાં હતાં. એમની ભાવના તો ચંપાપુરીના માર્ગમાં જ વચ્ચે ક્યાંક કરકંડૂને મળીને એના દિલનો દાણો દબાવી જોવાની હતી. પણ કરકંડૂનું સૈન્ય જે ગતિએ આગળ વધી ગયું હતું અને જે ગતિએ એની કૂચ ચાલી હતી, એ જોતાં આ ભાવનાની સફળતા શક્ય ન હતી.

રાજવી કરકંડૂની યુદ્ધ-યાત્રા પગલે પગલે આગળ વધી રહી હતી, જ્યારે એમની કીર્તિ-યાત્રા પવનની પાંખે બેસીને આગળ વધતી જતી હતી. એથી ચંપાપુરીને આંબવામાં કરકંડૂ કરતાં એમની કીર્તિને પહેલી અને વહેલી સફળતા મળે, એ સહજ હતું. રાજા દધિવાહન તો નિશ્ચિંત હતા. એમને એમ થતું હતું કે, એ રખડુ-કરકંડૂને મ્યાન ઝાલતાંય આવડતી નથી, એ વળી મારી સામે સંગ્રામ ખેલવા ક્યાંથી આવવાનો છે ? એથી ચંપાપુરીનું આકાશ એમને સાવ જ ભયમુક્ત જણાય, એ સહજ હતું, પણ ડાહ્યા મંત્રીશ્વરો થોડા જ આમ નિશ્ચિંત બની શકે ! ગુપ્તચરો દ્વારા તેઓ બધી માહિતી મેળવવા સજ્જ બની ગયા હતા અને જે જે માહિતી પ્રાપ્ત થઈ રહી હતી, એથી એમની ચિંતામાં દિવસે દિવસે વધારો થઈ રહ્યો હતો. એઓ એવું પાકે પાયે સમજતા હતા કે, આ બધી માહિતી રાજા દધિવાહન આગળ રજૂ કરવી નિરર્થક ગણાય. કેમ કે એઓ તો કરકંડૂને હજી ચંડાળ-બાળ તરીકે ઓળખવાની ભૂલમાં જ રાચી રહ્યા હતા. એથી નગરની રક્ષા માટેની તૈયારીઓ એ મંત્રીઓએ

ગુપ્ત રીતે ચાલુ કરાવી દીધી હતી. યુદ્ધની તૈયારીઓ પણ પડદા પાછળ પુરજોશમાં ચાલુ કરી દેવાઈ હતી.

આમ, ચંપાપુરીના મેદાનને રણભૂમિનું રૌદ્રરૂપ આપવા બંને પક્ષે જોરદાર તૈયારીઓ આરંભી દીધી હતી. છતાં દધિવાહન આ યુદ્ધને રમતનું જ યુદ્ધ ગણવાની ભૂલમાંથી હજી ઊગરી શક્યા ન હતા. દિવસો વીતતા જતા હતા એમ યુદ્ધની બિભીષિકા વધી રહી હતી અને ગુપ્તચરો દ્વારા મળતી જતી માહિતી ચંપાપુરીના મંત્રીઓ અને સૈન્યોમાં વધુ ને વધુ ફફડાટ પેદા કરાવી રહી હતી.

યુદ્ધ-યાત્રાના પગલે પોતાનું પગલું દબાવીને ચંપાપુરી તરફ આગે બઢતાં આર્યા પદ્માવતી આદિ શ્રમણીઓનું વૃંદ જ્યાંથી પસાર થતું, ત્યાં આશ્ચર્ય પેદા થતું હતું કે, સર્વસંગના આ ત્યાગીઓ વળી સંગ્રામ સાથે શો સંબંધ ધરાવતાં હશે કે, આમ અવિરત વિહાર કરતાં આ શ્રમણીઓ ચંપાપુરી તરફ આગળ બઢી રહ્યાં છે ?

•

## પ્રકરણ ૯

# નસનસમાં ખુન્નસ

આશા-નિરાશાના ઝૂલે ઝૂલતા આર્યા પદ્માવતીની અવિરત-વિહારયાત્રાના અંતે એક દિ' ચંપાપુરીનું એ મેદાન આવતાં જ અટકી, જ્યાં રાજવી કરકંડૂની છાવણીઓએ એક વિરાટ યુદ્ધનગર ખડું કરી દીધું હતું. એ નગરની હલચલ બહારથી જ આર્યાની નજરે ચડી હતી, છતાં વાતાવરણમાં જે ભયાનકતા અને ખુન્નસ જોવા મળતું, એથી એમ લાગ્યા વિના નહોતું

રહેતું કે, જો 'યુદ્ધ- વિરામ' શક્ય ન બને, તો પૂરું મેદાન લોહી-તરબોળ બન્યા વિના નહિ જ રહે.

યુદ્ધનગરીમાંથી ઊઠતા થોડા ભણકારા કાને અથડાયા બાદ તો આર્યા પદ્માવતીને થયું કે, હું છેક અહીં આવી, તો સારું થયું. નહિ તો શસ્ત્રાસ્ત્રોની વર્ષામાંથી લોહીનાં નદીપૂર ઊમટી આવવાની બિભીષિકા સાચી પડીને જ રહેત ! માટે આ યુદ્ધભયને મારી હટાવવા મારે હવે કમ્મર કસવી જ રહી ! પુરુષાર્થ કરવામાં મારે તો કમીના ન જ રાખવી જોઈએ. બાકી સિદ્ધિ તો અંતે પ્રારબ્ધાધીન છે !

ચંપાપુરીના આ મેદાનમાં પગ મૂકતાં જ આર્યા પદ્માવતીના અંતર સમક્ષ કેઈ કેટલીય સ્મૃતિઓ સજીવન બની ઊઠી હતી. આ મેદાનમાં જ રાજવી દધિવાહન સાથે પોતે રાણી પદ્માવતી તરીકે ઘણી વાર ટહેલ્યાં હતાં. મેદાનમાં ફેલાયેલી વનરાજીથી પોતે પૂરાં પરિચિત હતાં. પણ વર્ષો પૂર્વે જે મેદાન મનોહર ભાસતું હતું, એ જ મેદાન આજે ભયાનક લાગી રહ્યું હતું. કેમ કે વિનાશનાં વાદળ એનાં માથે તૂટી પડવાની શકયતા સાથે એવી રીતે ઘેરાયાં હતાં કે, એનાં ગડગડાટથી ગાત્રને થીજવી દેતા હતા. એથી બીજે કશો જ લાંબો વિચાર કર્યા વિના આર્યા પદ્માવતી કરકંડૂની યુદ્ધ-શિબિરમાં જઈ પહોંચ્યાં.

શાસ્ત્રોના સ્વાધ્યાય-ઘોષ વચ્ચે વસવાનું જીવનવ્રત ધરનારી એક જૈનઆર્યાને આ રીતે શસ્ત્રોના ઘમસાણ વચ્ચેથી પસાર થતાં જોઈને ઘણાંને નવાઈ લાગી. એમાં રાજવી કરકંડૂનોય નંબર હતો. એમને નહોતું સમજાતું કે, યુદ્ધની આ શિબિરમાં એક જૈન આર્યા શા માટે પ્રવેશ્યા હશે ? એથી પોતાની સમક્ષ ધર્મલાભના ધ્વનિ સાથે ખડાં થયેલાં આર્યા પદ્માવતીને રાજવી કરકંડૂએ સાશ્ચર્ય પૂછ્યું :

'આર્યા ! અપરાધ જેવું જણાય તો ક્ષમા ચાહું છું. પણ આ શિબિરમાં આપની ઉપસ્થિતિ મારા જેવા ઘણાને ઘણા- ઘણા પ્રશ્નોથી ભરી દે છે.

હું એ જાણવા માંગું છું કે, આપ ચંપાપુરીના જૈનવિહારો છોડીને અહીં શા માટે પધાર્યાં છો ?'

આર્યા પદ્માવતી તો આવા કોઈ પ્રશ્નની જ રાહમાં હતાં. એથી એમણે વળતી જ પળે જવાબ આપતાં કહ્યું : મારા હાથમાં ભિક્ષાપાત્ર છે, એની પરથી તમે કલ્પના કરી શકો એમ છો કે, હું શા માટે અહીં આવી હોઈશ ? અમે ભિક્ષુક છીએ, ભિક્ષા અમારું જીવન-વ્રત છે. એ તો આખી દુનિયા જાણે છે.

એક જૈન આર્યાની માત્ર ભિક્ષા માટે જ આ રીતે યુદ્ધ-શિબિરમાં થયેલી ઉપસ્થિતિ, રાજવી કરકંડૂના દિલમાં નવા નવા વિચાર જન્માવી ગઈ. એમને થયું કે, આમની ભિક્ષા વળી કેવી હશે કે, ચંપાપુરી જેવી જૈનનગરી છોડીને ભિક્ષા લેવા એ અહીં આવ્યાં ? યુદ્ધની નોબતો ગગડી રહી હતી. એથી વધુ વિચારવાનો સમય ન હોવાથી ભિક્ષાનો ભેદ પામવા કરકંડૂએ પૂછ્યું :

'આર્યા ! ભિક્ષા માટે આપને અહીં પધારવું પડે, એ માનવા મારું મન તૈયાર થતું નથી, સાથે સાથે આપના સત્યવ્રત પર મને પૂરેપૂરો વિશ્વાસ છે. ચંપાપુરી જેવી જૈનનગરી છોડીને આપ ભિક્ષા માટે અહીં પધાર્યાં, એને હું મારું સૌભાગ્ય સમજું છું. મધ્યાહ્ન થવા આવ્યો છે. પધારો, મારા રસોડે !'

આર્યા પદ્માવતીએ હવે સમય જોઈને દિલનાં દ્વાર ખોલી શકાય, એવી ભૂમિકા બાંધતાં કહ્યું : 'રાજન્ ! રાજપિંડ તો અમને ખપે નહિ, એથી તમારા રસોડે આવીને હું શું કરું ? આ સંયમ-દેહને ઉપકારી આહાર-પાણીનો તો ચંપાપુરીમાં પૂરો સુકાળ છે. માટે તમે જો મારું ભિક્ષા-પાત્ર પૂર્ણ કરવા ખરેખર ઈચ્છતા હો, તો આપણે થોડી વાર અહીં જ બેસીએ અને વાર્તાલાપ કરીએ !

કરકંડૂને 'ભિક્ષા'ની વાતમાં રસ પડ્યો. એમણે એક કાષ્ઠ-બાજોઠ પર સાધ્વીજીને બિરાજવાની વિનંતી કરતાં કહ્યું કે, ભિક્ષાનો ભેદ જાણ્યા વિના હવે તો મને લડવાની મજા જ નહિ આવે ! માટે આપની માગણી હું સ્વીકારું છું. મારે તો હવે કોઈ પણ હિસાબે ભિક્ષાનો ભેદ પામવો જ છે !

આર્યા પદ્માવતી એ કાષ્ટાસન પર જયણાપૂર્વક બેઠાં. એમણે જોયું, તો એ છાવણીમાં રાજવી કરકંડૂ, એમનાં માતાપિતા અને મંત્રીશ્વર સિવાય બીજું કોઈ જ ન હતું. એથી વાર્તારંભ કરતાં એમણે કહ્યું :

'રાજન્ ! સંસ્કૃત-સુભાષિતમાં એક વાત આવે છે કે, માણસ ક્યારેક આવેશમાં આવી જઈને એવું અવિચારી- કાર્ય કરી બેસતો હોય છે કે, આવેશની એકાદ એ ઘડી-પળ કયારેક એને જિંદગી સુધી રડતી રાખે ! રાજન્ ! તમે જિંદગી સુધી પ્રસન્ન રહી શકો, એ માટે કાંડે ભિક્ષા-પાત્ર ભરાવીને યુદ્ધવિરામની ભિક્ષા માંગવા કેટલાય દિવસોનો અવિરતવિહાર કરીને હું છેક અહીં આવી છું.'

'ભિક્ષા-પાત્રમાં યુદ્ધવિરામ !' આશ્ચર્યથી ફાટી આંખે કરકંડૂએ પૂછી નાંખ્યું. યુદ્ધવિરામની વાત આવતા જ એમની નસેનસમાં વહેતું ખુન્નસ ખળભળી ઊઠ્યું. દાંત કચકચાવતાં એમણે કહ્યું :

'આર્યા ! હું રાજવી છું. રાજધર્મ અદા કરવા આવા સંગ્રામો તો મારે ખેલવા જ પડે. મેં નિષ્કારણ સંગ્રામ ઊભો કર્યો હોય, તો જુદી વાત ! બાકી મારું હડહડતું અપમાન કરનારા દધિવાહન પાસે હું જવાબ ન માંગું, તો બાયલો ગણાઉં. સજ્જનોને સન્માન અને દુર્જનોને દંડ ! આ તો રાજ્ય ધર્મ જ છે !'

આર્યા પદ્માવતીએ એક ભેદી રહસ્યના કોકડાને ઉકેલવાની ભૂમિકા રચતાં પૂછ્યું, 'રાજન ! કોણ દુશ્મન અને કોણ દુર્જન ? શું દધિવાહન તમારા દુશ્મન ?

'આર્યા ! એમ જો જોવામાં આવે, તો કોઈ કોઈનું દુશ્મન નથી !' 'મિત્તી મેં સવ્વભુએસુ'ની ધર્મદૃષ્ટિએ જોવામાં આવે, તો દરેક શબ્દકોશમાંથી શત્રુતા-વાચક શબ્દોને દેશવટો જ આપવો પડે. બાકી તો આખી દુનિયા જાણે છે કે, ચંપાપુરીએ મારો કેટલો બધો મોટો અપરાધ કર્યો છે ? ઊગતા શત્રુને ડામી દેવામાં ન આવે, તો ભયંકર ભાવિ સર્જાય ! ભરીસભામાં મારા માટે દધિવાહને જે ગાળાગાળી કરી હતી, એને તો બોલી બતાવતાં પણ કોઈ સજ્જનને શરમ આવે.'

રાજવી કરકંડૂ પોતાના પ્રશ્નનું મારી-મચડીને અવળું અર્થઘટન કરતા હોય, એવું લાગતાં આર્યા પદ્માવતીએ કહ્યું : રાજન્ ! ધર્મદૃષ્ટિએ હું નથી પૂછતી. હું તો સંસારદૃષ્ટિએ પૂછવા માગું છું કે, શું દધિવાહન ખરેખર તમારા શત્રુ છે ? આ પ્રશ્ને કરકંડૂને વિહ્‌વળ બનાવી દીધા. બીજી વાર પણ જ્યારે આ જ પ્રશ્ન પુછાયો, ત્યારે કરકંડૂને લાગ્યું કે, વાતમાં કંઈક ભેદ હોવો જોઈએ. એથી જરા વધુ નમ્ર બનીને એમણે સામો પ્રશ્ન કર્યો : તો આપ જ જણાવો કે, દધિવાહન મારો શત્રુ નથી તો કોણ છે ?

આ પ્રશ્નના શ્રવણે જ આર્યા પદ્માવતીની આંખ જરા આંસુભીની બની. એમણે ગળગળા સાદે કહ્યું કે, રાજન્ ! દધિવાહન કોણ છે ? એ હું કહું, એના કરતા તો એક કથા જ વધુ સારી રીતે તમને સમજાવી શકશે કે, દધિવાહનની સાથે તમારો સાચો સંબંધ ક્યો છે અને દુનિયા કયા સંબંધને સાચો માની બેઠી છે ?

આર્યાની આંખે બાઝેલાં આંસુ જોઈને સૌ વાતની ગંભીરતા પામી ગયાં. કરકંડૂનાં માતપિતા આર્યાને ધારીધારીને જોવા માંડયા. એમનામાં એક પરિચિત ચહેરાનો આભાસ એ માતપિતાને ક્યારનોય જણાઈ રહ્યો હતો. એક વાર તો એમનું અંતર સાશંકિત પણ બની ઊઠ્યું કે, આપણું

પાલક માતૃપિતૃત્વ આજે ખુલ્લું તો નહિ પડી જાય ને ? ત્યાં તો આર્યાએ સ્વસ્થ બનીને વાતનો પ્રારંભ કર્યો :

'રાજન્ ! આ દુનિયા તો અજબ-ગજબની ઘટનાઓનો એક મોટો છતાં ખોટો મેળો છે. આ મેળામાં અઘટિત ઘટનાઓ કદીક ઘટિત બની જતી હોય છે, તો ઘટિત ઘટનાઓનાં અંકોડાઓ ક્યારેક વેરવિખેર બની જતા હોય છે. અને કર્મના ગણિત મુજબ વિચારીએ, તો તે આ દુનિયામાં કશું જ અઘટિત બનતું નથી. અહીં જે કંઈ બને છે, એ બધું કર્મના ગણિત મુજબ જ બને છે. આટલી પાયાની વાત સમજી જશો, તો પછી હું જે વાત કહીશ, એ બરાબર મગજમાં ઊતરી જશે, રાજન ! તમારું જીવન પણ આવા જ એક મેળાનું સર્જન છે. વાત બહુ લાંબી છે, પણ હું ટૂંકમાં પતાવું છું.'

આટલી ભૂમિકા બંધાઈ ગયા બાદ મૂળ મુદ્દા પર આવતાં આર્યાએ કહ્યું : રાજવી દધિવાહનને એક રાણી હતી. રાણીને ગર્ભપ્રભાવે એક વાર એવો દોહદ જાગ્યો કે, હું રાજહાથી પર બેસું. રાજા મારા માથે છત્ર ધરે અને આ રીતે હું વનવિહાર કરું ! રાજાને ઘણા વખત પછી આ દોહદની જાણ થઈ, ત્યારે વર્ષાઋતુ હતી. છતાં દોહદ-પૂર્તિ માટે રાજારાણી વનવિહારે સંચર્યાં, પણ ભાવિ કોઈ જુદું જ હતું ! જંગલમાં આવતાં જ રાજહાથી પાગલ બન્યો. જંગલમાંથી આવતી માદક સુવાસે એની પાગલતામાં ઓર વધારો કર્યો અને એણે એવી દોટ મૂકી તે, રાજારાણી એકલાં જ આગળ વધી ગયાં ! આગળ જતાં જીવ બચાવવા વડની વડવાઈ પકડી લેવાનું નક્કી થયું. એ મુજબ રાજાએ વડવાઈ પકડી લીધી. પણ વડવાઈને પકડી લેવામાં રાણીને સફળતા ન મળી. આમ, કર્મના ખેલ એવા ભજવાયા કે, રાજા-રાણી વિખૂટાં પડ્યાં.

કરકંડૂને રસપૂર્વક વાત સાંભળી રહેલા જોઈને આર્યા પદ્માવતીએ વાત આગળ ચલાવી : રાજા દધિવાહન આંસુ-ભીની આંખે ચંપાપુરી

પહોંચ્યા ને રડતી રાણીને વનહાથી ભર જંગલમાં ખેંચી ગયો. એક સરોવર પાસે હાથી પાણી પીવા ઊભો રહ્યો, ત્યારે રાણીએ વૃક્ષની વડવાઈ ઝાલી લીધી. ઘડીઓની ઘડી બાદ આમ એ રાણી હાથીની પક્કડમાંથી મુક્ત બની. હવે એના માટે ભરજંગલમાં એક માત્ર ધર્મનું જ શરણ હતું. ધર્મની શરણાગત એ રાણી ચાલતી-ચાલતી આગળ વધી. એક આશ્રમમાં એને આસરો મળ્યો. ત્યાંથી એ દંતપુર ગઈ. ત્યાં એને સાધ્વીજીનો ભેટો થતાં એના જીવનમાં ભારે પરિવર્તન આવ્યું. એથી એ દીક્ષિત બની. દીક્ષા પછીના થોડા મહિના બાદ એ સાધ્વીના જીવનમાં એક ઝંઝાવાત જાગ્યો. રાણીએ પોતાના પેટને-પેટમાં પોષાતા શિશુને છુપાવીને દીક્ષા ગ્રહણ કરી હતી. એથી શાસનની નિંદા ન થાય, એ રીતે પ્રસૂતિનો પ્રશ્ન ઉકેલવામાં આવ્યો. એક રાતે પ્રસૂતિની પીડામાંથી સાધ્વીજી મુક્ત બન્યાં. નવજાત એ શિશુને એક ચંડાળ માતાપિતા વહાલથી લઈ ગયાં ને પુત્ર તરીકે પાળવા માંડ્યાં.

વીતક વાર્તા રસિક હતી. કરકંડૂનાં માતાપિતાની આંખ આગળ એક ભૂતકાળ વર્તમાન બનીને ઊપસી આવ્યો. એમની આંખ આંસુથી છલબલી ઊઠી. આર્યા પદ્માવતીથી એ અછાનું ન રહ્યું. એમણે વાતનું વહેણ આગળ વધાર્યું : નવજાત એ શિશુને ચંડાળ માતાપિતાએ 'અવર્ણિક'નું નામ આપ્યું. પરંતુ એને લાગુ પડેલા એક રોગે 'કરકંડૂ' તરીકે એને ઓળખાવવા માંડ્યો. એક રાજપુત્ર સ્મશાનના આંગણે ઉછેર પામી રહ્યો. થોડાં વર્ષો બાદ એને દેશત્યાગ કરવો પડે, એવો એક પ્રસંગ ઉપસ્થિત થયો અને પોતાનાં માતાપિતા સાથે કરકંડૂ કાંચનપુર તરફ ગયો.

"આ તો પોતાની જ વાત !"કરકંડૂ ચિત્તમાં ચમક્યા. એમની આંખ આગળથી આજે વર્ષો જૂના ભ્રમજાળાં હઠતાં હતાં, અને સત્યનો પ્રકાશ પથરાતો જતો હતો. આ પ્રકાશ એમને દધિવાહનમાં પિતાનું,

પોતાનામાં રાજપુત્રત્વનું અને સગાં માની લીધેલ ચંડાળ માતાપિતામાં પાલક પિતૃત્વનું દર્શન કરાવતો હતો. છતાં એઓ વધુ પ્રતીતિ પામવા ઝંખી રહ્યા હતા. આ પ્રકાશ દર્શનની સચ્ચાઈ માપવા એઓ કસોટી ઈચ્છતા હતા. એમના અંતરમાં ઊભરાતું આશ્ચર્ય બોલી ઊઠ્યું :

'આર્યા ! આપશ્રીએ તો અજબગજબની વાત કરી. શું આપની વાર્તાના દધિવાહન અને ચંપાપુરીના આ દધિવાહન એક જ છે ? જો એક હોય, તો તો એ મારા પિતા થયા, હું એમનો પુત્ર ગણાઉં અને આ બંને મારાં સાચાં નહિ, પણ પાલક માતા-પિતા ગણાય ! જેની સામે ખૂનખાર જંગ લઈને હું છેક અહીં આવ્યો છું, એ જ દહિવાહન શું મારા પિતા ? આપની વાતમાં શંકા હોય નહિ, પણ આની પ્રતીતિ શી ?'

રાજવી કરકૂંડને ખ્યાલ ન હતો કે પોતે જે પ્રશ્ન કરી રહ્યા હતા એ એક માતા સામે કરી રહ્યા હતા અને આવા અણિયાળા પ્રશ્નો માતૃહૈયાને કેટલા બધા વેદના-વિહ્વળ બનાવી જાય, એમ હતા ? છતાં મા એ મા હતી. પુત્રના ગમે તેવા અપરાધ ગળી જવાનું વાત્સલ્ય ધરાવતી આર્યાએ એ જ સ્વસ્થતા સાથે કહ્યું :

'પ્રતીતિ ઈચ્છતા હો, તો પણ રજૂ કરવાની મારી તૈયારી છે. તમે તમારા આ પાલક માતાપિતાને પૂછો કે, "હું જ્યારે તમને નવજાત-બાળ રૂપે સ્મશાનમાં મળ્યો હતો, ત્યારે એક વીંટી પણ પ્રાપ્ત થઈ હતી કે નહિ ? અને એ વીંટી પર જો દધિવાહનનું નામ જોવા મળે, તો એથી વધુ સજ્જડ કોઈ બીજા પુરાવાની અપેક્ષા રહે ખરી ?"

આ પ્રશ્ન-પ્રવાહ રાજવી કરકંડૂ માટે ખાળવો અશક્ય હતો. એથી પોતાની નજર ફેરવતાં આર્યાએ પેલાં પાલક માતા-પિતાને પૂછ્યું :

સ્મશાનમાંથી બાળકની પ્રાપ્તિ સાથે જ જેની પ્રાપ્તિ થઈ હોવી સંભવિત ગણાય. એ વીંટી અંગેની મારી આ વાત બરાબર છે ને ? એ વીંટી જો અત્યારે હાજર હોત, તો રાજવી કરકંડૂ બીજું કોઈ પ્રમાણ જ માંગત નહિ ?

સાધ્વીના આ ઉરબોલ સાંભળીને પાલક માતાએ વર્ષોથી જીવની જેમ જાળવી જાણેલી એ વીંટી વળતી પળે જ હાજર કરી. કરકંડૂ એને જોઈ જ રહ્યો. એમાં અંકિત અક્ષરો "દ ધિ વા હ ન" આજે કોઈ નવા રૂપે દર્શન થઈ રહ્યાં હતાં. હવે એમને ખાતરી થઈ ચૂકી કે, હું જેમની સામે જંગે ચડ્યો છું એ મારા જ સગા સાચા પિતા છે ! એથી એમનું હૈયું તો લાગણીશીલ બન્યું, પણ બુદ્ધિ તો હજી લડાઈનો લલકાર જ કરી રહી હતી ! કરકંડૂને થયું કે, આટઆટલા ઠાઠઠારા સાથે અહીં આવ્યો અને હવે વિજય મેળવ્યા વિના જ બાપના પગ પકડી લઉં, તો લોકો મને નમાલો-બાયલો નહિ ગણે શું ? એથી છટકવાની બીજી બાજુ ફેંકતાં એમણે કહ્યું :

'આર્યા ! વીંટીનો આ પુરાવો પ્રતીતિજનક હોવા છતાં એ સાધ્વી રાણી જો મારી સમક્ષ હાજર થઈને આ સત્યનો પુનર્ઘોષ કરે, તો મારા અંતરમાં કોઈ જ શંકાને સ્થાન ન રહે.'

આ માગણી એક તીક્ષ્ણ બાણની જેમ આર્યાના અંતરમાં ભોંકાઈ. અત્યાર સુધી ગુપ્ત રાખેલી જાતનેય આ રીતે પ્રગટ કરવાનો વખત આવશે, એવી તો એમને કોઈ જ કલ્પના ન હતી. આ નાટકમાં તેઓ એક પાત્ર તરીકે પોતાની જાતને ઊપસાવવા માંગતાં નહોતાં, પણ જ્યારે એમ જ લાગ્યું કે, જાંઘ ખોલ્યા વિના હવે યુદ્ધવિરામ શક્ય જ નથી, ત્યારે પોતાની જાત પરનું આવરણ ખેંચી લેવા પણ તેઓ તૈયાર થઈ ગયાં. એમણે કહ્યું : "બેટા ! તું જે માતાની મહોરછાપ ઇચ્છે છે, એ હું

પોતે જ છું.'' જાતને ખુલ્લી પાડતાની સાથે જ આર્યાના મોંમાંથી કરકંડૂ માટે 'બેટા' શબ્દ નીકળી ગયો. માતૃવાત્સલ્યનું એ ઝરણું હતું. એ જેમ જોર કરવાથી બહાર નીકળે એવું ન હતું, એમ દાબી દેવાથી એ દબાય એવુંય ન હતું. મા-બેટો બંને થોડી પળો સુધી એકબીજાને નીરખી જ રહ્યા. માતાને હવે તો વિશ્વાસ જ હતો કે, મારું ભિક્ષાપાત્ર યુદ્ધવિરામની ભિક્ષાથી છલોછલ ભરાઈ ગયું જ સમજો ! એ માતા આશાભરી મીટે બેટાને નીરખી જ રહી. અને એ બેટા માટે પણ હવે કશું જ બોલ્યા વિના જનનીનું ભિક્ષાપાત્ર ભરી દેવાનો એનો ધર્મ હતો. પણ એના અંતરમાં બીજું જ એક ઘમંડનું ઘમસાણ મચ્યું હતું. એ વિચારી રહ્યો હતો :

'રાજા દધિવાહન મારા પિતા, એ સાચું ! આ આર્યા મારાં માતા, એય સાચું ! પણ મારા સ્વમાનનું શું ? એક વાર લોહીનું ટીપું પણ પાડ્યા વિના દધિવાહનને જીતી લઉં અને પછી પિતાના પગ પકડી લઉં, તો મારો વટ પડી જાય ! માટે હવે આ જનનીને મારે ચોખ્ખેચોખ્ખું કહી દેવું જોઈએ કે, વિજય મેળવ્યા બાદ આપનું ભિક્ષાપાત્ર ભરી દેવા હું બંધાઉં છું.'

રાજા કરકંડૂએ મનોમન આ એક એવો નિષ્ઠુર નિર્ણય લઈ લીધો હતો કે, જે માતૃત્વને આશાની અટારી પરથી નિરાશાની તળેટીમાં ફંગોળી દે ! કરકંડૂએ કહ્યું : માતા આર્યા ! હું આપનું ભિક્ષાપાત્ર ખાલી તો નહિ જ રાખું, પણ મારી વાત એટલી જ છે કે, મારો વિજયધ્વનિ ગાજી ઊઠે, ત્યારે આપ આપના ભિક્ષાપાત્ર સાથે પુનઃ પધારજો !

આ શબ્દો ન હતા, આ તો તીક્ષ્ણ શસ્ત્રો હતાં. આનો ઘા આર્યાનું માતૃહૈયું ક્યાંથી ખમી શકે ? એક બેટા તરફથી જે રીતે જાકારો મળી રહ્યો હતો, એની તો એમણે કોઈ કલ્પના જ કરી ન હતી. પરંતુ આ

હકીકત હતી કે, માતૃ-માગણીની ઉપરવટ જઈનેય બેટો બાપને જીતી લેવા કૃતનિશ્ચયી હતો ! આમ જરાય હતાશ થયા વિના એમણે બીજી યોજના વિચારી લીધી. પળ હવે લાખેણી જતી હતી, તલવારો મ્યાનમુક્ત બને, એ પૂર્વે જ 'યુદ્ધવિરામ'નો નેજો ફરકવો જરૂરી હતો.

આર્યા કાષ્ટાસન પરથી ભારે હૈયે ઊભાં થયાં. જતાં જતાં એમણે પૂછી લીધું કે, દધિવાહન જો યુદ્ધવિરામ માટે તૈયાર થાય, તો તો તારી તૈયારી ખરી ને બેટા !

"તો પછી મારે લડવાનું જ કોની સામે ?" કરકંડૂનો આ જવાબ સાંભળીને આર્યા પદ્માવતી ચંપાપુરીનાં દ્વાર તરફ આગળ વધ્યાં.

•

## પ્રકરણ ૧૦ ચમત્કાર પર ચમત્કાર !

ચંપાપુરીના કોટ-કિલ્લાની બહાર સૈન્યનો સાગર ઘૂઘવી રહ્યો હતો. એમાં સૈનિકોની નવી નવી નદીઓ આવીને ઠલવાયે જ જતી હતી. શત્રુપક્ષની તૈયારી અને તાકાત જોતાં એમ લાગ્યા વિના ન રહેતું કે, ભીષણ સંગ્રામ ખેલાશે જ અને લોહીની વહેનારી નદીઓ શૂરવીરોનાં શબો તાણી ગયા વિના નહિ જ જંપે. ચંપાપુરીની ચોમેર અફાટ સૈન્ય ઘેરો ઘાલી ચૂક્યું

હતું. એક એક સૈનિક તલવાર તાણીને મેદાને ઝંપલાવવા થનગની રહ્યો હતો. આ બધું જોતાં રાજા-પ્રજાની રક્ષા માટે ચંપાપુરીનાં તોતિંગ-દ્વારો બંધ કરી દીધા વિના ચાલે એમ જ ન હતું. એથી દધિવાહનના મંત્રીઓ નગરીમાં જવા આવવાના રસ્તાઓ-દ્વારો જડબેસલાક બંધ કરીને યુદ્ધના વ્યૂહ વિચારી રહ્યા હતા.

બેટા કરકંડૂ પાસેથી હતાશ બનીને ચાલી નીકળેલાં આર્યા પદ્માવતી ચંપાપુરીમાં પ્રવેશીને સીધાં જ દધિવાહનને મળવા માગતાં હતાં. પુત્ર ભલે ન માન્યો, પણ પતિ યુદ્ધનું આવું પગલું નહિ જ ભરે, એવો એમના અંતરમાં વિશ્વાસ હતો. ગુપ્તચર વિના ચંપાપુરીમાં પ્રવેશ મળવો શક્ય ન હતો. પણ આર્યા તો ચંપાપુરીમાં વર્ષો સુધી રહ્યાં હતાં. એથી ગુપ્ત-અગુપ્ત બધા જ માર્ગો તેઓ સારી રીતે જાણતાં હતાં. એથી તેઓ એક એવા ગુપ્ત-દ્વાર નજીક જઈ પહોંચ્યા કે, જે દ્વાર ગમે તેવી કટોકટીની પળેય ખોલાવી શકાતું. ત્યાંનો દ્વારપાળ આર્યાને જોતાં તરત જ ઓળખી ગયો કે, આ તો આપણાં રાજવીનાં રાણી પદ્માવતી !

ગુપ્ત-દ્વારના રક્ષકે પળનોય વિલંબ કર્યા વિના એ દ્વાર ખોલી આપ્યું. આર્યા પદ્માવતી ચંપાપુરીમાં પ્રવેશ્યાં. ભયંકર યુદ્ધના વિનાશક વાતાવરણ વચ્ચેય વિહાર કરીને આવેલાં અને નગરીમાં પ્રવેશેલાં આ સાધ્વીજીઓને સૌ અવનવી આંખે અવલોકી જ રહ્યા, એ નજરમાં આશ્ચર્ય પણ હતું ! ઘણા ઘણાને એ સાધ્વીજી અજાણ્યાં જ લાગ્યાં. જ્યારે રાજમહેલમાં પ્રવેશતાં એ સાધ્વીજીને 'રાણી પદ્માવતી' તરીકે ઠીક ઠીક રાજસેવકો પિછાણી ગયા.

સાધ્વીજીના અણધાર્યા આગમને રાજમહેલનું આખું વાતાવરણ જ પલટાઈ ગયું. મંત્રીઓ અને સેનાપતિઓ યુદ્ધના વ્યૂહ વિચારવામાં મગ્ન હતા. પણ સાધ્વીજીના આગમને એ સૌ યુદ્ધને ભૂલી બેઠા અને એમના દર્શને દોડી આવ્યા. એ જ પરિસ્થિતિ રાજવી દધિવાહનની હતી. જેમના

આગમનની કોઈ જ સંભાવના જીવંત ન હતી, એ રાણીને આ રીતે વર્ષોનાં વર્ષો બાદ સાધ્વી-વેશમાં આવેલાં જોતા જ એઓ સૂધબૂધ ભૂલી ગયા. થોડી હલચલ ઓછી થયા બાદ સાધ્વીજીએ કહ્યું :

'રાજવી ! તમે જો ઇચ્છો, તો હું એકાંત મેળવવા ઇચ્છું છું. મંત્રી-સેનાપતિ મંત્રણામાં ભલે દાખલ થાય. હું એક મહત્ત્વના કાર્ય માટે દિવસોના અવિરત પ્રવાસ ખેડીને છેક અહીં આવી છું. માટે હવે જરાય વિલંબ ઇચ્છનીય નથી.'

આર્યાની વાત સાંભળીને દધિવાહનના અંતરમાં ગૂંચળું વાળીને પડેલી અનેક જિજ્ઞાસાઓ સાપની જેમ સળવળી ઊઠીને બેઠી થઈ ગઈ. એમના એક જ ઇશારે ઈચ્છિત-એકાંત સર્જાઈ ગયું. રાજકીય મંત્રણાખંડને ધર્મદેશનાનું ધામ બનાવતા આર્યાએ કહ્યું : રાજવી ! આ યુદ્ધ શા માટે ? આ યુદ્ધ કોની સામે ? આ ઉંમરે હવે યુદ્ધ ! અને એ પણ સામે કોણ છે, એનો વિચાર કર્યા વગર જ ?

આ પ્રશ્નોના જવાબ અત્યારે આપવાની દધિવાહનની જરા પણ ઇચ્છા ન હતી. એઓ તો સૌ પ્રથમ રાણીનો જ ઇતિહાસ જાણવા માગતા હતા. પણ આર્યાએ પ્રશ્નોનો જે મારો ચલાવ્યો હતો, એથી દધિવાહનના હૈયામાં એક જાતનો થોડો ગુસ્સો જાગ્યો હતો, એથી જુસ્સાભર્યો જવાબ આપતાં એમણે કહ્યું :

'આર્યા ! રાજાઓની દુનિયામાં તો યુદ્ધ શા માટે ન થાય, એ જ આશ્ચર્ય ગણાય. ચંડાળબાળ એ કરકંડૂએ મારું અપમાન કર્યું છે, એ મને ચિઠ્ઠીનો ચાકર ગણે છે, પછી શું મારે એની સામે યુદ્ધ ન જગાડવું ? મેં પૂરેપૂરો વિચાર કરીને જ આ યુદ્ધ આરંભ્યું છે. કરકંડૂ એના દેશમાં રાજાઓને ચિઠ્ઠીના ચાકર ગણીને આજ્ઞાઓ કર્યે રાખે, એમાં મને શો વાંધો હોય ? પણ એ જ્યારે મારી પર આવી મનસ્વી જોહુકમી ચલાવવા તૈયાર થાય, ત્યારે તો મારે યુદ્ધથી જવાબ વાળવો જ જોઈએ ને ? મારો

ટૂંકો જવાબ આટલો જ છે. આ અંગે વિસ્તારથી આપણે પછી વિચારીશું, એ પહેલા આપ વનવિહારનો ઉત્તરાર્ધ કહી સંભળાવો. મેં વડની વડવાઈ પકડી લીધી, આપ એ ન પકડી શક્યાં, પછી શું થયું ? એની જિજ્ઞાસા વર્ષોથી હૈયામાં ભરી પડી છે.'

દધિવાહનનો એકલાનો જ આ પ્રશ્ન ન હતો. આની પાછળ તો ઘણાઘણાની આગભરી પ્રતીક્ષાનો સૂર ભળ્યો હતો. આર્યા તો માત્ર 'યુદ્ધવિરામ' પૂરતી જ વાતો કરવા ઈચ્છતાં હતાં, છતાં જ્યારે એમને એવો વિશ્વાસ થઈ ગયો કે, જ્યાં સુધી અજાણ્યો એ ઈતિહાસ પ્રગટ નહિ થાય, ત્યાં સુધી 'યુદ્ધવિરામ'ની વાત નહિ જ કાઢી શકાય. ત્યારે એમણે નછૂટકે આંસુભીના એ ઈતિહાસનાં પાછલાં પાનાં ઉથલાવતાં કહ્યું :

'રાજન્ ! જૈન-આર્યા માટે ભૂતકાળને યાદ કરવાની મનાઈ હોવા છતાં એક વિશિષ્ટ લાભને નજર સમક્ષ રાખીને મારે જે કંઈ કહેવાનું છે, એ એટલું જ છે કે, તમે જેની સામે જંગે ચડ્યા છો, એ કરકંડૂ બીજો કોઈ નથી, તમારો જ સગો પુત્ર છે ! અને પિતા પુત્રની સામે લડે, એ શું શોભે ખરું ? કહેવત પણ છે કે 'પુત્ર કપુત્ર થાય, પણ માવતર કમાવતર ન થાય !'

રાજા દધિવાહન અડધા ઊભા થઈને પૂછી બેઠા કે, શું આ કરકંડૂ મારો સગો પુત્ર ? અસંભવિત ? સાવ જ અસંભવિત ? કરકંડૂ તો ચંડાળબાળ છે. આર્યા ! મગજમાં ન ઊતરે, એવી આપની આ વાત છે.

આર્યાએ આંસુભીની બનેલી પોતાની આંખને જરા લૂછીને કહ્યું કે, રાજન્ ! સંસાર નામ જ એનું કે, જ્યારે અસંભવિત સંભવિત બનતું હોય અને સંભવિત, અસંભવિતમાં પલટાઈ જતું હોય ! તે દહાડે આપણે વનવિહારે નીકળ્યા, ત્યારે જે વિઘ્ન આવ્યું, એ જરાય સંભવિત હતું ખરું ? એ દહાડે વડની વડવાઈ હું ન પકડી શકી અને ભરજંગલમાં

પહોંચી ગઈ. સરોવર આવતાં જ હાથી ઊભો રહી ગયો. હું ઝાડ પર ચડી ગઈ. મને ત્યારે જ જણાયું કે, જો સાચું કોઈ શરણ હોય, તો તે ધર્મનું જ છે. ધર્મની શરણાગત બનીને હું એ જંગલમમાં આગળ વધી, તો મંગલ સામે ચડીને મને ભેટવા આવ્યું. તમારા મિત્ર વેદર્ષિનો મને ભેટો થઈ ગયો.

'શું તમે દંતપુરના માર્ગે ચડી ગયાં? વેદર્ષિનો આશ્રમ તો છેક દંતપુરની નજીકમાં છે. ઓહ ! ક્યાં ચંપાનગરી ને ક્યાં દંતપુર ! ખરેખર એ દિવસે હાથીના પગમાં ઝંઝાવાતી ઝડપ જ અવતરી હતી નહિ ?' દધિવાહનનો આ સવાલ હતો.

દધિવાહને વેદર્ષિનું નામ સાંભળ્યું અને થોડી સ્મૃતિઓ એમના દિલ-દ્વારે ઊપસી આવી. એ ભરજંગલમાં વેદર્ષિ જેવા વિશ્વાસુનો રાણીને ભેટો કરાવનાર, માધ્યમ એમને પણ ધર્મ જ લાગ્યું. આર્યાએ વાતને આગળ વધારી :

'હા રાજન્ ! મને મારા સૌભાગ્યે જ દંતપુરના માર્ગે ચડાવી દીધી હતી. એમ હવેના મારા જીવન-વળાંક પરથી તમનેય લાગ્યા વિના નહિ રહે ! થોડા દિવસ આશ્રમમાં રહીને હું દંતપુર જતા એક સાર્થમાં જોડાઈ ગઈ. દંતપુરના પ્રવેશદ્વારે જ મને ગુરુદેવતા આર્યા શ્રી સુપ્રભાનો ભેટો થયો. એમના પરિચયે વૈરાગ્ય-વાસિત બનીને મેં સંયમ સ્વીકાર્યું. મારા પેટનું એક પાપ મેં ત્યારે છુપાવ્યું. પણ એ બહુ વખત સુધી ગુપ્ત ન રહી શક્યું. હું ગર્ભવતી હતી, આ વાત થોડા જ મહિનાઓમાં શ્રીગુરુદેવતાએ પકડી પાડી અને શાસનની નિંદા ન થાય, એવા વાતાવરણ વચ્ચે એક રાતે મેં એક પુત્રને જન્મ આપ્યો. એ પુત્રના પાલક બન્યા ચંડાળ માતપિતા ! બાળકનું નામ તો 'અવર્ણિક' પાડવામાં આવ્યું. પરંતુ જન્મથી જ વરેલા એક રોગના કારણે એ કરકંડૂ તરીકે પ્રખ્યાત થયો.'

'ઓહ ! કર્મની ગતિ કેવી વિચિત્ર છે કે, એક રાજપુત્રને ચંડાળના ઘરે ઊછરવું પડ્યું ! અરે ! અને કર્મની ગતિ કેવી સચિત્ર કે ચંડાળના ઘરે ઊછરવા છતાં એના રાજવી તરીકેના લલાટ-લેખ કોઈ જ ભૂંસી ન શક્યું !'

રાજા દધિવાહને આશ્ચર્ય પ્રગટ કર્યું. લોહી-લોહી અને લડાઈ-લડાઈ પોકારતું એમનું અંતર હવે શાંત થઈ ગયું હતું અને ત્યાં લાગણી-લાગણી તથા સગાઈ સગાઈની વાત્સલ્ય- વીણા બજી ઊઠી હતી. કર્મના આ અજબ-ગજબના ખેલ એમને વિચારમગ્ન બનાવી રહ્યા હતા. આર્યાએ વાર્તાવિહેણને આગળ લંબાવ્યું :

'રાજન્ ! આ જ કરકંડૂ તમારો પુત્ર ! એના જીવનમાં પાપ-પુણ્યની ખરી તેજી-મંદી તો હવે જ શરૂ થાય છે. કરકંડૂનું રાજતેજ સ્મશાનના વાતાવરણમાંય છાનું ન રહેતું. એક દિવસ તો એ તેજ એક નજીવા કારણે જ પ્રકાશી ઊઠ્યું. વાત એવી બની કે, સ્મશાનમાંથી પસાર થતા બે મુનિઓના મોઢે કરકંડૂએ એક વિચિત્ર છતાં લોભામણી આગાહી સાંભળી કે, આ વાંસદંડને મૂળથી ઉપર ચાર આગળ છેદીને જે મેળવે, એ રાજા થાય ! એક બ્રાહ્મણના કાનેય આ આગાહી અથડાઈ. એણે ઉતાવળા થઈને વાંસદંડ ઝૂંટવી લેતાં કહ્યું કે, અહીં જે કોઈ ચીજ પેદા થાય, એનો એકમાત્ર માલિક હું જ ગણાઉં. ચોરી પરની આ શિરજોરી બ્રાહ્મણ સહી ન શક્યો. ન્યાય માટે એ રાજદરબારમાં ગયો. રાજાએ કરકંડૂને બોલાવ્યો. એની બોલવા-ચાલવાની રીતભાતથી રીઝેલા રાજાએ કરકંડૂની તરફેણમાં ફેંસલો ફાડતાં કહ્યું કે, આ વાંસદંડ પરનો તારો અધિકાર હું માન્ય રાખું છું. પણ શરત એક છે કે, તું રાજા બને, ત્યારે આ બ્રાહ્મણને તારે એક ગામ ભેટમાં આપવું.'

વાતના અંકોડા હવે જોડાતા આવતા હોવાથી દધિવાહનની પ્રતીક્ષા વધતી જતી હતી. આર્યા પણ હવે ટૂંકમાં જ પતાવીને 'યુદ્ધવિરામ' ના

મૂળ મુદ્દા પર આવવા માંગતાં હતાં. એથી એમણે રસિક-વાર્તાને આગળ વધારી :

'રાજન્ ! રાજાના આ ફેંસલાને એક પક્ષે વધાવી લીધો, પણ બ્રાહ્મણને તો પોતાનો ગરાસ લૂંટાઈ જતો લાગ્યો, એથી વેરનો બદલો લેવા બ્રાહ્મણે કરકંડૂનું કાસળ કાઢી નાખવાની યોજના વિચારી. આની ગંધ આવી જતાં કરકંડૂ પોતાનાં માતપિતાને લઈને એક રાતે ભાગી છૂટ્યો. મહિનાઓ-વર્ષોના પરિભ્રમણ બાદ એક દહાડો એ કાંચનપુર પહોંચ્યો. ત્યાં એનાં પૂર્વ-પુણ્ય એક સામટાં ઉદયમાં આવી લાગ્યાં અને દિવ્ય દ્વારા કાંચનપુરના રાજવી તરીકે એ ચૂંટાયો. વાંસદંડના અધિષ્ઠિત દેવોએ એવો પરચો બતાવ્યો કે, ભલભલા રાજાઓ સામેથી કરકંડૂના પગ પકડવા આવવા લાગ્યા. એના સૌભાગ્યનો સૂર્ય થોડા જ સમયમાં હજાર હજાર કિરણે પ્રકાશવા લાગ્યો. આ વાત પેલા બ્રાહ્મણના કાને આવતાં જ એનો લોભ જાગી ઊઠ્યો. એ સીધો કરકંડૂ પાસે આવ્યો. ભૂતકાળની યાદ અપાવીને એણે ચંપાપુરી નજીકના કોઈ એક ગામડાની માગણી કરી. પુણ્યપ્રભાવે કરકંડૂએ સાવ સહજભાવે એક ગામ આપવા તમારી પર સંદેશો પાઠવ્યો. બસ ! આ પછીની બધી વાતના તો તમે જાતે જ સાક્ષી છો.'

આર્યાએ વાત પૂરી કરી. મુખ્ય-મુદ્દો તો હજી બાકી જ હતો. છતાં હૈયું ભરાઈ આવ્યું હોવાથી થોડો વિરામ જરૂરી હતો. આ કથાએ રાજા દધિવાહનના હૈયામાં સાચી વ્યથા જગવી હતી. રાજાએ આંસુભીની આંખે કહ્યું :

'આર્યા ! આપ અણીને અવસરે પધારી ગયાં. એટલું વળી મારું પુણ્ય જાગતું હશે ! નહિ તો અજાણ્યા બાપ-બેટા વચ્ચે આજે ખરાખરીનો જંગ છેડાઈ જ ગયો હોત ! ખરેખર માણસના હાથે અજ્ઞાન કેવાં કેવાં પાપો કરવી જતું હોય છે. એનો આ એક નાદર નમૂનો છે. હા, પણ

એક વાત તો રહી જ ગઈ. આપ જે મહત્ત્વના કાર્ય માટે આવ્યાં છો, એનો નિર્દેશ કરવાનું તો ભૂલી જ ગયાં !'

આ પ્રશ્ન થતાં જ આર્યાનું અંતર હસી ઊઠ્યું. એમને થયું કે, લાગણીનું લોઢું બરાબર લાલચોળ થઈ ગયું છે, ત્યાં હવે ધાર્યા ઘાટ ઊપસાવવા ઘણનો એક ઘા જરૂરી છે. એથી એમણે મૂળ મુદ્દાને રજૂ કરતાં કહ્યું : 'અહિંસા પરમો ધર્મ' આ સૂત્રમાં આસ્થા રાખનાર જૈનસાધુત્વ માટે મહત્ત્વનું કાર્ય વળી જીવદયાથી વધીને બીજું કયું હોઈ શકે ? એ તો તમે સમજી જ શકો એમ છો ! બે રાજાઓ સામસામા લડે, એય પાછા પિતાપુત્રના લોહી અને લાગણીના સંબંધ ધરાવતા રાજાઓ લડે અને લોહીની નદીઓ વહી નીકળે. આને કયું જૈન-હૈયું સાંખી શકે ? પછી હું તો આને કઈ રીતે સાંખી જ શકું ? માટે મારું મહત્ત્વનું કાર્ય 'યુદ્ધવિરામ'ની ભિક્ષા છે. કરકંડૂએ મારું ભિક્ષાપાત્ર ખાલી રાખ્યું છે, એથી મારે અહીં આવવાનું થયું છે. અહીં તો મારું ભિક્ષાપાત્ર ખાલી નહિ જ રહે, એવો મને પૂરો વિશ્વાસ છે !'

સાધ્વીજીના આ શબ્દોમાં નાભિનો નાદ ગુંજતો હતો. વિશ્વાસથી ભરપૂર આ વચનો રાજા દધિવાહનના કૂણા બનેલા કાળજાને વધુ કૂણાશ અપાવી ગયા અને એમણે વચનબદ્ધ બનતાં કહ્યું : 'આર્યા ! હવે પણ જો હું યુદ્ધની જ વાત પકડી રાખું, તો મારા જેવો પાગલ બીજો કોણ ગણાય ? પૂતને કપૂત થતો રોકવા માટેય મારે માવતર બની જ રહેવું જોઈએ. આપના ભિક્ષાપાત્રમાં હું યુદ્ધવિરામનું વચનદાન કરું છું. મારે હવે તો યુદ્ધ જ નહિ, પણ સંસાર જ ન જોઈએ. જે સંસારમાં સ્વાર્થપ્રેરિત થઈને આ રીતે બાપ-બેટા સામસામા આવી જતા હોય, એ સંસારને તો પાગલ હોય, એ જ વળગી રહે ! હું યુદ્ધવિરામ જાહેર કરું છું. મને વિશ્વાસ છે કે, હવે તો સામેથી પણ 'યુદ્ધવિરામ'નો પ્રતિધ્વનિ સાંભળવા મળશે જ.'

રાજા દધિવાહનનો આ કોલ સાંભળતાં જ આર્યા પદ્માવતીનાં રોમેરોમ નૃત્ય કરી ઊઠ્યાં. અહિંસા પરની એમની શ્રદ્ધા એથી અનેક ગણી વૃદ્ધિંગત બની. દિવસોનો યાત્રા-થાક આ પળે સ્ફૂર્તિમાં પલટાઈ ગયો. એઓ ઊભાં થયાં. કેમ કે એમનું કર્તવ્ય હવે પૂર્ણ થઈ જતું હતું. ત્યાં તો દધિવાહનના આદેશ પર આદેશ સાંભળવા મળ્યા : 'મંત્રીશ્વર ! હવે તરત જ યુદ્ધની નોબતો બંધ કરી દો અને વાત્સલ્યના વેણુનાદ વહેતા કરો ! નગરના કોટ કિલ્લા પર 'યુદ્ધવિરામ'નો ધવલ ધ્વજ લહેરતો મૂકી દો ! તલવારો મ્યાન કરી દો અને લોહીના લલકાર ભૂંસાઈ જાય, એ રીતે લાગણીના અબીલ-ગુલાલ ઉડાડવા માંડો ! નગરના બધા જ દરવાજા ખુલ્લા મૂકી દો ! બેટા જેવો બેટો આજે અણધાર્યો મળ્યો છે, ત્યારે એના ભવ્ય સ્વાગત કાજે સૌને સજ્જ થવાનો આદેશ આપો !

પળવારમાં આખી ચંપાપુરીનું વાતાવરણ જ પલટાઈ ગયું. ઠેરઠેર આનંદનાં વાજાં વાગવા માંડ્યાં. ગમે તેવા હાથી પણ ન ખોલી શકે, એ રીતે ભિડાયેલા નગરના દરવાજા કડડભૂસ કરતા ખૂલવા માંડ્યા. યુદ્ધ જાણે એક ભૂતકાળ બની ગયું અને પ્રેમ-વાત્સલ્યનું એક સુવર્ણપ્રભાત ચંપાપુરીમાં અણધાર્યું જ નીચે ઊતરી આવ્યું. પળવારમાં જ પલટાયેલા આ વાતાવરણની વાત વાયુવેગે રાજવી કરકંડૂએ વસાવેલા યુદ્ધનગરમાંય ઘૂમી વળી. રાજવી કરકંડૂના કાનમાં પેલા શબ્દો ગુંજી રહ્યા, જે એક પ્રશ્ન રૂપે વિદાય થતાં આર્યાએ પૂછેલા કે, યુદ્ધવિરામ માટે દધિવાહનની તૈયારી હોય, તો તારી છે ને બેટા ?

કરકંડૂ કંઈક વિચારમગ્ન બન્યા, એટલામાં તો મંત્રીશ્વરો ને સેનાપતિઓ આદિ હર્ષના સમાચાર લઈને આવ્યા કે, રાજવી ! ચંપાપુરીએ 'યુદ્ધવિરામ' જાહેર કરી દીધો છે. એટલું જ નહિ, પણ રાજવી દધિવાહન ખુદ આપને ભેટવા આવી રહ્યા છે ! કરકંડૂએ પણ

તરત જ 'યુદ્ધવિરામ'નો આદેશ આપી દીધો. ગમે તેમ તોય તેઓ એક સંસ્કારી માતાપિતાનાં સંતાન હતા. એથી ભૂતકાળને ભૂલી જઈને તેઓ પોતાની સેના સાથે પિતા દધિવાહનને ભેટવા ચાલી નીકળ્યા. સ્નેહનાં બે ઝરણાં કલકલનાદે સામસામી દિશાએથી એકબીજાને ભેટવા નીકળ્યાં અને ત્યારે એક અદ્ભુત દૃશ્ય રચાયું. ચંપાપુરી અને યુદ્ધનગરની અધવચ્ચે જ બંનેનો સંગમ સધાયો. પિતાએ પુત્રને ઊભો કરીને છાપી સરસો ચાંપ્યો. પિતા-પુત્ર આજે પહેલી વાર આ રીતે એકબીજામાં સમાઈ ગયા હતા અને બંનેની આંખમાંથી અનરાધાર આંસુધાર વહી રહી હતી.

એ ચાર આંખો લાંબો સમય સુધી પાપના પ્રાયશ્ચિત્ત કાજે રોતી રહી, રોતી જ રહી ! અંતરના મેલ-પાપ ધોવાઈ ગયાની દૂહાઈ દેતી એ આંસુધાર અંતે અટકી અને પિતા-પુત્રનો નગર-પ્રવેશ પ્રારંભાયો. આ પ્રવેશ-મહોત્સવમાં આનંદના અબીલગુલાલ જાણે એવી રીતે ઊડી રહ્યા કે, જે પિતાનો વિજય સૂચવતા હોય અને જે પુત્રનોય વિજય સૂચવતા હોય !

બંને પક્ષ હજી પણ સમજી શકતા ન હતા કે, એક જૈન આર્યાના આગમને એવો શો ચમત્કાર સરજાયો કે, સંગ્રામ યુદ્ધવિરામમાં પલટાઈ ગયો ! આવો પલટો આણનારી કથા જેમ જેમ ફેલાતી ગઈ, એમ એમ સૌ આશ્ચર્ય અનુભવી રહ્યા. બધાને થયું કે, દુઃખદ-અકસ્માત કદીક સુખદ મિલનમાં પલટાઈ જાય, એ આનું નામ ! જો યુદ્ધ જાગ્યું ન હોત, તો આ રીતે થોડા જ પિતા-પુત્ર મળી શકત ? આમ, અનેરા મનોભાવ વ્યક્ત કરતી એ સ્વાગતયાત્રા જ્યારે રાજસભામાં પહોંચી, ત્યારે તો ત્યાં વળી એક નવો જ ચમત્કાર સરજાયો.

દધિવાહને આર્યા પદ્માવતી પાસેથી જે કંઈ સાંભળ્યું હતું, એથી એમના અંતરમાં એક એવો વિરાગધ્વનિ જાગી ઊઠ્યો હતો કે, જેને

હવે કોઈ જ દાબી ન શકે ! આમ જો જોવા જઈએ, તો એમના માટે સંસારની દૃષ્ટિએ સુખના સુખડ જલાવવાનો પ્રસંગ હવે જ ઉપસ્થિત થયો હતો. કેમ કે જેની કોઈ જ આશા ન હતી, એ રાણી પદ્માવતી જૈન આર્યાના રૂપમાં પ્રાપ્ત થઈ હતી તેમજ પુત્રપ્રાપ્તિની આશાવેલ અકાળે ફળી હતી. પરંતુ જાગ્રત થયેલા એમના વિરાગને હવે આવાં સુખડ આકર્ષી શકે તેમ ન હતાં, એથી રાજ્ય-સભામાં પહોંચતા જ એમણે જાહેરાત કરી કે,

'ચંપાપુરીના રાજ્ય પર આજે જ કરકંડૂનો અભિષેક કરવામાં આવશે. ચંપાપુરી અને કાંચનપુર : આ બંને રાજ્યનું સંચાલન કરકંડૂ કરશે અને હું હવે આત્મ-સામ્રાજ્યને સર કરવા ભગવાને ભાખેલા સાધુ-જીવનના પંથે પ્રયાણ કરીશ.'

રાજા દધિવાહનની આ જાહેરાતે પ્રજાજનોને વિસ્મયમગ્ન બનાવી દીધા. પરિસ્થિતિ એવી સરજાઈ હતી કે, હર્ષ-શોકમાંથી કોની પસંદગી કરવી, એ અંગે સૌ કિંકર્તવ્યમૂઢ બની ગયા. શું કરવું ? નવો રાજા કરકંડૂ રૂપે મળ્યો, એનો આનંદ માણવો કે રાજવી દધિવાહનના રાજ્યત્યાગ અંગે શોક વ્યક્ત કરવો ?

આખી ચંપાપુરી હર્ષ-શોકની મિશ્રિત લાગણી અનુભવી રહી. રાજવી કરકંડૂએ પિતાના પગ પકડીને ખૂબ ખૂબ વિનંતી કરી કે, બીજાની વાત જવા દો, પણ મને થોડીઘણી પિતૃસેવા મળી શકે, એ માટે તો આપ રોકાઈ જાવ ! પણ દધિવાહનનો વિરાગ દવની જેમ પ્રજ્વલિત બની ઊઠ્યો હતો. એને પુત્રના પ્રેમનો પવન બુઝવી નાખવા સમર્થ ન નીવડ્યો. એઓ પોતાના નિરધારમાં મક્કમ રહ્યા અને એ જ દિવસે વર્ષો બાદ મળેલા પિતાપુત્ર પુનઃ વિખૂટા પડ્યા ! સાપ જેમ કાંચળી ઉતારીને ચાલતો થાય, એમ એ દહાડે રાજવી દધિવાહન રાજ્ય-

સામ્રાજ્યના સ્નેહની કાંચળી ફગાવી દઈને વન-વગડાની વાટે જૈન-ભિક્ષુ બનીને ચાલી નીકળ્યા !

ચંપાપુરીના ઇતિહાસમાં એ દિવસ અભૂતપૂર્વ ઊગ્યો હતો. એક જ દહાડામાં સૌની નજર સમક્ષ જે ખેલ ભજવાઈ ગયા હતા, એ આનંદના પ્રેરક પણ હતા અને આંસુ ખેંચી આણે, એવા પણ હતા.

દિવસો સુધી આનંદ-આંસુની સંતાકૂકડી ચંપાપુરીમાં રમાતી જ રહી. આ રમતની વચ્ચે છુપાઈને એક દહાડો આર્યા પદ્માવતી સરકી ગયાં. સંતોષથી છલબલતા હૈયે, ગુરુદેવતા આર્યા સુપ્રભાની નિશ્રામાં પહોંચવા એમની વિહારયાત્રા પુનઃ પ્રારંભાઈ !

●

# પ્રકરણ ૧૧ પ્રણામ પ્રત્યેક બુદ્ધત્વને

સામાન્ય ગણાતી ઘટના, સાવ જ સાધારણ ગણાતો પ્રસંગ કે કોઈ સહજ ગણાતો બનાવ, જેના જીવનમાં અસાધારણ પરિવર્તન આણવામાં નિમિત્ત બની જાય, એવા અદ્‌ભુત જીવનના સ્વામીને જૈનદર્શન 'પ્રત્યેક બુદ્ધ' તરીકે બિરદાવે છે. સૂર્યોદય-સૂર્યાસ્ત જેવા સામાન્ય પ્રસંગને તો સૌ કોઈ રોજેરોજ નિહાળતા હોય છે, પણ આવું દર્શન પ્રત્યેક બુદ્ધના

જીવનમાં અજબ ઘડી એક આવતાં અનેરું પરિવર્તન કરાવી જતું હોય છે. ભોગમાંથી ભાગીને જોગ માટે જાગવા, એમના માટે ગુરુ કે શાસ્ત્રનો ઉપદેશ બહુ અપેક્ષિત નથી હોતો, પણ અમુક જાતની પૂર્વારાધનાઓ દ્વારા એમનું આત્મદ્રવ્ય એટલી હદે તૈયાર બની ચૂક્યું હોય છે કે, સામાન્ય ગણાતા કોઈ પ્રસંગનું દર્શન જ જોગ માટેની જાગૃતિ આણવા એમના માટે બહુ થઈ પડતું હોય છે !

ચંપાપુરી અને કાંચનપુરનો બેવડો રાજ્યભાર જેમના માટે સોંપવામાં આવ્યો હતો, એ રાજવી કરકંડૂ 'પ્રત્યેક બુદ્ધ રાજર્ષિ'નું ભાવિ ધરાવનારા એક મહાપુરુષ હતા. પિતાશ્રી દધિવાહન એક જ ઝાટકે સંસારનો ત્યાગ કરીને સાધુ બની ગયા. આ પછી રાજવી-કરકંડૂના શિરે બે રાજ્યોની ધુરા સંભાળવાની જવાબદારી આવી લાગી. ચંપાપુરી ગમે તેમ તોય પિતૃભૂમિ હતી, એથી રાજવી કરકંડૂએ ચંપાપુરીમાં રહીને કાંચનપુરના રાજ્યનું સંચાલન કરવાનું નક્કી કર્યું અને આ નિર્ણય મુજબ બંને રાજ્યનો વહીવટ એવો સુંદર ચાલવા લાગ્યો કે, ચંપાપુરીને દધિવાહનની અને કાંચનપુરને કરકંડૂની ખોટ જેવું જણાયું જ નહિ !

ચંપાપુરીમાં થયેલા યુદ્ધવિરામની વાતો જેમ જેમ ફેલાવા માંડી અને દધિવાહન કરકંડૂ વચ્ચેના પિતાપુત્રના સંબંધની કથા જેમ જેમ વિસ્તરવા લાગી, એમ એમ ચોમેર આશ્ચર્ય અને અહોભાવની લાગણીઓ ઘેરી બની રહી. જીવનના આકાશે ક્યારે કેવા રંગ રચાય અને ક્યારે એ પાછા વિખરાઈ જાય ? એની હૂબહૂ પ્રતીતિ સૌને પિતાપુત્રની આ કથા દ્વારા મળી રહી. કરકંડૂ રાજવી ભલે પિતાની સામે જંગે ચડ્યા હતા, પણ ગમે તેમ તોય તેઓ એક ભવ્ય ભાવિ ધરાવતા મહાપુરુષ હતા, આની એંધાણી એમના જીવનમાંથી સૌને ધીમે ધીમે મળતી રહી, વર્ષો વીતવા માંડ્યાં એમ કરકંડૂની ધર્મકીર્તિ વધુ ને વધુ ફેલાવો પામી રહી.

કર્મની ગતિ ખૂબ જ વિચિત્ર હોય છે. જીવનના આકાશને એ કર્મગતિ બહુરંગી બનાવવામાં અનેરો ભાગ ભજવતી હોય છે. પ્રત્યેક-

બુદ્ધનું પવિત્ર-ભાવિ ધરાવનારાનાં જીવનમાંય એ કર્મનું ગતિવૈચિત્ર્ય ક્યારેક ક્યારેક જોવા મળતું હોય છે. એક વાર રાજવી કરકંડૂના જીવનમાં પણ આવી વિચિત્રતાનાં દર્શન થયા. માનવીના મનમાં ક્યારે કેવો તરંગ ઊઠે અને એને ક્યારે કેવો રંગ મનગમતો બની જાય, એ કહેવાય નહિ. એક વાર રાજવી કરકંડૂની નજર ગાયના એક ટોળા પર પડી અને પૂર્વભવના એવા કોઈ સંસ્કાર જાગી ઊઠ્યા કે, એક ગોવાળની અદાથી એમણે ગાયના એ ટોળાને નેહભરી નજરે નિહાળ્યું.

કરકંડૂ એક મહારાજવી હતા, એઓ કોઈ ગોવાળ ન હતા. એથી ગાયો તરફની એમની મમતાને સૌએ નવાઈની નજરથી નિહાળી, પણ કરકંડૂનો ગૌ-પ્રેમ વધતો જ ગયો. વધતો જ ગયો. ક્યારેક તો એઓ ગાયોના ટોળા વચ્ચે એવી રીતે હરતાફરતા કે જાણે કોઈ ગોવાળ જ જોઈ લો ! કરકંડૂ પોતે પણ જાણી શકતા ન હતા કે, પોતાના દિલ-દિમાગમાં આવો ગૌ-પ્રેમ એકાએક ક્યાંથી જાગ્રત થઈ ગયો ? એઓ ઘણો વિચાર કરતા, પણ આ પ્રશ્ન અનુત્તરિત જ રહેતો. રાજા જેવા રાજાને ગાયો ગમવા માંડે, પછી બાકી શું રહે ? પૈસાના લોભે ગોવાળો સારી સારી ગાયો ગોતી ગોતીને ચંપાપુરીમાં લાવવા માંડ્યા અને મોં માગ્યા દામ ચૂકવીને રાજા એ ગાયોનો સંગ્રહ કરવા માંડ્યા. થોડાં વર્ષોમાં તો એકને જુઓ, ને બીજીને ભૂલો, એવી અગણિત ગાયો રાજા પાસે એકઠી થઈ ગઈ. રાજા રોજ એ ગાયોના ટોળા વચ્ચે જાય, કોઈનાં શિંગડાંઓની એ પ્રશંસા કરે, તો કોઈનાં રૂપરંગ એમને ગમી જાય ! આમ, ઘડી બે ઘડી ગાયો વચ્ચે ગાળવાનો રાજાનો રોજનો ક્રમ થઈ પડ્યો !

એક દહાડો એક વાછરડા પર રાજા કરકૂંડની નજર વધુ ઠરી. દૂધ જેવી ધવલ એની ચામડી હતી, એની આંખો, એના શિંગડાં, એનો આકાર અને તેની ચાલ : આ બધું જ રાજાને અનોખું લાગ્યું. રાજા એની પર મોહી પડ્યા, એટલું જ નહિ, પરંતુ એની પર રાજાની ચાર

હાથે કૃપા ઊતરી, ગોપાલકોના અગ્રણીને બોલાવીને રાજાએ આજ્ઞા કરી કે, રાજાના બાળકની જેમ તમારે આજથી હવે આ વાછરડાને સાચવવાનો છે. આને તરસ લાગે તો દૂધ પાવું અને આને ભૂખ લાગે ત્યારે તમારે લીલું ઘાસ ખવડાવવું ! આને રહેવા માટે એક સુંદર ઝૂંપડી બાંધવી ! કેમ કે મારું ચિત્ત આ વાછરડાએ ચોરી લીધું છે.

ગોપાલકોએ રાજાજ્ઞા શિરોધાર્ય કરી. વાછરડાનાં પુણ્ય જાગી ઊઠ્યાં. રાજા જેવો રાજા રીઝે, પછી વાછરડાની સાર-સંભાળમાં શી ઊણપ રહે ? રાજાશાહી સરભરા વચ્ચે વાછરડાની કાયા હૃષ્ટપુષ્ટ થવા માંડી. પહેલા તો રાજા બધી ગાયો પાસે જતા હતા, પણ જ્યારથી આ વાછરડાએ ચિત્ત ચોરી લીધું, ત્યારથી તેઓ ઘડી બે ઘડીનો બધો જ સમય આ વાછરડાની પાસે જ વિતાવતા. એ સમયે એમનાં તન-મન નાચી ઊઠતાં. આવી પ્રસન્નતા તો તેઓ સગા સંતાનને રમાડતી વખતેય માણી શકતા ન હતા !

એક તો આખલાની જાત અને એ ચોમાસું ચર્યો ! આ કહેવત આ વાછરડાને ફળે, પછી બાકી શું રહે ? થોડા જ મહિનાઓમાં એ વાછરડો એવો તો હૃષ્ટપુષ્ટ બની ગયો કે, ભલભલા બળદોનેય એ હેરાન કરવા માંડ્યો ! રાજા જેની પાસે દોડ્યા દોડ્યા જતા, એ વાછરડાથી હવે સૌ ભયભીત રહેવા માંડ્યા. બીજાની તો વાત જવા દો, એ વાછરડો પોતાના પાલકોનેય ઘણી વાર હેરાન કરતો. એની મરજી વિરુદ્ધ કંઈક થાય, તો તરત જ એ વાછરડો તોફાન મચાવતો. આમ, એના તોફાનથી સૌ કોઈ ત્રાસી ઊઠ્યા. પણ રાજાના એની પર ચાર હાથ હતા. એથી એની ફરિયાદ લઈને રાજા આગળ જવા કોઈ જ તૈયાર ન થતું. આમ ને આમ થોડાં વર્ષો વીતી ગયાં.

માનવનું મન કોઈ ચીજને સતત સ્નેહ આપી શકતું નથી, તેમજ સતત દ્વેષ કરવો એય એના માટે ગજા બહારની વાત હોય છે. એ માનવીમાંય વળી રાજાના મનને તો આ વાત અત્યંત બંધબેસતી બને

એવી છે. થોડા સમય બાદ રાજા કરકંડૂ એવા જ કોઈ રાજકાજમાં ગૂંથાઈ ગયા કે, જે વાછરડા પાસે તેઓ બે ઘડી ગાળતા, એ વાછરડાને તેઓ ધીમે ધીમે સાવ જ વીસરી ગયા ! થોડા દિવસો સુધી રાજાએ વાછરડાને જ્યારે યાદ પણ ન કર્યો, ત્યારે ગોવાળોએ પણ એની સારસંભાળ લેવામાં ઉપેક્ષા કરવા માંડી. થોડાક મહિનામાં આ ઉપેક્ષાનું પરિણામ એ આવ્યું કે, બાદશાહી જે સરભરાના કારણે એ વાછરડો અકાળે યુવાન બન્યો હતો, એ જ વાછરડો ઉપેક્ષાનો ભોગ બનીને અકાળે ઘરડો બનવા માંડ્યો. બધા ગોવાળોને થોડા સમયમમાં તો પાકો વિશ્વાસ બેસી ગયો કે, રાજા કરકંડૂ હવે તો ગાયો અને વાછરડાને સાવ જ વીસરી ગયા છે !

રાજ-કૃપાના કારણે જે વાછરડો બધાની માયા મેળવતો હતો, એ પોતાની તોફાનવૃત્તિના કારણે હવે બધાથી ઉપેક્ષિત થઈને એક ખૂણામાં પડ્યો પડ્યો પોતાના એ સોનેરી સમયને યાદ કરી કરીને લોહીના આંસુ સારી રહ્યો. એના દેહમાં પણ એક સમજણો જીવ હતો, એથી સુખની યાદ આવવી, એના માટે સહજ હતી. તેમજ એ સુખની સરખામણીમાં વર્તમાનનું દુઃખ એને રડાવી જાય, એ પણ સ્વાભાવિક હતું. આમ, આ બધા કારણોસર એ વાછરડો એકદમ દૂબળો પડી ગયો અને એનું શરીર થોડા જ સમયમાં હાલતુંચાલતું હાડપિંજર જ બની ગયું !

ગૌશાળાની આસપાસના એ પ્રદેશ આગળથી રાજા કરકંડૂ ઘણી વાર પસાર થતા. પણ ઘણા મહિનાઓથી એઓ ગાયોને સાવ જ ભૂલી ગયા હતા. એથી ગૌશાળામાં જવાનું ન બનતું. એમાં એક દહાડો ગૌશાળા જોતાં જ એમનો જૂનો પશુપ્રેમ પાછો જાગ્રત બની ઊઠ્યો અને પશુપ્રેમ જાગતા જ એમની આંખ સામે પેલો વાછરડો તરવરી ઊઠ્યો ! આ પળે જ એમને ખ્યાલ આવ્યો કે, કેટલાય મહિનાઓથી પોતે એ વાછરડા પાસે ગયા જ ન હતા ! આ સ્મૃતિ થતાં જ એમનું હૈયું લાગણીથી ભરાઈ આવ્યું અને મહત્ત્વના કાર્ય માટે નીકળ્યા હોવા છતાં એઓ દોડીને ગૌશાળામાં પેઠા. એમણે પોતાના માનીતા વાછરડા અંગે પૂછપરછ કરી,

ગોવાળો આ પ્રશ્ન સાંભળીને થરથર ધ્રૂજી ઊઠ્યા. કેમ કે પોતાની ઉપેક્ષાના કારણે દર્શનીય એ વાછરડો હવે તો જોવા જેવો પણ રહ્યો ન હતો. રાજાએ જરા સત્તાવાહી સૂરે પૂછ્યું :

'મારો મનગમતો વાછરડો ક્યાં છે ? દિવસો બાદ મને આજે એની સ્મૃતિ સતાવી રહી છે. માટે મને તરત જ એ વાછરડા પાસે લઈ જાવ !'

રાજાજ્ઞા આગળ ગોવાળોને ઝૂક્યા વિના છૂટકો જ ન હતો. તેઓ રાજાને પેલા વાછરડા પાસે લઈ ગયા. ગોવાળોએ કહ્યું : મહારાજા ! આ એ જ વાછરડો છે, પણ અવસ્થા અને અસ્વસ્થતાના કારણે દૂબળો પડી ગયો હોવાથી આપ આને કદાચ ઓળખી નહિ શકો, બાકી આ એ જ વાછરડો છે, જેનું દર્શન એક વખત આપને પ્રસન્ન બનાવી જતું હતું !

રાજા કરકંડૂ ફાટી આંખે એ વાછરડાને જોઈ જ રહ્યા. એમને થયું કે, મારી દૃષ્ટિ મને દગો દઈ રહી છે કે શું ? નહિ તો ક્યાં એ હૃષ્ટપુષ્ટ વાછરડો અને ક્યાં એનું આ હાલતું- ચાલતું હાડપિંજર ! શું આ એ જ વાછરડો હોઈ શકે ? એક વખત જે વાછરડા પરથી નજર હઠાવવાનું મન થતું ન હતું. એની પર આજે નજર કરવાય દિલ તૈયાર થતું ન હતું ! વાછરડાના દર્શને રાજવી કરકંડૂના દિલની દુનિયામાં વિચારનું એક વાવાઝોડું ત્રાટકી પડ્યું અને તેઓ તરત જ પોતાના મહેલે પાછા ફર્યા. રાજવીને જે ગંભીરતા અને જે ગમગીની ઘેરી વળી હતી, એ જોઈને ગોપાલકોનાં દિલ ઊંચાં થઈ ગયાં, એમના જીવ એથી પડીકે બંધાઈ ગયા, ગોવાળોને થયું કે, રાજા આપણને હવે કડકમાં કડક શિક્ષા કર્યા વિના નહિ જ રહે !

ગોવાળો આમ રાજાથી ગભરાઈ ઊઠ્યા. પણ રાજવીની સ્થિતિ તો વળી જુદી જ હતી. હૃષ્ટપુષ્ટમાંથી હાડપિંજર બની ગયેલા વાછરડાના દર્શને એમના અંતરને ખળભળાવી મૂક્યું હતું. શરીરની અશુચિતા અને ક્ષણભંગુરતા જાણે એમની આંખ સામે સદેહે ખડી થઈ ગઈ હતી અને એ સાફ સાફ શબ્દોમાં રાજાને સણસણતા સવાલો કરી રહી હતી કે,

'રાજન્ ! જે વાછરડાને જોતાં તમે ધરાતા જ ન હતા, એની પર હવે તમારી નજર પણ કેમ ઠરતી નથી ? શું તમારો પ્રેમ માત્ર ચામડાનો જ પ્રેમ હતો ? આત્મા સાથે એ પ્રેમને શું કશું જ લાગતું વળગતું ન હતું ? યુવાવસ્થા અને વૃદ્ધાવસ્થા એક જ સિક્કાની બે બાજુ છે. જે એક જ બાજુ નિહાળે છે, એને અધ્યાત્મ આંધળો કહે છે. બંને બાજુને નિહાળનારો જ દેખતો ગણાય છે ! એકાંગી દૃષ્ટિ માણસને રાગાંધ કે દ્વેષાંધ બનાવીને પાપના પાતાળમાં પટકે છે. માટે પાતાળનું પતન અટકાવવું હોય, રાગથી ખરડાવું ન હોય અને દ્વેષથી ધમધમી ઊઠવું ન હોય, એણે તો પુદ્ગલના બંને ખેલને નીરખવા જ જોઈએ !'

રાજવી કરકંડૂના કાળજે છુપાયેલું 'પ્રત્યેક બુદ્ધત્વ' જાણે જાગ્રત થઈને પાંખો ફફડાવવા તક જ ગોતી રહ્યું હતું અને એમાં એમનું પ્રત્યેક બુદ્ધત્વ જાગી ઊઠ્યું. આનું નામ જ પ્રત્યેક બુદ્ધત્વ ! ન તો એ વાછરડામાં કોઈ વિશેષતા હતી કે ન તો એ ઘડી પળ એવી કોઈ વિશેષ હતી. જે કંઈ વિશેષતા હતી, એ પ્રત્યેક બુદ્ધત્વની જ વિશેષતા હતી !. એથી સામાન્ય-નિમિત્તને અસામાન્ય-સાલંબન બનાવીને એ પ્રત્યેક બુદ્ધત્વ જાગ્રત બની ઊઠ્યું.

રાજવી કરકંડૂના અંતરમાં જાગેલાં અનિત્યત્વનાં એ આંદોલનો વધુ ઉગ્ર બન્યાં. એ ઉહાપોહના પ્રભાવે એમની પૂર્વજન્મની સ્મૃતિ પણ સજીવન બની ઊઠી. શરીર માત્ર અશુચિ જ નહિ, અનિત્ય પણ છે. આ સત્યનો એમને સાક્ષાત્કાર થઈ ઊઠ્યો. જ્યાં અશુચિત્વ હોય, જે અનિત્યત્વથી પણ ખરડાયેલું હોય, એની પર રાગનો અભિષેક કરવામાં વળી શાણપણ શેનું ? આ પ્રશ્ન એમના અંતરમાં જાગ્યો. આના ઉકેલ રૂપે સંસાર પરનો સ્નેહ હટાવવા સૌ પ્રથમ શરીર પરની મમતાને જ મારવી જોઈએ, એવો જવાબ એમના અંતરમાંથી જાગ્યો અને આ માટે 'કષ્ટાર્થં દીક્ષા-કષ્ટ માટે જ જૈન-દીક્ષા'નો સાધના માર્ગ એમની આંખ સામે ઊપસી આવ્યો.

અંતરના તારેતારમાંથી રાગ ફેંકાઈ ગયો હતો અને ત્યાં વિરાગ જડાઈ ગયો હતો. એથી મનથી પ્રતિબુદ્ધ બનેલા રાજા કરકંડૂને રાજર્ષિ કરકંડૂ તરીકેની વંદનીય સાધુ-મૂર્તિમાં પલટાવવા એ જ પળે શાસનદેવી પ્રગટ થયાં. એમના હાથમાં સાધુવેશ હતો, પ્રત્યેક બુદ્ધ કરકંડૂએ હાથ લંબાવ્યો અને શાસનદેવીના હાથમાં શોભતો સાધુવેશ વળતી પળે જ કરકંડૂની કાયાને શોભાવી રહ્યો ! 'રાજર્ષિ કરકંડૂ' તરીકે એમનો જયનાદ જગવીને શાસન દેવી અદશ્ય બન્યા.

આ વાત ચંપાપુરીમાં ફેલાતાં આખી નગરી પ્રત્યેક બુદ્ધનાં દર્શન મેળવવા રાજમહેલમાં ઊમટી પડી, સૌની આંખ એમના દર્શને આંસુભીની બની. ક્યાં ગઈકાલના રાજવી ને ક્યાં આજના રાજર્ષિ ! સૌને આ એક સ્વપ્ન જણાતું હતું. પણ જ્યારે રાજર્ષિએ રાજમહેલ છોડીને એકલા અટૂલા વન-વગડાની વાટે જવા કદમ ઉઠાવ્યાં, ત્યારે સૌને થયું કે, રાજામાંથી રાજર્ષિ તરીકેનો આ પુણ્ય-પલટો કોઈ સ્વપ્ન નહિ, સો ટચનું એક સત્ય છે ! આ પલટા પાછળ એક વાછરડાનો સામાન્ય પ્રસંગ જે રીતે નિમિત્ત બની ગયો એની વિગત જ્યારે સૌએ જાણી, ત્યારે સૌ બોલી ઊઠ્યા કે,

આનું નામ જ પ્રત્યેક બુદ્ધત્વ ! જે સામાન્ય નિમિત્તનેય અસામાન્યતા અપાવે અને ભોગની ખીણમાંથી એકદમ જ ત્યાગના શિખરે સિંહફાળ ભરે, એવા પ્રાતઃસ્મરણીય પ્રત્યેક બુદ્ધત્વને પ્રણામ !

**પ્રત્યેક બુદ્ધ રાજર્ષિ કરકંડૂ**
**જીવનકથા સંપૂર્ણ**

• • •

# રાજર્ષિ દ્વિમુખ

કથાક્રમ


૧. રજને ગજ કરે એ રાજા............................૧૦૯

૨. મનડું મૂંઝાયું, ચિત્તડું ચોરાયું......................૧૧૭

૩. રાજવી બન્યા રાજર્ષિ..............................૧૨૬

## પ્રકરણ ૧

# રજને ગજ કરે એ રાજા

પ્રત્યેકબુદ્ધ વિભૂતિનું આત્મદ્રવ્ય જ અનોખું હોય છે. એની અનોખાઈ જ્યારે આવરિત હોય, ત્યારે સહેલાઈથી એ વિભૂતિને કોઈ ઓળખી ન શકે, એ હજી બની શકે. બાકી એઓ યુદ્ધમાં જાય એ અશુદ્ધ વાતાવરણ એઓની આસપાસ ઘેરાઈ જાય, એઓ ક્રુદ્ધ બને કે દેખીતી રીતે અધ્યાત્મ વિરુદ્ધ બોલતા/ચાલતા તેઓ જોવા મળે, તોય એમનું એ પ્રત્યેક-

બુદ્ધત્વ અકબંધ રહી શકતું હોય છે, એની ખબર અજબ ઘડી એક આવતાં જ દુનિયાને મળી જતી હોય છે. રાજર્ષિ કરકંડૂની જેમ રાજર્ષિ દ્વિમુખની ગણનાય પ્રત્યેકબુદ્ધમાં થઈ છે. નાનકડી છતાં અદ્ભુત એમની કથા છે.

ભગવાન શ્રી મહાવીર પરમાત્મા વિચરી રહ્યા હતા, એ કાળની ઘટના છે. ત્યારે પંચાલ દેશ ખૂબ જ પ્રખ્યાત હતો. એનું મુખ્ય નગર કાંપિલ્યપુર એક મોટું નામ હતું. અનેક રીતે સમૃદ્ધ આ નગરના રાજવી હતા : જયવર્મા ! એમની રાણીનું નામ હતું : ગુણમાળા !

રાજા-રાણી બધી વાતે સુખી હતાં. સમૃદ્ધિ કે સંતાનના સુખની એમને કમીના ન હતી. પ્રખ્યાતિ કે પ્રતિષ્ઠાના ક્ષેત્રમાં પણ એમનાં નામ-કામ આગલી હરોળમાં શોભતાં હતાં. આમ, ભૌતિક દૃષ્ટિએ કોઈ વાતની ઊણપ એમને સાલે એવી ન હતી, પરંતુ કહ્યું છે કે, સંસાર જ એનું નામ, જ્યાં કોઈની બધી જ આશા-અભિલાષાઓ પૂર્ણ ન થઈ હોય ! સંસારનો એવો સ્વભાવ જ છે કે, આઠ આશાઓ એ જગાડે, એની પૂર્તિ થયા પછી કોઈ જ કામના નહિ જાગે, એવો આભાસ પણ એ પેદા કરાવે, પણ જ્યાં એ આઠ આશાઓ પૂરી થાય, ત્યાં જ નવી આઠસો આશાઓ ઊધઈની જેમ જન્મી જ ચૂકી હોય !

રાજા જયવર્માને કોઈ કહેતા કોઈ વાતે કમીના ન હતી. પણ એક દહાડો એમના મનમાં સુંદર સભા-મંડપનું નિર્માણ કરવાની ઇચ્છા જાગી. આ ઇચ્છા એમણે મંત્રીઓ સમક્ષ વ્યક્ત કરી. મંત્રીઓએ દેશભરમાંથી સારા સારા શિલ્પીઓને એકઠા કર્યા અને એક દહાડો રાજાની એ ઇચ્છા પૂર્ણ કરવા હજારો માણસો કમ્મરતોડ કાર્ય કરવા મંડી પડ્યા.

શિલ્પીઓના મોઢે સભામંડપના નિર્માણની વાતો રાજા જેમ સાંભળતા, એમ એમની આંખમાં અનોખાં સ્વપ્ન અવતરતાં. સભાખંડનું નિર્માણ તો ઘણા દિવસ પછી થનાર હતું. હજી તો એના પાયા જ ખોદાઈ રહ્યા હતા. પણ રાજવીના દિલ-દિમાગની સૃષ્ટિ ઉપર તો જાણે સંપૂર્ણ

સભામંડપ ઊભો થઈ જ ગયો હતો અને એમાં એઓ દિવસ/રાત સહેલગાહ માણી રહ્યા હતા.

એક દિવસ આશ્ચર્ય સરજાયું. સભાખંડનો પાયો ખોદાઈ રહ્યો હતો. ત્યાં જ જમીનમાંથી એક મુકુટ નીકળ્યો. ચાર દિવસના સતત ખોદકામ પછી પાંચમે દિવસે જમીનમાંથી નીકળેલો આ મુકુટ ખરેખર અદ્‌ભુત હતો. જોનાર 'અદ્‌ભુત અદ્‌ભુત' પોકારી ઊઠે. એવાં એનાં મૂલ્ય ને એવી એની મનોહરતા હતી. પૂરો મુકુટ સુવર્ણનો હતો અને વિવિધ રંગી મણિ-મોતીઓ એમાં જડવામાં આવ્યાં હતાં. અંધારામાં પણ 'પ્રકાશ-પ્રકાશ' ફેલાવતી એની કાંતિ હતી. રાજાથી માંડીને પૂરી પ્રજા એ મુકુટ જોવા એકઠી થઈ ગઈ. તેની કલા-કારીગરી પર ઝવેરીઓ તો આફરીન પુકારી ગયા !

રાજાને થયું કે, મારો પુણ્યોદય જોરદાર છે, એથી જ મને સભામંડપ બનાવવાની ઇચ્છા જાગી ! ભાગ્યશાળીને તો ભૂત પણ રળી આપે, એ આનું નામ ! રાજાએ એ મુકુટને દેવકૃપા માનીને એનો વાજતે-ગાજતે નગર-પ્રવેશ કરાવ્યો અને શુભમુહૂર્ત આવતાં જ આખું નગર હિલોળે ચડ્યું અને રાજસભા હકડેઠઠ ભરાઈ. ભરી સભામાં રાજાએ જ્યારે એ મુકુટને પોતાના મસ્તક પર સ્થાપન કર્યો, ત્યારે તો તેઓ ઇન્દ્રરાજની જેમ શોભી ઊઠ્યા. રાજાના આનંદને કોઈ અવધિ ન રહી.

દિવસો વીતવા માંડ્યા, એમ આ મકુટની કીર્તિ ફેલાતી ચાલી. એથી દૂર દૂરથી લોકો માત્ર એ મુકુટનું દર્શન કરવા માટે જ કાંપિલ્યપુરમાં આવવા લાગ્યા. મુકુટના દર્શનાર્થીઓની કતાર જેમ વધતી ગઈ, એમ એમ રાજવી જયવર્મા પણ વધુ ગૌરવાન્વિત બની રહ્યા. આ મુકુટ પર એમને એટલી બધી માયા બંધાઈ ગઈ કે, આ મુકુટની સ્મૃતિ કાયમ રહે, માટે એઓ પોતાના 'જયવર્મા' નામને પણ અલગ કરવા તૈયાર થઈ ગયા. તેઓ જ્યારે આ મુકુટ ધારણ કરતા, ત્યારે એમના મુખનાં

બે પ્રતિબિંબ એ મુકુટમાં ઝિલાતાં, એથી એમણે પોતાનું 'દ્વિમુખ' આ રીતનું નવું નામ ધારણ કર્યું. આમ, મુકુટની પ્રાપ્તિ થયા બાદ 'જયવર્મા' નામ ભુલાતું ગયું અને 'દ્વિમુખ' નામ પ્રચલિત બનતું ચાલ્યું.

લોકો તો લગભગ તમાશાના જ પ્રેમી હોવાથી આ મુકુટ અંગે અનેક દંતકથાઓ રચાઈ ગઈ અને દેશોદેશમાં એ ફેલાવો પામી રહી. એ દેશોમાં અવંતિનો પણ એક નંબર હતો. અવંતિનરેશ ચંડપ્રદ્યોતે જ્યારે આ મુકુટની કીર્તિ સાંભળી, ત્યારે એમનું ઘમંડ સળવળી ઊઠ્યું ! ભરીસભામાં એઓ બોલી ઊઠ્યા : આ વસુંધરા જ નહિ, આ વસુંધરા પરની હર કોઈ ચીજ વીરભોગ્યા છે. એની પર કોઈ પણ પોતાનો અબાધિત અધિકાર જમાવી શકે નહિ. જેની પાસે તલવારનું જોર હોય, એ એને ભોગવવાનો હક્કદાર !

રાજવીઓની એ વખતની નામાવલિમાં ચંડપ્રદ્યોત એક અજબ/ગજબનું નામ હતું. એઓ કામી પણ હતા અને લોભી પણ હતા. એઓ ગુસ્સાબાજ હોય, એ તો સાવ સહજ હતું. એમના કામ-લોભ-ક્રોધ ત્યારે ખૂબ જ કુખ્યાત હતા. ચંડપ્રદ્યોતે તરત જ એક દૂતને રવાના કરીને એ મુકુટની માહિતી મેળવવાનો નિર્ણય કર્યો. એ મુજબ એક ગુપ્તચર દૂત કાંપિલ્યુપર પહોંચ્યો. મુકુટના દર્શને અને એમાંય મુકુટથી ઈન્દ્રની જેમ શોભતા દ્વિમુખ રાજવીના દર્શને એ છક્ક થઈ ગયો. એનાં આંગળાં આપોઆપ જ મોઢામાં ચાલ્યાં ગયાં. એને થયું : મુકુટ જો અવંતિપતિ ચંડપ્રદ્યોતના માથે હોય, તો એમનો વટ પડી જાય ! આ રીતે કલ્પનાઓના ઘોડા દોડાવવા સિવાય એ દૂત બીજું તો શું કરી શકે એમ હતો ? એથી મનોમન 'વાહ વાહ' ઉચ્ચારતો એ દૂત અવંતિ તરફ એક દહાડો પાછો ફર્યો.

દ્વિમુખના માથે શોભતા મુકુટ અંગે દૂતે વધારી વધારીને ચંડપ્રદ્યોત આગળ જે વાતો રજૂ કરી, એના ફળ રૂપે ચંડપ્રદ્યોતે પ્રચંડ બનીને

મંત્રીશ્વરને આજ્ઞા કરી કે, કાગડો દહીંથરું ખાય એમાં દહીંથરાનું મહત્ત્વ માર્યું જાય છે. મુકુટથી રાજા દ્વિમુખ ભલે શોભતો હોય, પણ દ્વિમુખનું માથું બેસવા મળવાથી તો એ લાખેણા મુકુટનું મહત્ત્વ માર્યું જાય છે, એનું શું ? એ મુકુટને પોતાનું મહત્ત્વ પાછું મેળવી આપવા માટે તો કોઈ શૂરવીરે સમશેર સંભાળવી જ રહી ! માટે દ્વિમુખને સંદેશ કહેવડાવો કે, માનભેર જીવવું હોય, તો મુકુટને અવંતિની સેવામાં સાદર સમર્પિત કરી દે.

રાજા ચંડપ્રદ્યોતની આજ્ઞા એટલે આજ્ઞા ! મંત્રીશ્વરોએ એ જ દહાડે સંદેશ લખીને એક દૂતને કાંપિલ્યપુર તરફ રવાના કર્યો. થોડા દિવસના અંતે દૂત કાંપિલ્યપુરની રાજસભામાં જઈ ઊભો. મુકુટના દર્શનની એનેય તાલાવેલી હતી. મુકુટ એણે જોયો અને એ આભો જ બની ગયો. અવંતિપતિ ચંડપ્રદ્યોતનો સંદેશ રાજવી દ્વિમુખને આપતાં એણે કહ્યું : ઉજ્જયિનીથી હું આવ્યો છું. અવંતિપતિ શ્રી ચંડપ્રદ્યોતનો હું સંદેશવાહક છું. આથી વધુ મારે કંઈ જ કહેવાનું રહેતું નથી. કેમ કે આ સિવાય જે કંઈ કહેવાનું છે, એ તો આ સંદેશ જ કહેશે.

રાજા દ્વિમુખે દૂતની આ વાચાળતા પર મુગ્ધ બનીને અવંતિનો સંદેશ વાંચવા માંડ્યો. સંદેશનો એક એક શબ્દ એમના અંતરમાં આગ જલાવી રહ્યો. ક્રોધથી ધમધમતા શબ્દોમાં એઓ બોલી ઊઠ્યા કે, આ તો એક નવો જ વીર જાણ્યો, જેને લૂંટવામાં જ વીરતાનું દર્શન થતું હોય ! મળેલા બળનો આ તો દુરુપયોગ કહેવાય. બળ મળ્યું એટલે શું લૂંટ મચાવવાની ! તો તો પછી મોટો લૂંટારો જ મોટો રાજા ગણાય !

મુકુટ તો રાજા દ્વિમુખને પ્રાણથીય વધુ પ્યારો હતો. એથી મુકુટ સાથે અડપલું કરનારને સણસણતો જવાબ વાળતા દ્વિમુખે દૂતને કહ્યું : દૂત ! તું તો ચિઠ્ઠીનો ચાકર છે. તને ઠપકો આપવાનો કોઈ જ અર્થ નથી ! માટે તું તારા રાજાને કહેજે કે, વીરભોગ્યા વસુંધરાનો આવો

અર્થ ક્યાંથી તારવ્યો ? જો બળને જ બધી બાબતોમાં મુખ્યતા આપવામાં આવે, તો ઠેર ઠેર લૂંટારાઓનું જ સામ્રાજ્ય ફેલાઈ જાય. સજ્જનને સન્માનવા ને દુર્જનોને દંડવા માટે જ બળનો પ્રયોગ કરવાનો છે. મુકુટને પડાવી લેવાની માંગણી કરતા પૂર્વે તારા રાજાએ આ વિચાર કર્યો લાગતો નથી ! નહિ તો એક લૂંટારાની જેમ આવી માંગણી કરવાની ધિઠ્ઠાઈ તારા રાજાએ કરી જ ન હોત ! આમ છતાં પણ જો તારો રાજા અનલગિરિ નામનો રાજ્યહસ્તી, અગ્નિભીરુ નામનો રથ, લોહજંઘ નામનો દૂત અને શિવાદેવી નામની પટ્ટરાણી : આટલી પોતાની વસ્તુઓ કાંપિલ્યપુરને સહર્ષ સોંપી દેવા તૈયાર હોય, તો હું મારો મુકુટ ચંડપ્રદ્યોતને આપી દેવા તૈયાર છું. બાકી એમને એમ ચંડપ્રદ્યોત જો આ મુકુટ પડાવી લેવાનાં સ્વપ્ન જોતો હોય તો એ ખાંડ ખાય છે, કેમ કે કાંપિલ્યપુર કંઈ ધણીધોરી વિનાનું બોડી બામણીનું ખેતર નથી કે, ચોરની જેમ તારો રાજા મુકુટની ચોરી કરવામાં ફાવી જાય !

ધમધમતા દ્વિમુખ રાજા કંઈક શાંત થયા, એટલે મંત્રીઓએ દૂતને કહ્યું : તું તો દૂત છે. એથી તને વધુ શું કહેવાનું હોય ! પણ તું તારા રાજાની આવી અન્યાયી માગણી લઈને અહીં આવ્યો, એથી મને તારી પર દયા આવે છે. આ મુકુટ કંઈ અમારા રાજાએ લડીને કોઈ પાસેથી મેળવ્યો નથી ! દેવકૃપાના રૂપમાં મળેલા આ મુકુટને અમારા રાજવી ભોગવે છે, એટલુંય શું તારા રાજાથી સહન થતું નથી ! આટલી બધી ઈર્ષા અને બળનું આટલું બધું ઘમંડ ! પણ યાદ રાખજે કે, આ દુનિયામાં રાવણ જેવા રાજાનુંય અભિમાન રહ્યું નથી. ત્યાં ચંડપ્રદ્યોત તો કોણ માત્ર ?

દૂતે નહોતું ધાર્યું, એવું અપમાન ભરીસભામાં થયું હતું અને ચંડપ્રદ્યોતની કીર્તિ ધૂળ ભેગી થઈ જાય, એવા આક્ષેપો તેજાબી ભાષામાં થયા હતા. એથી વીલેમોઢે એ પાછો ફર્યો. એણે મનોમન એવી ગાંઠ

વાળી કે, રાજવી ચંડપ્રદ્યોતને એવો ચડાવું કે, દ્વિમુખને સજ્જડ જવાબ મળે ને ખૂનખાર જંગ મંડાય ! એક દહાડો દૂત ઉજ્જયિની પહોંચ્યો. પોતાના રાજવીના અને પોતાના થયેલા હડહડતા અપમાનને એણે મરચું/મીઠું ભભરાવીને એવી રીતે રજૂ કર્યું કે, એ સાંભળતાં જ ચંડપ્રદ્યોત તલવાર તાણીને ઊભા થઈ ગયા ! દાંત કચકચાવતા એમણે કહ્યું કે, આ દ્વિમુખને હું બતાવી આપીશ કે, કાગડો કઈ રીતે દહીંથરું ભોગવી શકે છે. મેં તો એક માત્ર મુકુટની જ માગણી મૂકી, એની સામે એણે મારા રાજ્યની સર્વસ્વભૂત ગણાતી ચાર ચાર મૂલ્યવાન ચીજો માંગીને, મને યુદ્ધ માટે જ હાકલ કરી છે. સૂતા આ સિંહની કેસરા સાથે અડપલું કરનારા એ દ્વિમુખને હવે તો હું કોઈ પણ હિસાબે કેદ કર્યા વિના નહિ જ રહું ! જો મુકુટ નહોતો આપવો તો ચોખ્ખી ના કહેતાં એને કોણ રોકતું હતું ! પણ આમ માયાવી રીતે મુકુટ આપવાની તૈયારી બતાવનારા એ દ્વિમુખને હવે તો હું એ બતાવી જ આપીશ કે, અવંતિ સાથે મનમાં મેલ રાખીને વાત કરવાનું પરિણામ કેવું ભયંકર આવી શકે છે, એ નજરોનજર જોઈ લે અને આવું પરિણામ ભોગવવા હવે કાંપલ્યિપુર તૈયાર રહે !

અવંતિપતિ ચંડપ્રદ્યોતની યુદ્ધપ્રિયતા ત્યારે જગજાહેર હતી. એથી રાજવી દ્વિમુખને તો એવો વિશ્વાસ જ હતો કે, મારો સંદેશ ઉજ્જયિનીમાં પહોંચે, એટલી જ વાર ! ચંડપ્રદ્યોતની ચડાઈ આવી જ સમજો ! અવંતિ ભલે કાંપિલ્યપુરની તાકાત ઓછી આંકતું હતું. છતાં ચંડપ્રદ્યોતને હંફાવી શકે, એટલું સામર્થ્ય તો રાજવી દ્વિમુખ ધરાવતા જ હતા. પરંતુ ઘમંડી માણસ હંમેશાં પોતાનું બળ હોય, એથી વધુ આંકતો હોય છે અને સામાનું બળ, હોય એથી એ ઓછું માનતો હોય છે. આવી ઘમંડી-વૃત્તિ ચંડપ્રદ્યોતમાં ઠાંસી ઠાંસીને ભરી હતી. એથી રાજવી દ્વિમુખને સાવ તુચ્છ ગણતા તેઓ યુદ્ધે સંચર્યા.

આ યુદ્ધયાત્રાના સમાચાર મળતાં જ રાજવી દ્વિમુખે પણ જોરદાર તૈયારીઓ આરંભી દીધી. બંને બળિયા હતા. બળિયે બળિયા જ્યારે બાથ ભીડવા મેદાને પડે. ત્યારે વિનાશ વેરાવામાં કંઈ બાકી ન રહે. આ સત્યનો સૌને અનેકવાર સાક્ષાત્કાર થઈ ચૂક્યો હતો. એથી સરજાનારા વિનાશની કલ્પના અવંતિ અને પંચાલ : આ બંને દેશોને હચમચાવી મૂકતી હતી. એમાંય જ્યારે આ યુદ્ધના કારણ તરીકે આગળ કરાતા મુકુટની વાત જાણમાં આવતી, ત્યારે તો સૌ બોલી ઊઠતા કે, આનું જ નામ રજનું ગજ ! રજને જે ગજનું સ્વરૂપ ન આપે અને સંગ્રામની સુરંગમાં જે ચિનગારી ન ચાંપે, એ રાજા શાનો ! બંને દેશો જય માટે દાવો ધરાવતા હોવા છતાં બંનેનાં અંતર આશા-નિરાશાના ઝૂલે ઝૂલેતાં હતાં એ હકીકત હતી.

•

## પ્રકરણ ૨ મનડું મૂંઝાયું ચિત્તડું ચોરાયું

વાદળમાંથી વિખૂટી પડીને વિનાશ વેરવા ધરતી પર ત્રાટકી ચૂકેલી વીજળીને હજી અધવચ્ચેથી જ પાછી વાળી શકાય ! પરંતુ રણે ચડેલા રજપૂતોને સમશેરને મ્યાન કરાવીને પાછા વાળવા તો ખૂબ જ મુશ્કેલ ગણાય ! એથી મુકુટને માધ્યમ બનાવીને પંચાલ/અવંતિ વચ્ચેનો એ ખતરનાક જંગ અંતે પ્રારંભાઈને જ રહ્યો !

વાત નાની હતી, એની ના નહિ ! માત્ર એક મુકુટને જ નિમિત્ત બનાવીને એ સંગ્રામ શરૂ થયો હતો. મહાનલને જગવતી ચિનગારી નાની હોવા છતાં ભયાનક-ભાવિ સરજી જાય છે. આવું જ લગભગ હરકોઈ સંગ્રામનું ભાવિ હોય છે. રાજા ચંડપ્રદ્યોત વટના ટુકડા હતા. એથી અનેક સેનાઓના કાફલા સાથે તેઓ પંચાલના સીમાડા વીંધીને કાંપિલ્યપુરના યુદ્ધ-મેદાનમાં આવ્યા હતા અને અનેરા જુસ્સા-ગુસ્સા સાથે લડી લઈને 'વીર-ભોગ્યા વસુંધરા'નો પોતાનો કક્કો સાચો ઠેરવવા તલપાપડ બન્યા હતા.

આની સામે રાજવી દ્વિમુખ પણ એટલા જ ઉત્સાહ અને સાહસ સાથે પોતાનું કર્તવ્ય અદા કરવા મેદાને પડવા થનગની રહ્યા હતા. એમની વાત એક ને એક બે જેવી ચોખ્ખી હતી કે, મારા મુકુટની રક્ષા કરવામાં જો હું મર્દાનગી ન બતાવું, તો કાલ ઊઠીને આખું રાજ્ય ખોવાનો અવસર આવે ! માટે ન્યાયની દૃષ્ટિએ પણ મારે યુદ્ધનો જવાબ યુદ્ધથી વાળવો જ જોઈએ. એથી પોતાના સાત સાત પુત્રોની સાથે રાજા દ્વિમુખ યુદ્ધના મેદાનમાં ઊતર્યા. એમના મસ્તક ઉપર એ જ મુકુટ શોભી રહ્યો હતો, જેને નિમિત્ત બનાવીને ચંડપ્રદ્યોતે અકારણ યુદ્ધ જગવ્યું હતું.

એ મુકુટથી શોભતા દ્વિમુખને જોતા જ ચંડપ્રદ્યોતની આંખ એક વાર તો અંજાઈ ગઈ. મુકુટમાંથી એવાં તેજ કિરણો નીકળતાં હતાં કે, ભલભલા ભડવીરોય જેની સામે અંજાઈ જાય ! ચંડપ્રદ્યોત બળવાન હતો. પણ રાજવી દ્વિમુખને અને સાત સાત પરાક્રમી પુત્ર સાથે મેદાને પડેલી એમની વિરાટસેનાને જોતા જ એક વાર તો તેઓ પોતાના વિજય માટે સાશંક બની ઊઠ્યા. છતાં યુદ્ધમાં જેની કિંમત ગણાય, એ હિંમતને એકઠી કરીને એમણે યુદ્ધમાં ઝંપલાવ્યું.

ચંડપ્રદ્યોતને જડબાતોડ જવાબ આપી શકે, એવા સૈન્ય સાથે રાજવી દ્વિમુખ પણ ઝઝૂમી રહ્યા. થોડી જ પળોમાં એ સંગ્રામ સળગી ઊઠ્યો. વાવાઝોડામાં આમતેમ નમતી ધજાની જેમ વિજયનો વાવટો બંને પક્ષોની

વચ્ચે આમતેમ નમતો રહીને, બંને પક્ષની આશાને અમર રાખતો અણનમ જ રહ્યો. યુદ્ધનું મેદાન શોણિતની નદી બની ઊઠ્યું. દિવસો સુધી એ સંગ્રામ અવિરત ચાલ્યો. બળાબળની એ લડાઈમાં અંતે પંચાલ વિજયી નીવડ્યું. રાજવી દ્વિમુખની પરાક્રમી-સેનાએ એક દહાડો ચંડપ્રદ્યોતની સેનાને ઊભી પૂંછડીએ ભગાડી. દ્વિમુખ અને એમના પરાક્રમી પુત્રો સાવધ બની ગયા. એમણે સમયસરનો વ્યૂહ અપનાવીને ચંડપ્રદ્યોતને કેદ કરી લીધા. હવે એમની સેના ભાગી છૂટે કે પકડાય, એ બધું જ સરખું હતું. કેમ કે રાજાને કેદી બનાવવા, એ જ મહત્ત્વનું હતું.

રાજા દ્વિમુખ શાણા શત્રુ હતા. ચંડપ્રદ્યોત પકડાઈ જતાં જ એમને તેઓ રાજાને યોગ્ય માન-સન્માન સાથે નગરમાં લઈ આવ્યા. પણ કાયા કેદી હોવાથી આ માન-સન્માન તો ચંડપ્રદ્યોત માટે વધુ અસહ્ય બન્યાં. પરંતુ હવે દ્વિમુખના નજરકેદી તરીકે જીવ્યા સિવાય ચંડપ્રદ્યોતને ચાલે એમ જ ન હતું. કેમ કે પોતે ભૂંડી રીતે પરાજિત બન્યા હતા અને પોતાનું સૈન્ય પારોઠનાં પગલાં ભરીને પલાયન થઈ ગયું હતું.

રાજા ચંડપ્રદ્યોતની હારને માપદંડ બનાવીને અવંતિદેશ રાજવી-દ્વિમુખની શક્તિ માપી રહ્યો. દ્વિમુખની આવી બળવત્તા કોઈએ કલ્પી ન હતી. એથી ઘણાને ભય પેઠો કે, રાજવી ચંડપ્રદ્યોત કેદી છે, એથી આ નબળાઈનો લાભ લઈને રાજવી-દ્વિમુખ ઉજ્જયિની પર હલ્લો કરીને એને જીતી તો નહિ લે ને ? પણ આ ભય બિનપાયાદાર હતો, કેમ કે રાજવી દ્વિમુખ એવા લોભી કે લાલચુ ન હતા. જે પોલ જોઈને પગ પહોળા કરે ! ચંડપ્રદ્યોતની સામે પણ યુદ્ધ ખેલવાની એમની તો ઇચ્છા હતી જ નહિ ! પણ જ્યારે પોતાના મુકુટ સામે આક્રમણ આવ્યું, ત્યારે મૌન બેસી રહેવું, એ પણ એમને વાજબી ન લાગ્યું. આથી જ એમણે યુદ્ધ ખેલ્યું હતું અને આ યુદ્ધમાં ફતેહભર્યો વિજય મળવા છતાં ઉજ્જયિનીને જીતવાની એમના મનમાં જરાય ઇચ્છા જાગી ન હતી. કેમ કે એઓ શાણા શત્રુ હતા.

રાજવી ચંડપ્રદ્યોત યુદ્ધમાં હાર્યા હતા. પણ આ હારને પચાવી શકવાનું એમનામાં સામર્થ્ય ન હતું. રાજવી દ્વિમુખને જ્વલંત વિજય મળ્યો હતો. છતાં એ વિજયને પચાવી શકવા, એઓ સશક્ત હતા, એથી વિજયનો ગર્વનશો એમના મોં પર જોવા મળતો ન હતો. જ્યારે ચંડપ્રદ્યોતના ચહેરાને ઘેરી વળેલી હતાશા દિવસે દિવસે વૃદ્ધિ જ પામી રહી હતી.

નજરકેદી ચંડપ્રદ્યોતનાં માન-પાન એક રાજાની જેમ જ સચવાતાં હતાં. છતાં એમના અંતરને આસાએશ ન હતી. એમની નજર તો એ મુકુટ ઉપરથી હટતી જ ન હતી અને પોતાની રાહના વિચારને તેઓ પળ માટેય અળગો કરી શકતા ન હતા. આમ ને આમ અનેક દિવસો વીતી ગયા પછી એક એવો દિવસ ઊગ્યો કે, ચંડપ્રદ્યોતના ચહેરાએ રંગ બદલ્યો ! ક્રોધની લાલચોળ લાલાશ ત્યાંથી વિદાય થઈ ગઈ અને કામ વાસનાના ઘરની કંકુવર્ણી લાલાશ ત્યાં ઘેરાવા માંડી.

માનવીના મનમાં ક્રોધ-કામ આદિની અનેકવિધ લાગણીઓ જામેલી હોય છે. આમાં ક્યારે કઈ લાગણીમાં ઉછાળો આવે, એ કહી ન શકાય. આ લાગણીઓની તેજીમંદીનો ભોગ બનેલો માનવ કદીક એવો તો ક્રોધી બની ઊઠે છે કે, એની આંખમાંથી પ્રતિપક્ષ પર અંગારા વરસે ! અને એ જ માણસમાં કામની લાગણી જાગતાં પ્રતિપક્ષ પાસેથી મનગમતી ચીજ મેળવવા, એ એના પગ ચાટતાંય શરમાતો હોતો નથી !

ક્રોધી ચંડપ્રદ્યોતના મનના મહાસાગરમાં એક દહાડો કામ-વાસનાની લાગણીની ભરતી ચડી આવી. બન્યું એવું કે, રાજવી દ્વિમુખની પુત્રી મદનમંજરી પર ક્યાંકથી એમની નજર પડી ગઈ. આ નજર પડતાંની સાથે જ શત્રુ પરનો એમનો બધો ક્રોધ શાંત થઈ ગયો અને એઓ વિચારી રહ્યા કે, આ મદનમંજરી જો મને મળી જાય, તો મારો જન્મારો સફળ થઈ ગયો ગણાય ! આ કન્યા-રત્નની પ્રાપ્તિ થઈ જશે, તો માનીશ કે, યુદ્ધમાં ભલે હું હાર્યો, પણ એ હાર મારા ભવ્ય વિજયનો પાયો બની !

મદનમંજરીની દૃષ્ટિ તો હજી ચંડપ્રદ્યોત પર પડી જ ન હતી. માત્ર ચંડપ્રદ્યોતે જ એને નિહાળી હતી, છતાં ચંડપ્રદ્યોત એવી સ્વપ્નસૃષ્ટિમાં મહાલી રહ્યા કે, એમાં હાર પણ ભુલાઈ ગઈ, કેદ પણ ભુલાઈ ગઈ, અરે ! પોતાનું અવંતિ-અધિપતિત્વ પણ સાવ જ ભુલાઈ ગયું ! એમણે નિર્ણય કરી નાખ્યો કે, રાજવી દ્વિમુખના ચરણના ચાકર બનવું પડશે, તો ચાકર બનીશ, પણ હવે આ મદનમંજરીને મેળવ્યા વિના તો નહિ જ રહું ! એને મેળવવા માટે હું બધું જ કરી છૂટીશ.

ચંડપ્રદ્યોતનું આખું વિચાર-ચક્ર જ પલટાઈ ગયું. હવે એ ચક્ર મદનમંજરીની આસપાસ જ પ્રદક્ષિણા ફરી રહ્યું. મદનમંજરી અંગેની માહિતી મેળવ્યા વિના ચંડપ્રદ્યોતને હવે ચેન પડે એમ ન હતું. એથી કારાવાસના મુખ્ય અધિકારીને ખુશ કરીને બધી વાત મેળવવાનું એમણે નક્કી કર્યું. ચાંદીની ચાવી એવી તો ચમત્કારી હોય છે કે, એ લગભગ હરકોઈ દ્વારને ખોલી નાખવામાં સફળ બને ! ચંડપ્રદ્યોત આ જાણતા હતા. એથી કારાવાસના અધિકારી પાસેથી બધી માહિતી મેળવવામાં એમને ધાર્યા કરતાં વધુ સફળતા મળી.

રાજવી દ્વિમુખની રાજરાણી ગુણમાળાને સાત સાત પુત્રો થવા છતાં જ્યારે એક પણ પુત્રી-રત્નની પ્રાપ્તિ નહોતી થઈ, ત્યારે રાજા-રાણીએ મદન યજ્ઞની આરાધના કરીને પુત્રી મેળવવાના પોતાના મનોરથ વ્યક્ત કર્યા હતા. આ પછી આઠમા સંતાન તરીકે પુત્રીનો જન્મ થતાં એનું 'મદનમંજરી' નામ પાડવામાં આવ્યુ હતું. સાત સાત પુત્રો પછી જન્મેલી આ પુત્રી પુણ્યની પૂરી હતી. એથી ખૂબ લાડકોડથી એને ઉછેરવામાં આવી હતી. સાત ભાઈઓ વચ્ચેની એ બહેન ફૂલના ગજરાની જેમ એક હાથથી બીજા હાથમાં અને બીજાથી ત્રીજા હાથમાં ફરતી ખૂબ જ પ્યારભર્યા વાતાવરણમાં મોટી થઈ હતી. રૂપે-રંગે તો એ રૂડી-રૂપાળી હતી જ, પણ બળ-બુદ્ધિમાંય એ બેજોડ બની હતી. એમાંય જ્યારે યૌવનના ઝૂલે ઝૂલી રહી, ત્યારે તો એની દર્શનીયતા કોઈ ઓર જ વૃદ્ધિંગત બની જવા પામી.

રાજવી ચંડપ્રદ્યોતને મદનમંજરી અંગેની આ બધી માહિતી મળી અને એમની વાસના-વિહ્વળતામાં કેઈ ગણો વધારો થયો. કહેવાય છે કે, કામીમાં લજ્જા-શરમ હોતી નથી. ચંડપ્રદ્યોતને થયું કે, છાશ જો મેળવવી જ છે, તો હવે દોણી સંતાડવાનો શો અર્થ ? કારાવાસના એ અધિકારીને જ એમણે કહ્યું : તમે મારું એક કામ કરશો, તો હું તમારો આજીવન આભાર માનીશ. રાજકન્યા મદનમંજરીને મારે મેળવવી છે. આ માટે જો રાજવી દ્વિમુખના ચાકર બનવું પડે, તો ચાકર બનવાનીય મારી તમામ તૈયારી છે ! આ સિવાય બીજી કોઈ માગણી રાજા દ્વિમુખ મૂકે, તો એને સહર્ષ શિરોધાર્ય ગણવાનીય મારી પૂરી તૈયારી છે, પણ શરત માત્ર એક એ જ છે કે, મદનમંજરી મને મળવી જોઈએ !

અવંતિ જેવી એક સાર્વભૌમ સત્તાના સ્વામી ગણાતા ચંડપ્રદ્યોતની આવી કાકલૂદી સાંભળીને કારાવાસનો અધિકારી છક્ક થઈ ગયો. કામની ભયાનકતા આટલી બધી હોઈ શકે, એનો એને આ પળે જ વધુ ખ્યાલ આવ્યો. નહિ તો ચક્રવર્તી જેવા ચંડપ્રદ્યોત ક્યાં અને કારાવાસના ઉપરી તરીકેની સાવ સામાન્ય સત્તા ધરાવતો પોતાના જેવો અદનો એક આદમી ક્યાં ? છતાં પોતાની આગળ કાકલૂદી કરવા ચંડપ્રદ્યોતને વિવશ કરનાર જો કોઈ હતું, તો તે કામવાસના સિવાય બીજું કોણ હતું ? એ અધિકારીને ચંડપ્રદ્યોત પર દયા આવી ગઈ. એણે કહ્યું : તમારું સ્વપ્ન સિદ્ધ થવું સહેલું નથી. છતાં આ બધી વાત હું અમારા રાજવી દ્વિમુખ આગળ રજૂ કરીશ, તમારું ભાગ્ય જાગતું હોય, રાજવીને આ વાત યોગ્ય લાગે અને રાજકન્યા આ સંબંધને સહર્ષ સ્વીકારી લે, તો તમારા મનોરથ સિદ્ધ થાય. આ ત્રણે વાતોનો મેળ જામવો, મને જોકે બહુ કઠિન જણાય છે. છતાં હું મારાથી બનતો પ્રયત્ન અવશ્ય કરીશ.

સાવ દીનહીન ગણાતા માનવીની આશા પણ જો અમર હોય છે, તો રાજવી ચંડપ્રદ્યોતની આશા તો અમર જ હોય ને ? કારાવાસના અધિકારીની વાત સાંભળીને એમનો ચહેરો ચમકી ઊઠ્યો અને

અમરઆશાના તાંતણે મનોરથના રથને હંકારતા તેઓ ફલશ્રુતિને જાણવાની ઉત્સુકતામાં સમય પસાર કરવા માંડ્યા.

કારાવાસનો અધિપતિ સમય જોઈને રાજવી દ્વિમુખને એકાંતમાં મળ્યો. એણે જે વાતો કરી, એ સાંભળીને રાજવીના આશ્ચર્યનો પાર ન રહ્યો. સિંહ જેવા પરાક્રમી ચંડપ્રદ્યોતને ગાય જેવા ગરીબ બનાવી જનારી કામવાસના પર એમને મનોમન ધિક્કાર છૂટ્યો. આ એક ગંભીર બાબત હતી, એથી કારાવાસના અધિકારીને પોતાનું મન કળાવા દીધા વિના જ એમણે એને રજા આપી અને વિશ્વાસુ મંત્રીઓ સમક્ષ આ ગંભીર-સમસ્યા ઉકેલવાનો એમણે નિર્ણય લીધો. એ જ દિવસે એમણે મંત્રીઓ સાથે મંત્રણા આરંભી.

એક વાર તો મંત્રીઓએ ચંડપ્રદ્યોતની આ માગણીને એકીમતે વખોડી કાઢતાં કહ્યું કે, આવા કામી-ક્રોધીને રાજકન્યા આપીને મદનમંજરીની જિંદગી સાથે ખતરનાક ખેલ ખેલાય જ નહિ ! પરંતુ મંત્રીઓના આ દૃષ્ટિબિંદુની સામે એક બીજું જ ભવ્યભાવિ ધરાવતું દૃષ્ટિબિંદુ રજૂ કરતાં રાજવી દ્વિમુખે કહ્યું :

'કન્યા અંતે તો પારકું જ ધન છે. એથી મદનમંજરીને આખરે તો ક્યાંક વળાવવી પડવાની જ ! એથી ચંડપ્રદ્યોતની માગણી આપણે સ્વીકારી લઈએ. તો પંચાલ એક અજેય-રાષ્ટ્ર બની જાય ! ચંડપ્રદ્યોત જેવાની મિત્રતા મળતી હોય, તો આ માગણી નકારવા જેવી નથી. અત્યારે આપણે અવંતિ જોડે બગાડ્યું તો છે જ. હવે જો શત્રુતાના કારણમાં મુકુટ ઉપરાંત આ એક નવો મુદ્દો પણ ઉમેરાશે તો પછી પંચાલને પરાજયમાંથી ઉગારવું ખૂબ જ કઠિન થઈ પડશે. માટે મારી દૃષ્ટિએ આ ખરેખરી તક છે. હા, એટલું જરૂર કે, મદનમંજરીને જો આ સંબંધ અણગમતો હોય, તો આપણે ચંડપ્રદ્યોતની આ માગણીને ફગાવી દેતાં જરાયે વાર કે વિચાર કરવાની જરૂર જ નથી ! પણ જો એની આમાં અસંમતિ ન હોય, તો તો પંચાલને એક અજેય રાજ્ય બનાવવાની આ તકને વધાવી લેવામાં જ મજા છે !'

રાજવી દ્વિમુખની આ વાતે મંત્રીઓને વિચાર કરતા કરી દીધા. સૌને ભાવિની દૃષ્ટિએ આ વાત વાજબી જણાઈ. હવે રાજકન્યાની સંમતિના આધારે આખરી નિર્ણય લેવાનો હોવાથી રાજવીએ રાણી ગુણમાલાને બધી પરિસ્થિતિ જણાવીને મદનમંજરીનું મન જાણી લેવાનું કામ સોંપ્યું. ગુણમાલાએ જ્યારે બધી વાત મદનમંજરીને કરી, ત્યારે એણે અંતે એટલું જ કહ્યું : અવંતિપતિની આ માગણી સ્વીકારી લેવાથી જો બધા જ પ્રશ્નો ઉકેલાઈ જતા હોય, તો એનાથી વળી વધુ રૂડું બીજું શું હોઈ શકે ? આમ, જેની કોઈ શક્યતા/સંભાવના જ ન હતી, એ વાત ખૂબ જ સરળતાથી પતી જતાં રાજવી દ્વિમુખના હર્ષનો પાર ન રહ્યો.

બીજા દિવસની રાજસભામાં જ્યારે ચંડપ્રદ્યોત હાજર થયા, ત્યારે રાજવી દ્વિમુખે ખસી જઈને પોતાના અર્ધા આસન પર એમને આગ્રહથી બેસાડ્યા. આ જોઈને ચંડપ્રદ્યોતને પોતાના પાસા પોબાર પડ્યા હોવાની ખાતરી થઈ. નમ્ર બનેલા ચંડપ્રદ્યોત વધુ નમ્ર બનતાં બોલ્યા :

'મહારાજા દ્વિમુખ ! આપના દ્વારા હું અનેક રીતે જિતાયેલો છું, એથી આપના શરણાગત બનવું, એમાં તો મારી શોભા છે. બળમાં આપે મને જીત્યો છે, પુણ્યમાં પણ આપે મને જીતી લીધો છે. અને આપની સુપુત્રીએ મારા હૈયા પર જે કબજો જમાવ્યો છે, એની તો વળી વાત જ થાય એમ નથી ! માટે આપ જ હવે મારા ત્રાણ અને મારા પ્રાણ છો.

ભરી રાજસભામાં આ રીતે શરણાગતિ સ્વીકારતા ચંડપ્રદ્યોતને જોઈને સૌ સન્ન થઈ ગયા. એકાએક આવેલા આ પલટાનું કારણ ઘણાબધાથી અજ્ઞાત હતું. કામવાસનાની વિવશતાના ભોગ બનેલા ચંડપ્રદ્યોત પોતાના પરાક્રમનું લિલામ જાહેરમાં બોલાવીને આ રીતે રાજવી દ્વિમુખના ચરણના ચાકર બનવા તૈયાર થયા હતા. આ સત્ય તો બહુ જ ઓછા જાણતા હતા. ચંડપ્રદ્યોતે ભલે લાજ શરમ મૂકી દેવા જેવું કર્યું હતું, પણ દ્વિમુખ એમનાં સ્થાન-માન જાળવી રાખવા માગતા હતા, એથી એમણે કહ્યું :

'રાજવી ચંડપ્રદ્યોત ! શરણાગતિ તો બળવાન આગળ નબળાની હોય ! પરંતુ બંને બળિયા વચ્ચે તો શરણાગતિ નહિ, મિત્રતા જ શોભે ! આજથી આપણે બંને મિત્ર બની જઈએ છીએ. આ મિત્રતાના દાવે હું આપનું સૌહાર્દ ઇચ્છું છું. તેમજ આપણી મૈત્રી કાયમી બની રહે, એવી એક ભેટ આપવા પણ ઇચ્છું છું. મારી પુત્રી મદનમંજરીનો આપ સ્વીકાર કરશો, તો હું ધન્ય બની જઈશ, અને માનીશ કે, આપણે મિત્ર બન્યા, એ પ્રમાણ !'

રાજવી દ્વિમુખની આ સજ્જનતા જોઈને ચંડપ્રદ્યોતનું હૈયું ભરાઈ આવ્યું. એમણે ગદ્ગદ કંઠે કહ્યું : રાજવી દ્વિમુખ ! મારો અપરાધ ભૂલી જજો. મિત્ર તરીકે મારી એ ફરજ બની રહે કે, આપની માગણીને મારે માથે ચડાવવી !

દ્વિમુખ અને ચંડપ્રદ્યોત બંને છાતીસરસા ભેટી પડ્યા. આખા નગરમાં આનંદ આનંદ છવાઈ ગયો. આ સમાચાર મારતી સાંઢણીએ અવંતિમાં પહોંચાડવામાં આવ્યા. મિત્રતાનો આ સંબંધ સાંભળીને અવંતિ પણ હર્ષિત બની ઊઠ્યું. બંને દેશમાં આનંદ-મંગલનાં વાજાં વાગવા માંડ્યાં અને આવા પ્રસન્નતાભર્યા વાતાવરણ વચ્ચે એક દહાડો રાજવી ચંડપ્રદ્યોત સાથે રાજકન્યા મદનમંજરીનો લગ્ન-પ્રસંગ ખૂબ જ ઠાઠમાઠથી ઊજવાયો.

વિદાયની વસમી વેળા પણ એક દિ' આવી પહોંચી. દ્વિમુખ અને ચંડપ્રદ્યોત છૂટા પડ્યા. વિદાયનું દુઃખ હોવા છતાં બંનેને એ વાતનો આનંદ હતો કે, પોતે દુશ્મન તરીકે ભેગા થયા હતા અને છતાં દોસ્ત તરીકે છૂટા પડી રહ્યા હતા ! ચંડપ્રદ્યોતે અવંતિ તરફ પ્રયાણ કર્યું, પણ એમને એમ લાગતું હતું કે, મારું દિલ દ્વિમુખે ચોરી લીધું છે ! વિદાય આપીને દ્વિમુખ પાછા ફર્યા, પણ એમને એમ જ લાગતું હતું કે, મારું ચિત્ત ચોરીને રાજવી ચંડપ્રદ્યોત જઈ રહ્યા છે.

•

## પ્રકરણ 3 રાજવી બન્યા રાજર્ષિ

**પં**ચાલ અને અવંતિ વચ્ચે સ્થપાયેલા એ મૈત્રી-સંબંધોને ઘણા ઘણા દેશો અને રાજવીઓએ આશ્ચર્યની આંખે નિહાળ્યા. આ અઘટિત વાતને સાચી માનવા કોઈ તૈયાર થતું નહોતું. પણ સમયે એ પુરવાર કરી આપ્યું કે, અઘટિત પણ કદીક ઘટિત બની જતું હોય છે ! તૂટેલાં દિલ-દોરાને સાંધવા જતાં ઘણી વાર વચમાં ગાંઠ રહી જતી હોય છે. પણ આ બંને

રાજવીઓના દિલના દોરા વચ્ચે વાત્સલ્યભર્યો એવો સાંધો થઈ ગયો હતો કે, જેમાં કોઈ વાંધો શોધવો હોય, તોય શોધી ન શકે !

પંચાલ અને અવંતિ : આ બન્ને મહાશક્તિઓ તો હતી જ ! છતાં એકબીજાની વચ્ચે મિત્રતા સ્થપાવાથી બંને દેશોની શક્તિમાં ખાસ્સો વધારો થયો, એથી બંનેની સીમાઓ પણ વિસ્તરી. આના યોગે બંને વધુ સમૃદ્ધ બને, એ સહજ હતું. આમ, જે દેશો યુદ્ધના ભય વચ્ચે સતત સચિંતપણે જીવતા હતા, ત્યાં નિશ્ચિંતતા, નિર્ભયતા અને નેહનું અદ્‌ભુત વાતાવરણ છવાઈ ગયું !

વર્ષો પર વર્ષો વીતતાં ચાલ્યાં, રાજવી દ્વિમુખનો સુખી સંસાર ખળખળ વહેતી નદીની જેમ આગળ વધતો જતો હતો. ભૌતિક-દૃષ્ટિએ એમની પાસે કોઈ કમીના ન હતી. સાત સાત સુપુત્રો એમનો પડતો બોલ ઝીલી લેવા તૈયાર રહેતા હતા. પ્રજા એમની ઉપર પૂર્ણ આદર ધરાવતી હતી અને સામ્રાજ્ય તથા સમૃદ્ધિમાં તો દિન પ્રતિદિન વૃદ્ધિ થતી જ જતી હતી ! આમ, ભૌતિકતાની ભરતી વચ્ચે રાજવી દ્વિમુખ મોજ માણી રહ્યા હતા. આમ છતાં પણ તેઓનું ભાવિ તો હતું : પ્રત્યેક બુદ્ધત્વનું !

પ્રત્યેક બુદ્ધનું જીવન એટલે જ કમળનું જીવન ! કમળ ભલે કાદવ-કીચડની વચ્ચે ઊભું હોય, એની પાંદડીઓ ભલે જળભીની લાગતી હોય, અને કદાચ એવો આભાસ પણ થતો હોય કે, આ કમળ પોતાનું નિર્મળ જીવન ખોઈ બેઠું છે ! પણ પવનની એક લેરખી આવતાં જ એ કમળ-પાંદડીઓ ફરી નિર્મળતા મેળવી લે અને આસપાસનો કાદવ-કીચડ દૂર હડસેલાઈ જાય !

પ્રત્યેક-બુદ્ધ દ્વિમુખના કમળ સમા જીવનમાં પણ એક અજબ ઘડી આવતાં વિરાગનો વાયુ લહેરાયો અને મળ-વમળ વચ્ચે ઘેરાયેલું લાગતું એ કમળ ખરેખર વિમલ-કમળ તરીકે દર્શન દેવા માંડ્યું !

કાંપિલ્યપુરમાં એક દહાડો ઇન્દ્રમહોત્સવ આવી લાગ્યો. આ મહોત્સવ દરમિયાન ઇન્દ્રની સ્થાપના રૂપે એક સ્તંભ ખડો કરવામાં આવતો. મંત્રોચ્ચારપૂર્વક એમાં ઇન્દ્રની સ્થાપના થયા બાદ સૌ એની પૂજા કરતા. પૂજાની પળોમાં એ સ્થંભ લાકડું ન રહેતાં અનેકોની ભક્તિભીની લાગણીનું એક પૂજ્ય પ્રતીક બની જતો. આ મહોત્સવમાં લગભગ આખું નગર હર્ષભેર જોડાતું. પ્રતિવર્ષની જેમ એ વર્ષેય ઇન્દ્રમહોત્સવની ઉજવણી થવા પામી. રાજા-પ્રજા સૌ એમાં ઉલ્લાસભેર જોડાયાં.

જુગ જુગ જૂની ઊંઘ જામેલી હોવા છતાં જ્યારે જાગૃતિ આવવાની જ હોય છે, ત્યારે જાગરણ માટે એક પળ પણ કાફી બની જતી હોય છે ! રાજવી દ્વિમુખના દિલદ્વારે આવી જાગૃતિ ટકોરા મારતી આવી ઊભી હતી. ઇન્દ્ર મહોત્સવના બીજે દિવસે રાજવી દ્વિમુખને ઇન્દ્રથંભવાળા એ રસ્તેથી જ પસાર થવાનું નિમિત્ત મળ્યું. આટલા દિવસો સુધી જે આંખ ઊંઘથી ઘેરાતી હતી, એ આંખમાં હવે જાગૃતિ ઉભરાઈ રહી હતી, એથી એ ઇન્દ્રસ્તંભને જોતાં જ રાજવીના દિલમાં તોફાન જાગી ઊઠ્યું : ગઈકાલનો પૂજાપાત્ર એ સ્તંભ ક્યાં અને આજે ઉખેડાઈ જઈને ઉકરડે ફેંકાઈ જવા દ્વારા સજાપાત્ર બનેલો આ સ્તંભ ક્યાં ?

એ દૃશ્ય ખરેખર જાગૃતિને ઇચ્છનારા માટે અદ્ભુત હતું ! ગઈકાલે જે સ્થંભ પૂજાપાત્ર બન્યો હતો, એ આજે જાણે સજાપાત્ર બનીને ઉકરડે ફેંકાઈ ગયો હતો. ગઈકાલે આલીશાન મહેલ જેવો જણાતો એ સ્થંભ આજે ઈંટ-મટોડાના ખંડેર કરતાંય વધુ બદતર લાગતો હતો. ગઈકાલે જે સ્થંભમાં નવ-યૌવન અંગડાઈને લઈને નૃત્ય કરતું જણાતું હતું, ત્યાં આજે મૃત્યુના મરશિયા સંભળાતા હતા. ગઈકાલે જેની આગળ લોકોનો ધસારો હતો, ત્યાં આજે ચકલુંય ફરકવા તૈયાર ન હતું. ગઈકાલે આખી પ્રજાને જેની અપેક્ષા હતી, એ જ સ્થંભ આજે સૌની ઉપેક્ષાનું સ્થાન

બન્યો હતો. ગઈકાલે જે સ્થંભનો અણુએ અણુ ધ્વજાઓના રંગબિરંગા સૌન્દર્યથી અને પૂજાનાં સુગંધી-દ્રવ્યોની સોડમથી પૂજનીય-દર્શનીય બની ઊઠ્યો હતો, એ જ સ્થંભ પરથી ધજાઓ ઊતરી જતાં આજે કોઈ નજર ઠેરવવાય તૈયાર ન હતું !

એક દિ' પૂજાપાત્ર બનીને બીજે દિ' સજાપાત્ર બનતા આવા સ્થંભને આ પૂર્વે રાજવી દ્વિમુખે કંઈ કેટલીય વાર જોઈ નાખ્યો હતો. પણ આજે તેઓ જાગૃતિના દ્વારે આવીને ઊભા હતા, એથી આ દર્શન એમને કોઈ નવી જ દિશાનું દર્શન કરાવી ગયું. આ દર્શન પુદ્ગલના રૂપરંગ પર મોહી પડતી નજર એમને નઠારી ભાસી. સંસારમાં સારાં કે નરસાં તમામ સ્વરૂપો ક્ષણિકતા અને નશ્વરતાથી કલંકિત હોવાના કારણે વિશ્વસનીય ન હોવાની સાક્ષાત્પ્રતીતિ એમને આ સ્થંભ કરાવી રહ્યો. કંઈ કેટલીય પળો સુધી તેઓ એ સ્થંભને જોતા જ રહ્યા. એ સ્થંભ તો મૂંગો જ હતો, પણ રાજવીના વિરાગને વાચા ફૂટી નીકળી હતી, એથી એ સ્થંભમાંથીય પળે પળે નવાં ધર્મપ્રવચનો એમને સંભળાઈ રહ્યાં હતાં !

સારા સાથે સગાઈ બાંધીને નઠારા સાથે નાગાઈ કરનારી આજ સુધીની પોતાની વૃત્તિ-પ્રવૃત્તિ નજર સમક્ષ તરવરી ઊઠતાં જ પ્રતિબુદ્ધ દ્વિમુખ-રાજવીને એવું લાગવા માંડ્યું કે, આજ સુધી હું ભુલભુલામણીનો ભોગ બનીને ભટકી જ રહ્યો હતો. રૂપરંગથી સારાની સાથે સગાઈ કરવામાંય ડહાપણ નથી. ને નઠારાની સામે નાગાઈ કરવામાંય ડહાપણ નથી, કેમ કે એક જ વસ્તુનાં આ બંને પરિણામો છે અને એ પળેપળે પલટાતાં જ રહે છે. કોઈ એક વસ્તુની સારાઈ ત્રૈકાલિક હોતી નથી, તેમજ એનું નરસાપણું પણ ત્રૈકાલિક હોતું નથી. આકાશી રંગની જેમ વસ્તુમાં આવો પૌદ્ગલિક-પલટો થતો જ રહે છે. એથી રાગ-દ્વેષની ચીકાશથી લેપાવું ન હોય, તો મધ્યસ્થ રહેવું જોઈએ, આવી ભાવ-પ્રતીતિ થવા માંડતા જ રાજવી દ્વિમુખનું વિચાર-આંદોલન વધુ ઉગ્ર બન્યું.

આ આંદોલનના વધતા વેગે કેટલીય ભ્રમણાઓ, કેટલીય મિથ્યા-માન્યતાઓ અને કેટલીય વિપરીત-વૃત્તિઓનો ખાત્મો બોલાવી દીધો. એથી રાજવી દ્વિમુખનું અંતર અડાબીડ જંગલ મટીને સુરમ્ય-ઉપવનમાં પલટાવા માંડ્યું. એ ઊહાપોહ જરા વધુ વેગીલો બન્યો અને પૂર્વભવનાં સંસ્કરણોને અટકાવતા ખડકો ખસી જતાં એમની આંખ આગળ એક ચિત્રની જેમ પૂર્વભવ સ્પષ્ટ દર્શન દઈ રહ્યો. આ પૂર્વ-સ્મૃતિ થતાં જ રાજવી દ્વિમુખ દિલથી રાજર્ષિ-દ્વિમુખ બની ગયા. એમના અંતર પરથી સંસાર ઊતરી ગયો હતો, પણ હજી એમના દેહ ઉપર તો સંસારના જ વાઘા હતા, ત્યાં સુધી તેઓ વંદનીય ન ગણાય. દિલ અને દેહ બંને સંસારી ચિહ્નોથી મુક્ત બને, પછી જ એ વિભૂતિ વંદનીય બને, આવી મર્યાદાનો મહિમા વધારવા એ જ પળે શાસન દેવો નીચે આવ્યા.

શાસન દેવના હાથમાં રહેલો મુનિવેશ રાજર્ષિ દ્વિમુખે ગ્રહણ કર્યો અને વળતી જ પળે દિલની જેમ હવે એમનો દેહ પણ સંસારના સ્મારક-વેશથી અળગો બન્યો. એ દેહ પર મુક્તિ-માર્ગના સાધકને માર્ગદર્શક બની રહે, એવો મુનિવેશ દીપી ઊઠ્યો. આમ રાજવી રાજર્ષિ બની ગયા.

**પ્રત્યેક બુદ્ધ રાજર્ષિ દ્વિમુખ**
**જીવનકથા સંપૂર્ણ**

• • •

# રાજર્ષિ નમિરાજ

## કથાક્રમ


૧. હાથના કર્યા ........................................ ૧૩૨

૨. હૈયે વાગ્યા ........................................ ૧૪૧

૩. આફત પર આફત ........................................ ૧૪૮

૪. દેવોની દુનિયામાં ........................................ ૧૫૬

૫. મિથિલાના માર્ગે ........................................ ૧૬૫

૬. યુદ્ધની ચિનગારી ........................................ ૧૭૩

૭. ભેદી રહસ્ય ખુલ્લું થાય છે ........................................ ૧૮૨

૮. યુદ્ધવિરામ ને માતૃત્વનો વિજય ........................................ ૧૯૧

૯. વેદનામાંથી વિરાગ ........................................ ૧૯૯

૧૦. મિથિલા બળે છે ........................................ ૨૦૭

## પ્રકરણ ૧ હાથના કર્યા...

ઋતુરાણી વસંતને પગલે ઉપવનના વૃક્ષે વૃક્ષે માદકતા મહોરી ઊઠી હતી. કોયલો મીઠું ગાતી હતી ને વનનો ખૂણે- ખૂણો સંગીતમય બની ગયો હતો. બસ, આ જ ટાણે યુવરાજ યુગબાહુએ ઉદ્યાનમાં પ્રવેશ કર્યો. સાથે યુવરાજ્ઞી મદનરેખાએ પણ પ્રવેશ કર્યો. જોબનનો રંગ આજે એમના અંગ અંગમાં છલકાઈ રહ્યો હતો ને વસંતના આગમને એ રંગમાં ભરતી

આણી હતી. વસંતની મજા માણવા યુગબાહુ-મદનરેખાએ ઉદ્યાનમાં પ્રવેશ તો કર્યો, પણ આ ટાણે જ છૂપી રીતે યુવરાજનું મોત પણ એમનો પડછાયો બનીને અંદર પેસી ગયું !

છેલ્લા કેટલાક સમયથી યુવરાજ યુગબાહુને મારવાનું કાવતરું સુદર્શનમાં રચાઈ રહ્યું હતું. એ કાવતરાના ઘડવૈયા ખુદ રાજવી મણિરથ હતા, જે યુગબાહુના વડીલબંધુ થતા હતા.

માલવ દેશમાં આવેલા 'સુદર્શન' નગરનો રાજ્યભાર મણિરથના શિરે હતો. યુગબાહુ એનો નાનો ભાઈ થતો, એની પત્ની મદનરેખા ખૂબ જ સૌન્દર્યવતી નારી હતી. સૌન્દર્ય હતું ને એમાં શીલનો સંગમ સધાયો હતો, એટલે આખા સુદર્શનમાં મદનરેખા એક દૈવી નાર લેખાતી. ગમે તેમ તોય સૌન્દર્ય એક દૂધનો કુંભ ગણાય ! એની પર બિલાડીઓની આંખ કતરાતી ન હોય, એ કેમ બને ?

એક દિવસ ખુદ રાજવી મણિરથની આંખમાં જ વિકૃતિ ને વિકાર ઊભરાયો ! મદનરેખાની દેહ-પ્યાલીમાં છલકાતા સૌન્દર્યનું એણે તિરછી-નજરે ભરપેટ પાન કર્યું અને પછી એ મનોમન બબડ્યો :

"મારો જન્મ નિરર્થક છે. જ્યાં સુધી હું આ સૌન્દર્યનો સ્વામી ન બનું, ત્યાં સુધી હું પશુના ખોળિયે જ ગણાઉં ! મદનરેખા કઈ રીતે મારી બને ?"

ને બસ, એ જ સૌન્દર્ય ! એ જ સુંદરી ! મણિરથ દીવાનો બનતો ચાલ્યો. જ્યાં ને ત્યાં, જ્યારે ને ત્યારે, એની આંખ સામે મદનરેખા જ દેખાવા માંડી. મદનરેખા એક શીલવતી સન્નારી હતી. નાગરાજના મસ્તકનો મણિ હજી મળી જાય, પરંતુ મદનરેખાને મેળવવી અશક્ય હતી. મણિરથ આ જાણતો હતો. છતાંય એણે પ્રયત્ન કરવા માંડ્યો. પરિચય, પ્રેમ અને પછી પ્રાપ્તિ : આ સિદ્ધાંતનો મણિરથ અભ્યાસી હતો. એણે આરંભ તો એક દાસીથી કર્યો ! દાસીને બહુમૂલ્ય હીરામાણેકનો થાળ આપીને મણિરથે કહ્યું :

"આ થાળ મદનરેખાને પહોંચાડવાનો છે અને મારો સંદેશ પણ કહેવાનો છે કે, મણિરથ આપના ગુણો પર મુગ્ધ છે ને એમણે ગુણાનુરાગના દાવે જ આ નગણ્ય ભેટ પાઠવી છે !"

એ મહાર્હ થાળ લઈને દાસી મદનરેખા પાસે પહોંચી ને મહારાજાનો સંદેશ આપતાં બોલી :

"યુવરાજ્ઞી ! આપના ગુણો પર મહારાજા મુગ્ધ બન્યા છે ને કહેવડાવ્યું છે કે, આ નગણ્ય ભેટ સ્વીકારવાનો અનુગ્રહ કરશો !"

- ને દાસીએ એ ઉપહાર મદનરેખાની આગળ ધરી દીધો. દૃષ્ટિ એવું દર્શન ! ને આંખ તેવું અવલોકન ! મદનરેખા નિષ્પાપ હતી. આ ઉપહારની પાછળ કોઈ જીવલેણ વાસના રાસડા લઈ રહી હશે, આવી કલ્પનાય એને ન આવી ! જ્યેષ્ઠની કૃપા ગણીને એણે એ ઉપહાર લઈ લીધો ને કહ્યું :

"ગુણવાનને બધે ગુણ જ દેખાય ! જ્યેષ્ઠ ગુણાનુરાગી છે, મારામાં તો કોઈ એવા ગુણો નથી. આ તો એમની કૃપા !"

દાસી ચાલી ગઈ. આ બધી વાત એણે મણિરથની આગળ રજૂ કરી. એ પણ ખુશ થઈ ગયો. અમર આશા જ માનવીને જિવાડે છે ! મણિરથના નિરાશ જીવનમાં આશાનો સંચાર થયો. આ પછી તો રોજબરોજ આવાં પ્રદાનો ચાલવા માંડ્યાં મદનરેખાને શંકા જેવું કંઈ ન જણાયું. એ પણ 'જ્યેષ્ઠની કૃપા' માનીને બધું ગ્રહણ કરવા માંડી ! થોડા દિ' પછી મણિરથને થયું : લોઢું હવે લાલચોળ બની ગયું છે. ધાર્યો ઘાટ આપવાનો સમય હવે ગુમાવવો ન જોઈએ ! એક દિવસ દાસીની આગળ બેશરમ બનીને એણે એક સંદેશ કહ્યો :

"જા મારો આ સંદેશ મોઢામોઢ પહોંચાડજે !"

એ સંદેશ સાંભળીને દાસી પણ શરમાઈ ગઈ. છતાંય એ તો અનુચર હતી. એણે મદનરેખાની પાસે જઈને કહ્યું :

"યુવરાજ્ઞી ! રાજવી મણિરથે, આજે આપને ખૂબ જ મહત્ત્વનો સંદેશો પાઠવ્યો છે ?"

"જયેષ્ઠની કૃપા ?" એટલું બોલીને મદનરેખાએ ઔત્સુક્ય બતાવ્યું.

"એમણે કહ્યું છે કે, તમારા શરીરના સરોવરે ખીલેલાં સૌન્દર્યનાં કમળ-દળની પરાગ પીવા એક ભોગી ભ્રમર ખૂબ જ આતુર છે. મણિરથ તમારા પ્યારનો પ્યાસી છે !"

એ ઉપહારની પાછળ ગુપ્ત રીતે રાસડા લેતી વાસના આજે પોતાના વાઘા ફગાવીને નગ્નદેહે મદનરેખાની આગળ આવી ઊભી. એને જોતાં જ મદનરેખા ધ્રૂજી ઊઠી ! એને થયું : ચાંદની ચિનગારીઓ કેમ વેરે છે ? જળમાંથી આજે જવાળાના લબકાર કેમ ઊઠી રહ્યા છે ? એણે દાસીને કહ્યું :

"સતીને પતિ એક જ હોય ! સિંહબાળ ભૂખે મરે, પણ કદી એ ઘાસ ન ખાય ! મેં નહોતું કલ્પ્યું કે, આ ઉપહારની પાછળ મેલી મુરાદો હશે ! મારા તરફથી તારા સ્વામીને કહેજે કે, આ નહિ બને ! પેટમાં ખંજર ભોંકીને હું મૃત્યુના મોંમાં હસતે મોઢે હોમાઈ જઈશ, પણ આ વાત તો નહિ જ બને !"

દાસી ચાલી ગઈ. મણિરથ એની રાહ જોતો જ ઊભો હતો. આશા-નિરાશાના મોજા વચ્ચે પછાડ ખાતું એનું મન, આજનું પરિણામ જાણવા ખૂબ જ આતુર હતું ! દાસીએ આવીને કહ્યું :

"રાજવી ! ગઈ કાલે જેમાં મને નદીના શાંત પ્રવાહના દર્શન થતાં હતાં, ત્યાં આજે તો સમુદ્રનાં તોફાની ઘોડાપૂર દેખાયાં ! મદનરેખા આજે મને સ્ત્રી નહિ, સિંહણ જણાઈ ! 'સતીને પતિ એક જ હોય' એના આટલા શબ્દો સાંભળતાં જ મને લાગ્યું કે, આપનું સ્વપ્ન હવે ખોરવાઈ-વિખરાઈ ગયું ! સિંહ ડણકે એમ એણે મને આટલો જ જવાબ આપ્યો ! હવે મારાથી એમની પાસે નહિ જવાય."

દાસીનો આ જવાબ સાંભળતા જ મણિરથ પછડાઈ પડ્યો. સ્વપ્નની મહેલાત પર આજે એને કળશ ચડતો દેખાતો હતો, ત્યાં તો આખી મહેલાત જ માટીમાં મળી ગઈ !

રાજકાજમાં મણિરથને હવે રસ ન રહ્યો. એક સ્ત્રી તરફથી પોતાના જેવા એક મર્દને આજે નાલેશીભરી હાર મળી હતી. દિવસો વીતતા ચાલ્યા. એમ મદનરેખાની સ્મૃતિને એની ધૂન પળે પળે વધુ ને વધુ ઘેરી બનાવી ચાલી. હવે મણિરથ એવા અવસરની શોધમાં હતો કે ક્યારે એકાન્ત મળે અને એ કાન્તાને મેળવું !

એક દિવસ અવસર મળી ગયો. યુગબાહુ રાજભવનમાં ન હતો. સમય પણ મધ્યાહ્‌ન પછીનો હતો ને મદનરેખાના ખંડમાં એના સિવાય બીજું કોઈ ન હતું. મણિરથ ત્યાં પહોંચી ગયો, અચાનક પોતાના જ્યેષ્ઠને આવેલા જોતાં જ મદનરેખાની આંખ આગળ એ દિવસ ખડો થઈ ગયો ! પણ હવે આંખની આડે ભ્રમ ન હતો. એણે જ્યેષ્ઠ મણિરથનું ઔચિત્ય સાચવ્યું. અલક-મલકની થોડી વાતો પછી મણિરથે પોતાની વાસનાને વાચા આપતા કહ્યું :

"આજની યુવરાજ્ઞી આવતી કાલની મહારાણી બની શકે, એવી લાખેણી પળ આજે સામે પગલે તિલક કરવા આવી છે !"

મણિરથ અટક્યો. જવાબ વાળતાં મદનરેખા બોલી : હું આવતી કાલની મહારાણી જ છું ! આપના નાના ભાઈ આવતી કાલના રાજવી છે, તો હું મહારાણી કેમ નહિ ?

"પણ એ તો ખૂબ જ લાંબા ભવિષ્યની વાત થઈ ! એ આવતીકાલ ઊગતાં તો કેટલીય 'આવતી-કાલ' ઊગી ઊગીને આથમી જશે ! મારે તો એ 'કાલ' જલદી ઉગાડવી છે ! જો તું... મા... !"

આગળના શબ્દો મણિરથના મોંમાં જ ઘૂંટાવા લાગ્યા. એ આગળ ન બોલી શક્યો. મદનરેખા હવે જાગ્રત બની ગઈ. પોતાની શીલ-રક્ષા કાજેનો જોરદાર જુસ્સો એની પાસે બોલાવી રહ્યો :

"હું આ શું સાંભળું છું ! જ્યેષ્ઠની આંખમાં આવી વિકૃતિ ? તમારા ઉપહારની પાછળ વાસનાની એક ડાકણ ગુપ્તવેશમાં પોઢતી હતી, એની

ખબર મને ખૂબ જ મોડી મોડી પડી ! પણ ત્યારેય મારો જવાબ એક જ હતો, આજેય એક જ છે ને ભવિષ્યમાં પણ એક એ જ રહેવાનો કે, સતીને એક જ પતિ હોય ! આ સૌન્દર્યકમળની પરાગને પીનારો ભોગી ભ્રમર એક જ હોઈ શકે ! આપણા કુલને કલંકિત કરે એવો આ વિચાર તમને કેમ આવ્યો ? એ જ મને સમજાતું નથી !"

માર પર મીઠું પડ્યું હતું. એથી મણિરથને ખૂબ જ આઘાત લાગ્યો. હાર પરની આ હાર પછી એણે બમણું રમવાનો વિચાર કર્યો. ત્યારે તો એ ત્યાંથી ચાલ્યો ગયો. પણ પોતે અપમાનિત બન્યો હતો અને એક સ્ત્રીએ પોતાની પર પરાજય ઝીંક્યો હતો એનું એને ખૂબ જ દુઃખ હતું ! એના મનમાં એક જીવલેણ ને ખૂબ જ ભયાનક વિચાર ઝબૂકી ગયો : યુગબાહુનું ખૂન થાય, તો જ કદાચ મદનરેખા મારી બને ! ને બસ, ત્યારથી એ કાવતરું જ યોજી રહ્યો હતો ને અનુકૂળ અવસરની રાહમાં પોતાનું જીવન નીરસ રીતે વિતાવી રહ્યો હતો.

મદનરેખા શાણી નારી હતી. આ બધી રમતોથી એણે પોતાના પ્રિયતમને સાવ અજ્ઞાત જ રાખ્યા હતા. ભાઈ-ભાઈની વચ્ચે વેરનાં વાવેતર કરવાં એને ઈષ્ટ લાગ્યાં ન હતાં. આ બનાવ પર દિવસો વીત્યા બાદ એને ખાતરી થઈ ગઈ કે, પોતાના વચનથી જ્યેષ્ઠ પોતાનું કર્તવ્ય સમજી ગયા હશે અને એમની આંખમાં વહાલ નહિ, હવે વાત્સલ્ય આવી વસ્યું હશે ! દિવસો વીતતા ચાલ્યા. એક દિ' વસંતનો વાયરો વાયો.

ઋતુરાણી વસંતનો એ દિવસ આથમવાની તૈયારીમાં હતો. યુગબાહુ-મદનરેખા સવારથી જ ક્રીડા કરવા ગયાં એ ગયાં, હજી આવ્યાં ન હતાં. મણિરથે તપાસ કરી, તો યુગબાહુ અને મદનરેખા ઉપવનની એક આંબાકુંજમાં જ આજની રાત ગાળવાનાં હતાં, એમ જાણવા મળ્યું. આ જાણીને એ ખૂબ જ પ્રસન્ન થઈ ગયો !

વાસનાએ એક અટ્ટહાસ કરીને મણિરથને સાદ દીધો. વાસનાની એ વેદી યુગબાહુના લોહીને પીવા તલપતી અને તરફડતી હતી.

- ને મણિરથ પોતાની ધારદાર કટારી ગુપ્ત રીતે કમ્મરે ઝૂલતી મૂકીને એ ઉપવન ભણી ચાલતો થયો. અંધારાની આછી આછી રેખાઓ પૃથ્વી પર અંકાતી જતી હતી. આવા અંધારાને જ ઇચ્છતો મણિરથ ઉદ્યાનના દ્વારે આવી ઊભો. દ્વારપાલોને એણે પૂછ્યું :

"યુવરાજ - યુગબાહુ ક્યાં છે ? એની રાહ જોઈ જોઈને હું થાક્યો છું ! અને મોડી સાંજ સુધીય એની ભાળ ન મળતાં, અહીં તપાસ કરવા આવ્યો છું !"

જાણે ભાઈ પર કેટલુંય હેત ઊછળી આવ્યું હોય, આવો ભાસ બતાવતા મણિરથે ખૂબ જ ચિંતાથી ભાઈ અંગે પૂછપરછ કરી. દ્વારપાલને થયું કે, ભાઈ મળો તો આવો જ મળજો ! દ્વારપાલે નમન કરતાં જવાબ આપ્યો :

"હા, મહારાજ ! યુવરાજ આજે વસંત-ક્રીડા કરતાં ખૂબ જ થાકી ગયા હતા ને સાંજ પડી ગઈ હોવાથી ઉદ્યાનની એક લતાકુંજમાં જ રાત ગાળવાનો એમણે નિર્ણય કર્યો છે, અત્યારે લતાકુંજમાં આરામ લેતા તેઓ પોઢી રહ્યા હશે ?"

"ઓહ ! આવી રાતે ને આવા નિર્જન-સ્થળે એકલા રહેવાતું હશે ? ચાલો, હું એને રાજભવનમાં લઈ જઉં !"

ને મણિરથ એ લતાકુંજ પાસે આવી ઊભો. નાના ભાઈને હેતભર્યા હાથે ઢંઢોળીને એણે કહ્યું :

"યુગબાહુ ! આમ અહીં ક્યાં રોકાઈ પડ્યો ? ચાલ, રાજભવનમાં ! તને ન જોતાં મારો જીવ અધ્ધર થઈ ગયો ને તારી શોધ કરતાં કરતાં હું અહીં આવ્યો. આ સ્થળ સભય કહેવાય, અહીં રાત ન રહેવાય ! ચાલો, રાજભવનમાં જઈએ !"

પોતાના વડીલ બંધુની પ્રેમાળતા જોઈને, યુગબાહુ એકદમ ઊભો થઈ ગયો ને હાથમાં હાથ મિલાવીને એણે કહ્યું :

"મોટા ભાઈ ! આપની વાત સાચી, પણ વસંતક્રીડામાં આજે એટલો બધો રસ આવ્યો કે, જેથી સમયનો કોઈ ખ્યાલ ન રહ્યો. સાંજ પડતાં હું ખૂબ જ શ્રમિત બની ગયો ને મેં અહીં જ પ્રકૃતિના આ રમ્ય ખોળે સૂઈ જવાનો વિચાર કર્યો. મને થયું : રાજભવન તો રોજનું છે ! સૌન્દર્યના આ નિસર્ગરમ્ય ખોળામાં રાત ગાળવાનું ભાગ્ય પુનઃ ક્યારે મળશે ! પણ આપની વાત સાચી છે ! ચાલો, રાજભવનમાં જઈએ !"

-ને યુગબાહુએ નગર ભણી જવાની જ્યાં તૈયારી કરી, ત્યાં જ મણિરથે પોતાની કમ્મરેથી કટારી ખેંચી કાઢી ને એ કટારીને નાના ભાઈના પેટમાં જોરથી હુલાવી દીધી ! હાથના કર્યા હાથને જ નહિ, પરંતુ હૈયે આવીને વાગે છે, આ સત્ય વીસરી જઈને મણિરથે માડી-જાયા પોતાના નાના ભાઈના પેટમાં જ સીધી કટારી ભોંકી દીધી !

યુવરાજ ઢળી પડ્યો. મદનરેખા એક તીણી-ચીસ સાંભળીને હાંફળી-હાંફળી થતી દોડી આવી. મણિરથ આવ્યો, ત્યારે એ પોતાના પતિદેવ પાસે હાજર ન હતી. એ દૃશ્ય જોયું ને એના હૈયામાંથી પણ એક કરુણ ચીસ નીંકળી પડી. પોતાનો પ્રીતમ ઘાયલ બનીને ઢળી પડ્યો હતો. એના પેટમાં કટારી હુલાવવામાં આવી હતી ને પેટમાંથી લોહીનો જોરદાર અસ્ખલિત પ્રવાહ વહી રહ્યો હતો !

મદનરેખા યુગબાહુની પત્ની જ નહિ, ધર્મપત્ની હતી ! એને થયું : પ્રીતમ હવે મૃત્યુશય્યાએ પોઢ્યા છે, ત્યારે એમનું સુધારવું એ મારું પહેલું કર્તવ્ય છે. એ બધું ભૂલી ગઈ. અંતરમાં કરુણ-રુદન ઘૂંટાઈ રહ્યું હતું અને આંખની પાંપણ પાછળ આંસુઓનો સાગર લહેરાઈ રહ્યો હતો. પણ એ રુદન એણે દાબી દીધું. એ આંસુનો પ્રવાહ એણે ખાળી દીધો. ને પોતાના પ્રીતમને સંસાર ભુલાવીને ધર્મની યાદ કરાવતાં એણે કહ્યું : નાથ ! બધું ભૂલી જજો ! આંખ સામે અરિહંત, સિદ્ધ, સાધુ અને ધર્મને રાખીને, આ ચારનું શરણ સ્વીકારજો. આત્માનો કોઈ દોસ્ત નથી કે

આત્માનો કોઈ દુશ્મન નથી ! પોતાનો દોસ્ત અને દુશ્મન બન્ને આત્મા જ છે ! આ કટારી ભાઈએ નહિ, કર્મરાજે હુલાવી છે. માટે કોઈની ઉપર દ્વેષ કરશો નહિ અને વેરનું વિસર્જન કરતા-કરતા આ મૃત્યુ-ઘડીને મહોત્સવ જેવી બનાવી જજો ! અરિહંતનું શરણ... સિદ્ધનું શરણ... બોલો, નમો અરિહંતાણ...!

મદનરેખાએ ખૂબ જ દૃઢ બનીને અંતિમ આરાધના કરાવવા માંડી. કટારી પતિની કાયા પર ઝીંકાઈ હતી, પણ એની વેદના જાણે એ ખુદ અનુભવી રહી હતી. આમ છતાં છાતી ઉપર પથ્થર મૂકીને કર્તવ્યના પાલન કાજે એ કટિબદ્ધ બની અને એક વીરાંગનાની અદાથી આંખમાં આંસુ આવવા દીધા વિના એણે અંતિમ આરાધના કરાવવા માંડી. એના પ્રભાવે પતિદેવ વેદના ભૂલી જઈને 'પુણ્ય-પાપ'ની વિચારણામાં મગ્ન બનીને અંતિમ આરાધના કરી રહ્યા. થોડા સમય બાદ મદનરેખાએ જોયું, તો હવે પોતાનો પ્રીતમ વેશાન્તર ને દેશાન્તર કરી ગયો હતો. પંખી ઊડી ગયું હતું અને ખાલી પિંજર પડ્યું રહ્યું હતું !

•

પ્રકરણ
૨

## ...હૈયે વાગ્યા !

**ઘો**ષ એવો જ પ્રતિઘોષ ! હાથના કર્યાં અંતે હૈયે વાગ્યા ! સુદર્શનનગરના રાજમાર્ગેથી બે શબયાત્રાઓ પસાર થઈ રહી હતી. બન્ને એક જ માડીના જાયા હતા ! એક અંતિમયાત્રા યુવરાજ યુગબાહુની હતી, જ્યારે બીજી મણિરથની હતી.

મણિરથ ? મણિરથ રાજવીની અંતિમયાત્રા ?

હા. મણિરથ ! ભાઈના પેટમાં કટારી હુલાવી દેનાર મણિરથને હાથનાં કર્યાં હૈયે વાગ્યાં હતાં. એણે નાના ભાઈનાં પેટમાં કટારી તો હુલાવી દીધી, પણ પછી એ ખૂબ જ ગભરાઈ ગયો. આજુબાજુના રક્ષક-દળો એકદમ ત્યાં આવી પહોંચ્યા, આ જોઈને મણિરથે પોતાનો બચાવ કર્યો :

"યુગબાહુને નગરમાં લઈ જવા જ હું અહીં આવ્યો હતો. પણ મારી અસાવધતાથી આ કટારી નીચે પડી ગઈ ને આ ગોઝારો બનાવ બની ગયો !"

રાજવી મણિરથનો આ લૂલો-લંગડો બચાવ સાંભળીને બધા સમજી ગયા કે, નક્કી મણિરથ કાવતરું રમી ગયો છે ! રક્ષક દળે સનસનાટીભર્યા આ ગંભીર સમાચાર યુગબાહુના પુત્ર ચન્દ્રયશને પહોંચાડ્યા. આ સાંભળીને એનું મગજ ચક્કર-ચક્કર ભમવા માંડ્યું. એ દોડ્યો. રાજવૈદ્યોને એણે સાદ દીધો અને ચીલઝડપે ઉદ્યાનની લતાકુંજમાં એ આવી ઊભો ! આ બધાની વ્યગ્રતાનો લાભ લઈને મણિરથ નાસી છૂટ્યો.

રાજવૈદ્યોએ યુગબાહુનો એ ઘા જોયો ને એમની આંખે અંધારાં આવી ગયાં. યુવરાજ બચે તેવી આશા એમને ન લાગી. વૈદ્યોનું મોઢું જોતાં જ ચન્દ્રયશ બધું સમજી ગયો ને એણે ધીમી પોક મૂકી ! ને આ પછી થોડી વારમાં તો યુવરાજ યુગબાહુ મૃત્યુ પામ્યો તેથી આખું ઉપવન રડી ઊઠ્યું. ચન્દ્રયશની પોકે તો વૃક્ષનાં પાને-પાન રડી ઊઠ્યાં ! રાતે ને રાતે જ યુગબાહુનું એ શબ રાજભવનમાં ખસેડવામાં આવ્યું. આખું સુદર્શન ચકચારભરી આ વાત સાંભળીને પોતાનાં આંસુ ન રોકી શક્યું.

મહામાત્યથી માંડીને બધા રાજકર્મચારીઓ રાજભવનમાં એકઠા થઈ ગયા. મહામંત્રીએ ચારેબાજુ ઊડતી નજર કરીને આશ્ચર્ય વ્યક્ત કર્યું : રાજવી મણિરથ ક્યાં ?

-ને તરત જ રાજવીની શોધ આરંભાઈ. સૌ પ્રથમ એ ઉપવનમાં જ સૈનિકો પહોંચી ગયા. ઉદ્યાનની કુંજે કુંજે તેઓ ઘૂમી વળ્યા. પણ નિરાશા સિવાય કાંઈ જ ન સાંપડ્યું. અંતે ઉદ્યાનની એક અજ્ઞાત-દિશા ભણી તેઓ રવાના થયા. ભયંકર ઝાડી ! ખૂબ જ બિહામણો વન ખંડ ! દિવસે પણ જ્યાં કોઈ ન જઈ શકે ! સૈનિકો એ ઝાડીમાં પ્રવેશ્યા. થોડે દૂર જતાં જ એમના મોંમાંથી તીણી ચીસ નીકળી પડી !

એક પ્રચંડ દેહ ધરતી પર ઢળી પડ્યો હતો. દેહના પિંજરમાં હંસલો હોય, એવાં કોઈ ચિહ્નો જણાતાં ન હતાં ને આખું શરીર લીલુંછમ થઈ ગયું હતું. સૈનિકો સિસકાર કરી ઊઠ્યા : ઓહ ! આ તો મહારાજા મણિરથ ! રાજવી વળી અહીં ક્યાંથી ? રાજવી ચોક્કસ ‘સર્પદંશ’નો ભોગ બન્યા લાગે છે !

કટારી હુલાવીને મણિરથ નાઠો તો ખરો ! પણ એનું પાપ એની પાછળ પાછળ દોડ્યું. પોતાની સલામતી માટે મણિરથે આ ભયંકર વનખંડમાં પગ મૂક્યો, પણ ત્યાં એક કાળા ભોરિંગે એને ડંખ દીધો ને મણિરથ ઢળી પડ્યો. થોડી જ વારમાં એનું આખું શરીર નીલવર્ણું બની ગયું. સર્પ ભયંકર હતો. એનું ઝેર આખા શરીરમાં વ્યાપી ગયું. આમ મણિરથને હાથનાં કર્યાં હૈયે વાગ્યાં. પાપ કે પુણ્ય આ બેમાંથી જ્યારે કોઈ પણ પરાકાષ્ઠાએ પહોંચે છે. ત્યારે એનું પરિણામ ઘણી વાર ખૂબ જ ઝડપથી આવે છે ! મણિરથને એનું પાપ નડ્યું. પોતાની વાસના સંતોષવા એણે સગા ભાઈનું ખૂન કર્યું, પણ એનું એ પાપ જાણે સર્પના રૂપમાં આવીને એને જ મારી ગયું.

સૈનિકો મણિરથના એ નિષ્પ્રાણ-દેહને રાજભવનમાં લઈ આવ્યા. બધાનું આશ્ચર્ય નિઃસીમ બન્યું. બે સગા ભાઈની મૃત્યુ-યાત્રા સાથે જ નીકળી ! યુગબાહુના મૃત્યુનું કાવતરું ઉઘાડું પડી ગયું. મણિરથની પેલી

દાસીએ કાવતરાની ખૂટતી કડીઓ સાંધી આપી ને આખા સુદર્શને પોતાના રાજવી પર ફિટકાર વરસાવ્યો.

આખું સુદર્શન ને રાજભવન આ ગોઝારી-ઘટનાથી એટલું બધું વ્યગ્ર હતું કે, કોઈને મદનરેખા સાંભરતી પણ ન હતી ! પિતાના મૃત્યુ દુઃખથી ચન્દ્રયશને એટલો બધો આઘાત પહોંચ્યો હતો કે, એને પોતાની માતાની યાદ સુધ્ધાં ન આવી !

અંતે, બન્ને ભાઈઓની અંતિમયાત્રા શરૂ થઈ, યુવરાજ પર બધાં આંસુઓની અંજલિ આપી રહ્યાં હતાં, જ્યારે મણિરથ પર બધી આંખો આગ વરસાવી રહી હતી. અંતિમ સંસ્કારની વિધિ પતતાં સૌ પાછા વળ્યાં.

ચન્દ્રયશ હજી સૂનમૂન જ હતો. મંત્રીશ્વરની સહાનુભૂતિ પછી એ કંઈક સ્વસ્થ થયો, ને કંઈક યાદ આવ્યું. રડમસ સાદે એણે પૂછ્યું : માતાજી ! તમે ક્યાં છો ?

"ઓહ ! મદનરેખા ક્યાં અદશ્ય બની ગઈ ? યુવરાજ્ઞી ગુપ્ત બની ગયા શું ?" આખા રાજભવનમાં ચકચાર મચી ગઈ. જ્યાં ને ત્યાં, જ્યારે ને ત્યારે આ જ વાત ચર્ચાવા માંડી. મંત્રીશ્વર પોતાની આગેવાની નીચે યુવરાજ્ઞીની શોધ કાજે નીકળી પડ્યા.

વન-વન ફેંદી વળ્યા ! પાંદ-પાંદને પૂછી જોયું ! કુંજ કુંજમાં કાગારોળ કરી મૂકી ! પણ મદનરેખાનો પત્તો ન મળ્યો, તે ન જ મળ્યો ! સુદર્શન અને એની સંભવિત સીમાનો કોઈ ધરતીકણ એવો ન રહ્યો કે, જ્યાં સૈનિકોનો પગ ન પડ્યો હોય ! દિવસોના દિવસો સુધી એ શોધ ચાલુ જ રહી. પણ ચન્દ્રયશની મા મદનરેખા, સુદર્શનની સન્નારી મદનરેખા શીલ અને સૌન્દર્યના સંગમ-તીર્થ સમી મદનરેખા ન જડી, તે ન જ જડી ! જડે પણ ક્યાંથી એ મદનરેખા ? એ તો યુગબાહુના ખૂનની એ ગોઝારી

રાતે જ ચાલી નીકળી હતી. ન કોઈને એણે જાણ કરી હતી ! ન કોઈને એણે સંદેશો પણ કહ્યો હતો !

શીલ અને શરીર : આ બેમાં શીલ-રક્ષાને જ પોતાનો પ્રાણપ્રશ્ન ગણતી મદનરેખાએ શીલરક્ષાના એ દૃષ્ટિકોણથી વિચાર્યું હતું કે,

"ધિક્ ! આ સૌન્દર્ય પર ! ધિક્-ધિક્ ! રૂપ-રંગની આ પ્યાલી પર ! જેણે ભાઈ-ભાઈના લોહી સંબંધો વીસરાવ્યા ! એક ઈન્સાનને જેણે શયતાન બનાવ્યો ! આ પતિમૃત્યુનું કારણ તો હું જ બનીને ? પણ હવે શું ? જે મણિરથે પોતાની વાસનાની ખાતર પોતાના લોહીને-ભાઈને પણ હણ્યો, એ હવે મારી ખાતર શું શું નહિ કરે ? બળાત્કાર ! અત્યાચાર ! ભય ! ના, આથીય વધુ ઉગ્ર પગલાં લેતા હવે એ ખચકાશે નહિ ! તો મારે શીલની શાન જાળવવા કાજે શું કરવું ? જંગલમાં નાસી જઉં, તો શરીરની રક્ષા ભયમાં મુકાય એમ છે અને મારા દેહની વૃક્ષ-ડાળીએ, પેટના પારણામાં એક શિશુ સૂઈ રહ્યો છે ! હવે મારે શું કરવું જોઈએ ! મારે મન શરીર કરતાં શીલ વધુ મહાન છે. અહીં રહેવામાં હવે જોખમ-જીવલેણ જોખમ છે ! જંગલમાં ભટકીને, રાન-રાનમાં રખડીનેય શીલ-રક્ષા કરીશ. પણ હવે હું અહીં તો નહિ જ રહું !"

- ને શરીરની થોડી પણ તમન્ના, પરવા કે ચિંતા કર્યા વિના જ શીલની રક્ષા કાજે મહાસતી મદનરેખા જંગલની વાટે જતી રહી હતી. પછી સુદર્શનમાં એની ભાળ ક્યાંથી મળે ? એ જંગલમાં ગઈ ત્યારે એના પેટમાં પોતાના જીવનની એક આશા, એક પુત્ર ઘડાઈ ચૂક્યો હતો ને પ્રસૂતિની પળો નજીકમાં જ હતી. પણ ત્યારે તો શીલ-રક્ષા સિવાય બીજો કોઈ વિચાર એને કરવો જ ન હતો !

— ● —

રોજ રોજ જુદી જુદી દિશાએથી સૈનિકોની ટુકડી પાછી વળતી હતી અને રાજભવનમાં નિરાશા પર નિરાશા ઠલવાતી હતી ! એથી અંતે ચન્દ્રયશે એક દિવસે 'માતા'ની પણ ઉત્તરક્રિયા કરી લીધી. પિતૃછાયા ને માતૃછાયા બન્ને એકી સાથે ઝૂંટવાઈ જતા, એની દશા ખૂબ જ કરુણ બની હતી : રે ! કેવો સંસાર ! ક્યાં મણિરથ ? ક્યાં યુગબાહુ ? ને ક્યાં મદનરેખા ! કેવી અણધારી રીતે આ બધાં પંખીઓ એક ડાળે ને એક માળે ભેગા થયાં ને કેવી અણધારી રીતે પાછાં જુદી જુદી દિશાએ ઊડી ગયાં !

દિવસો વીતતાં ચન્દ્રયશને ઘાયલ-દિલ પર રૂઝ આવવા માંડી અને પછી તો માતા ય વિસરાઈ ગઈ ! પિતાય ભુલાઈ ગયા ! ને એટલું જ નહિ, ચન્દ્રયશનાં માથા પર સુદર્શનના રાજકાજનો મેરુ ભાર પણ આવી પડ્યો. ચન્દ્રયશ શાણો, દરિયાવ દિલનો અને લોકલાગણીને સમજનારો એક રાજવી હતો. આખા સુદર્શનની લોહચાહના ખૂબ જ ટૂંક સમયમાં એણે સંપાદન કરી લીધી. જીવનની ધૂપછાંવ વચ્ચે આમ, ચન્દ્રયશનું જીવન વ્યતીત થઈ રહ્યું હતું. એમાં કદીક, શાંત-પ્રશાંત વાતાવરણમાં એકલો ને અટૂલો ચન્દ્રયશ બેસતો, ત્યારે એની આંખ આગળથી એ લોહીના લેખ ને એ ગોઝારું અતીત ચિત્રપટની જેમ પસાર થતું ને મણિરથની યાદ આવતાં જ એ મનોમન બબડી ઊઠતો : રે ! તારા જ પાપે મેં પિતૃછાયા ગુમાવી, માતૃછાયા ગુમાવી ને મારા નાના ભાઈનું મોઢું જોવાનુંય ભાગ્ય ગુમાવ્યું !

જીવનમાં જ્યારે આવી પળો આવતી, ત્યારે ચન્દ્રયશ થોડીક ગમગીનીભરી પળો વચ્ચે ફસડાઈ પડતો, પણ એને ખબર ન હતી કે એક દિવસ... ? એક દિવસ સુદર્શનનું જ આ આંગણું યુદ્ધભૂમિ બનવાનું હતું, ભાઈ-ભાઈની વચ્ચે સંગ્રામની ભેરી બજવાની હતી. નાનો ભાઈ મોટા ભાઈની સામે યુદ્ધ જાહેર કરવાનો હતો અને આ બધાં ભીષણ-

ભયાનક વાતાવરણની વચ્ચે જ પોતાની મા-મદનરેખા, એક જૈન આર્યાના ગણવેશમાં આવીને 'યુદ્ધવિરામ'નો સંદેશ આપવાનાં હતાં ! અને આમ જ વિખૂટા પડેલાં એ પંખીઓ ઘડીક મળીને પોતાના સ્નેહ-તાંતણાં ઓળખીને, પાછાં પ્રેમભેર વિખરાઈ જવાનાં હતાં.

ચન્દ્રયશના જીવનનું આ ભાવિ હતું. પણ આ ભવિષ્ય, આ ચિત્ર ખૂબ જ દૂરનું હતું. અત્યારે એનું દર્શન તો નહિ, પણ એની કલ્પનાય કયાંથી આવી શકે ! વિધાતાની અદશ્ય પીંછીં ભાવિના ફલક પર કંઈક આવું જ ચિત્ર દોરી રહી હતી !

●

## પ્રકરણ 3 આફત પર આફત

મધરાત જામી રહી હતી. જંગલ ભયાનક હતું. વૃક્ષોના સઘન ઝુંડમાં ન કેડી હતી, ન રસ્તો હતો. છતાંય મદનરેખા આગળ વધી રહી હતી.

એક યુવરાજ્ઞી - જેણે વૈભવમાં જ જીવન વિતાવ્યું હતું, એને માટે આ જંગલ, આ એકલવાયી જાત ને કાળી-કાળી મધરાતઃ આ બધું જ નવું હતું. પણ એણે

આ બધાનો જાણી જોઈને સ્વીકાર કર્યો હતો, કારણ ધર્મરક્ષાનું ખમીર એના ખૂનમાં ખળભળી રહ્યું હતું.

યુવરાજ્ઞી મદનરેખાની આંખ આગળ શું પોતાનો એ વહાલસોયો ચન્દ્રયશ નહિ તરવર્યો હોય ? પોતાના ઘાયલ- પ્રિયતમનો ને સુદર્શનનો ત્યાગ કરતાં એને કેટકેટલા સ્નેહ-તાંતણા તોડવા પડ્યા હશે ? પણ મદનરેખાએ બધું જ કર્યું : પુત્રને વીસરી ગઈ, પ્રેમનાં બંધનો એણે તોડી પાડ્યાં અને એક એકલી ને અટૂલી નાસી છૂટી !

પૂર્વની ક્ષિતિજે પ્રકાશ-પંથ પર સૂર્યની પગલીઓ મંડાઈ, ત્યારે મદનરેખા એક ગાઢ જંગલના મધ્યભાગમાં આવી ઊભી. કાંટા ને કાંકરા વાગવાથી પગ લોહી વહાવી રહ્યા હતા. શરીરમાં ચાલવાની શક્તિ ન હતી, અને પ્રવાસને થંભાવાય એવા સંજોગો પણ ન હતા. એણે વિચાર્યું : કદાચ અહીં સુધી પણ મણિરથની વાસના આવે, તો જીતની બાજી હારમાં પલટાઈ જાય !

-ને મદનરેખાએ પોતાનો પ્રવાસ આગળ ધપાવ્યો. શરીરમાં વેદનાનો વેગ વધી રહ્યો હતો, પેટના પિંજરે પુરાયેલું પંખીડું પ્રકાશને ઝંખતું હતું ને એ માટે એ પોતાની પાંખો ફફડાવી રહ્યું હતું.

એક સરોવર ! જળ જેમાં હિલોળા લેતું હતું ! કમળનાં હસતાં-રમતાં વનખંડો ભોગી ભ્રમરોના સંગીતથી જેમાં ઝણઝણી રહ્યાં હતાં ! મધ્યાહ્ન સમયે મદનરેખા આ સરોવરની પાળે આવી ઊભી. તૃષાય લાગી હતી, ભૂખનું દુઃખ પણ વધી રહ્યું હતું ને થાક તો બેહદ લાગ્યો હતો.

મદનરેખાએ સરોવરની પાળે જ વિશ્રાંતિ લીધી. અરિહંતોની આકૃતિને આંખ આગળ ઊપસાવીને, એ આકૃતિને એણે નમન કર્યાં. આજુબાજુનાં વનખંડોમાં ઘૂમી આવીને એણે ફળો એકઠાં કર્યાં ને ભોજન

કર્યું. ચાલવાની શક્તિ હવે રહી ન હતી. એથી બાજુના એક કદલી-ખંડમાં જ એ સૂઈ ગઈ.

સરોવરની પવિત્ર પાળ હતી ! નિસર્ગરમ્યા ધરતીની ગોદ હતી ! ને રાતભરનો શ્રમ હતો ! મદનરેખા ઊંઘમાંથી જ્યારે જાગી, ત્યારે સૂર્ય અસ્તાચલને ઓવરે આવી ઊભો હતો.

મદનરેખા સફાળી બેઠી થઈ ગઈ. રાતના અંધારા-ઓછાયા ધરતી પર ઊતરી રહ્યા, ને જંગલની ભયાનકતામાં વધારો થવા લાગ્યો. મહાસતી એક વૃક્ષ પર ચડી ગઈ, જેથી કોઈ વન્ય-પશુ આક્રમણ ન કરી શકે.

દૂર દૂર સિંહો ડણકી રહ્યા હતા ને સર્પો ફૂંફાટ કરી રહ્યા હતા ! શિયાળો રડી રહ્યાં હતાં ને રીંછો ઘૂરકી રહ્યા હતા ! વાઘ ત્રાડતા હતા ને હાથી બરાડતા હતા !

રાત સાવ નીરવ હતી. વચમાં વચમાં વન્યપશુઓના આ અવાજ એ નીરવતાને ચીરી નાંખતા. મધરાત જામવા માંડી, ત્યારે મદનરેખાની વેદનાએ વેગ પકડ્યો. પ્રસૂતિની પળો હવે નજીક જણાતી હતી. મદનરેખા ઝાડ પરથી નીચે ઊતરી ગઈ ને સ્વચ્છ જગ્યા પર મહામંત્રનું ધ્યાન ધરતી એ બેઠી.

જેના એક રોમમાંય રોગ જાગે, તો વૈદ્યોની દોડાદોડી મચી જાય, એ યુવરાજ્ઞી મદનરેખા આજે ભયંકર જંગલમાં સાવ નોંધારી હતી ને પ્રસૂતિની વેદના એને કોરી રહી હતી. અંતે મધરાત જ્યારે બરાબર જામી, ત્યારે મદનરેખાએ એક પુત્રને જન્મ આપ્યો.

ઓહ ! સંસાર ! તારા કેવી વિચિત્ર ખેલ ! કોણે કલ્પ્યું હતું કે, એક રાજપુત્ર આમ જંગલમાં જન્મશે ! યુવરાજ્ઞીએ પુત્ર જન્મના કેવા કેવા મનોરથો ઘડ્યા હશે ? પણ આફત આવતાં જ એ બધી બાજીઓએ

અણધાર્યો પલટો લીધો ! જેની સેવામાં આ પ્રસૂતિ-ટાણે હજાર હજાર દાસીઓ ખડે પગે હાજર હોત, એ યુવરાજ્ઞી આજે એકલી હતી, ને એય ભર જંગલમાં કાળી-કાળી મધરાતે !

આવી અવસ્થામાં પણ મદનરેખાની શાંતિ અખંડ હતી. પોતે શીલરક્ષાની ખાતર આમ નાસી છૂટી ને પુત્રજન્મ થયો, એનું દુઃખ એણે ન અનુભવ્યું ! પણ ધર્મરક્ષાનું જે કર્તવ્ય અદા થયું, એનો આનંદ એ અનુભવતી હતી.

સવાર થતાં જ પોતાના એ નવજાત-શિશુને મદનરેખાએ ચૂમીઓ ભરી. કમળ-પાંખડીઓની એક શય્યા બનાવીને એમાં એને સુવાડ્યો. એની બાજુમાં જ 'યુગબાહુ'ના નામથી અંકિત એક સુવર્ણ-મુદ્રિકા એણે મૂકી દીધી અને પોતે સ્નાન-શુદ્ધિ માટે સરોવર તરફ ચાલતી થઈ. ભાગ્યને ભરોસે તાજું ખીલેલું એ કમળ પડ્યું હતું. મહાસતી મદનરેખા સ્નાન માટે ગઈ તો ખરી ! પણ એનો મનભમરો એક મળ તરફ જ આકર્ષિત હતો ! એ આકર્ષણ એ તજી શકે એમ ન હતી.

મદનરેખાએ પોતાનાં વસ્ત્રોની શુદ્ધિ કરી. પછી સ્નાન માટે એણે સરોવરમાં પ્રવેશ કર્યો. થોડું સ્નાન થયું - ન - થયું, ત્યાં એક જળ-હાથી બરાડતો બરાડતો આવી પહોંચ્યો !

આફત પર આફત ! ફટકા પર ફટકા !!

જળહસ્તી ભયાનક હતો. એના મોંમાંથી નીકળેલા લાંબા લાંબા દંતશૂળ ખૂબ જં ધારદાર હતા. એનું શરીર ખૂબ જ ભરાવદાર ને કાળું-શ્યામ હતું. મદનરેખા જળહસ્તીને જોતાં જ ધ્રૂજી ઊઠી. એને થયું : આ વળી નવી આફત ક્યાં ? પોતાના હૈયાના એક ટુકડા સમો નવજાત બાળ સરોવરની પાળે પોઢી રહ્યો હતો, પોતે એનાથી વિખૂટી હતી ને મૃત્યુ આંખ સામે જ દેખાતું હતું !

આફત પર આફત ! માર પર મીઠું ! મદનરેખાની ધીરજ ખૂટી પડી. એક નારી-હૈયું આવા વખતે પોતાનાં આંસુને આક્રન્દને ક્યાંથી રોકી શકે ? એ રડી પડી. એની આંખમાંથી ઊની-ઊની આંસુધારા વહી નીકળી.

હવે બચવાનો કોઈ ઉપાય નજરે ચડતો ન હતો. મદનરેખાએ ધર્મની શરણાગતિ સ્વીકારી. નમસ્કારનું એણે સ્મરણ કર્યું. અરિહંતોની એણે આરાધના કરી. સિદ્ધોની એને સ્મૃતિ થઈ આવી અને એણે ઇચ્છ્યું :

"મેં જે ધર્મ આરાધ્યો છે, એના પુણ્યે મારો નવજાત બાળ કુશળ રહે અને મારી ધર્મસમાધિ ખંડિત ન બને ."

-ને મદનરેખા પાછી વળવા તૈયાર થઈ. ત્યાં તો સરોવરનું બધું પાળી ખળભળી ઊઠ્યું. ધસમતો જળહાથી મદનરેખા તરફ દોડી આવ્યો. પોતાની સૂંઢ એણે ખૂબ ખૂબ ઘુમાવી અને અંતે પોતાના પાશમાં એણે મદનરેખાને ઝડપી લીધી.

એક બાજુ નવજાત બાળ રોતો રોતો પડ્યો હતો અને મદનરેખાનુ જીવન એ જ હતો. પણ વિધિને 'મા-દીકરાનું' એ મિલન જાણે નામંજૂર હતું ! એથી એણે એક જોરદાર ફટકો વીંઝ્યો ને તાજું જન્મેલું એ બાળક એક ઠેકાણે રહ્યું ને એની મા બીજી તરફ રહી ! વચમાં વિઘ્નોના અડીખમ પર્વતો ઊભા થઈ ગયા !

જળહસ્તીએ પોતાની સૂંઢની જબરી-પક્કડમાં મદનરેખાને જકડી રાખી. એ સૂંઢને એણે ખૂબ ઘુમાવી અને પછી એણે મદનરેખાને આકાશમાં અધ્ધર ઉછાળી દીધી ! પુત્રથી, સરોવરથી સ્નેહથી મદનરેખા ફંગોળાઈ ગઈ. એક દડો જેમ ઊછળે, એમ મદનરેખા આકાશમાં ઊછળી !

— ● —

મિથિલાપતિ પદ્મરથ અશ્વક્રીડાએ સંચર્યા હતા. સીમાના ઉદ્યાનોમાં જ ઘૂમવાની એમની ધારણા હતી. પણ સંજોગો એમને દૂરદૂર ખેંચી ગયા ! ખૂબ ખૂબ દૂર ગયા બાદ મિથિલાપતિ થાક્યા. મધ્યાહ્ન થવા આવ્યો, તોય અશ્વ ન ઊભો રહ્યો તે ન જ ઊભો રહ્યો. અશ્વની ગતિમાં ભંગાણ પાડવા એમણે ઘણી ઘણી લગામોં ખેંચી. પણ આજે નિયમો જાણે ઊલટા પડતા લાગ્યા. લગામો જેમ જેમ ખેંચાતી જતી, તેમ તેમ *અશ્વની ગતિ તેજ બનતી ને એ જોરથી દોટ મૂકતો ! અંતે મિથિલાપતિ* પોતાની રાજ્યહદથી ખૂબ જ દૂર નીકળી ગયા. એ થાક્યા ને એણે લગામ છૂટી મૂકી દીધી ! એને આશ્ચર્ય થયું. અશ્વ ત્યાં જ ઊભો રહી ગયો !

ભયંકર જંગલ હતું. દૂર દૂર એક સરોવર જેવું જણાતું હતું. મિથિલાપતિ ત્યાં પહોંચ્યા ને એમણે પોતાની ભૂખ-પ્યાસ મિટાવી. હવે એમને પોતાના અશ્વની વિચિત્રતા સમજાઈ ગઈ ! લગામ ઢીલી મૂકતાં જ ઊભો રહી જાય ને લગામ ખેંચાતાં જ દોડવા માંડે, એવો આ અશ્વ હતો. ઘાસની હરિયાળીમાં અશ્વને ચરતો મૂકીને, મિથિલાપતિએ સ્નાન કર્યું ને પછી એમણે આજુબાજુની સૌન્દર્યલીલા નિહાળવા માંડી.

અશ્વે ધરાઈને ચારો ખાધો. મિથિલાપતિ પાછાં રાજધાની તરફ જવા તૈયાર થયા, પેગડામાં પગ ભરાવીને એમણે અશ્વની લગામ ખેંચી અને અશ્વના પગ નીચેથી ધરતી કપાવા માંડી.

થોડે દૂર જતાં જ મિથિલાપતિ ચોંકી ઊઠ્યા. એ ઊભા રહી ગયા. કોઈ વન-નિકુંજમાંથી ધીમો ધીમો રુદન ધ્વનિ આવી રહ્યો હતો. વાતવારણમાં કરુણતા જણાતી હતી. એ બાજુનો પવન પણ કરુણ - ગીતો ગાતો-ગાતો વહી આવતો હતો.

મિથિલાપતિએ રસ્તો બદલ્યો. પોતાના અશ્વને તેઓએ રુદનધ્વનિની દિશામાં હંકારી ગયા અને ત્યાંનું દૃશ્ય જોતાં જ એમના મોઢે આનંદના ચાર ચાર ચાંદ એકી સાથે ખીલી ઊઠ્યા.

એક નવજાત-બાળ લીલીછમ ધરતીને પારણિયે પોઢ્યો હતો. એ માનવકળી હજી તાજી જ ખૂલેલી ને ખીલેલી જણાતી હતી. એને જોતાં જ મિથિલાપતિ આનંદી ઊઠ્યા. દીર્ઘ-કાળથી રોપાયેલો પોતાનો સંસાર-છોડ મિથિલાપતિની આંખ આગળ ઝૂમવા લાગ્યો. હજી એ અણફૂલ્યો ને અણફળ્યો જ હતો. એની પર હજી એકેય ફૂલ-કળી ખીલી ન હતી ! પોતાની પ્રિયતમા 'પુષ્પમાલા' મિથિલાપતિની આંખ આગળ તરવરી ઊઠી. જે આટલા સુદીર્ઘ કાળ પછીય પોતાની પત્ની જ હતી, પરંતુ 'મા' બનવાનું ગૌરવ હજી જેને સાંપડ્યું ન હતું !

કેવી સોહાગ પુષ્પકળી ! કેવું એનું સૌન્દર્ય ! મિથિલાપતિ પદ્મરથે એ બાળને તેડી લીધો ને એને ચૂમી ભરતાં બોલ્યા : તું જ મારો લાડકવાયો ! તું જ મારી પુષ્પમાલાનું સૌભાગ્ય ! તું જ મારી મિથિલાનો પાટવી !

આવા નમણા નવજાત શિશુને વનમાં તરછોડી જનારી 'મા' તરફ ભારોભાર ધિક્કાર વરસાવતાં મિથિલાપતિ મનોમન બોલ્યા : ઓ નારી ! આ શિશુની ઓ જનેતા ! વિધાતાએ તેને 'માતૃપદ' આપવામાં ભારે થાપ ખાધી છે. આવા સુંદર બાળને આવા ભયાનક વનમાં તરછોડી જતાં તેં જરા કમ્પ પણ ન અનુભવ્યો ! હાય ! વિધાતા પણ વિચિત્ર છે ! જેને 'માતૃપદ' જોઈએ છે એને એ આપતો નથી અને જેને નથી જોઈતું, એની કૂખમાં એ આવું લાખેણું મોતી મૂકે છે !

પુત્રની પાછળ સતત ઝૂરતા મિથિલાપતિએ વિછોડાયેલા એ બાળને પોતાનો પુત્ર ગણી લીધો ને એને તેડી લઈને એ ચાલતા થયા ! વિધિના

પ્રત્યેક કાર્ય પાછળ રહસ્ય સમાયેલું હોય છે. મિથિલાપતિને આ રહસ્ય મોડું મોડું પણ આજે જ સમજાયું. અશ્વની પીઠ થાબડતાં-પંપાળતા એમણે કહ્યું :

'પ્યારા અશ્વ ! શો તારો ઉપકાર ! તું આજે મને અહીં ખેંચી ન લાવ્યો હોત, તો આ જાતનો સુંદર પુત્ર મને ક્યાંથી સાંપડત!"

- ને મિથિલાપતિએ પોતાના રાજ્યની વાટ પકડી.

આફત પર આફત ! મદનરેખાની વીતક-વાર્તા આવી હતી. કોઈને કોઈને આવું બને છે, તો કોઈને...? આફત પર આનંદ ! મિથિલાપતિની આનંદ-કથા આવી હતી !

●

## પ્રકરણ ૪ દેવોની દુનિયામાં

સૌન્દર્ય એક એવું શતદળ કમળ છે કે, જેની પાંખડી પર ભ્રમર આકર્ષાયા વિના ન જ રહે. ભલે પછી એ મહેલમાં હોય કે જંગલમાં હોય.

મહાસતી શ્રી મદનરેખાએ શીલ-ધર્મની રક્ષા કાજે જ જંગલમાં અથડાવાનું પસંદ કર્યું હતું. એણે મહેલ છોડ્યો. એ શીલની રક્ષા ખાતર જ ! પ્યારા પુત્ર ચંદ્રયશને અંતરથી અળગો કર્યો, એ શીલની રક્ષા

ખાતર જ ! પણ જેની ખાતર એણે આ વનવાસ સ્વીકાર્યો હતો, એ શીલધર્મ પર જંગલમાંય પાછું આક્રમણ થયું !

જળ-હસ્તીએ મદનરેખાને જોરથી ઉછાળી ! બસ આ વખતે જ આકાશમાર્ગે એક વિદ્યાધર રાજવી પસાર થઈ રહ્યો હતો. એણે ઊછળેલી નારી જોઈ અને એની કરુણા જાગી ઊઠી. વિદ્યાધરે એ નારીને અધ્ધર જ ઝીલી લીધી ને પોતાના આકાશ-યાનમાં એને બેસાડી દીધી. જેથી જીવન-મૃત્યુ વચ્ચે અથડાતી મદનરેખા આબાદ બચી ગઈ ! પણ એના શીલ સામે પુનઃ જોખમ ઊભું થયું. વિદ્યાધર વાસનાગ્રસ્ત બન્યો. એ ભોગી-ભ્રમર મદનરેખાના સૌન્દર્ય પર વારી ગયો હતો. વિદ્યાધરે મદનરેખાને પ્રાર્થના કરીઃ

"મેં તારી રક્ષા કરી છે, હવે તું મારી રક્ષા કર ! તારું સૌન્દર્ય જોતાં જ મારા અંગઅંગમાં આગ જાગી ઊઠી છે !"

મદનરેખા એકદમ ધ્રૂજી ઊઠી : રે ! શીલરક્ષા કાજે મેં આ વનવાસ સ્વીકાર્યો. એની પર જ પાછું આક્રમણ ! પોતાના સૌન્દર્ય પર અને રૂપ-રંગ પર મદનરેખાને ફિટકાર છૂટ્યો. એને થયું કે, આના કરતાં તો એ સરોવરમાં હું મરી ગઈ હોત, તો સારું થાત ! તો શીલની રક્ષા તો થાત !

એક તરફ પોતાનો નવપ્રસૂત શિશુ એકલો અને અટૂલો ભરજંગલમાં તરફડતો હશે ! માના ધાવણ માટેનું એનું રુદન કેવું કરુણ હશે ! મદનરેખાને પોતાનાં બાળની ચિંતા તો કોરી જ રહી હતી. એમાં વળી પાછી શીલરક્ષાની નવી ચિંતાનો ઉમેરો થયો !

નિઃસહાય... નોંધારી... આંસુ સારતી... અને ડૂસકે ડૂસકે રડતી એ રૂપસુંદરી મદનરેખાને જોઈને વિદ્યાધર બોલ્યો :

"સુંદરી! ચિંતા ન કર ! તારી પાસે સૌન્દર્ય છે, મારી પાસે સુવર્ણ છે. સૌન્દર્ય-સુવર્ણનો આ સંગમ આપણા સંસારને સ્વર્ગીય બનાવશે."

મદનરેખા તો જાણે અવાક્ બની ગઈ. એના હોઠ જાણે બિડાઈ ગયા. એ કંઈ બોલી નહિ. વિદ્યાધર આજે પાગલ બન્યો હતો. એ અનેક સુંદરીઓનો સ્વામી હતો. પણ આવું સૌન્દર્ય એણે નીરખ્યું ન હતું. પોતાની પ્રતિષ્ઠા, પોતાનું રાજ્ય, ને પોતાનું આધિપત્ય બતાવીને સુંદરી પાસેથી સ્નેહ મેળવવાની ઇચ્છાએ એની પાસે બોલાવરાવ્યું :

"સુંદરી ! હું એક વિદ્યાધર રાજા છું. મારુ નામ મણિપ્રભ છે. મારા પિતા 'મણિચૂડે' સંયમભાર સ્વીકાર્યા પછી, આ વિરાટ પર્વતની બંને શ્રેણીમાં હું રાજ્ય કરું છું. મારું અન્તઃપુર કંઈ ખાલી નથી. પણ એમાં તારા જેવા સૌન્દર્યનો અભાવ જરૂર છે. હું તને વચન ને વિશ્વાસ આપું છું કે, તને હું'અગ્ર-રાણી' બનાવીશ. 'પટ્ટરાણી' ના બિરુદથી તારું માન આખા રાજ્યમાં ગવાશે. તું મારો સ્વીકાર કર. મારા મહર્ષિ પિતા મણિચૂડ અત્યારે 'નંદીશ્વર-દ્વીપ'માં પધાર્યા છે. એ મનઃપર્યવજ્ઞાની છે. એમનાં 'દર્શન-વંદન' માટે હું જતો હતો ને આપણો સંગમ થઈ ગયો. માટે તું મારો સ્વીકાર કર !"

આ માગણીની સામે મદનરેખા મક્કમ જ રહી. એણે જરાય નમતું ન તોળ્યું. વિદ્યાધર મણિપ્રભને આ નારી જબરી લાગી. સૌન્દર્યનું માખણ, એકાન્તની આગમાં ન પીગળ્યું, તે ન જ પીગળ્યું. આનું એને આશ્ચર્ય થતું હતું.

મદનરેખાની દશા તો સાવ જુદી જ હતી. એણે નહોતું સમજાતું કે, આ સ્વપ્ન કે સત્ય છે ? વિદ્યાધરનો એકેય શબ્દ એના અંતરમાં પ્રવેશ્યો ન હતો. એની આંખ આગળ તો હતી : એ શીલરક્ષા અને હતો એ લાડકવાયો !

મદનરેખાને તો એ જ વિચાર આવતા હતા : નવપ્રસૂત એ બાળને પોતાની વચ્ચે કેટલું અંતર પડી ગયુ હતું ? એ બાળ ધરતીમાં રોતો-કકળતો ને આળોટતો હશે ને પોતે ઊંચેરા આભમાં ઊડી રહી હતી.

મદનરેખા પોકે પોકે રડી પડી. પણ પછી એને થયું : આ વિદ્યાધર છે, જરૂર મારા બાળની ખબર આ આપશે. મદનરેખા જરાક સ્વસ્થ બની અને તેની જીભ ખૂલી :

"વિમાન થંભાવી દો ! તમે મને બચાવતા નથી, પણ મને તો કરપીણ રીતે મારી રહ્યા છો ! મારું હૈયું સરોવરની એ પાળે પડ્યું છે ને તમે મને આભમાં ઊંચે ઊંચે લઈ જઈ રહ્યા છો, તાજા જન્મેલા એ લાડકવાયાની સંભાળ લેનાર ત્યાં કોણ હશે ? શું વન્ય-પશુઓ એને જીવતો ને જીવતો નહિ ચાવી જાય ? એ બાળ પાસે એની આ માને લઈ જાવ, કાં તો એ બાળને એની આ મા પાસે અહીં લઈ આવો, તો જ તમે મારું જીવન બચાવ્યું કહેવાશે ! નહિ તો હું તમને હત્યારા ગણીશ."

વિમાન ન અટક્યું. મદનરેખાની રો-કકળે વિમાનના વાતાવરણમાં કરુણતા આણી દીધી. વિદ્યાધરને તો ગમે તે સંયોગોમાં મદનરેખાને પોતાની પ્રિયતમા બનાવવી હતી. એણે સમય પારખીને કહ્યું :

"હા, એ બાળની ખબર હું અબઘડી જ લઈ આવું છું, પણ શરત એક છે : તું મારો સ્વીકાર કર !"

શીલ જોખમમાં હતું. શિશુ મોતની વચ્ચે પોઢતો હતો. મદનરેખાની મૂંઝવણ વધી રહી હતી ! અણી ચૂકવવામાં આવે, તો કદાચ સો વર્ષ જીવી જવાય ? વિદ્યાધરની ઇચ્છામાં કાલક્ષેપ થાય, તો કદાચ શિશુનીય ભાળ મળી જાય. વિમાન હવે પાછું ફરે એમ ન હતું. વૈતાઢ્યની એક કંદરા વચ્ચેથી એ પસાર થઈ રહ્યું હતું ને પોતાનો શિશુ પોતાનાથી દૂર ને દૂર થઈ રહ્યો હતો. અંતે મદનરેખાએ કહ્યું :

"પહેલાં તમે મારા બાળની સંભાળ લઈ આવો, પછી મને નંદીશ્વર-દ્વીપમાં લઈ જાવ, પછી તમારી પ્રાર્થના અંગે હું વિચારીશ."

મદનરેખાએ અત્યારની ઘડી-પળ સુધારવાના ઈરાદાથી માયાનો એક પાશ ફેંક્યો, વિદ્યાધર હસી ઊઠ્યો. એની પાસે અનેક વિદ્યાઓ હતી. એણે 'પ્રજ્ઞપ્તિ' વિદ્યાની સહાય લીધી ને બાળની તપાસ કરવા માંડી.

ઊંચાં ઊંચાં શિખરો ને ઊંડી ઊંડી ખીણો !

લીલાંછમ વન-ઉદ્યાનો ને ભયંકર જંગલો !

આ બધાને વટાવીને વિમાન ઊડી રહ્યું હતું. નીચે અગાધ સાગરો લહેરાતા હતા. અને મહાનદીઓ આવી-આવીને એ સાગરમાં ભળતી હતી. ભરતીઓટના તૂફાને પાણી ખળખળતાં હતાં ને વિમાન આ બધાની ઉપરથી આગળ વધી રહ્યું હતું.

આવી સ્વભાવ-રમ્યા પ્રકૃતિને જોવામાં મદનરેખાને આજે રસ ન હતો. એને મન તો શિશુની ને શીલની રક્ષાના વિચારો જ ઘોળાઈ રહ્યા હતા. ત્યાં તો વિદ્યાધરે ખુશાલીના સમાચાર આપતાં કહ્યું :

"તારો બાળ હેમખેમ છે. મિથિલાપતિ પદ્મરથ ભાગ્ય જોગે ત્યાં આવી ચડ્યા, જેઓ નિઃસંતાન હતા, એમણે કમલની શય્યામાં પોઢતા એ બાળને જોયો અને 'દેવ-દીધો' બાળ માનીને એને એઓ મિથિલા લઈ ગયા છે. સુંદરી ! પ્રજ્ઞપ્તિ વિદ્યાથી મેં આટલું જાણ્યું છે. આ જ્ઞાનમાં મીન-મેખ જેટલોય ફેરફાર ન હોઈ શકે. હવે તો તું મારી થઈશને ? તારી પ્રાર્થના મેં પૂરી કરી અને હવે નંદીશ્વર તો આ રહ્યો !"

- ને વિમાન સરસર કરતું દોડ્યું. વિદ્યાધરે એની ગતિમાં વેગ પૂર્યો.

ક્યાં પ્રિયતમ ? ક્યાં સુદર્શન ? ક્યાં ચન્દ્રયશ ને ક્યાં નવપ્રસૂત બાળ ? મદનરેખા કર્મના કોરડાને વિચારી રહી. બે અઢી દિવસના ગાળામાં તો એણે ઘણું ઘણું જોઈ નાંખ્યું હતું. વિધિના જીવલેણ ફટકા ! કર્મના તાતાકોરડા અને સંજોગોનું વૈચિત્ર્ય ! આ બધાની વચ્ચે પોતાની

હાલત કેવી કરુણ બની હતી ! પોતાનું શીલ, આ બધા સંઘર્ષો વચ્ચે કેવું તવાઈ રહ્યું હતું !

ધર્મરક્ષા કેટલી કઠિન વસ્તુ છે, એ મદનરેખાને રાજમહેલ છોડ્યા પછી આજે જ જણાતું હતું. છતાંય આ બધાની વચ્ચે એ અડોલ, અણનમ, અચલ અને નિર્ભય હતી.

આફત પર આફત આવી હતી ! પોતાનો શિશુ મદનરેખાએ ખોયો હતો. છતાંય નંદીશ્વરદ્વીપનું નામ સાંભળતાં જ એણે હર્ષના રોમાંચ અનુભવ્યા ! કેમ કે નિરંજનોની એ નગરી હતી. મંદિરોનું એ મહાતીર્થ હતું. દેવોની ત્યાં દુનિયા હતી. ત્યાંનાં મંદિરો નિહાળવા મળશે. ત્યાંની પ્રતિમાઓને વંદન-પૂજન થઈ શકશે ને જ્ઞાનીની ધર્મદેશના સાંભળવાનું સૌભાગ્ય સાંપડશે, દુઃખનું આફતનું આ ઊજળું-પાસું વિચારતી - વિચારતી મદનરેખા પોતાનાં દુઃખ-દર્દને વીસરી ગઈ.

અંતે નંદીશ્વર દ્વીપમાં વિમાન નીચે ઊતર્યું. નંદીશ્વર દ્વીપના એક ખુલ્લા મેદાનમાં મહર્ષિ મણિચૂડ વિરાજ્યા હતા. એમના તન-બદન ઉપર બ્રહ્મતેજ ઝગારા મારતું હતું. વૈભવનાં વાંભ-વાંભ ઊછળતા સાગરને ઠોકરે મારીને એમણે સંયમ-ભાર વહ્યો હતો.

ગંધાર-દેશ ને રત્નવહનગર, આની બે બાજુની શ્રેણીઓ પર મણિચૂડનું રાજ્ય હતું. એની રાણી 'કમલાવતી' રૂપ-રૂપનો અંબાર હતી. પણ એક દિવસે સંસાર એમને અકારો લાગ્યો. અને બધા પ્રેમ-તંતુઓ એણે તોડી નાખ્યા. પોતાના પુત્ર મણિપ્રભનો એમણે રાજ્ય પર અભિષેક કર્યો ને પોતે વિરાગની વાટે ચાલી નીકળ્યા. સંયમના સ્વીકાર પછી મહર્ષિ મણિચૂડ એક દિ ચાર ચાર જ્ઞાનના સ્વામી બન્યા. એક વાર નંદીશ્વર દ્વીપમાં એમની પધરામણી થઈ. ત્યાં પોતાને વંદન કરવા આવનાર પોતાના પુત્રની મોહમયી મનોદશા જાણીને મહર્ષિ મણિચૂડે જરાક દુઃખ અનુભવ્યું.

મણિપ્રભ વિમાનમાંથી નીચે ઊતર્યો. એની પાછળ મદનરેખા પણ ઊતરી. નંદીશ્વર-દ્વીપને જોતાંની સાથે જ મદનરેખા પોતાનું બધું દુઃખ વીસરી ગઈ. એના અંગઅંગમાં આનંદ વ્યાપી રહ્યો ! સૌએ પહેલાં તો જિનેશ્વરોની પૂજના-અર્ચના કરી, ને પછી સૌ મહર્ષિ મણિચૂડની દેશના સાંભળવા બેઠા.

મનઃપર્યવજ્ઞાની સામાનું મન જાણી શકે. મહર્ષિએ દેશનામાં શીલની મહત્તા અને શીલવ્રતના ભંજકની કરુણ હાલત વર્ણવી.

દેશના પૂરી થતાં જ મણિપ્રભ-વિદ્યાધર રડી પડ્યો. પોતાના માનસિક-પાપનો એકરાર કરતાં એણે કહ્યું : ભગવંત મદનરેખા હવે મારી સગી-બહેન છે !

- ને મણિપ્રભ મદનરેખાના ચરણે ઢળી પડતાં બોલ્યો, બહેન ! તારા આ સગા ભાઈને ક્ષમા આપજે. આજે મેં તારો અક્ષમ્ય અપરાધ કર્યો છે.

મણિપ્રભ વધુ ન બોલી શક્યો. એનું ગળું ભરાઈ આવ્યું. એક ભાઈએ પોતાની બહેનના ચરણને અંતરનાં આંસુઓથી અભિષેક્યાં.

મદનરેખા આનંદી ઊઠતા બોલી : ભાઈ ! તમારો ઉપકાર હું કદી પણ નહિ વીસરું. તમે મારું જીવન બચાવ્યું છે. અને આ નંદીશ્વર-દ્વીપની યાત્રા કરાવી છે, એ તો મારા દિલની દીવાલે સદાય અંકિત સોનેરી-સ્મૃતિ બની રહેશે !

વાસના હતી, ત્યાં વાત્સલ્ય આવ્યું ને મણિપ્રભ મદનરેખા બન્ને સાચાં ભાઈ-બહેન બન્યાં.

મદનરેખા હાથમાં આવેલી આ તકને જવા દેવા માંગતી ન હતી. પોતાના પ્રીતમના ને પુત્રોના જનમ-જનમ એને જાણવા હતા. ને સ્નેહતંતુના તાણાવાણા કંઈ ઓછા મજબૂત હોય છે ! મદનરેખાને પોતાનો

એ નવપ્રસૂત બાળ યાદ આવ્યો અને એની જ વાત એણે સૌ પ્રથમ પૂછી :

"ભગવંત ! મારા એ પુત્રે એવું તે કેવું કર્મ બાંધ્યું હશે, જેથી જન્મતાં જ એના ભાગ્યે માતાનો વિયોગ લખાયો ?"

મહર્ષિ મણિચૂડે કહ્યું : ભદ્રે ! જીવનમાં અસ્ત-ઉદય લાવનારી, આનંદ-આક્રન્દની દેન કરનારી સત્તા 'કર્મ'ની છે. એ સત્તા કોઈના હાથ નીચે નથી. એ સત્તાએ આખા જગતને પોતાના હાથ નીચે દાબી રાખ્યું છે. મણિરથ, યુગબાહુ, ચન્દ્રયશ આ બધાના જીવનમાં દિલને હચમચાવી નાખનારી જે ઊથલ-પાથલો ને તેજી-મંદીઓ રમાઈ ગઈ, એની દોરીસંચારક કર્મસત્તા જ છે.

બધા ભેદ-ભરમ ખુલ્લા પાડતાં મહર્ષિએ કહ્યું : યુવરાજ યુગબાહુને એના ભાઈ મણિરથે નહિ, પણ એનાં કર્મે માર્યો હતો ! મણિરથને સર્પે દંશ નહોતો દીધો, પણ એનાં જ કર્મે ડંખ દીધો હતો.

"મણિરથ... ! સર્પદંશ...!"

મદનરેખા ચમકી ઊઠી. ને એણે વચમાં જ પૂછી નાખ્યું. મણિરથને થયેલ સર્પદંશની એ વાત વિસ્તારથી જણાવીને મહર્ષિ આગળ વધ્યા :

"ભદ્રે તારો ને તારા બાળનો વિયોગ જળહસ્તીએ નહિ, પણ કર્મે કરાવ્યો છે ! ને ભાવિમાં પણ ભાઈ-ભાઈની વચ્ચેના એ યુદ્ધમાં હાથી નહિ, પણ કર્મ જ કારણ બનશે !"

આટલી બધી બળવાન કર્મસત્તાની ઓળખ આપ્યા પછી મહર્ષિએ મણિરથ, યુગબાહુ, મદનરેખા અને ચન્દ્રયશના જીવન-જીવનનાં રહસ્યો ખુલ્લાં કરી બતાવ્યાં. પોતાના જનમ-જનમ જાણ્યા પછી મદનરેખાને આ સંસાર પર ધિક્કાર છૂટ્યો. દેવોની દુનિયામાં એ મદનરેખા ઊભી હતી. મંદિરોનું નગર, એની ચોમેર વીંટળાઈ ઊભું હતું. ત્યાં એક ચમત્કાર થયો !

આકાશ-માર્ગેથી એક તેજસ્વી વિમાન નીચે ઊતરી આવ્યું. રત્નો ને મણિઓથી લચી પડેલું એ વિમાન હતું. વિમાનમાંથી તેજ-તેજનો એક અંબાર બહાર નીકળ્યો. એના પગ ધરતીથી ચાર આંગળ અધ્ધર હતા, એની આંખ પલકારા વિનાની હતી, એની પુષ્પમાળા મુરઝાય એવી ન હતી, એ એક દેવ હતો !

મદનરેખા એ દેવ તરફ જ જોતી હતી, ત્યાં તો એ દેવ મદનરેખાની તરફ વળ્યો, દેવે મદનરેખાને ત્રણ પ્રદક્ષિણા આપી ને અંતે મદનરેખાના પગમાં એ દેવ ઢળી પડ્યો ! આ જોઈને બધા આશ્ચર્ય અનુભવી રહ્યા.

●

## પ્રકરણ ૫

## મિથિલાના માર્ગે...

**ભો**મમાંથી ઊડતું ઊડતું એક પંખી વ્યોમમાં આવીને અટક્યું. બ્રહ્મ દેવલોકનું એક પિંજરું ખાલી પડ્યું હતું. એમાં એ પુરાયું !

સુદર્શન નગરમાંથી એક આતમરામ બ્રહ્મ દેવલોકની દેવશય્યામાં ઉત્પન્ન થયા. ઉત્પન્ન થતાંની સાથે જ એમને પોતાની પૂર્વ-કથા સાંભરી.

અવધિજ્ઞાનના અજવાળે અજવાળે અતીતના અંધારભર્યા પ્રવાસે એ સંચર્યા ને એકદમ સ્વગત બોલી ઊઠ્યા :

"રે ! મારું ખૂન ! અને છતાંય હું આ દેવલોકમાં ઈન્દ્રના સામાનિક-સિંહાસનનો સ્વામી ?"

ને લાલ-આંખો ઘુમાવીને એ દેવ મનોમન બોલ્યો :

"રે ! દુષ્ટ મણિરથ ! તે તારા લોહીને, તારા સગા ભાઈને મારી નાંખતાં જરા વિચાર પણ ન કર્યો ? તારા પાપે જ સુદર્શનના ઈતિહાસને પાને લોહીના લેખ લખાયા ? રે ! પણ મદનરેખાં ક્યાં ? આખા સુદર્શનમાં એનાં પદ-ચિહ્નો પણ કેમ ક્યાંય જણાતા નથી ?"

- ને દેવશય્યામાં ઉત્પન્ન થયેલા એ દેવે મદનરેખાનાં પદચિહ્નો શોધવા વધુ ઉપયોગ મૂક્યો. થોડી પળો બાદ એ બોલી ઊઠ્યો :

"રે ! રે ! આફત ઉપર આફત ! શીલ પર પાછું આક્રમણ ! ઓહ ! આ તો નંદીશ્વર-દ્વીપ ! દેવોની આ દુનિયા ! મદનરેખા છેક અહીં આવી પહોંચી ?"

-ને એ દેવે પોતાના પરિવારને નંદીશ્વર-દ્વીપના પ્રવાસની તૈયારી માટે આજ્ઞા કરી.

ભવ્ય વિમાનો ઘડી-પળમાં તૈયાર થઈ ગયાં. કીમતી ને વિશાળ એક વિમાનમાં નવોત્પન્ન એ દેવનો પરિવાર સામેલ થયો ને બીજાં બીજાં નાનાં-મોટાં ઘણાંય વિમાનો નંદીશ્વરની યાત્રા માટે સજ્જ થઈ ગયાં. એ દેવ પરિવાર નંદીશ્વર-દ્વીપમાં ઊતર્યો. ભગવંતોનાં મંદિરો ત્યાં હતાં, મનઃપર્યવજ્ઞાની મહર્ષિ મણિચૂડ ત્યાં બિરાજેલા હતા, પણ એ દેવ ક્યાંય ન ગયો. સીધો જ મદનરેખાનાં ચરણોમાં એ દેવ ઢળી પડ્યો. પછી દેવ ઊભો થયો ને મહર્ષિના ચરણની રજ માથે ચડાવીને એમની સામે દેવે પોતાનું આસન બિછાવ્યું.

*"રે ! આવો અવિવેક ને એય દેવ થઈને ?" બાજુમાં જ બેઠેલા વિદ્યાધર મણિપ્રભથી આ અવિવેક ન ખમાયો. એ પ્રગટ રીતે બોલી ઊઠ્યો :*

"અજ્ઞાન હજી અવિવેક કરાવે, તો ક્ષમ્ય ગણાય ! પણ તમારા જેવા જ્ઞાની આવો અવિવેક કરે, એ કેમ ચાલે ? ન આપ પ્રભુને પ્રણમ્યા ! ન આપે મહર્ષિને મસ્તક નમાવ્યું ને સીધા જ એક નારીના પગ આપે ચૂમ્યા ? આની પાછળ કોઈ રહસ્ય હોય, તો એ જાણવા હું ખૂબ જ ઉત્સુક છું."

મહાસતી મદનરેખાને પણ આ પ્રશ્ન, આ અવિવેક મૂંઝવી રહ્યો હતો : મારા જેવી એક નારીને શા માટે પહેલા પ્રણામ ?

આ મૂંઝવણનો ઉકેલ લાવવા દેવે કહ્યું :

"મણિપ્રભ ! આ અવિવેકની પાછળ પણ વિવેક રહ્યો છે ! આ નારીએ જો મારી સામે દીવાદાંડી ન જલાવી હોત, તો એ કહેવું મુશ્કેલ બનત કે, આજે હું ક્યાં રખડતો-આથડતો હોત ? સૌન્દર્યના પાપે મારા ભાઈએ જ્યારે મારું ખૂન કર્યું. ત્યારે આ મદનરેખા પત્ની જ નહિ ધર્મપત્ની બનીને મારી મૃત્યુ-શય્યા સમક્ષ આવી. એણે મને નવી જ દિશા ને નવું જ દ્વાર બતાવ્યું. એણે મને સમજાવ્યું કે, આ જગતમાં કોઈ કોઈનું દુશ્મન નથી. આત્મા જ આત્માનો દોસ્ત છે ને આત્મા જ આત્માનો દુશ્મન છે ! મેં આ નવા દ્વારમાં પ્રવેશ કર્યો ને મને શાંતિ મળી. મારી આંખ આગળથી એ હત્યા હટી ગઈ. હત્યારો એ મણિરથ મને યાદ પણ ન આવ્યો. નમસ્કારના જપમાં હું લીન બન્યો. આની પાછળ જો કોઈ મુખ્ય કારણ હોય, તો તે આ સન્નારી જ છે ! મણિપ્રભ ! ખીણમાંથી ઉગારીને મને શિખરે ચઢાવનાર, રૌરવ દુર્ગતિ ભણી જનારી મારી જીવન નૈયાને દેવલોક ભણી દોરનાર આ મહાનારીને પ્રથમ પ્રણામ કરવાનું આ જ કારણ છે. એથી આ અવિવેકમાં પણ એક રીતે વિવેક જ છુપાયો છે !"

દેવે પોતાની કહાણી પૂરી કરી. મદનરેખાએ આજે ઘણાં ઘણાં ભવ-નાટકો જોઈ નાંખ્યાં હતાં. આજની દેશનાનો શબ્દે-શબ્દ એની ઊંઘ ઉડાડવા અંતરમાં કાંટાની જેમ ભોંકાયો હતો ને એના માંહ્યલાને જગવી ગયો હતો. એની આંખ સામે ધર્મના હેરતભર્યા પ્રભાવ નાચતા હતા. એમાંય જ્યારે પોતાનો પ્રીતમ દેવના સ્વાંગમાં દેખાયો, ત્યારે તો એ ધર્મ પર વારી ગઈ. મદનરેખાનું મન પોકારી ઊઠ્યું :

"આ સંસારથી સર્યું ! આ સૌન્દર્યથી પણ સર્યું. જ્યાં ભાઈ-ભાઈની હત્યા થાય. અને જેના પાપે શીલ પર આફત પર આફત ચઢી આવે એવા આ સંસારને હવે સો ગજના નમસ્કાર !"

મદનરેખાનો જાગેલો માંહ્યલો પ્રકાશ-પથ પર પગલીઓ ભરી રહ્યો હતો. એણે નિર્ણય લઈ લીધો :

"ન જોઈએ હવે મારે સંગ. હવે હું નિસંગની પૂજારિણી બનીશ. એની પૂજા જ મારું જીવન બનશે અને એનાં ગાન જ મારું કવન બની રહેશે."

મદનરેખાના હૈયામાં હવે આ સંસાર પ્રત્યે ભારોભાર ધિક્કાર છૂટ્યો હતો ને એ ત્યાગ-માર્ગની આરાધિકા બનવાની આશા સેવી રહી હતી. કોઈ સ્નેહ-તાંતણા હવે એને જકડી શકે એમ ન હતા. પરંતુ પુત્રપ્રેમનો પાશ જલદી તૂટે એવો ન હતો. લાકડીને કોરી ખાતો કીડો પણ કમળની કોમળ કેદમાંથી છૂટવા અશક્ત હોય છે. પોતાના તીક્ષ્ણ ડંખથી ભ્રમર, કાષ્ટને કોરીને બહાર નીકળી આવતો હોય છે, પણ કમળમાં પુરાતાં એ કીડો, એ કમળની કોમળ પાંખડીઓને પણ તોડી શકતો નથી.

નિઃસંગની ઉપાસના માટે તત્પર બનેલી મદનરેખાની આંખ આગળ પોતાની આશા, પોતાનું હૈયું, પોતાનો નવ પ્રસૂત બાળ તરવરી ઊઠ્યો. એને થયું : શું કરતો હશે એ ? એક વાર એને ચૂમી લઉં ! એક વાર એના ખીલેલા મુખ-કમળ પર ભ્રમર બનીને, થોડી પરાગ પી લઉં અને પછી નિશ્ચિંત બનીને સંયમને માર્ગે પ્રયાણ કરું.

મદનરેખાએ જાણે લોહની મોહ-શૃંખલાને 'તડાક' કરતી તોડી પાડી, પણ પ્રેમના એક તંતુને તોડવાની શક્તિ એણે ગુમાવી.

એ પ્રિયતમ, એ દેવ, પોતાની પ્રિયતમા સામે નહિ, પણ એક શીલમૂર્તિની સામે અંજલિ જોડીને નતમસ્તકે ખડો હતો. એની પ્રાર્થના ચાલુ જ હતી :

"દેવી ! આપનું પ્રિય હું શું કરું ? આપના ઉપકાર નીચે તો દબાયેલો જ છું. એ ઉપકારનું આંશિક પણ ઋણ ફેડવા અસમર્થ છું. છતાંય મારી ઇચ્છા છે કે, હું આપનું કંઈક ઇષ્ટ કરતો જાઉં."

"મિથિલાના માર્ગે !" મદનરેખા મનોમન બોલી રહી. પછી એણે કહ્યું : "આમાં મેં કંઈ જ ઉપકાર નથી કર્યો. હું આપની પત્ની જ નહિ, ધર્મપત્ની પણ હતી. એથી આપના મૃત્યુને મહોત્સવમય બનાવી દેવું, એ મારી ફરજ હતી. આ ઉપકાર તો સદ્‌ગુરુદેવોનો છે, જેમણે આપણામાં ધર્મ રેડ્યો. આ આભાર તો ધર્મનો છે. જેના સહારે આપ દેવ બન્યા. સ્વામી ! છેલ્લા કેટલાક દિવસોમાં જે ભવ-નાટકો ખેલાઈ ગયાં છે, એને જોઈને તો હવે હું આ સંસારથી વિરકત બનવા માગું છું. હવે અહીં ગોઠે એવું એકેય તત્ત્વ મને જણાતું નથી. મારો મક્કમ નિર્ધાર છે કે, હવે હું વિરાગની પૂજારિણી બનીશ.

જરાક ક્ષોભ અનુભવતી મદનરેખા બોલી : પણ પુત્રનો પ્રેમ-તંતુ મારા પગને પકડી રહ્યો છે. નવપ્રસૂત શિશુનું એક વાર દર્શન થઈ જાય, તો મારો રાહ નિર્વિઘ્ન બને. આ માટે આપ મને 'મિથિલાને માર્ગે' લઈ જાવ.

મદનરેખા આટલું જ જણાવીને અટકી. પોતાના નિર્ણયમાં એ અડોલ હતી. એક વાર પુત્રનું મોં જોયા પછી આ સંસારમાં પળ માટેય ઊભી રહેવા, એ તૈયાર ન હતી. દેવે આ મનોરથ પૂર્ણ કરવાની તૈયારી બતાવી, એથી મદનરેખા પણ પ્રસન્ન બની ઊઠી.

દેવોની દુનિયાથી વિદાય લઈને હવે માનવોની ધરતી પર પાછા ફરવાનું હતું. મદનરેખાએ મહર્ષિ મણિચૂડને વંદન કર્યું. વિદ્યાધર મણિપ્રભનો એણે ઉપકાર માન્યો.

નિસર્ગપુણ્યા ને સ્વભાવ-સૌન્દર્યા નંદીશ્વરદ્વીપની ધરતીએ જબરી મોહિની લગાવી હતી. એના એક એક મંદિરે ને એક એક પ્રતિમાએ આંખ પર કામણ કર્યાં હતાં. છતાંય એ મોહિનીને છોડ્યા સિવાય છૂટકો જ ન હતો.

મદનરેખાએ નંદીશ્વરને એક ભાવ-સભર નમસ્કાર કર્યો ને દેવના વિમાનમાં મિથિલાને માર્ગે જવા એ સજ્જ થઈ. સંસાર-નાટકનાં કરુણ-દશ્યોની સ્મૃતિઓ, મદનરેખાની આંખ આગળથી હજી ભૂંસાઈ ન હતી. પણ એ સ્મૃતિઓ જ મદનરેખાની ભાવનાને વધુ ને વધુ મજબૂત બનાવી રહી હતી. મિથિલાના માર્ગે વિમાન રવાના થયું. થોડી પળો વીતી, ત્યાં મિથિલા આવી ગઈ. વિમાન નીચે ઊતર્યું.

મિથિલા ! તારો ઇતિહાસ બડભાગી હતો.

ભગવાન શ્રી મલ્લિનાથ અને ભગવાન શ્રી નમિનાથનાં ત્રણ ત્રણ કલ્યાણકોની પુણ્યભૂમિ બનવાનું સૌભાગ્ય તને સાંપડ્યું હતું. તેં એમનો જન્મ જોયો. એમની પ્રવ્રજ્યામાં તેં ભાગ લીધો ને એમના કેવલજ્ઞાન ટાણે તું હસી ઊઠી. મિથિલા ! ત્રણ ત્રણ કલ્યાણકોની તું કર્મભૂમિ બની.

મિથિલાનો માર્ગ, આમ તો પુત્ર-દર્શન માટે જ મદરેખાએ ખાસ પસંદ કર્યો હતો. છતાં મિથિલા આવતાં જ એને પ્રભુ સાંભર્યા. એથી સહુ પ્રથમ શ્રી મલ્લિનાથ ને નમિનાથ પ્રભુના દર્શને એ ગઈ. પોતાનો નવપ્રસૂત પુત્ર મિથિલાના રાજભવનમાં હાલરડાં સાંભળી રહ્યો હતો. પણ મદનરેખાને મન તો પુત્ર કરતાં પ્રભુનું સગપણ વધારે હતું. પ્રભુ-દર્શન કર્યા પછી પણ મદનરેખાને પુત્ર ન સાંભર્યો. બાજુના જ ઉદ્યાનમાંથી

આવતો શ્રમણીઓનો સ્વાધ્યાયઘોષ એના કાને અથડાયો ને એ સીધી જ સાધ્વીજી પાસે વંદનાર્થે પહોંચી ગઈ.

મધ્યમાં બિરાજેલા એક સાધ્વીનેતાની આગળ મદનરેખા બેસી ગઈ. મદનરેખાના મોં પર પ્રેરણાની પ્યાસ વંચાતી હતી. મુખ્યઆર્યાએ એની આગળ ધર્મમાર્ગનાં અજવાળાં પાથર્યાં.

મુખ્ય શ્રમણીમાં એવી કોઈક કામણ-શક્તિ હતી કે, જેથી પુત્રદર્શન માટે ઝૂરતી ને નંદીશ્વરથી છેક મિથિલા સુધી આવેલી મદનરેખા ત્યાં જ સ્થિર બની ગઈ. જે મંજિલ નક્કી કરી હતી, એનો માર્ગ મદનરેખાને એ શ્રમણીમાં દેખાયો. એણે આર્યાને કહ્યું : કર્મથી કુટાતી, મોહથી મૂંઝાતી અને એક ભવમાં અનેક-ભવ અનુભવનારી આ નારીનો હાથ પકડશો ? આ જીવનમાં આ છેલ્લા દિવસોમાં મેં જે જોયું-જાણ્યું છે, એ જોયા-જાણ્યા પછી મારું મન સંસાર ઉપરથી ઊઠી ગયું છે.

-ને પછી મદનરેખાએ પોતાની કરુણ કહાણી પૂરેપૂરી કહી સંભળાવી. એ સાંભળીને શ્રમણી-મુખ્યે પણ રોમાંચ અનુભવ્યો. બ્રહ્મલોકમાંથી આવેલો દેવ હજી મદનરેખાની સેવામાં જ હતો. એણે કહ્યું :

“ચાલો, પુત્રદર્શન કાજે ! જેને માટે આપે મિથિલાનો આ માર્ગ કાપ્યો છે, એ પુત્ર હજી જીવતો જ છે. ધર્મના સઘન વાતાવરણ વચ્ચે, પુત્ર શું સાવ જ ભુલાઈ ગયો ?”

દેવ-વાણી સાંભળીને મદનરેખા બોલી ઊઠી : સંસારમાં કોઈ-કોઈનો પુત્ર નથી. સંસારના આ અનંત-ચક્રમાં પિતા પુત્ર બને છે, પુત્ર પત્ની બને છે, પત્ની માતા બને છે અને આમ એ ચક્ર ઘૂમતું જ રહે છે. કોઈ એવો ભૂમિ-કણ નહિ હોય કે, જ્યાં પ્રત્યેક જીવ અનંત અનંત વખત જન્મ્યો-મર્યો ન હોય. કોઈ એવી વ્યક્તિ નહિ હોય, જેની સાથે દરેક જીવે, દરેક સંબંધ અનંત-અનંત વખત બાંધ્યા-છોડ્યા ન હોય ! માટે સર્યું એ સંતાનથી, હવે તો હું પ્રભુના પંથે જ પગલીઓ બઢાવીશ.

જેની પાંખમાં 'ત્રિભુવનવિહાર'ની વિરાટ શક્તિ છે, એ પંખીને હવે મારે પિંજરના બંધનમાં નથી રાખવો. હું હવે શ્રમણી બનીશ ને ત્યાગમાર્ગે આગળ વધીશ.

કમળ-પત્રની એ કેદ પણ કોરાઈ ગઈ. મદનરેખાનો વિરાગ ખૂબ તીવ્ર બન્યો. જન્મ આપ્યા પછી તરતમાં જ જેનો વિયોગ વેઠવો પડ્યો હતો, એ પુત્ર નજીકમાં જ હતો, પણ માતાએ મોહનાં પડળ હવે ભેદી નાંખ્યાં હતાં ને જગત આખામાં એ માતાને પુત્રનું દર્શન થતું હતું. એ મા પોતાના લાડકવાયાને એક વાર નિહાળી લેવાય ન ગઈ. એક ચૂમી ભરવાનીય ઇચ્છા એણે ન કરી. બસ, ત્યાગ કર્યો, તો હવે એને ત્યાગ કરી જાણવો હતો. સ્નેહના તંતુ એણે તોડ્યા, તો હવે તોડી જાણવા હતા.

ભગવાનની પ્રતિમામાં મદનરેખાને મલ્લિકુમારીનું આખું જીવન અંકાયેલું દેખાયું, અને એના વિરાગે વેગ પકડ્યો. જૈન-શ્રમણીનો ભેટો થતાં જ વિરાગના એ વેગમાં ભરતી આવી. ને મદનરેખાએ પોતાનો 'પુત્ર-પ્રેમ' ફગાવી દીધો ! એ વિરાગ જોઈને દેવના આશ્ચર્યનો પાર ન રહ્યો.

મદનરેખાને હવે આ સંસાર સોમલ જેવો લાગતો હતો. એ સોમલની વચ્ચે અમૃતની ઓથ સિવાય એક ક્ષણ કાઢવી, એ પણ એને જીવલેણ લાગતી હતી. શ્રમણી મુખ્યને પોતાનો 'શિષ્યા' તરીકે સ્વીકાર કરવા મદનરેખાએ પ્રાર્થના કરી.

શ્રમણી-મુખ્યે યોગ્યતા નીરખીને મદનરેખાને પ્રવ્રજ્યા આપી. દેશાન્તર, વેશાન્તર ને નામાન્તર પણ થયું. મદનરેખા હવે 'સાધ્વી સુવ્રતા' બન્યાં. મિથિલાનો માર્ગ એમના માટે જાણે મોક્ષનો માર્ગ બની ગયો !

•

## પ્રકરણ ૬ યુદ્ધની ચિનગારી

વન-વગડામાં તરછોડાયેલું એક ફૂલ મિથિલાના રાજભવનમાં ખીલી રહ્યું હતું. બડભાગી એ ફૂલ હતું, જેથી એની પાંખડીઓ ખરી પડે, એ પહેલાં જ એક મમતાળુ-માળીએ એનાથી પ્યાર કર્યો.

મિથિલાપતિ પદ્મરથ નિઃસંતાન હતા. વન-નિકુંજમાંથી ભાગ્યજોગે સાંપડેલા એ બાળને રાજા-

રાણીએ પોતાનો જ બાળ ગણ્યો. અને આખી મિથિલા એને 'પદ્મરથ-પુષ્પમાળા'ના સંતાન તરીકે જાણતી થઈ.

સચિત્ર સંસારનો આ પણ એક વિચિત્ર ખેલ જ ગણાય ને ? એ બાળનાં સાચા માતાપિતા કોણ ? ને જગત એનાં માતાપિતા તરીકે પિછાણે કોને ? ગમે-તેમ તોય એ બાળ પુણ્ય-પનોતો હતો. મિથિલાના મહેલમાં એનાં પગલાં પડ્યાં, ત્યારથી મિથિલા ઋદ્ધિ-સિદ્ધિથી વૃદ્ધિ પામતી જ ગઈ.

મિથિલાની આજુબાજુની સીમાઓ પરનાં કેટલાય રાજ્યો મિથિલાની વિરુદ્ધમાં હતાં. પદ્મરથે એ સીમારાજ્યોને મિથિલાની આણ નીચે લાવવા ઘણા ઘણા પ્રયત્નો કર્યા હતા. સંધિ-સુલેહ કરવામાં એમણે બાકી રાખી ન હતી. સંગ્રામો પણ એમણે ખેલ્યા હતા. પણ એ સીમારાજયો મિથિલામાં નહોતાં ભળ્યાં તે નહોતાં જ ભળ્યાં. એથી મિથિલાપતિ પણ હવે આ વિષયમાં સાવ નિરાશ બની ગયા હતા. પોતાનું સ્વપ્ન સાકાર થાય, એવી આશા પણ એમણે છોડી દીધી હતી. પણ ચમત્કાર સંરજાયો. વનમાંથી આણેલા એ બાળનાં પગલાં મિથિલામાં થયાં, ત્યારથી એક પછી એક રાજ્યે મિથિલાની શરણાગતિ સ્વીકારવાની તૈયારી દાખવી. જે રાજ્યોને સંગ્રામ ન નમાવી શક્યો, એ રાજ્યો પોતાની મેળે જ મિથિલામાં ભળી ગયાં.

પદ્મરથને આ બનાવથી ખૂબ જ આશ્ચર્ય થયું. એમના આનંદની પણ અવધિ ન રહી. એમણે વનમાંથી આણેલા એ બાળનું નામ આ ચમત્કારી-વાતની 'સ્મૃતિ' સજીવ રહે, એવું જ રાખવાનું નક્કી કર્યું. પુષ્પમાળાને અને મંત્રીમંડળને પદ્મરથે પોતાનો મનોભાવ જણાવ્યો. બધાએ એમાં સમસ્વરે સહમતિ દાખવી ને એ બાળનું નામ 'નમિ' રાખવામાં આવ્યું. જેના આગમનમાત્રથી રાજાઓ નમી પડ્યા, એ 'નમિ'.

કાળચક્ર ફરતું જ રહ્યું. એના ઘસારાઓએ નવાને જૂનું બનાવ્યું, તો જૂનાને નવુંય બનાવ્યું. કાળના કિરણે અણ-ઊઘડી કેઈ ફૂલકળીઓ, શત-સહસ્ર પાંખડીએ પાંગરી ઊઠી, તો કેઈ શત-દળ-કમળોની પાંખડીઓ ખરી ગઈ ને એ કમળો નામો-નિશાનથી પણ મટી ગયાં.

બાળ-નમિ કાળક્રમે યૌવનની પગથારે આવી ઊભો ને પદ્મરથના દેહ પર મૃત્યુના, જરાના દૂતો ઘૂમવા માંડ્યા. નમિના દિલ-દ્વારે સરસ્વતી, સૌન્દર્ય ને સુવર્ણનાં ત્રિ-સંગમો રચાયાં. બુદ્ધિમાં એ અજોડ બન્યો. સૌન્દર્ય એનું બિનહરીફ બન્યું, ને સુવર્ણના તો એની પાસે ઢગ ખડકાયા.

ઈક્ષ્વાકુવંશની હજાર-હજાર સુંદરીઓનો નમિરાજ સ્વામી બન્યો. પદ્મરથ હવે નિવૃત્ત થવા માગતા હતા. એમણે મિથિલાનો મુકુટ નમિને માથે પહેરાવ્યો. રાજ્ય પર નમિનો અભિષેક કરીને પદ્મરથે સંયમનો પંથ સ્વીકારવાની તૈયારી કરી.

આર્યાવર્તની એ એક અક્ષુણ્ણ-સાંસ્કૃતિક-પરંપરા હતી કે, રાજ્યભારને વહન કરવા પુત્ર સમર્થ બને, પછી સર્પ જેમ કાંચળીને ત્યાગીને ચાલતો થાય, એમ પિતા સંસાર ત્યાગી દે. પદ્મરથ આ સંસ્કૃતિના પરમ-ઉપાસક હતા. એમણે વિચાર્યું કે, મિથિલાનો મુકુટ પહેરી શકે, એવો બડભાગી વારસદાર હવે તૈયાર થઈ ગયો છે. એથી મારે હવે મારા આત્મા પર રાજ્ય કરવું જોઈએ, યુદ્ધો તો ઘણાં ખેલ્યા, હવે ઇન્દ્રિયોની સામે યુદ્ધ ખેલવું જોઈએ. અને 'યુદ્ધવિરામ' કરીને આત્મશ્રેય હાંસલ કરી લેવું જોઈએ.

મિથિલાપતિ પદ્મરથે આ વિચાર પ્રજામાં વહેતો મૂક્યો. આખી મિથિલા આ સાંભળીને ગમગીન બની ગઈ. પોતાનો આધાર ચાલ્યો જવાનો હોય, એવી હૈયાની લાગણી બધામાં ઊભરાઈ ઊઠી. મિથિલાપતિનો વિદાય-દિન નજીક આવતો હતો ને લોકલાગણી વધુ ને

વધુ ઘેરી બનતી જતી હતી. અંતે એ દિવસ આવી પહોંચ્યો. સર્પે પોતાની કાંચળી ત્યાગી દીધી ને એની પર નજર કર્યા વિના એ ચાલતો થયો.

મિથિલાપતિ પદ્મરથ અણગાર બન્યા ને વન-વગડાની વાટે એમણે ડગ ભર્યાં. એ વિદાય પર મિથિલાએ આંસુ સાર્યાં. નમિરાજ પણ રડ્યા વિના ન રહી શક્યા. પોતાની પર છવાયેલી 'પિતૃછાયા' અદશ્ય થતાં એના હૈયે કમ્પ અનુભવ્યો.

આમ ને આમ દિવસો વીતતા ચાલ્યા. મિથિલાનું રાજ્ય વિસ્તરતું જતું હતું. એનો ચાહક-વર્ગ પણ દિવસે દિવસે બહોળો થતો જતો હતો. મિથિલાને 'પદ્મરથ'ની ખોટ યાદ કરવી ન પડી. નમિરાજે આખા મિથિલાનો સ્નેહ સંપાદન કરી લીધો. જેમ મિથિલાનાં મિત્ર-રાજ્યો વધી રહ્યાં હતાં, એમ એનાં શત્રુ-રાજ્યો પણ હજી હયાત હતાં. અને એ રાજ્યો મિથિલાની વિરુદ્ધમાં પોતાની શક્તિ વેડફી રહ્યાં હતાં.

સુદર્શન ! ત્યાંનો રાજવી ચન્દ્રયશ ! એ મિથિલાપતિના તાબે રહેવા માગતો ન હતો. ચંદ્રયશ નમિરાજની વિરુદ્ધમાં હતો. મિથિલા અને સુદર્શન સામ-સામા-અંદર ધૂંધવાઈ રહ્યા હતા. દિવસો વીતતા જ જતા હતા ને વિરોધ વધુ વેગવાન ને ઘેરો બન્યે જતો હતો. લડી લઈને એકબીજાનું અસ્તિત્વ મિટાવી દેવા બન્ને રાજ્યો અંદર અંદર મથી રહ્યાં હતાં.

યુદ્ધ એક ચિનગારી, એક તણખાની જ રાહ જોઈ રહ્યું હતું. એક તણખો મળતાં જ યુદ્ધની મહાજ્વાળાઓ સળગી ઊઠે એમ હતું. બળમાં મિથિલા અજેય હતી. સુદર્શનનું બળ મિથિલાનો મુકાબલો કરી શકે, એટલું સબળ ન હતું. પણ ઈર્ષા કદી પોતાના બળાબળનો વિચાર નથી કરતી અને મિથિલા ને સુદર્શન વચ્ચેના વિગ્રહનું ખરું મૂળ તો ઈર્ષ્યા જ હતું. મિથિલાપતિ નમિરાજ વાતે વાતે કહેતા કે,

"આવા બળવાન રાજ્ય મિથિલાની ઝંડી નીચે સુદર્શન કેમ ન રહે ! ગમે તેમ કરીનેય, યુદ્ધ દ્વારા પણ ચન્દ્રયશને તો નમાવવો જ જોઈએ."

સુદર્શનનો સ્વામી ચન્દ્રયશ કહેતો : નમિરાજ બળવાન ને મિથિલા મોટી, એમાં અમારે શું ? મિથિલા ભલે નમિને બળવાન ગણે ! એ એના ઘરનો બળવાન ! એમાં સુદર્શનને શું લાગે વળગે ? પછી અમારે શા માટે એના હાથ નીચે દબાવું ?

આમ અસર-પરસ યુદ્ધના, સંઘર્ષના, સંગ્રામના, ભડકા ધૂંધવાઈ રહ્યા હતા. એમાં એક ચિનગારી ચંપાય, એટલી જ વાર હતી. પછી તો યુદ્ધની લબકારા મારતી જ્વાળાઓ ફાટી જ નીકળવાની હતી !

-ને એક દિવસ ચિનગારી ચંપાઈ ગઈ ! મિથિલાનો શ્વેત-પટ્ટહસ્તી આલાન-સ્થંભને ઉખેડીને ભાગી ગયો ! નમિરાજને જ નહિ, આખી મિથિલાને એ શ્વેત હાથી પર ખૂબ જ પ્યાર હતો. અને ખરેખર એ હાથી 'પટ્ટહસ્તી' પદને યોગ્ય જ હતો.

શ્વેત હાથી ખરેખર મનોરમ હતો. ધવલવર્ણી એની કાયા હતી. બે લાંબા દંતશૂળો એની કોઈ અનોખી શોભા હતી. એની ચાલમાં ચાતુર્ય હતું. રાજમાર્ગ પરથી જ્યારે એ પસાર થતો, ત્યારે જનતા એને પ્રેમભરી નજરે જોઈ જ રહેતી. આ શ્વેત હસ્તી જ તણખો બનવાનો હતો ને એની ખાતર જ ખૂન-ખાર સંગ્રામ ખેલાવાની તૈયારી થવાની હતી.

મિથિલાના મહાવતો આ શ્વેત હાથીને અંકુશમાં લેવા માટે ખૂબ જ મથ્યા. એમણે તરેહ-તરેહની યુક્તિઓ અજમાવી જોઈ. પણ એ હાથી ન પકડાયો, તે ન જ પકડાયો.

મિથિલાના રાજમાર્ગોના મધ્યમાં થઈને એ શ્વેત હાથીએ દોટ મૂકી હતી. એ દોડતો જ રહ્યો. દોડતો જ રહ્યો ! એ હાથીની પાછળ નમિરાજે

રાજ્યના ગુપ્તચરો નિયુક્ત કરી દીધા. જેથી એ ક્યાં જાય છે ને કોણ એને અંકુશમાં લે છે એ જાણી શકાય.

મિથિલાની સીમાઓ ઓળંગાઈ ગઈ. કેટલાક વનવગડા આવ્યા ને ગયા. કેઈ પર્વતો પગ નીચેથી પસાર થઈ ગયા. પણ એ શ્વેત હસ્તી ન અટક્યો. ભૂખ લાગતી ત્યારે એકાદ વનનિકુંજનો એ કચ્ચરઘાણ વાળી દેતો. પ્યાસ ઉગ્ર બની જતી, ત્યારે હિલોળા લેતા શાંત-પ્રશાંત પરિજાતોથી ભર્યા-ભાદર્યા એકાદ સરોવરને એ ડહોળી નાખતો. વિરામ-વિશ્રામની તો વાત જ ન હતી. એ હાથી ચાલતો જ રહેતો ! મિથિલાની હદ તો ક્યારનીય ઓળંગાઈ હતી.

વિંધ્ય પર્વતની હારમાળા હવે શરૂ થતી હતી. મિથિલાથી આ પ્રદેશ ખૂબ દૂર સુદૂરનો હતો. શ્વેત-હાથીની મદભર કાયા પણ હવે થાકી હતી. વિંધ્યાચલથી સુદર્શન ખૂબ જ નજીક થતું. એ પર્વતીય પ્રદેશ પર સુદર્શનની સીમા અંકાયેલી હતી ને ચન્દ્રયશના રાજ્યનો એ વિસ્તાર ગણાતો હતો.

મિથિલાથી આવેલો શ્વેત હસ્તી વિંધ્યાચલમાં આવીને થંભી ગયો. એમાં ગીચ ઝાડીવાળો આ પ્રદેશ પણ કારણ હતો, અને થાક પણ કારણ હતો. હાથીને આ પર્વતીય પ્રદેશ ભાવી ગયો. ઊંડાં ઊંડાં એ સઘન વનો ! સઘન-વૃક્ષોમાં છુપાયેલી એ ખીણો ! અને કલકલ નાદથી દિનરાત ગુંજતા જ રહેતાં એ ઝરણાંઓ ! આ બધાની મોહિનીએ એ હાથીને જાણે બાંધી લીધો.

ચન્દ્રયશના ગુપ્તચરો વિંધ્યની તળેટીમાં રોન મારી રહ્યા હતા. એમની આંખ આ શ્વેત હાથી પર ઠરી ગઈ. એમણે પોતાના માલિકની આગળ જઈને, આ મનોહર હાથીને વર્ણવ્યો. એ વર્ણન સાંભળીને ચન્દ્રયશે આજ્ઞા કરી. ગમે તેમ કરીને એ શ્વેત હાથીને પકડી આણો.

મહાવતો એ પર્વતીય - પ્રદેશમાં જઈ પહોંચ્યા. એમણે ઘણા ઘણા હાથીઓ જોયા હતા. પણ આવો પડછંદ ને ગૌરવર્ણો હાથી, એમને માટે આ પહેલો જ હતો. ગમે તેવા ગાંડા હાથીને પણ અંકુશમાં લાવવાની કળાના એઓ કસબી હતા. એમણે હાથીને હાથમાં લેવાનો પ્રયત્ન કર્યો, પણ ધાર્યા કરતાં કામ વધારે અઘરું નીકળ્યું. મહાવતોના પ્રયત્ન ચાલુ જ રહ્યા. અંતે એ હાથી પકડાઈ ગયો અને સુદર્શનની હસ્તી-શાળાનું સૌભાગ્ય-તિલક બનવાનું ભાગ્ય એ શ્વેત હસ્તીને મળ્યું !

મિથિલાના ગુપ્તચરો આ બનાવ જોઈને સમસમી ઊઠ્યા. ને આ સમાચાર એમણે બનતી ઝડપે રાજવી નમિરાજને પહોંચાડ્યા ! બસ, યુદ્ધની ચિનગારી ચંપાઈ ગઈ. નમિરાજે એક રાજદૂતને સુદર્શન તરફ રવાના કર્યો ને કહેવડાવ્યું કે, હાથી મિથિલાનો છે, માટે કાં હાથી મને સોંપી દો ! કાં યુદ્ધની તારાજી વહોરવા તૈયાર રહો !

રાજદૂત સુદર્શન ભણી રવાના થઈ ગયો. પવનના વેગે પંથ કપાતો હતો. રાજ્યો, સીમાઓ ને દેશોને વટાવતો વટાવતો એ દૂત એક દિવસ સુદર્શન નગરમાં આવી ઊભો. સુદર્શનના રાજ-દરબારે મિથિલાનું ગજરત્ન ઝૂલી રહ્યું હતું. એની પર એક ઊડતી નજર કરીને, રાજદૂત સભામાં દાખલ થયો. એણે કહ્યું :

'અવન્તિપતિ ચંદ્રયશ ! મિથિલાપતિ નમિરાજે આપને ચેતવણી આપતાં જણાવ્યું છે કે, આપે જે શ્વેત હાથી પકડીને આણ્યો છે, એ મિથિલાનો છે. એટલું જ નહિ, પણ એ હાથી મિથિલાપતિ નમિરાજનો પ્રિયાતિપ્રિય અને પટ્ટહસ્તી પણ છે. માટે મિથિલાને એ હાથી આપે માનભેર પાછો સુપરત કરી દેવો જોઈએ !"

"નહિ તો..." અવન્તિપતિ ચન્દ્રયશે ઊંધો જ પ્રશ્ન ઉઠાવ્યો !

"બીજું કંઈ જ નહિ ! સુદર્શનનો સંહાર ! યુદ્ધ ! ખૂનરેજી ને લોહીની નદીઓ !" દૂતે ચોખ્ખું સુણાવી દીધું.

"બસ, આટલું જ ને ! જા, તારા નમિરાજને કહેજે કે, સુદર્શનના કાંડામાં બળ છે. મિથિલાનો મુકાબલો કરવાની શક્તિ અવન્તિપતિની ટચલી આંગળીમાં જ છે."

"હા, અને આટલુંય સાંભળતો જા !"

અવંતિપતિ ચંદ્રયશે કહેવા માંડ્યું :

"રત્નો પર કોઈનાં નામ અંકિત હોતાં નથી, જેથી એ જ એની ઈજારદારીનો દાવો કરે ! આ વસુધાને ભોગવવાનો પટ્ટો કોઈ માણસ જન્મતાં જ લઈને નથી આવતો, એ તો વીરભોગ્યા વસુંધરા ! જેના બાહુમાં બળ એ રત્નોનો સ્વામી ને એ જ એ પૃથ્વીનો પતિ ! હાથી પાછો નહિ જ મળે ! એક વાર નહિ, હજાર વાર કહું છું કે નહિ મળે એ હાથી ! યુદ્ધ ખેલવા અવંતિપતિ તૈયાર છે !"

ચન્દ્રયશનેય મિથિલાની સામે મોરચો માંડવો જ હતો. એમાં આ હાથી ચિનગારી રૂપે મળી ગયો. અને એમણે નમિરાજની આગળ જરાય નમતું ન જોખવાની મક્કમતા દાખવી.

વીલે મોઢે રાજદૂતે ચાલતી પકડી. સુદર્શનનગરની સભામાં થયેલું મિથિલાનું અસહ્ય-અપમાન એને ખૂંચી રહ્યું હતું. આ અપમાનનો બદલો યુદ્ધ દ્વારા લેવરાવવા એ થનગની રહ્યો.

એક દિવસના રાજદૂતનાં પગલાં મિથિલામાં પડ્યાં. સુદર્શનની ભરીસભામાં મિથિલાનું, મિથિલાપતિનું થયેલું હડહડતું અપમાન અતિશયોક્તિ-દોષની પરવા કર્યા વિના રાજદૂતે કહી સંભળાવ્યું. મિથિલાપતિ નમિરાજ એ સાંભળીને ધમધમી ઊઠ્યા. એમના રોમ-રોમમાં આગ ભભૂકી ઊઠી. એ તાડૂકી ઊઠ્યા :

"મિથિલાનું આવું ભયંકર અપમાન ? ફૂંકો રણભેરી ને બજાવો રણઝાલરી ! સજાવો સેના ને સાબદી કરો સમશેરો ! યુદ્ધ ! સુદર્શનની

સામે યુદ્ધ ! એ બેટાનેય ખબર પડી જાય કે, હાથી લઈ લેવો કંઈ સહેલી ચીજ નથી.''

બસ, ચિનગારી મળતાં જ યુદ્ધની જ્વાળાઓ ભભૂકવા માંડી. આખી મિથિલા યુદ્ધની તૈયારી કરવામાં મશગૂલ બની. કોણ સમજાવે નમિરાજને કે, તું આ યુદ્ધ કોની સામે લડવા તૈયાર થયો છે ? જરા, પુષ્પમાળાને તું પૂછી તો આવ કે, તારી સાચી જનેતા કોણ છે ? પણ અત્યારે આ બધું અશક્ય હતું. 'યુદ્ધવિરામ'ની કલ્પનાય અત્યારે અસંભવિત હતી.

- ને એક દિવસ મિથિલાપતિ નમિરાજે વિરાટ સેના સાથે સુદર્શન તરફ યુદ્ધ પ્રયાણ કર્યું.

●

પ્રકરણ ૭

# ભેદી રહસ્ય ખુલ્લું થાય છે

મિથિલાપતિએ સુદર્શનની સામે જાહેર કરેલા સંગ્રામના સણસણાટી ભર્યા સમાચાર, એક જૈન આર્યાના કાને અથડાયા અને એમણે ખૂબ જ મૂંઝવણ અનુભવી.

ભલા, સંસારને ત્યાગીને સંયમી બનેલાંને આવી યુદ્ધ જેવી વાતમાં શા માટે રસ લેવો ? સંગ્રામ એ તો રાજા-મહારાજાનો પ્રિય ખેલ કહેવાય ! સંગ્રામ

ન કરવાના હોય ને ખાલી સિંહાસન પર જ બેસી રહેવાનું હોય, તો પછી રાજા થવામાં મજા પણ શી આવે ?

જૈન શ્રમણી યુદ્ધની વાત સાંભળીને શાંત ન રહી શક્યાં. એમણે આ યુદ્ધની સત્તાવાર માહિતીઓ મેળવી લીધી. આ વિષયની ઊંડામાં ઊંડી તપાસ કર્યા પછી એમના મોંમાંથી એક નિસાસો નંખાઈ ગયો :

"હાય ! શું ભાઈ ભાઈ લડી મરશે ? શું મારી એ ફરજ નથી કે, સમર ભૂમિમાં જઈને પણ 'યુદ્ધવિરામ'નો હું સાદ પાડું ?"

એ જૈન આર્યા બીજાં કોઈ નહિ, પણ સાધ્વી સુવ્રતા હતાં. વધુ સ્પષ્ટ શબ્દોમાં કહીએ, તો એ મહાસતી મદનરેખા હતાં અને આ યુદ્ધની પાછળ રહેલા ભેદી સ્નેહ-સંબંધોને એક માત્ર તેઓ જ જાણતાં હતાં. એથી મિથિલાપતિનું આ યુદ્ધ-પગલું સાંભળતાં જ એમનું હૈયું હલબલી ઊઠ્યું. પોતાનાં પેટ જણ્યાં સંતાનો આમ સામ-સામો સંગ્રામ ખેલવા મેદાને પડે, એ એક માતૃહૃદય કેમ સાંખી શકે ? એમની આંખ આંસુભીની બની. એમના હૈયામાં એક કરુણ-સંવેદન જાગી ઊઠ્યું અને એ હૈયું પોતાના હૈયાને જ હાક દઈ રહ્યું :

"મા તરીકેની તારી ફરજ તારે ન ભૂલવી જોઈએ, તને તારા 'માતૃપદ' પર વિશ્વાસ હોય, તો યુદ્ધ-ભૂમિમાં જઈનેય 'યુદ્ધવિરામ' ની હાક-હાકલ પાડતાં તારે ખચકાવું ન જોઈએ !"

-ને સાધ્વી સુવ્રતા પોતાનાં પ્રવર્તિનીની પાસે જઈ પહોચ્યાં. એમણે અનુજ્ઞા યાચીઃ આપ આજ્ઞા આપો, તો સુદર્શનની સમર-ભૂમિમાં હું જાઉં, 'યુદ્ધવિરામ'નો સાદ દઉં. ભાઈને ભાઈની ઓળખાણ આપું અને લોહીની વહેનારીએ નદીઓ અટકાવું !

આ સાંભળતાં જ પ્રવર્તિની ગંભીર બની ગયાં. એમને ખ્યાલ હતો કે, શૂરા પાસેથી શસ્ત્રો પાછાં ખેંચાવવાં એ કેટલું બધું કષ્ટ-સાધ્ય હોય છે ! મિથિલાપતિ નમિરાજની સ્વમાન-પ્રિયતા તેઓ જાણતાં હતાં.

હજી કદાચ ચન્દ્રયશ સમજી જાય, પણ નમિરાજ તો જરાય નમતું તોળે એમ ન હતો. એમણે સુવ્રતા સાધ્વીને કહ્યું :

"ભૂખ્યા સિંહના મોંમાં રહેલું સસલું હજી કદાચ છોડાવી શકાય. પણ રણશૂરા રાજવીઓના હાથમાંથી શસ્ત્રો ન છોડાવી શકાય. તમે તમારા 'માતૃપદ' પર વિશ્વાસ ધરાવો છો, પણ એ વિશ્વાસ છેલ્લી ક્ષણે દગો તો નહિ દઈ દે ને ?"

પ્રવર્તિનીએ આટલું જ પૂછ્યું. પરંતુ આમાં એમણે ઘણું ઘણું પૂછી નાખ્યું હતું. પણ આર્યા સુવ્રતાને અટલ વિશ્વાસ હતો કે, પોતે 'યુદ્ધવિરામ'કરાવી શકશે ! એથી પ્રવર્તિનીને પણ એમ થયું કે, જરૂર આ માતૃત્વ અણજોયા-અણઓળખ્યા નમિરાજ પાસે 'યુદ્ધવિરામ' કરાવી શકશે ! એથી એમણે સુવ્રતા-સાધ્વીને અનુજ્ઞા આપી.

- ને એક માતૃત્વ પોતાના પુત્રોની આગળ યુદ્ધવિરામની ભિક્ષા લેવા કાજે ચાલી નીકળ્યું. મિથિલાનું વિરાટ સૈન્ય સુદર્શન ભણી ક્યારનુંય કૂચ કરી ગયું હતું. એ સૈન્ય ત્યાં પહોંચે, એ પહેલાં જો ત્યાં પહોંચી જવામાં ન આવે, તો આ દીર્ઘપ્રવાસનો કોઈ અર્થ ન હતો ! એ સાધ્વી સુવ્રતા જાણતાં હતાં. એથી પોતાના પરિવારની સાથે સાધ્વી સુવ્રતાએ સૈન્યના પગલે પોતાનું પગલું ઉઠાવવા માંડ્યું. એઓ જ્યાં જતાં, ત્યાં બધાને આશ્ચર્ય થતું : રે ! યુદ્ધવિરામ ? સાવ જ અસંભવ !

સુવ્રતા સાધ્વીની આગળ સૌ આ જ પ્રશ્ન રજૂ કરતાં. પણ આ નિરાશાવાદ સાંભળ્યા વિના પોતાના માતૃત્વ પર વિશ્વાસ મૂકીને એ આર્યા આગળ વધી જતાં. આ રીતે થોડા દિવસો વીત્યા પછી મિથિલાપતિએ જે દિવસે સુદર્શનમાં પગ મૂક્યો. બરાબર એ જ દિવસે સાધ્વી-સુવ્રતા પણ સુદર્શનની સીમામાં પ્રવેશ્યાં.

મિથિલાપતિ-નમિરાજનું ઝનૂન ખૂબ જ ઉગ્ર જણાતું હતું. 'એક જ ઘા ને બે ટુકડા'ની ઉગ્ર કાર્ય-પદ્ધતિ દ્વારા તેઓ આ સળગતા પ્રશ્નને

હલ કરવા માંગતાં હતાં. પણ સુદર્શનની ભાગોળે પગ મૂકતાં જ એમની આશા પર પાણી ફરી વળ્યાં.

સુદર્શનનાં દ્વાર બંધ હતાં. એના કોટ-કાંગરા પર જાગતો પહેરો હતો. જાણે દ્વાર બંધ કરીને ચન્દ્રયશ પોતાની અશક્તિ છતી કરી રહ્યો હતો. એથી અંતે નમિરાજે આદેશ કર્યો :

"ઘેરો ! મજબૂત ઘેરો ! અતૂટ ઘેરો !"

-ને મિથિલાની વિરાટ સેનાએ સુદર્શનને ઘેરી લીધું. આખું સુદર્શન એ ઘેરા વચ્ચે જકડાઈ ગયું. ત્રણ-ત્રણ દિવસના સૂર્ય ઊગી-ઊગીને આથમી ગયા હતા. છતાં સુદર્શનના એ તોતિંગ દ્વાર હજી વણખૂલ્યાં જ હતાં. નમિરાજ કોઈ વ્યૂહ રચવામાં એકતાન હતા ને પોતાની છાવણીમાં બેઠા હતા. ત્યાં તો એ છાવણીમાં સાધ્વી-સુવ્રતાએ પ્રવેશ કર્યો. સમરભૂમિમાં આવીને તેઓ સીધાં જ નમિરાજની છાવણીમાં પ્રવેશી ગયાં.

નમિરાજ એકદમ ઊભા થઈ ગયા. એમના મોં પર આશ્ચર્ય હતું, સમરાંગણમાં સાધ્વીજી !

જૈન-આર્યાની આગળ નમિરાજ નતમસ્તકે ઊભા રહ્યા. એમણે પૂછ્યું :પધારો આર્યા ! અહીં સમરાંગણમાં આપશ્રીને કેમ આવવું પડ્યું ?

એક બાજુ આસન બિછાવીને આર્યા બેઠાં. બરાબર એમની સામે ભોંય પર જ નમિરાજે પોતાની બેઠક લીધી. અને ટૂંકો જવાબ વાળતાં સાધ્વીએ એમને કહ્યું : યુદ્ધવિરામ !

"યુદ્ધવિરામ ??"

નમિરાજની આંખો પહોળી થઈ ગઈ. એમના આ પ્રશ્નના જવાબમાં આર્યાએ કહ્યું :

"હા, યુદ્ધવિરામ ! યુદ્ધ એટલે શું ? માનવતાનું મોત ! કરુણતાનું કમકમાટી-ભર્યું ખૂન ! અહિંસા મૂર્તિને ગળે ટૂંપો ! ને દયાનું દારુણ રુદન !"

" હા, આર્યા ! હું આ બધું જ સમજું છું. પણ આજે યુદ્ધવિરામ કોઈ પણ રીતે શક્ય જ નથી ! શત્રુની શત્રુતા શસ્ત્ર વિના મરે ખરી ?"

"કોણ શત્રુ ? ચન્દ્રયશ ??"

આર્યા-સુવ્રતાએ સામે પ્રશ્ન કર્યો !

"એમ ગણીએ તો કોઈ કોઈનો શત્રુ નથી! જન્મના અનંત ફેરા ફરતાં ફરતાં પ્રત્યેક જીવની સાથે પ્રત્યેક જીવે પ્રત્યેક સ્નેહસંબંધ અનેક વાર બાંધ્યા છે. આ દૃષ્ટિએ કોઈ જ શત્રુ નથી, બધા જ મારા સ્વજનો છે."

સુવ્રતા-સાધ્વીના પ્રશ્નને નમિરાજ બીજી જ તરફ વાળી ગયા. એઓ પણ ધર્મના મર્મસ્પર્શી જાણકાર હતા. આર્યાએ પોતાની વાત ચાલુ જ રાખી :

"ના. રાજન્ ! મારા પ્રશ્નને મારી મચડીને તમે બીજી તરફ ન ખેંચી જાવ ! હું તો તમને એટલું જ પૂછું છું કે, શું આ સંગ્રામ શત્રુની સામે છે ?"

નમિરાજે સાવ સાહજિક રીતે જવાબ વાળ્યો :

"આમાંય આપને શંકા છે ? દીવા જેવી ચોખ્ખી આ વાત છે. આખું જગત જાણે છે કે, મિથિલા ને સુદર્શનની વચ્ચે પેઢી જૂનાં વેર ચાલ્યાં આવે છે !"

આર્યાને સ્પષ્ટતા ખપતી હતી. એમણે પૂછ્યું :

"મિથિલા અને સુદર્શનને હમણાં બાજુ પર રાખો. હું તો તમારી પાસેથી એટલું જ જાણવા માંગું છું કે, ચન્દ્રયશ તમારો શત્રુ છે ?"

" છે જ તો વળી ! એક વાર નહિ, હજાર વાર શત્રુ છે! એક તો શ્વેત-હસ્તી ચોરી લેવો છે ને ઉપરથી ચોરી પર શિરજોરી કરવી છે. મિથિલા આ નહિ સાંખી લે !"

નમિરાજની આંખમાં ચન્દ્રયશ પ્રત્યેનું ખુન્નસ ઊભરાતું દેખાયું. સુવ્રતા સાધ્વીને, મદનરેખાને, એક માને થયું કે, હવે પુત્રની આગળ પોતાની કલંક-કથા ખુલ્લી કર્યા વિના યુદ્ધવિરામ અશક્ય છે ! એથી માએ કથાની પ્રસ્તાવના રચતાં ગળગળા સાદે કહ્યું :

"નમિરાજ ! જગત ભલે તમને પદ્મરથ-પુષ્પમાળાના પુત્ર તરીકે જાણે-જણાવે. પણ આ અસત્ય છે ! તમારા માત-પિતાનું સાચું નામ પણ હજી તમે જાણી શકયા નથી !"

"હેં ! સાચું નામ !"

નમિરાજ ચોંક્યાં એમને થયું કે, આ વળી શું ? સાચાં માતાપિતાનું નામ પણ હું જાણતો નથી ? જૈન આર્યાની વાણીમાં અસત્યનો અંશ પણ ન હોય ! નમિરાજ ઠંડો હિમ બનતો ચાલ્યો ! એમણે હાથ જોડીને પૂછ્યું :

"આર્યા ! હું નથી સમજી શકતો, ચોખવટ કરો ! આપના શબ્દમાંથી અર્થ ખેંચવા આ બાળક હજી અજ્ઞાન છે!"

નમિરાજની નમ્રતા જોતાં જ પોતાની પરનો વિશ્વાસ એ માતૃત્વને વધુ ઘેરો બન્યો. સાધ્વી સુવ્રતાએ પોતાની વીતક-વાત કહેવી શરૂ કરીઃ

"ચન્દ્રયશના પુરોગામી રાજનું નામ તો તમે સાંભળ્યું જ હશે ?"

"હા, મણિરથ ! યુવરાજ યુગબાહુની પ્રિયતમા-મદનરેખા પર મોહાઈને એને પોતાની બનાવવા, જેણે યુવરાજનું ખૂન કર્યું. હાથનાં કર્યાં એને હૈયે વાગ્યાં ને અંતે એય મરાયો ! કેમ ખરું ને ?"

નમિરાજે પોતાની જાણકારી ખુલ્લી કરી.

"બરાબર ! પણ પછીની ભેદી વાત જાણો છો ?"

"ના, જ્યારે સુદર્શન પણ ખુદ નથી જાણી શક્યું, ત્યારે એ ભેદ હું તો ક્યાંથી જાણી શકું ?"

નમિરાજ જાણે સાવ બાળક બની ગયો !

"તો સાંભળો...!"

સાધ્વી સુવ્રતાએ પોતાના કાળજાને કઠણ કર્યું. આંસુ ને આક્રંદનને જાણે એમણે આજ્ઞા કરી : હમણાં તમે પાતાળમાં પેસી જાવ! અને ભેદી-રહસ્યને ખુલ્લું કરતાં એઓ બોલ્યાં :

"એ જ રાતે મદનરેખા નાસી ગઈ !"

"તો મદનરેખા મૃત્યુ પામી. એ વાત ખોટી ?"

નમિરાજે વાતને અટકાવીને પ્રશ્ન કર્યો.

"સાવ ખોટી ! ભર-જંગલમાં આવતાં જ એ મદનરેખાને પ્રસૂતિની પીડા ઊપડી. જંગલમાં જ એણે એક બાળકને જન્મ આપ્યો. સવારે સ્નાનશુદ્ધિ માટે મદનરેખા બાજુના સરોવરમાં પ્રવેશી. પણ ભાગ્ય બે ડગલા આગળ હતું. એક પ્રચંડકાય જળહસ્તી આવ્યો. એણે પોતાની સૂંઢમાં મદનરેખાને ઝાલી લીધી ને એને આકાશમાં ઉછાળી. એક વિદ્યાધર આ ટાણે જ આકાશ-માર્ગેથી પસાર થઈ રહ્યો હતો. એણે મદનરેખાને ઝીલી લીધી. એ વિદ્યાધર એના સૌન્દર્ય પર મુગ્ધ બન્યો ને સતીને માથે પાછી આફત આવી. પણ નંદીશ્વર પહોંચતાં જ બધું થાળે પડી ગયું."

સુવ્રતા સાધ્વી જરા અટકયાં. નમિરાજને અનુભવ થવા માંડ્યો કે, પોતે જાણે દૂર-સુદૂરનાં જંગલોની કોઈ ભેદી ઝાડીમાં ખેંચાઈ રહ્યો છે ! ત્યાં તો વાતનું વહેણ આગળ વધ્યું :

"ત્યાં નંદીશ્વરમાં યુવરાજનો દેવાત્મા આવ્યો. મદનરેખાના ચરણે નમીને એણે એનું ઇષ્ટ પૂછ્યું. મદનરેખા મિથિલાને માર્ગે વળીને ત્યાં એણે સંયમ સ્વીકાર્યું !"

"હા, પણ એકલા-અટૂલા એ બાળકનું શું થયું ?"

નમિરાજ બાળકની વાત જાણવા આતુર હતો.

"હા, નવજાત બાળકના ભાગ્યજોગે ત્યાં મિથિલાપતિ પદ્મરથ આવી પહોંચ્યા. એ નિઃસંતાન હતા. ધરતી પર પોઢેલા એ બાળને એમણે પોતાના પુત્ર તરીકે જાહેર કર્યો. હવે મને જવાબ આપો કે, ચન્દ્રયશ શું ખરેખર તમારો શત્રુ છે ?"

આ ભેદી રહસ્યની જાણકારી મળતાં જ નમિરાજ પૂછી બેઠા :

"શું ચન્દ્રયશ મારા મોટા ભાઈ ? હું મદનરેખાનો પુત્ર? મારા પિતા યુગબાહુ ? પદ્મરથ-પુષ્પમાળા મારાં જનક-જનની નહિ ?"

નમિરાજના રોમ રોમ ઊભા થઈ ગયા. પોતે સ્વપ્નમાં હતા કે સત્યની સપાટી પર હતા, એય એમનાથી ભુલાઈ જવાયું. આ બધી વાતના અંકોડા પર એઓ ઊંડા વિચાર કરી રહ્યા હતા. સાધ્વી સુવ્રતા હવે ભેદી વાતનું છેલ્લું રહસ્ય પણ ખુલ્લું કરી નાંખવા માગતાં હતાં. નમિરાજ વિચારમગ્ન હતા, ત્યાં તો એ આર્યાએ છેલ્લા રહસ્યને કહેવા માટે પોતાની વાણી વહેતી કરી :

"- ને વત્સ! હું તારી મા !"

આટલું બોલતાં બોલતાં તો સાધ્વીજીની આંખે ઝળઝળિયાં આવી ગયાં. પોતાની જાતને 'મા' તરીકે જાહેર કરીને એમણે નમિરાજને 'વત્સ-બેટા'ના શબ્દે સંબોધ્યો અને પાછો પ્રશ્ન કર્યો : હવે તો યુદ્ધવિરામ શક્ય ખરો કે નહિ ?

સાધ્વીજી પાછાં મૂળ વાત પર આવી ઊભાં.

"હેં ! આપ પોતે જ મારી માતા મદનરેખા ??"

" હા. શંકા હોય તો પૂછી લે, આ પુષ્પમાળાને કે વનમાંથી આણેલા એ બાળની આંગળીમાં કોના નામથી અંકિત-મુદ્રિકા હતી ?"

પુષ્પમાળા ત્યાં જ એ યુદ્ધશિબિરમાં હાજર હતી. એણે જવાબ વાળ્યો : 'યુગબાહુ !"

પુષ્પામાળાએ ખુલાસો આપ્યો, એનું મન પોતાની ચિરજિજ્ઞાસાનો જવાબ આજે મેળવી શકયું હતું !

"યુદ્ધવિરામ !" નમિરાજની આંતર-દુનિયામાં આજ પડઘમ ઘૂમી રહ્યા. પરંતુ એમને પાછો એવો વિચાર આવ્યો કે, પણ અત્યારે મારે મન ભાઈ કરતાં સ્વમાન વધુ મહત્ત્વનું છે. હું પાછો ફરીશ, તો લોક મને શું કહેશે ? હા, આ યુદ્ધમાં મોટા ભાઈને જીતી લઉં, પછી તો એમનાં ચરણમાં હું ઢળી પડીશ! ના. અત્યારે 'યુદ્ધવિરામ' તો નહિ જ ! નમિરાજે મક્કમ નિર્ણય લઈ લીધો. પણ એ નહોતો જાણતો કે, આ નિર્ણય પોતાની 'મા'ના હૈયામાં કેવા વંટોળ, કેવાં સંવેદનો ને કેવી હતાશા જગવશે ? આ બધું ક્યાંથી એ જાણી શકે ? કેમ કે મદનરેખાના સ્તનનું દૂધ, એને ધાવણમાં નહોતું મળ્યું. જન્મ્યા પછી તરત જ એ મદનરેખાના પ્રેમ-વાત્સલ્યથી દૂર ફેંકાઈ ગયો હતો. પછી માનું દુઃખ એ ક્યાંથી જાણી શકે ? એથી નફ્ફટ બનીને નમિરાજે કહી દીધું :

"મા ! ચન્દ્રયશ મારા મોટા ભાઈ છે, એ વાત સાચી. પણ મિથિલાના આજે એ ગુનેગાર છે. માટે મારાથી 'યુદ્ધવિરામ' તો નહિ જ થઈ શકે."

માએ એક આંચકો અને જબ્બર કમ્પન અનુભવ્યું. પણ એ હતાશ તો ન જ બની. માતૃત્વ પરથી એની શ્રદ્ધા હજી ઊઠી ગઈ નહોતી. નમિરાજને 'ધર્મલાભ'ની આશિષ આપીને સાધ્વી સુવ્રતા ચન્દ્રયશને મળવા અને 'યુદ્ધવિરામ'નો સંદેશ આપવા સુદર્શન તરફ ચાલી નીકળ્યાં.

●

## પ્રકરણ ૮

# યુદ્ધવિરામ ને માતૃત્ત્વનો વિજય

**મા**તૃત્વનો અડધો વિજય તો નમિરાજની આગળ થઈ ગયો. નમિરાજે 'યુદ્ધવિરામ' ભલે ન સ્વીકાર્યો પણ એણે ચન્દ્રયશનો વડીલબંધુ તરીકેનો સ્વીકાર તો કર્યો જ હતો. એથી સુવ્રતા સાધ્વી હતાશ ન બન્યાં. માતૃત્વનો પરાજય નહિ, પણ અડધો વિજય નમિરાજની આગળ થયો. એમ એમણે માન્યું ને સંપૂર્ણ વિજયની આશામાં તેઓ સુદર્શનના નગર

દ્વાર ભણી આગે બઢી ગયાં. પણ નગર-દ્વારે તો તોતિંગ બારણાં ભિડાયેલાં હતાં. એક જ દિશાની આ દશા ન હતી. સુદર્શનનાં ચારે દ્વાર બંધ હતાં.

જે ધરતીના કણ સાથે વર્ષો વિતાવ્યાં, એ આ ધરતી હતી. જે કોટ-કિલ્લાને કાંગરે અનેક આંટા-ફેરા માર્યા, એ આ કોટ હતો. સાધ્વી-સુવ્રતા નગરની અંદર પેસવાનું એક ગુપ્ત દ્વાર જાણતાં હતાં. શત્રુ જ્યારે નગરને ઘેરી વળતો, ત્યારે પણ એ ગુપ્તદ્વાર ખુલ્લું રહેતું. સાધ્વી-સુવ્રતા આ ભેદ જાણતાં હતાં. એથી એઓ ગુપ્તદ્વારમાંથી પ્રવેશને નગરમાં પહોંચી ગયાં.

આખું રાજભવન ચિંતાતુર હતું. મિથિલાનો ઘેરો સૌને અકળાવી રહ્યો હતો. ત્યાં તો બધાંની આંખ આગળ સુવ્રતા-આર્યા ખડાં થઈ ગયાં. ચન્દ્રયશ સહસા ખડો થઈ ગયો. આર્યાનો ચહેરો-મહોરો જોતાં જ પોતની માતા મદનરેખા એને યાદ આવી ગઈ.

બરાબર આવો જ દેહ. આવો જ વર્ણ. આવો જ અવાજ. આવી જ આકૃતિ. નક્કી આ તો મા ! ચન્દ્રયશ સુવ્રતા સાધ્વીને ઓળખી ગયો. હર્ષનાં આંસુ એની આંખે ઊભરાઈ આવ્યાં. ગદ્‌ગદ્ અવાજે એણે પૂછ્યું :

"મા ! આપ ક્યાંથી ?"

"હા. વત્સ! ચન્દ્રયશ ! હું દૂર દૂરથી આવું છું. તારું એક કામ આવી પડ્યું છે. એ માટે જ યોજનોની ખેપ મેં પવન-વેગે ખેડી છે અને આજે અહીં આવીને શાંતિનો શ્વાસ લઉં છું."

રાજ-પરિવાર રાજમાતાનું આગમન સાંભળતાં જ એમની ચોમેર ટોળે વળી ગયો. એક સુંદર કાષ્ટ-આસન પર પોતાની 'મા'ને બેસવા ચન્દ્રયશે પ્રાર્થના કરી. આર્યા સુવ્રતાએ એ કાષ્ટ આસન પર ઊનનું એક આસન બિછાવ્યું ને પછી પોતાની બેઠક જમાવી.

જેના દર્શનની કોઈ કલ્પના ન હતી, એ પોતાની 'મા' એકાએક પોતની સામે ખડી થઈ ગઈ હતી. ચન્દ્રયશના દિલમાં આનંદ ને આશ્ચર્યના તરંગો એકી સાથે ઊઠી રહ્યા હતા. એણે 'મા'ને પૂછ્યું :

"મારા જેવાનું વળી આપને શું કામ પડ્યું ?"

"બેટા, વત્સ ! મારે જોઈએ છે 'યુદ્ધવિરામ' ! જ્યારથી મેં આ યુદ્ધની વાતો સાંભળી છે, ત્યારથી મારું મન એવો વલોપાત અનુભવી રહ્યું છે કે, આ હત્યાકાંડ ને આ સંહાર ! એથી લોહીની આ નદીઓ અટકાવવા જ હું તારી પાસે આવી છું. મારે બીજું કંઈ જ ન જોઈએ : સિવાય યુદ્ધવિરામ !"

ચન્દ્રયશની દિલ-દિમાગની દુનિયા સામે સુદર્શનના ઈતિહાસમાં લોહીથી લખાયેલા લેખનાં, એ પ્રિયપાત્રો એકાએક સજીવન થઈને ઘૂમવા લાગ્યાં. એ ગોઝારી સાંજ એની આંખ આગળ તરવરી ઊઠી હતી. એને એ રાતનું ભેદી રહસ્ય જાણવું હતું. એણે સુવ્રતા-સાધ્વીને કહ્યું :

"યુદ્ધવિરામની વાત પછી! પહેલાં તો આપ આપની આત્મકથાનાં પૃષ્ઠો અંહીં ખુલ્લાં કરો ! ખૂટતી અને તૂટતી એ કડીઓ જાણવા હું ખૂબ જ ઉત્સુક છું !"

મહામંત્રીએ પણ આ વાતમાં પોતાનો સૂર પૂર્યો. બધાના કાન સાબદા બની ગયા. આર્યાને થયું : મારી કલંક-કથાનાં પ્રકરણો શું અહીં પણ પાછાં ઉથલાવવાં પડશે ? એમણે હૈયાને જરા વધુ દૃઢ બનાવ્યું. અને પોતાની કથા સંભળાવવા માંડી.

એ આત્મ-કથાનાં પાનાં જેમ જેમ ઉથલાતાં ગયાં, એમ એમ સૌનું આકર્ષણ વધતું ચાલ્યું. ચન્દ્રયશ તો મંત્ર-મુગ્ધ બનીને કથા સાંભળી રહ્યો. આખો રાજપરિવાર જાણે દૂર સુદૂર જાણ્યે-અજાણ્યે ખેંચાતો જતો હતો. દેહથી બધા સુદર્શનમાં જ હતા, પણ દિલથી તો મહાદ્વીપ નંદીશ્વર ને મિથિલાની એ ધરતી પર આવી ઊભા હતા.

આત્મકથાનું છેલ્લું પાનું આવતાં જ સમાપન કરતાં આર્યા-સુવ્રતાએ કહ્યું : ને મિથિલામાં મેં સંયમનો પંથ સ્વીકાર્યો.

ચન્દ્રયશ પોતાના લાડકવાયા-ભાઈનો ઇતિહાસ જાણવા ખૂબ જ આતુર ને ઉત્સુક બની ગયો હતો. એણે પૂછ્યું : પણ મા, ભાઈ ક્યાં?

આર્યા -સુવ્રતાએ ધડાકો કર્યો : તું માનીશ ? જેની સાથે તું યુદ્ધ કરવા સજ્જ થયો છે ને જેણે તારા નગરને ઘેરી લીધું છે, એ નમિરાજ જ તારો ભાઈ !

'હેં ! અસંભવ ! અસંભવ ! આ ઘટે કેવી રીતે ?'

આ સત્ય ચન્દ્રયશની બુદ્ધિમાં ઊતરતું ન હતું. એથી એણે આશ્ચર્ય વ્યક્ત કર્યું. એથી રહસ્ય પરનો પડદો ઊંચકી લેતાં આર્યાએ કહ્યું :

'વત્સ ! વાત એમ બની કે, ભાગ્યેજોગે એ જ વખતે ત્યાં મિથિલાપતિ પદ્મરથ આવી પહોંચ્યા. એ પોતે નિઃસંતાન હતા, ભરજંગલમાં કમળ-દળની શય્યામાં પોઢેલા તારા ભાઈને એમણે પોતાનો પુત્ર ગણ્યો ! એ જ આ નમિરાજ !"

" રે ! આ તો ગજબના કર્મ-ખેલ ખેલાઈ ગયા, આર્યા ! આ અજાણ્યું આજે જાણ્યું ન હોત, તો કેવી થાપ ખાઈ જાત હું ?"

ચન્દ્રયશની આંખ ભીની બની. એ જોરથી રડી પડ્યો. એની આંસુધારે માનાં ચરણનો અભિષેક થયો. દીવાલની ઈંટઈંટ જાણે કરુણતાના રંગે રંગાઈ ગઈ. ભ્રાતૃ-સ્નેહ એકદમ ઉછાળા મારવા લાગ્યો. ભાઈને ભેટી પડવાની, ભાઈને છાતી સરસો ચાંપવાની ઝંખનાએ ચન્દ્રયશમાં ખૂબ જ જોર પકડ્યું ને મનોમન એ બોલી ઊઠ્યો :

"શું હું નાના ભાઈની સાથે યુદ્ધ ખેલીશ ? ના, ના, સંગ્રામ નહિ, હવે તો સ્નેહ ! યુદ્ધ નહિ, હવે તો યુદ્ધવિરામ !"

ને ચન્દ્રયશ પોતાની માની માગણી કબૂલતાં બોલ્યો : મા, મને કબૂલ છે યુદ્ધવિરામ ! આપ હવે આનંદો !

મહામાત્ય તરફ વળીને ચન્દ્રયશે કહ્યું : મંત્રીજી! યુદ્ધે સંચરતાં તમે મને વાર્યો, એનો ઉપકાર હું જિંદગી સુધી નહિ ભૂલું. જે થાય છે એ સારા માટે એ લોકવાણી આવા અજબ ગજબનાં ભેદ ખુલતાં ખૂબ જ સાચી જણાય છે !

રાજવી ચન્દ્રયશ જ્યારે સુદર્શન ભણી આવતા મિથિલાપતિને યુદ્ધ આપવા, પોતાની સેના સાથે નીકળ્યા હતા, ત્યારે અપશુકનોએ એમની આગળ દેખા દીધી હતી, ને મંત્રીશ્વરને અમંગળ-ભાવિનું એંધાણ જણાતાં મહારાજને એમણે પાછા વાળ્યા હતા. ને પછી નગરીના કોટ-કિલ્લાનાં દ્વારો બંધ થયાં હતાં.

“યુદ્ધવિરામ ! મંત્રીશ્વર, કોટને કાંગરે કાગરે યુદ્ધવિરામની સફેદ ઝંડીઓ લહેરતી કરી દો. ને નમિરાજને સમહોત્સવ નગરમાં લાવવાની શાનદાર તૈયારીઓ આરંભી દો.”

ચન્દ્રયશે યુદ્ધવિરામની આજ્ઞા આપી દીધી. આખું સુદર્શન આ અણધારી હૈયા-પલટ પર વિચારે ચડ્યું. ત્યાં તો ઠેર-ઠેર ધવલ ઝંડીઓ લહેરાતી દેખાઈ ને આનંદ-મંગલના શંખનાદ ફૂંકાતા સંભળાયા. આમ, યુદ્ધવિરામ જાહેર થયો ને માતૃત્ત્વનો વિજય થઈ ગયો.

ચન્દ્રયશે માનાં ધાવણ, માના લોહીનાં દૂધ પીધાં હતાં. એ દરિયાવદિલ હતો. માતૃ-હૃદયને એ પિછાણતો હતો. નમિરાજની પાસે થયેલા માતૃત્વના અડધા વિજયને પોતે જો સંપૂર્ણ-વિજયમાં ન ફેરવી દે, તો એ નારી હૈયું કેટલી વ્યથા ને કેટલી વેદના અનુભવે, ત્યાં કેવા વંટોળ ચડી આવે, સંવેદનાની કેવી રમઝટ ત્યાં મચે, અને એ માતૃહૈયું ભાંગીને બેસી જતાં કેવી જબ્બર પછડાટ ખાય ! આ ચન્દ્રયશ જાણતો હતો અને એથી જ પોતાની મોટાઈ એણે પડતી મૂકી ને સામે પગલે જઈને નાના ભાઈની ક્ષમા ચાહવા એ તૈયાર થઈ ગયો.

સંગ્રામની જ્યાં હલચલ હતી, ત્યાં મૈત્રીની મસ્તી જામી ગઈ. ચન્દ્રયશ શાનદાર-સ્વાગત સાથે રાજભવનથી બહાર નીકળ્યો, ને નમિરાજની દિશા ભણી એ સ્વાગત-યાત્રા ગઈ.

કોટ-કિલ્લા બહાર આશ્ચર્ય જામતું હતું. કિલ્લા પરની સફેદ ઝંડીએ, યુદ્ધવિરામની એ હેતભરી હાકલે નમિરાજ આશ્ચર્ય અનુભવતો હતો. એકાએક થયેલી આ 'પરિસ્થિતિ પલટ' એની મૂંઝવણનો વિષય બની હતી. ત્યાં તો એની આંખ આગળ આર્યા સુવ્રતાની આકૃતિ ખડી થઈ.

શું સાચે જ યુદ્ધવિરામ ! નમિરાજ વિચારે ચડ્યો. વિચારના વમળમાં એ જરાક ઊંડો ઊતર્યો, ત્યાં તો એના કાને અવાજ અથડાયો : કડ....ડ...ડ ભૂસ ! કડ....ડ....ભૂસ !!

સુદર્શનના તોતિંગ-બારણાં ખૂલ્યાં, એનો એ અવાજ હતો. નગર દ્વારમાંથી ચન્દ્રયશ પોતાની સવારી સાથે બહાર આવ્યો. સવારીની મોખરે 'યુદ્ધવિરામ'નો સૂચક ધવલ ધ્વજ પવનની થપાડે-થપાડે લહેરાઈ રહ્યો હતો.

છાવણીમાંથી નમિરાજ સફાળો બેઠો થઈ ગયો ને સામે આવતા મોટા ભાઈને ભેટી પડવા એણે દોટ મૂકી. નાના ભાઈની દોટ જોતાંજ ચન્દ્રયશ ઝાલ્યો ન રહ્યો, એણેય નમિરાજને, નાના ભાઈને ભેટી લેવા દોટ મૂકી!

અજાણ્યું ભ્રાતૃત્વ ભેટી પડ્યું. ચન્દ્રયશ ને નમિરાજ બંને એકબીજાના ભુજ-પાશમાં સમાઈ ગયા. સુદર્શન પણ જોતું જ રહ્યુ. મિથિલાય આ વિરલ ઘટના જોતી જ રહી. નાનાએ મોટાની માફી માગી. મોટાએ નાનાની આગળ પોતાની ભૂલ કબૂલ કરી. આ પછી નમિરાજની સ્વાગત-યાત્રા આરંભાઈ. ચન્દ્રયશના આનંદની આજે સીમા નહોતી. મા મળી હતી ને ભાઈ ભેટ્યો હતો.

નમિરાજ રાજભવનમાં આવી પહોંચ્યો. હવે એને પોતાની ભૂલ શૂલ બનીને ખૂંચી રહી હતી. 'માતા'ની માંગ પોતે સંતોષી શક્યો ન હતો,એની વેદના હવે અત્યારે એના દિલને કોરી રહી હતી. એણે નિશ્ચય કર્યો કે, હવે તો 'મા'ના પગે પડીને, મારી ભૂલ પર આંસુધારા, અંતરનાં બધાં આંસુઓ વહાવીને જ જંપીશ. અંતરનાં બધાં આંસુ ને બધાં આક્રંદનોને નમિરાજ હવે 'મા' ને ચરણે ધરી દેવા માંગતો હતો. પરંતુ માનાં દર્શન ન થતાં જ નમિરાજ બોલી ઊઠ્યો.

"રે ! પણ 'મા' ક્યાં ? આર્યા-સુવ્રતા ક્યાં ? 'યુદ્ધવિરામનો સંદેશ પુકારનારા એ હસતા-હોઠ ક્યાં ?"

કર્તવ્ય અદા થતાં જ આર્યા તો સુદર્શનનો ત્યાગ કરી ગયાં હતાં. યુદ્ધવિરામની લહેરાતી ઝંડી જોઈને, પોતાના પરિવાર સાથે સુવ્રતાએ વિહાર આરંભી દીધો હતો. પોતાના પુત્રોનું મિલન જોવા એ ન થોભ્યાં. આ 'યુદ્ધવિરામ'નું માન-સન્માન વહોરવાય એ ઊભાં ન રહ્યાં. બસ, કર્તવ્યની આગળ પૂર્ણ વિરામ મુકાતાં જ, નદીના વહેતા વહેણની જેમ એ સુદર્શન છોડીને તરત જ વિહાર કરી ગયાં હતાં.

આજના આ પ્રસંગથી સંસારમાં ખેલાતા ચિત્રવિચિત્ર ખેલોનું ચન્દ્રયશને હૂબહૂ દર્શન થયું હતું. અને એને સંસાર પર વિરાગ જાગ્યો હતો. સાધ્વી બનેલી પોતાની માતાના દર્શને એના માંહ્યલાએ, ઘણી ઘણી પ્રેરણાઓ મેળવી લીધી હતી. અને એ આત્મ-કથાના એક એક પાત્રમાં, એક એક પ્રકરણમાં ને એક એક પાનામાં ચન્દ્રયશને ભવ-નાટકમાં ભજવાતી ભવાઈઓ દેખાઈ રહી હતી. અને એય પોતાની માતાના માર્ગે જવા અધીરો બન્યો હતો. ને અધૂરામાં પૂરું સુદર્શનના સિંહાસનના સ્વામીને પણ ખોળવા જવું પડે એમ ન હતું, કેમ કે અણધાર્યો જ નાનો ભાઈ ભેટી ગયો હતો.

નમિરાજની આગળ ચન્દ્રયશે પોતાની ભાવના ખુલ્લી કરીઃ નમિ! સુદર્શનના આ સિંહાસનને તને સોંપી દેવાનો મેં નિર્ણય કર્યો છે ને મને આ કલ્યાણની કેડીનો સાદ સંભળાયો છે.

"વડીલ-બંધુ ! આ શું બોલ્યા ? હું તો મિથિલાનો મુકુટ પણ તમારે શિરે પહેરાવીને, તમારા સેવકની જેમ રહેવા માગું છું. ત્યાં વળી આપ આવી વાત શા માટે કરો છો ?"

ચન્દ્રયશ પણ કંઈ કમ ન હતા. એમના હૈયામાં કોઈ જુદી જ હલચલ મચી હતી. એથી એમણે નમિરાજને કહ્યું : સુદર્શનનો આ રાજ્ય ભાર માથા ઉપરથી ઉતારવાની મહેનતમાં છું, ત્યાં વળી તું મારે માથે નવો ભાર ચડાવવાની વાત કરે છે ? તારે સુદર્શનનું સિંહાસન શોભાવવું જ પડશે !"

-ને નમિરાજનું કંઈ પણ સાંભળવા રોકાયા વિના જ ચન્દ્રયશે મંત્રીશ્વરને પોતાનો નિર્ણય જણાવ્યો અને 'રાજ્યાભિષેક'ની તૈયારી માટે આજ્ઞા આપી.

નમિરાજની સ્થિતિ સૂડી વચ્ચે સોપારી જેવી હતી. એમને ઘણુંય કહેવું હતું. પણ ચન્દ્રયશ કંઈ સાંભળવા જ તૈયાર ન હતા. પોતાના હૈયાના હાર સમા રાજવી ચન્દ્રયશના આ નિર્ણયે સુદર્શનમાં સનસનાટી મચાવી દીધી. પણ એમનો નિર્ણય અડીખમ જ રહ્યો.

બીજે જ દિવસે... સુદર્શનના સિંહાસને નમિરાજનો અભિષેક થયો. અને એ જ દહાડે ચન્દ્રયશે મહાભિનિષ્ક્રમણ કર્યું. સુદર્શન પોકે પોકે રડ્યુંને રાજવી ચન્દ્રયશ, રાજર્ષિ ચન્દ્રયશ બનીને વન-વગડાની વાટે ચાલી નીકળ્યા.

•

## પ્રકરણ ૯

# વેદનામાંથી વિરાગ

**મા**નવ-મન જો વેદનામાં આંતર-જગત તરફ વળે, તો એ વિરાગ મેળવી શકે અને જો એ બાહ્ય-સંસાર તરફ જ પોતાનો ઝોક-ઝુકાવ રાખે, તો એને આગ જ મળે. વેદનાનાં જ આ બે પાસાં છે : વિરાગને રાગ ! માણસ જે પાસાનો પ્રેમી બને, એ પાસું પોતાનું બનાવી શકે.

નમિરાજ છ... છ મહિનાથી વેદનાની વરાળમાં શેકાઈ રહ્યા હતા.

એ સુખી સમય! જીવનનો સુરખીભર્યો એ પ્રભાતકાળ! ને જીવન-નાટકના આનંદના એ અંકો! આ બધું માંદગીની આ પળે આજે યાદ આવતું હતું ને નમિરાજની વેદના વધુ ને વધુ વેગ પકડતી હતી.

મિથિલાનો અને સુદર્શનનો રાજ્યભાર પોતાને શિરે હતો. અનેક રાજ્યોમાં પોતાની બોલબાલા ને કડક ધાક હતી. જેથી મિથિલાની સામે કોઈ આંગળીય ઊંચી કરવા અસમર્થ હતું. નમિરાજની આજ્ઞા નીચે રહેવામાં ઘણાં ઘણાં રાજ્યો પોતાનું અહોભાગ્ય સમજતાં. ને આમ, સંસારના સુખી દિવસો સરી રહ્યા હતા. પણ કાળની ચાબુકમાં જબરી સરમુખત્યારશાહી ભરી પડી છે. નવાને જૂનું અને જૂનાને જીર્ણ, એ જ ચાબુક બનાવે છે, જીર્ણની રાખ ને એ રાખમાંથી પાછાં લાખ લાખ સર્જનો કરવાનો કસબ પણ કાળની એ ચાબુકમાં જ છે.

એક દિવસ કાળની કાતિલ-ચાબુક નમિરાજના દેહ પર ઉગામાઈ ને એ રોગી બન્યા.આખા દેહમાં જાણે ઠેર ઠેર લાવારસ વહેવા માંડ્યો અને નમિરાજના રોમરોમમાં દાહ ભભૂકી ઊઠ્યો.

મિથિલાના રાજ્ય-સિંહાસને વટથી બેસનારા નમિરાજને કાળની ચાબુક વીંઝાતાં જ પથારીમાં પડ્યા પડ્યા આંસુ સારવાનો કરુણ અવસર આવી લાગ્યો. દાહજ્વરની બીમારી વધતી જ રહી. નમિરાજનો ખંડ હવે રાજવૈદ્યોથી ભર્યો-ભાદર્યો રહેવા લાગ્યો. એક વૈદ્ય આવ્યો-ન-આવ્યો, ત્યાં બીજો હાજર જ હોય ! એમના રોગની દવા શોધવા કેટકેટલા આયુર્વેદીય ગ્રન્થોનાં પાનાં પલટાયાં, પણ દાહ તો રોજે રોજ વધુ ને વધુ જ ભભૂકવા માંડ્યો.

નમિરાજના દેહની રક્ષા કાજે આસપાસ સેંકડો વૈદ્યોની ખડી-ફોજ ઘૂમવા માંડી. પણ વેદનાનો એ વેગ ઓછો ન થયો તે જ ન થયો !

હજાર હજાર પ્રિયતમાઓ પોતાના પ્રિયતમની પથારી પાસે વીંટળાઈને ખડે પગે પડતો બોલ ઝીલ્યા કરતી. નમિરાજની વેદનાની કરુણતા જોતાં જ એમનાં દિલ દ્રવી ઊઠતાં. જે રાજભવનમાં નમિરાજની આજ્ઞાઓનો અવાજ સંભળાતો, ત્યાં આજે એમના બોકાસા, રડમસ-અવાજ, ચિચિયારીઓ અને કાકલૂદીઓ સંભળાવા લાગી. ઘણા ઘણા પ્રયત્નો પછી એક ઉપાય કંઈક કારગત ને રાહત આપનારો નીવડ્યો. ચંદનના લેપથી નમિરાજને શાંતિનો કંઈક અનુભવ થવા માંડ્યો. ને એમની ચોમેર ચંદનના કચોળાંની કતાર મંડાવા લાગી.

નમિરાજ જાણે ચંદનના કચોળે, ચંદનના લેપે, સ્નાન કરવા માંડ્યા. હજાર હજાર રાણીઓ ચંદન ઘસવા બેસી ગઈ. પણ પ્રત્યેક-વસ્તુને બે પાસાં હોય છે, એની એક તરફ સુખની છાપ, તો બીજી તરફ દુ:ખની છાપ ઊઠેલી જ હોય છે.

હજાર-હજાર રાણીઓ પોતાના સ્વામી માટે ચંદન ઘસવાં બેસી જતી. એથી એમના હાથમાં રહેલાં સુવર્ણ-કંકણો પરસ્પર અથડાતાં ને એમાંથી મર્મરધ્વનિ ને સ્વર્ગીય સૂરો ઊઠતા પણ નમિરાજ વેદનાની પળોમા એ ધ્વનિને પણ સહન કરવા અશક્ત હતા. કંકણના એ કેકારવ સાંભળીને નમિરાજબરાડી ઊઠતા : રે ! વહાલા આજે વેરી કેમ બન્યા છે ? સગા પણ આજે, આ પળે જ શું દગાના દાવ રમે છે ? કોઈ એ ખ્યાલ પણ કેમ રાખતું નથી કે, મિથિલાપતિ આજે માંદગીના બિછાને સૂતા છે. આટલો કર્ણ-ભેદી અવાજ અહીં રાજભવનમાં કેમ થઈ રહ્યો છે. મારી વેદના આ અવાજને સહી શકતી નથી !

મિથિલાપતિના દેહમાંથી દાહની વેદના એટલી બધી હદ ઓળંગી ગઈ હતી કે, તેઓ સંગીત જેવા કંકણના કેકારવને પણ સાંભળી શક્તા ન હતા. એ સૂરોમાંય એમને તોપના ગડગડાટ સંભળાતા હતા. પણ ખરી રીતે એ તો સુવર્ણ-કંકણોના સંયોગથી સર્જાતો જ ધ્વનિ હતો.

ચંદન ઘસાયે જ જતું હતું ને નમિરાજની વ્યાકુળતા પણ વધી રહી હતી. વેદના વધતાં એમણે ત્રાડ નાખી : મંત્રીશ્વર !

- ને ચંદનની પ્યાલીઓ સાથે મંત્રીશ્વર ખડા થઈ ગયા. નમિરાજ એમની સામે તાડૂક્યા કે, આ રાજભવન છે, રણભૂમિ નથી હોં ! અહીં આટલા બધા ધડાકાઓ થાય છે ને તમે મૌન છો ? મારી વેદનાની તમને બધાને કંઈ પડી છે કે નહિ ?

મંત્રીશ્વરે નમ્રતા સાથે જવાબ વાળ્યો :

"મહારાજ ! આપના આ ખંડમાં તો સંપૂર્ણ શાંતિ જળવાઈ રહે, એ માટે કડક-પહેરો રાખ્યો છે. આ અવાજ તો સુવર્ણકંકણોનો છે. રાજરાણીઓ ચંદન ઘસી રહી છે. એમનાં હાથમાં રહેલાં કંકણો અસર-પરસ અથડાય છે, એમાંથી આ તો સંગીત ઊભું થાય છે ! શું આપની વેદનાએ એટલો બધો વેગ પકડ્યો છે કે, આ મર્મર ને મધુર-ધ્વનિ પણ આપના કાનમાં શૂલની જેમ ભોંકાય છે ? હા. હું હમણાં જ આ માટે સાવચેતીનાં પગલાં લઉં છું.'

ચંદનનો લેપ કરીને મંત્રીશ્વર ચાલ્યા ગયા. પ્રત્યેક રાજરાણી છેલ્લા કેઈ દિવસોથી લોહી ખર્ચીને, ચંદન લસોટી રહી હતી. એ કંઈ એકલું ચંદન જ ન હતું લસોટાતું, એમાં દિલની લાગણી, પ્રિયતમાનો પ્રેમ ને સ્વામી પ્રતિનું સમર્પણ પણ લસોટાઈ રહ્યું હતું. મંત્રીશ્વરે રાણી-ખંડમાં જઈને મહારાજાની આ સ્થિતિ વર્ણવી ને એનો ઉકેલ સમજાવતાં કહ્યું :

"આપ બધાં હાથમાંથી એક-એક કંકણ ઉતારી નાંખશો, તો મહારાજને ઘણી જ શાંતિ મળશે, ને ચંદન ઘસવાનું કાર્ય પણ ચાલુ જ રહેશે."

-ને એમ જ બન્યું. કંકણના એ કેકારવ શમી ગયા. જે વસ્તુથી સુખ મળતું હતું. એની બીજી બાજુ પર નમિરાજે આંખ કરી, ને એથી જ એમની વેદના વધી. એમને થયું કે, મંત્રીશ્વરે ચંદન ઘસાવવાનું બંધ

કરાવી નાખ્યું છે, એથી આ શાંતિ લાગે છે. શયન-ખંડમાં હવે નીરવ-શાંતિ પથરાઈ ગઈ હોવાથી નમિરાજ પાછા તાડૂક્યા :

"મંત્રી! ચંદન ઘસવાનું કામ બંધ કરાવ્યું ? એના આધારે તો હું જીવું છુ. વેદનાના વહેણને કંઈક પણ ખાળે, એવા ચંદન લેપ પણ શું તમારે બંધ કરાવી દેવા છે ? શું ધાર્યું છે તમે ? તમારે મને મારી નાખવો છે કે શું ?"

મંત્રીશ્વર એ સમજી ગયા કે, કંકણના અવાજ બંધ થયા, એમાંથી જ સમજફેર જન્મી છે. એથી એમણે હાથ જોડીને કહ્યું :

"મહારાજ ! ચંદન તો ઘસાઈ જ રહ્યું છે. પણ આ તો આપને શાંતિ મળે, એ માટે પ્રત્યેક રાણીએ પોતાનાં બે કંકણોમાંથી એક કંકણ રાખીને, બીજું કંકણ ઉતારી દીધું છે. અને એક જ કંકણ રહેવાથી હવે અવાજ બંધ થયો છે. પણ ચંદનનાં કચોળાં તો ભરાઈ જ રહ્યાં છે. ને ચંદન લસોટવાનું પણ ચાલુ જ છે."

મંત્રીશ્વર આટલો ખુલાસો કરીને નમિરાજનાં દેહ પર ચંદન-લેપ કરવા બેસી ગયા. પણ કંકણની આ વાતે જાણે નમિરાજને કોઈ નવો જ ધર્મસંદેશ સુણાવ્યો : એક ત્યાં શાંતિ, અનેક ત્યાં 'અશાંતિ'.

વેદનામાં તરફડતું નમિરાજનું મન હવે આંતર-જગત ભણી મીટ માંડી રહ્યું, ને વિરાગ ભણી વહેવા માંડ્યું. નમિરાજના મોં પર ગંભીરતા છવાતી ચાલી. તેઓ કોઈ ઊંડા વિચારમાં સરકતા જતા હોય, એવો ભાવ, એમના મોં પર અંકાતો ચાલ્યો. એઓ વિચારે ચડ્યા :

"માત્ર બાહ્ય-જગતમાં જ આવું નથી, આંતર-જગતમાં પણ 'એક ત્યાં આનંદ' આ જ સત્યનું સામ્રાજ્ય નથી શું ? આ કંકણ પણ એકાકી થતાં શાંત-પ્રશાંત બની ગયાં, તો આ માંહ્યલો, આ આત્મા પણ જો એકલો બને, નિઃસંગતાથી એ નેહ કરે, સંગના સ્નેહને એ છેહ દે, તો કેવી આધ્યાત્મિક શાંતિ પથરાઈ જાય ?"

નમિરાજ સાવ શાંત દેખાવા લાગ્યા. મોં પર કોઈ નવી જ આભા પોતાનાં પગલાં મૂકતી હોય, એવું જણાવા લાગ્યું. વેદના તો એટલી જ હતી. છતાંય નમિરાજને વેદનામાંથી વિરાગની વાટ જડી ગઈ હતી. ને તેઓ એ વાટે ગંભીર-પગલે આગળ વધી રહ્યા હતા :

"ઓહ ! કેવી અનુપમ એ શાંતિ! પછી ત્યાં મેરુરાજ ધણધણી ઊઠે ને એની એક-એક શિલાઓ ગર્જનાઓ કરતી જાય. તોય આધ્યાત્મિક શાંતિના એ શોધકના રોમમાંય ધ્રુજારી ન જાગે. એ ન કંપે કે ન ચાલે - હાલે! ન એનું મન મૂંઝવણ અનુભવે. બસ, એ તો પોતાની શાંતિમાં ખોવાઈ જાય. ખરેખર એક ત્યાં આનંદ-ચિદાનંદ ! ને અનેક ત્યાં આંસુ ! આક્રન્દન ! આક્રમણ !"

નમિરાજનું ચિંતન આગળ વધ્યું : આ માનવ જ્યારે જન્મ પામે છે, ત્યારે એક દૃષ્ટિએ એ એકલો જ હોય છે. માટે શૈશવના એ જીવનમાં કેવી શાંતિ હોય છે. પણ જોબનના જામ પીને એ પોતાનું 'એકત્વ' ફગાવી દે છે ને અશાંતિના ઓછાયા શરૂ થઈ જાય છે. બસ પછી એના 'એકત્વ' પર નવાં નવાં આક્રમણ થયા કરે છે. એ અનેક બનતો જાય છે. અને એનું જીવન અશાંતિના કાળા ભમ્મર અંધાર નીચે આવતું જાય છે. માટે ખરેખરો આનંદ તો એકત્વમાં જ છે.

નમિરાજ એકત્વના ખરા આશક બનતા ચાલ્યા. એમની પ્રસન્ન મુદ્રા જોઈને બધાને માન્યું કે, એમના દેહનો દાહ હવે શમતો ચાલ્યો છે !

કાર્તિકનો પૂર્ણચંદ્ર એ રાતે પોતાની પૂર્ણ કળાઓ સાથે ખીલ્યો હતો. એના પ્રકાશ, ધરતીને તેજથી રસી રહ્યા હતા. નમિરાજના આંતર-આકાશે પણ આધ્યાત્મિકતાનો અજવાળ ઊભરાતો ચાલ્યો હતો. વેદનામાંથી નમિરાજ વિરાગ શીખી ગયા હતા અને એ જ રાતે એમણે એક દૃઢ નિશ્ચય કરી લીધો હતો :

"આ વેદનામાંથી જો હું 'સંપૂર્ણ-મુક્તિ' મેળવું, તો આવતી સવારે જ આ વેદનામાંથી જડેલી વિરાગની વાટે ચાલ્યો જાઉં અને એકત્વની આનંદઘન-મસ્તી માણું !"

સાચો સંકલ્પ સિદ્ધ થયા વિના રહેતો નથી. પૃથ્વીમાં ધરબાયેલાં બીજને પાણી મળે, પ્રકાશ સાંપડે, પવનની પ્રાપ્તિ થાય, ને છતાં એના અંકુર ન ફૂટે, એ બને જ કેમ ?

નમિરાજના આ વિરાગની પાછળ વેદના કારણ ન હતી. મનનો વળાંક ધર્મ તરફ વળ્યો હતો, ને આ વિરાગ જાગ્રત થયો હતો. આ સંકલ્પની પાછળ ભોગ નહિ, પણ ત્યાગ હતો ! એકત્વના આ સંકલ્પને મનોમન દોહરાવતા નમિરાજ સૂતા ને સાચે જ આશ્ચર્ય થયું.

મહિનાઓ ને દિવસોથી આંખની જે પાંપણ ઢળી-મળી ન હતી, એ મળી ગઈ. નમિરાજને એ રાતે નિદ્રાનું સુખ મળ્યું. બધાને થયું : વૈદ્યોનાં ઓસડિયાં આખરે ફળ્યાં ખરાં ! પણ એ ભ્રમ હતો. કેમ કે એક દૃઢ સંકલ્પે જ આરોગ્યને પાછા વાળવાનું ભગીરથ કાર્ય કર્યું હતું !

કાર્તિકનો એ પૂર્ણિમ -ચન્દ્ર અસ્તની ક્ષિતિજે ઢળી રહ્યો. આખી મિથિલા આળસ મરડીને ઊભી થવાની તૈયારીમાં હતી. ત્યારે નમિરાજની આંખોમાં એક સ્વપ્ન રમી રહ્યું હતું. એ સ્વપ્નિલ-હૈયું આજે મિથિલાની નહિ, પણ કોઈ એક ગિરિની ધરતી પર ફરી રહ્યું હતું : સુવર્ણનાં શિખરો અને સોનાની શિલાઓ ધરાવતા કોઈ પર્વત પર પોતે ઘૂમી રહ્યા હતા!

આ સ્વપ્ન નમિરાજની આંખમાં રમી રહ્યું હતું તો આ સ્વપ્ન જ, પણ એમાંથી સત્યનો જન્મ થવાનો હતો, નમિરાજ પાછા વિચારે ચડ્યા : ઓહ ! આવો પર્વત, આવી શિલાઓ ને આવાં શિખરો મેં ક્યાંક / ક્યારેક જોયાં છે ખરાં ? ને તેઓ વિચારના ઊંડા જળ-વમળમાં ખૂંપતા ચાલ્યા. થોડી પળો, આમ ને આમ પસાર થઈ. વિચારનાં વલોણાં ખૂબ જ ઘમ્મર બન્યાં. ઘડી-પળ વીતી, ઘટિકા પસાર થઈ ગઈ અને

નમિરાજને અચાનક જ કંઈક સાંપડી ગયું. વિચારની તંદ્રામાંથી બહાર આવતાં એ ધીમે સાદે બોલ્યાઃ

"ઓહ ! આ તો મેરુ પર્વત છે. જ્યા જિન ભગવંતોનાં કલ્યાણકો ઊજવાય ! ગત-જન્મમાં મેં એકત્વની આરાધના કરી, સંયમનો સ્વીકાર કર્યો, અને દેહ-દેશ પલટાતાં જ હું દેવલોકનો વાસી બન્યો. એ દેવ-ભવમાં હું ભગવતોનાં કલ્યાણક ઊજવવા આ જ મેરુગિરિ પર આવ્યો હતો !"

જાતિનું આ સ્મરણ હતું. પૂર્વ-જન્મના આ જ્ઞાને નમિરાજના વિરાગમાં વેગ આણ્યો. કંકણના એ કેકારવમાંથી જન્મેલો વિરાગ હવે ખૂબ જ વૃદ્ધિ પામી ચૂક્યો હતો. નમિરાજને માટે હવે આ મિથિલા, આ રાજમહેલો અને આ પ્રિયતમાઓ : આ બધું જ અકારું થઈ પડ્યું. એમના મન આગળ તો કોઈ નવી જ દુનિયા રમતી થઈ હતી !

'યુદ્ધવિરામ'નો સાદ દેનારી એ પ્રવ્રજિતા માતા ! વિરાગના રાગી બનેલા એ ચન્દ્રયશ ને સંયમના વેશમાં સજ્જ બનેલા પોતાના એ પાલક-પિતા પદ્મરથ ! નમિરાજની આંતર-આંખ આગળ તો આ વિરાગી-વિશ્વ ખડું થઈ ગયું હતું. પોતાનો ગઈરાતનો સંકલ્પ એમણે રાજપરિવારની આગળ ખુલ્લો કર્યો.

-ને મિથિલા ગમગીન બની. આંખે આંખે આંસુઓનાં તોરણ રચાવા લાગ્યાં. પણ નમિરાજ મક્કમ હતા. કંકણના કેકારવમાંથી સાંભળેલો એ સંદેશ જ એમનો મુદ્રાલેખ હતો. અને ભગવાનનો ભેખ પહેરવા તો તેઓ તલસી રહ્યા હતા.

•

**પ્રકરણ ૧૦**

# મિથિલા બળે છે

**મૌ**ન જ જેના માટે મહાવ્યાખ્યાન બને, જગતની નજરે સાધારણ દેખાતાં કોઈ દશ્યને જોતાં જેનો માંહ્યલો ક્યારેક એકાએક જ જાગી ઊઠે, અને એ પોતાની વતનવાટ શોધવા મંડી પડે. ઈન્દ્રધનુના પલટાતા રૂપ-રંગ ! વિખરાતાં વાદળ ! કે ક્ષણિકતાનું આવું કોઈ દશ્ય જોતાં જ સંસારસંન્યાસ સ્વીકારવા જે સજ્જ થઈ જાય, એ પ્રત્યેક બુદ્ધ !

નમિરાજ પ્રત્યેક બુદ્ધ હતા. કંકણના એ કેકારવમાંથી એમણે ઘણી ઘણી પ્રેરણાઓ મેળવી લીધી હતી. અને પ્રેરણાના એ પ્રકાશ-પંથે પગલીઓ ભરવા એ થનગની રહ્યા હતા. એકત્વની આરાધનાનો પોતાનો અફર નિર્ણય, એમણે મિથિલામાં વહેતો મૂક્યો. ગઈ સાંજે જ જે દેહ પર હજી રોગનાં થાણાં સ્થપાયેલાં હતાં, એ દેહ અત્યારે સવારે તો સાવ રોગમુક્ત બની ગયો હતો. આવી સિદ્ધિનું આ સંપાદન સંકલ્પે કરાવ્યું હતું.

હજાર-હજાર સુંદરીઓ ! દેશ દેશનું આધિપત્ય ! અને પોતાનો અણનમ પ્રભાવ ! આ બધાં પ્રલોભનો નમિરાજને મન આજે સાવ અકારા થઈ પડ્યાં હતાં. ને મહાભિનિષ્ક્રમણને માર્ગે સંચરવા એઓ તૈયાર બનીને ઊભા હતા.

દેહ પર લદાયેલી કામનાની કાંચળીઓ નમિરાજે એક પછી એક ઉતારવા માંડી. મસ્તક પરથી એમણે મુકુટ ફેંકી દીધો ને ભુજાઓ પરના બાજુ-બંધ ઉતારતાં એમણે સંતોષ અનુભવ્યો. કમ્મરેથી સુવર્ણનો કંદોરો કાઢતાં એમણે હળવા થવાની લાગણી અનુભવી ને દેહ પરનાં દેવતાઈ-દૂષ્યો ત્યાગી દીધા.

નમિરાજ પ્રત્યેક બુદ્ધ હતા ! દેવો આવ્યા. એમણે નમિરાજની આગળ સાધુવેશ ધર્યો. એથી નમિરાજ હવે નમિરાજર્ષિ બન્યા. પોતાના સ્વામીને સાધુ વેશમાં સજ્જ બનેલા જોતાં જ આંખે-આંખેથી આંસુધાર છૂટી રહી. હજાર-હજાર પ્રિયાઓના વિલાપના આલાપે કરુણતા છવાતી ગઈ.

મસ્તક હવે લુંચિત હતું. પગ હવે અડવાણા હતા. આભૂષણોથી ભર્યોભર્યો રહેતો એ દેહ હવે એકાદ બે વસ્ત્રોથી જ આવેષ્ટિત હતો. નમિરાજર્ષિની આ સાધુ-કાયા જોતાં જ આખી મિથિલા કોલાહલમય ને ગમગીન બની ગઈ. આંખે-આંખે આંસુઓ ને કંઠે-કંઠે ડૂસકાંઓ ઘેરાવા માંડ્યાં. પ્રત્યેક રાજરાણી, પોતાના પ્રીતમની આ અણધારી-વિદાયને સાંભળતાં જ કંપી ઊઠી. ને આખું રાજભવન વિયોગનાં વિલાપે કરુણ બન્યું. પણ રાજર્ષિ નમિ તો આજે સાચેસાચા ને પૂરેપૂરા વિરાગી બન્યા હતા. પ્રિયતમાઓનો પ્રેમ, મિથિલાની મનોવેદના ને લોકોની લાગણી, એમના પગને ક્યાંથી થંભાવી શકે ? બસ, સાપ કાંચળી ઉતારીને ચાલતો

થાય, એમ બધાને રડતા-કકળતા મૂકીને નમિરાજર્ષિ જંગલની વાટે ચાલી નીકળ્યા. પણ આ મહાભિનિષ્ક્રમણ કસોટીની એરણે ચડવાનું હતું.

— ● —

ઇન્દ્રરાજ મિથિલામાં આવ્યા અને બધે જ કરુણતા છવાયેલી જોઈને એઓ નમિરાજર્ષિ પાસે દોડી ગયા. હાથ જોડીને એમણે પૂછ્યું : રાજર્ષિ ! મિથિલામાં કોલાહલ ને ક્રન્દન કેમ ? શું આપની ફરજ નથી એ આંસુ લૂછવાની ને એ રોકકળને શાંત કરવાની !

ઇન્દ્રરાજ એક વિપ્રના વેશમાં હતા. નમિરાજર્ષિ એમને ઓળખી ન શક્યા. એમણે જવાબ વાળતાં કહ્યું :

"એક વિરાટ વડલો જેમ ધરાશાયી બની જાય અને પંખીઓ પોતાના સ્વાર્થને રડે, પોતાનો આધાર ગયા બદલ એ આંસુઓ સારે, એમ મિથિલા પણ પોતાનો સ્વાર્થ સરી જતાં રોકકળ કરી રહી છે, આ રોકકળમાં કંઈ મારી પ્રવ્રજ્યા કારણ નથી."

દેવરાજ વિપ્ર જવાબમાં રહેલી સચ્ચાઈ જાણીને છક્ક થઈ ગયા. એમને તો ગમે તેરીતે આ વિરાગની પરીક્ષા કરવી હતી. એમણે ખૂબ જ આશ્ચર્ય ને દુઃખ સાથે કહ્યું :

'રાજર્ષિ ! રે ! રે ! આ શું ? મિથિલા બળી રહી છે. પવનના સુસવાટા આગના ભડકાને વધારી રહ્યા છે ને આપ અહીં ઊભા છો ? જુઓ જુઓ. આગની આ જીવલેણ જ્વાળાઓ છેક આપના રાજભવન સુધી પહોંચી ! રે ! અંતઃપુરનેય આ આગ અડવા આવી. હમણાં જ આખું મિથિલા રાખ બન્યું કે બનશે એવી જીવલેણ આ આગ છે. ને આમાં આપની પ્રજા હોમાઈ છે. એની ચીસો ને એના ચિત્કારો શું આપના દિલને દદળાવતાય નથી ? શું વાત્સલ્યનું એ વહેણ આજે સાવ સુકાઈ ગયું છે ? ચાલો, ચાલો, મિથિલા ભડકે બળી રહી હોય, ત્યારે તેનો રાજવી જંગલમાં જ ઊભો રહે, એ કેમ પાલવે ?"

આખી મિથિલાને, એના મહેલે મહેલને એક ભંયકર આગ ઘેરી વળી હોય, આવું ભંયકર દશ્ય દેવરાજે રાજર્ષિની પરીક્ષા માટે ઊપસાવ્યું હતું. પણ રાજર્ષિ અડોલ રહ્યા. એ બોલ્યા :

"જે મારું છે એ બળતું નથી. ને જે બળે છે, એ મારા આત્મ-સામ્રાજ્યમાં મારું નથી. મિથિલા બળે, એથી મારે શું? અહીં તો સબ સલામત છે."

ઇન્દ્રરાજે હવે બીજો દાવ ફેંક્યો : રાજર્ષિ ! આમ તો જુઓ, મિથિલાનાં આ કોટ-કિલ્લા કેટલા જીર્ણ-શીર્ણ બની ગયા છે ! જાણે કાગળના જ કોટ-કિલ્લા ન હોય, શત્રુની એક ફૂંકે જ ઊડી જાય, એવા આ કિલ્લાને મજબૂત બનાવીને પછી સંયમ સ્વીકારવાની આપની ફરજ નથી શું ? ઓહ ! આ કિલ્લાઓ ! આ કાંગરાઓ ! આ પ્રવેશદ્વારો ! ને કિલ્લા પરની આ નજીવી યુદ્ધ-સામગ્રી ! આવી અસહાયતા વચ્ચે રહેલી મિથિલા શત્રુઓથી રક્ષણ પામી શકશે ખરી ?

ખંડિયેરમાં પલટાઈ ગયેલી મિથિલા દેવરાજે ઊપસાવી હતી. જેની ઈંટ ઈંટ પડી રહી હતી. જેમાંથી ધૂળના ઢગલાઓ મુશળધારે ખરી રહ્યા હતા. ને બીજી ક્ષણનું પણ જેનું ભવિષ્ય ભયાનક ભાસતું હતું.

રાજર્ષિની મિથિલા હવે કંઈ ઈંટ ચૂનાની ન હતી. પણ અલૌકિક હતી. એ મિથિલા બળે એવી ન હતી અને એ ખંડિયેરમાં પલટાય એવીય ન હતી. રાજર્ષિએ કહ્યું :

"મારી મિથિલા તો અજર છે ને અમર છે. ન જળ એને ઘસડી શકે, ન જ્વાળા એને બાળી શકે. એના કિલ્લાય અભેદ્ય છે. ને એના દરવાજાય અડોલ છે. મારી મિથિલા આવી અજેય હોય, પછી મારે ચિંતા શાની કરવાની હોય ?"

આ અડોલતા જોઈને દેવરાજ રાજર્ષિ પર વારી ગયા. છતાંય આશાનો ત્યાગ હજી એમણે નહોતો કર્યો એમણે કહ્યું :

"રાજર્ષિ ! તમારે જવું હોય, તો સુખેથી જઈ શકો છો. પણ એક વાર મિથિલાના આ સીમ-રાજ્યોને તો જીતી લો. એ એ બધાને મિથિલાની આણ નીચે તો મૂકી દો ! પછી તમે ભલા, ને તમારો આ ત્યાગ ભલો !"

નવો વ્યૂહ રચાયો, જેમાં રાજર્ષિને ઇન્દ્ર ફસાવવા માંગતા હતા. પણ રાજર્ષિ એમાં ફસાય ખરા ! એમણે જવાબ વાળ્યો :

"ઓહ ! શત્રુ જ કોણ છે આ જગતમાં ! આત્મા જ શત્રુ અને આત્મા જ મિત્ર! આત્માને જીત્યો તો આખું જગત જિતાઈ ગયું ને આત્માના હાર્યા તો બધેથી હાર્યા ! એક આત્માની જીત બધી હારનેય જીતમાં પલટાવનારી છે ને એક આત્માની હાર બધી જીતો પર હારની કાળી કલગી ચઢાવનાર છે ! આત્માને ઇન્દ્રિયો વચ્ચે, મનનો મહારથી કેઈ કાળથી જે સનાતન સંગ્રામ ખેલાતો આવ્યો છે, એ યુદ્ધથી વિરામ મેળવવો ને આત્મપક્ષી 'યુદ્ધવિરામ' જાહેર કરવો, આ જ સાચું યુદ્ધ !"

ભગવાન નમિરાજર્ષિએ એ જ અડીખમતા બતાવી. ઇન્દ્રરાજ હવે થાક્યા હતા : રે ! આટલો બધો વિરાગ ! વિરાગની એ ચિરાગનાં અજવાળાં શું આટલાં બધાં સ્થિર કે, એને બુઝવવા મે ભયંકર-વાવંટોળ વિકુર્વ્યા, તોય એ વધતા જ ચાલ્યા. પણ પછી ઇન્દ્રરાજને મનોમન જ એવું સમાધાન જડ્યું કે, હા, વા-વંટોળ દીવાને હજી ઓલવી શકે, દવને નહિ ! દવ તો જેમ જેમ વાવંટોળ વેગ પકડતો જાય, એમ એમ વધતો જ જાય અને દવનો વિસ્તાર પણ વિશાળ બનતો જાય.

દેવરાજને થયું : *સુવર્ણમાં જે ફક્ત પીળો રંગ જ જુએ, હીરા-માણેકમાં* ફક્ત જે એનું ચિત્ર જ નિહાળે, સૌન્દર્ય-નીતરતી કોઈ નારીમાં જેને આવતી કાલની બેડોળ વૃદ્ધાનાં જ દર્શન થાય ને સ્વર્ગીય મહેલમાં જેને ઈંટ-મટોડા ને ચૂનાનું મિશ્રણ જ જણાય, એ રાજર્ષિની વિરાગની પરીક્ષા કરનાર હું વળી કોણ ? અને પોતાનું 'વિપ્રત્વ' એમણે ફગાવી દીધું. રાજર્ષિ શ્રીનમિરાજની આગળ એક દેવરાજ ખડા થઈ ગયા. એમણે ગદ્ગદ કંઠે ક્ષમા ચાહી :

"રાજર્ષિ ! એ મિથિલા કાલ્પનિક હતી, મેં જેને બળતી બતાવી. ખરતી બતાવી. જેના કોટ-લિલ્લાને ખંડેર થતા બતાવ્યા, ને જેનું અંતઃપુર કાગારોળ કરી મૂકતું સંભળાવ્યું ! આપના વિરાગની પરીક્ષા માટે જ મેં આ બધા ધમ-પછાડા કર્યા. પણ હું હાર્યો ને આપનો વિરાગ વિજેતા બન્યો. રાજર્ષિ મને ક્ષમા !"

-ને દેવરાજ અદશ્ય બની ગયા.

**પ્રત્યેકબુદ્ધ રાજર્ષિ નમિરાજ જીવનકથા સંપૂર્ણ**

• • •

# રાજર્ષિ નગાગતિ

## કથાક્રમ


૧. દેવ મળ્યા દેવળને..............................૨૧૩
૨. મૂર્ખત્વના માંચાના ચાર પાયા.....................૨૨૧
૩. રાત મધુરી, વાત અધૂરી ...........................૨૩૦
૪. જાગ્યા ત્યારથી સવાર..............................૨૩૮
૫. બંને જીત્યા, બંને હાર્યા ...........................૨૪૫
૬. આત્મકથાનું અનુસંધાન ...........................૨૫૩
૭. ભવભવના અનુભવ એક ભવમાં..............૨૬૧

## પ્રકરણ ૧

# દેવ મળ્યા દેવળને !

જીવનના આકાશે જ્યારે પુણ્યોદયની પૂર્ણિમા ખીલી ઊઠેલી હોય છે. ત્યારે કદાચ કોઈ આપત્તિ આવે, તોય એ સંપત્તિમાં ફેરવાઈ જતી હોય છે ! જીવનના આકાશને જ્યારે પાપોદયની અમાસ ઘેરી વળેલી હોય છે, ત્યારે સંપત્તિને વિપત્તિમાં પલટાતાં વાર લાગતી નથી. આ એક સનાતન સત્ય છે. સમયના સાગરની ભરતી આને ભૂંસી શકવા

સમર્થ નથી. દરેક ક્ષેત્ર અને દરેક કાળ આ સત્યના સેવક જ રહેતા આવ્યા છે !

રાજવી સિંહરથે આ સત્યનું મહિમાગાન સાંભળ્યું તો અનેક વાર હતું. પણ એક વાર એમના જીવનમાં અણધારી રીતે જ એવા જોગસંજોગ રચાઈ ગયા કે આ સત્યનો સાક્ષાત્કાર થતાં એમના રોમેરોમ આનંદાશ્ચર્ય અનુભવી રહ્યા ! પ્રસંગ સાવ સામાન્ય હતો : એક વાર રાજસભામાં બે અશ્વ ભેટણાં તરીકે આવ્યા. અદ્‌ભુત એ અશ્વો હતા અને રાજવી પાછા અશ્વવિહારના શોખીન હતા. એથી બીજે જ દિવસે એઓ અશ્વવિહાર માટે નીકળી પડયા. પરંતુ સામાન્ય લાગતા આ પ્રસંગનું પરિણામ ખૂબ જ અસામાન્ય આવ્યું !

ભેટણા રૂપે આવેલા એ બે અશ્વોમાંનો એક અશ્વ ‘વક્રશિક્ષા’ પામેલો હતો. સામાન્ય રીતે લગામ ખેંચવાથી અશ્વ ઊભો રહી જાય અને લગામ ઢીલી મૂકવાથી અશ્વની ગતિમાં વેગ આવે. એવો નિયમ હોવા છતાં રાજવી સિંહરથે અશ્વવિહાર માટે જે અશ્વ પંસદ કર્યો હતો, એને વિપરીત તાલીમ આપવામાં આવી હતી. જેની રાજવીને જાણ ન હતી. એથી એ અશ્વની ગતિ જ્યારે વેગ પકડવા માંડી, ત્યારે એને કાબૂમાં લેવા રાજવી જેમ જેમ લગામ ખેંચવા માંડ્યા, એમ એમ એની ગતિમાં ઉપરથી વેગ વધવા માંડ્યો. આ કારણે થોડી વારમાં તો રાજવી પોતાના મિત્રોથી અને અંગરક્ષક સૈન્યથી આગળ વધીને એક જંગલમાં જઈ પહોંચ્યાં.

સિંહરથ જ્યારે અશ્વ-ક્રીડા માટે પાંડુવર્ધનપુર નામના પોતાના નગરથી નીકળ્યા હતા, ત્યારે એમના રોમેરોમમાં પ્રસન્નતા હતી. ઘણા દિવસે એઓ અશ્વ-ક્રીડા માટે નીકળ્યા હતા અને જે અશ્વ એમણે પંસદ કર્યો હતો, એ એવો તો દેખાવડો ને ઊડીને આંખે વળગે, એવો હતો કે, ન પૂછો વાત! એની ઊંચાઈ, એનો વર્ણ, એનો આકાર અને

એનો હેષારવ: આ બધું જ અદ્ભુત હતું ! એથી એ અશ્વ પર સવાર થઈને વનવિહાર માટે નીકળતી વખતે રાજવી સિંહરથ એક અનોખો આનંદ અનુભવે, એ સહજ હતું. પણ એ આનંદનું આયુષ્ય સાવ જ ઓછું નીકળ્યું. એ અશ્વ જ્યારે રાજવીને વાવાઝોડાની ઝડપે જંગલમાં ખેંચી ગયો, ત્યારે એમનો એ આનંદ આઘાતમાં પલટાઈ ગયો.

રાજવી સિંહરથ અશ્વવિદ્યાના અચ્છા જાણકાર હતા. એથી આવા અવસરે અશ્વને કઈ રીતે કાબૂમાં લેવો, તે એઓ સારી રીતે જાણતા હતા. આ જાણકારી મુજબ એઓ ઘોડાની લગામ તાણતા જ ગયા, તાણતા જ ગયા ! પણ પરિણામ જ્યારે કશું જ ન આવ્યું, ઉપરથી એ અશ્વની ગતિમાં જ્યારે વેગ વધવા જ માંડ્યો, ત્યારે નિરાશ/હતાશ થઈને એઓએ અશ્વની લગામ છૂટી મૂકી દીધી. એઓ મનોમન વિચારી રહ્યા, લગામ ખેંચી ખેંચીને મારો હાથ રહી ગયો, તોય કશું જ પરિણામ ન આવ્યુ. હવે ભગવાનને ભરોસે રહીને લગામ છૂટી મૂકયા વિના ચાલે જ એમ નથી, જે થવું હશે, એ થશે !

રાજવીનો હાથ ઝલાઈ ગયો હતો. એથી જીવન-મરણની ચિંતા કર્યા વિના એમણે અશ્વની લગામ છૂટી મૂકી દીધી. અને ત્યાં જ આશ્ચર્ય સમજાયું ! ઘોડાની ઝંઝાવતી-ઝડપમાં એકદમ મંદી આવી ગઈ. મંદમંદ વહેતા પવનની જેમ એ ઘોડો જ્યારે આગળ વધવા માંડ્યો, ત્યારે રાજવીને એકાએક જ ખ્યાલ આવ્યો કે, નક્કી આ ઘોડો 'વક્રશિક્ષિત' હોવો જોઈએ. લગામ ખેંચતાં દોડવાની અને ઢીલી મૂકતા ધીમા પડી જવાની વિપરીત-તાલીમ આ ઘોડાને આપવામાં આવી હશે ? અશ્વશાસ્ત્રમાં આવતી 'વિપરીતાશ્વ'ની વાતો એમને સાંભરી આવી. અને વિપરીતાશ્વનાં બધા જ લક્ષણ પોતાના અશ્વમાં જણાતાં એમણે એટલો પૂરતો તો સંતોષ અનુભવ્યો કે, નિદાન હાથમાં આવી ગયું, હવે વાંધો નહિ !

થોડી વારમાં તો એ અશ્વ ઊભો રહી ગયો. દોડી દોડીને એ થાક્યો હતો અને રાજવી પણ હવે તો અશ્વ પર બેસીને થાક્યા હતા. એથી ઘોડાની સારસંભાળ લઈને એઓ પોતે પણ તાજા થયા. રાત થવાને ઘણી વાર ન હતી અને પોતે જ્યાં ઊભા હતા, એ ભરજંગલ હોવાથી ત્યાં રાતવાસો કરવાનું જોખમ ખેડવા જેવું ન હતું. એથી એ ઘોડાને એક નિર્ભય-સ્થાને ઝાડ નીચે બાંધીને રાજવી નજીકની એક ટેકરી પર રાતવાસો કરવાની ઇચ્છાથી એ તરફ ચાલ્યા. ટેકરી નજીકમાં જ હતી, ટેકરી નાની હતી, છતાં ઊંચાઈ એક કિલ્લા જેવી હોવાથી સુરક્ષાની દૃષ્ટિએ એનો આશરો 'અભય કવચ' જેવો બની જાય એવો હતો.

થોડી વારમાં જ રાજવી, સિંહરથ એ ટેકરી ઉપર જઈ પહોંચ્યા. નીચેની નાની જણાતી ટેકરી ઉપર પહોંચ્યા પછી ખૂબ જ વિસ્તૃત જણાવા માંડી. ઉપરના વિસ્તારને ખૂંદી વળવાની ઉત્કંઠા હોવા છતા રાત્રિનો પ્રારંભ થવાની તૈયારી હોવાથી એક વિશાળ વડલાની નીચેના ચોતરા પર રાજવીએ આસન જમાવ્યું. નિરાંત, રાત અને એકાંત મળતાં જ સિંહરથ વિચારે ચડ્યા : આનું નામ સંસાર ! જ્યાં ધાર્યું હોય કંઈ અને થાય વળી બીજું જ કંઈ ! કોણે ધાર્યું હતું કે, આજે મારા માટે આ અશ્વક્રીડા એક અભિશાપ પુરવાર થશે ? ક્યાં એ રાજમહેલની મખમલી શય્યા ને ક્યાં આ જંગલમાં વાસો ! ગઈ કાલે આ અવસરે મારી આસપાસ મધુર-વાદ્યો વાગતાં હતાં અને આજે મારી આસપાસ બિહામણું ઘનઘોર એકાંત પથરાયેલું છે !

દિવસભરનો થાક હતો અને ભરપૂર શાંતિ હતી. એથી આવી વિચારધારા લાંબી ન ચાલી. થોડી જ વારમાં રાજવી ઘસઘસાટ ઊંઘી ગયા. એક ઊંઘમાં જ રાત પૂરી થઈ ગઈ. એમની આંખ જ્યારે ખૂલી, ત્યારે સુવર્ણ-પ્રભાતનાં કિરણો બધે છવાઈ ચૂક્યાં હતાં અને ટેકરી

ઉપરના વાતાવરણે કોઈ અદ્ભુત રૂપ-રંગ ધર્યા હતા ! જેના દર્શને ગઈ રાતની ઉત્કંઠા પુનઃજાગ્રત થઈ ગઈ અને એઓ ટેકરી ઉપર ફરવા નીકળી પડ્યા.

પગલે પગલે પ્રસન્નતા વધારતું, પળે પળે આંખને અહ્લાદ આપતું અને આંખની પલકે-પલકે નવું જ સૌન્દર્ય પાન કરાવતું ટેકરીનું એ વાતાવરણ ખરેખર અદ્ભુત હતું. રાજવી સિંહરથ સૌન્દર્યપાન કરતાં કરતાં આગળ વધ્યા, થોડે દૂર જતા જ એમની આંખ સાત માળની એક હવેલી જોઈને આશ્ચર્ય ચકિત થઈ ગઈ. આવા એકાંત-સ્થળે આવી તોતિંગ હવેલી ? હવેલીના દર્શને એમની ઉત્સુકતા ઓર વધી ગઈ. ઉતાવળે પગલે એઓ હવેલી તરફ આગળ વધવા માંડ્યાં.

આંખની સામે જે દશ્ય નજીક આવી રહ્યું હતું, એ રાજવીના અંતરમાં અનેક વિચારો જગવી જાય, એવું હતું. એઓ હજી એ નક્કી કરી શકતા ન હતા કે, પોતે સત્યની ધરતી પર ઊભા છે કે સ્વપ્નની સફરે સંચર્યા છે ! આવી નિર્જન ટેકરી પર આવી હવેલીનું અસ્તિત્વ જ સંભવિત જણાતું ન હતું, છતાં આંખની નજીક આવતી એ હવેલી, આ અસંભવિતતાને પડકારી રહી હોય, એવું સ્પષ્ટ જણાતું હતું.

ઊછળતું યૌવન અને અસંભવિતતામાં સંભવિતતાનો સાક્ષાત્કાર ! રાજવી સિંહરથ કુતૂહલવૃત્તિને દાબી ન શક્યા. એમણે ઉતાવળે પગલે ચાલવા માંડ્યું. એ મહેલના દરવાજે પોતે હજી પહોચે, એ પૂર્વે તો એક મંજુલ સ્વર કાને અથડાયો. એ સ્વરાવલિ પોતાને આમંત્રતી હતી. ખૂબ જ કોમળ એનો ધ્વનિ હતો : પધારો ! મારા દિલ દેવળના ઓ દેવ ! આપની પ્રતીક્ષા તો હું દિવસોથી કરી રહી છું. આજે આપનાં દર્શન થતાં મને એમ લાગે છે કે, વાદળ વિનાનું આકાશ મારી પર અમૃત વરસાવી રહ્યું છે !

અંતરના આવકારપૂર્વક પોતાને આમંત્રતી એક નવયૌવનાને જોતાં જ રાજવીના આશ્ચર્યને કોઈ અવધિ ન રહી. આ ટેકરી પર મહેલનું અસ્તિત્વ આશ્ચર્યજનક હતું, તો મહેલમાં વળી આવા નવયૌવનનું નૃત્ય એથીય કેઈ ગણું વધુ આશ્ચર્યજનક હતું. રાજવી એ સમજી શકતા ન હતા કે, આ બધું શું છે ? કિંકર્તવ્યમૂઢ અને સંભ્રાંત બનેલા રાજવીને જોઈને એ નવયૌવનાએ સીધો જ એમનો હાથ પકડી લીધો અને એ બોલી: મારી જીવન-નાવના ઓ સુકાની ! આપ પહેલાં મહેલમાં પધારો, પછી ધીમે ધીમે આપનું બધું જ આશ્ચર્ય શમી જશે.

નવયૌવનાની પાછળ પાછળ રાજવી સિંહરથ એ મહેલમાં પ્રવેશ્યા. એ મહેલની અંદર જાણે એક નગર જ વસ્યું હોય, એવી વિશાળતા જોઈને એઓ છક્ક થઈ ગયા. થોડુંક આગળ વધ્યા બાદ એક ખંડમાં લગ્ન-મંડપ જેવી બધી તૈયારી જોતાં તો એમના વિસ્મયને કોઈ અવધિ જ ન રહી. પોતે જાણે એક અલૌકિક નગરીમાં અણધાર્યા આવી ઊભા હતા. એથી મૌન રહીને એક વાર તો બધુ જોઈ લેવામાં જ સાર જણાતાં તેઓ આગળ વધ્યા. નવયૌવના એમને સ્નાનગૃહમાં લઈ ગઈ. એણે કહ્યું : આપના શરીર પર શ્રમનો થાક દેખાય છે, માટે આપ એક વાર સ્નાન કરી લો, પછી આપણે બધી વાતો કરીશું.

પ્રતીક્ષા કાળક્ષેપને સહી શકતી નથી. એથી રાજવી ઝડપથી સ્નાન કરીને એક આસન પર બેઠા. નવયૌવનાએ કહ્યું : આપનું આસન અહીં નથી. પેલા લગ્ન-મંડપનું આસન દિવસોથી આપની પ્રતીક્ષા કરી રહ્યું છે. માટે આપ ત્યાં પધારો !

આ પ્રસ્તાવ સાંભળતાં તો રાજવી એકદમ અવાક્ બની ગયા. છતાં એમણે પૂછ્યું : પહેલા એ તો કહો કે, આ મહેલ કોનો છે ? તમારું નામ શું છે ? અને આવા એકાંતમાં વસવાટ કરવાનું કારણ શું છે ?

સિંહરથના આ પ્રશ્નનો જવાબ વાળવાનો અત્યારે સમય ન હતો. અત્યારે તો લગ્નની શુભ ઘડીપળ સાધી લેવાના હતા. એથી નવયૌવનાએ કહ્યું : સ્વામીનાથ ! વાતોમાં મગ્ન તો પછી પણ બનાશે. પરંતુ બે દિલને લગ્ન બનાવવાના આવી શુભ ઘડી-પળ પછી પાછા નહિ આવે. માટે વીજ ઝબૂકી રહી છે. એ સમયે અત્યારે જ આપણે પહેલાં દિલનો દોરો પરોવી લઈએ !

રાજવી સિંહરથ માટે જાણે આજનો દિવસ અલૌકિકતાના અતિથિ બનવાનો દિવસ હતો. એઓ નવયૌવનાની વાતને વધાવી લીધા વિના ન રહી શક્યા અને એ જ શુભ ઘડીપળે ગાંધર્વવિવાહ ઊજવાતા બંને લગ્નગ્રંથિથી બંધાયાં. રાજવીની આંખ સામે એક પછી એક પ્રશ્નોની હારમાળા ખડી થઈ ગઈ હતી. પોતાનું પૂર્વાગમન જાણે સૂચિત હોય, એવું મહેલનું સમગ્ર વાતાવરણ હતું. નવયૌવનાનું આમંત્રણ, લગ્ન મંડપની પૂરી તૈયારી અને લગ્નની ઉજવણીઃ આ બધું પોતાના આગમનનો ખ્યાલ હોવાનું જણાવતાં ચિહ્નો હતાં. આવી કોઈ સંભાવનાઓથી પોતે પરિચિત પણ ન હોવા છતાં કોણે નવયૌવનાને આ બધું જણાવ્યું હશે ? આ પ્રશ્નનો જવાબ મેળવવા ઉત્કંઠિત રાજવીએ એકાંત મેળવીને નવયૌવનાને કહ્યું :

'મારા પ્રશ્નોનો મને હવે તો જવાબ મળશે ને ? અનુત્તરિત-પ્રશ્નો ઘણી વખત ભૂખ-તરસનેય મારી નાખતા હોય છે. મારી દશા આવી છે !"

નવયૌવનાએ કહ્યું : મારા દિલના ઓ દેવ ! મારી દશા પણ આવી જ છે. હું પણ એ જાણવા મથું છું કે, પાંડુવર્ધનપુરથી આપ એકલા અહીં કેવી રીતે આવ્યા ?

આ પ્રશ્નો તો રાજવી સિંહરથને વધુ આશ્ચર્યકિત બનાવી દીધા. પોતાની નવોઢામાં એમને 'દિવ્ય-જ્ઞાન'નો આભાસ થવા માંડ્યો. એ

વિના આ રીતનો પ્રશ્ન જાગે જ ક્યાથી ? રાજવીએ કહ્યું : આજે મારું અંતર આશ્ચર્યની ભરતીથી ઘેરાયેલું છે, આ ભરતી મને બે બોલ પણ બોલવા દે એમ નથી . માટે મને બોલાવવા માટેય તારે પહેલાં બોલવું પડશે.

નવોઢાએ જવાબમાં જણાવ્યું : રાત વહી જાય, તોય વાત પૂરી ન થાય, એવી લાંબી મારી આત્મકથા છે. હું એક કથાનકની શૈલીની મારી કથા વર્ણવું છું. આપ ધીરજ ધરીને મને સાંભળશો, એવી વિનંતી !

●

## પ્રકરણ ૨

# મુર્ખત્વના માંચાના ચાર પાયા

ભરત ક્ષેત્ર ! એમાં ક્ષિતિપ્રતિષ્ઠિત નામનું નગર ! ત્યાં જિતશત્રુ નામના રાજાનું રાજ્ય ! રાજા ગુણવાન હતા અને પ્રજા ગુણજ્ઞ હતી. એથી રાજા પ્રજા વચ્ચે પિતા-પુત્ર જેવો સ્નેહ સંબંધ હતો. આવા સંબંધને કારણે ગમે તેવી કઠિન રાજાજ્ઞા પણ સૌ સહર્ષ શિરોધાર્ય કરતા.

એક વાર રાજવી નિરાંતની પળોમાં બેઠા હતા. એમની સ્મૃતિના સરોવરે પોતાના રાજ્યની ખામી-ખૂબીઓ ઊપસી રહી હતી. થોડી વિચારણાને અંતે એઓ મનોમન બોલી ઊઠ્યા કે, આટલું બધું સમૃદ્ધ મારું રાજ્ય અને એમાં એક સારી ચિત્રસભા પણ નહિ ! આ વિચાર આવતાંની સાથે જ એમની આંખ સામે ચિત્રસભાઓનું એક ચિત્ર ખડું થઈ ગયું અને એઓ બોલી ઊઠ્યા : સાકર વિનાનું દૂધ નકામું ! ફોરમ વિનાનું ફૂલ નકામું ! એમ ચિત્રસભા વિનાનું મારું રાજ્ય પણ નકામું !

રાજા જિતશત્રુએ તરત જ મંત્રીઓને બોલાવ્યા અને કહ્યું : આપણા રાજ્યમાં સારામાં સારી એક ચિત્રસભા હોવી જ જોઈએ. ચિત્રસભાનું નિર્માણ થતાં જ 'સોનામાં સુગંધ'ની કહેવત આપણા આ રાજ્ય માટે ચરિતાર્થ બનશે. ચિત્રસભા સારામાં સારી બનવી જોઈએ. એવી તો મારી ઇચ્છા છે જ ! પણ એ જલદીમાં જલદી બનવી જોઈએ, એ તો મારી મહેચ્છા છે !

રાજાના આ મનોરથ સાંભળીને મંત્રીશ્વરે કહ્યું : મહારાજ ! ખૂબીઓના ખજાના સમા આપણા રાજ્યમાં આ એક નાનકડી ખોટ હતી, એનો તો અમને આજે જ ખ્યાલ આવ્યો ! આપ નિશ્ચિંત બની જજો. એવી અદ્‌ભુત ચિત્રસભાનું અહીં નિર્માણ કરાવીશું કે સૌ મોંમાં આંગળાં નાખીને બોલી ઊઠે કે, ભાઈ ! ચિત્રસભા તો ક્ષિતિપ્રતિષ્ઠિત નગરની જ !

બધા મંત્રીશ્વરો ચિત્રસભાના આયોજન માટે કામે લાગી ગયા. જગાની પસંદગી કરવાનું કામ કેટલાકને સોંપાયું. ચિત્રોની પસંદગી/ચૂંટણી કરવાના કાર્યમાં કેટલાકને રોકવામાં આવ્યા, તો કેટલાક ચિત્રકારોની વ્યવસ્થા વિચારવામાં રોકાયા. આ એક મહત્ત્વનો વિષય હતો. એથી આ અંગે એવો નિર્ણય લેવાયો કે, નગરમાં જેટલા

ચિત્રકારો હોય, એ બધાને સરખે ભાગે ચિત્ર-કાર્ય સોંપી દેવું ! જેથી ચિત્રસભાનું કાર્ય ઝડપી પણ થાય અને પ્રતિસ્પર્ધાના કારણે એ કાર્ય સુંદર પણ થાય !

રાજા જિતશત્રુના મગજમાંય આ વાત ઊતરી ગઈ. નગરમાં ઘણા ચિત્રકારો વસતા હતા. એ બધાને આમંત્રવામાં આવ્યા. રાજાજ્ઞા સંભળાવતાં મુખ્ય-મંત્રીશ્વરે સૌને કહ્યું કે, આપણા રાજવીના એ મનોરથ છે કે આપણા રાજ્યમાં એક સર્વશ્રેષ્ઠ ચિત્રસભાનું નિર્માણ થાય ! આ સભા સર્વશ્રેષ્ઠ બને, એ જેટલું જરૂરી છે, એટલું જ જરૂરી એ પણ છે કે, એનું નિર્માણ વહેલામાં વહેલું પૂર્ણ થાય ! એથી તમને બધાને ચિત્રસભાનો સરખેસરખો ભાગે-પડતો ભાગ આપવામાં આવશે. એ ભાગમાં તમારે તમારી કળાઓ ઠલવી દઈને એવી ચિત્રસૃષ્ટિ સર્જવાની છે કે, જેમાં માત્ર પ્રાણ પૂરવાના જ બાકી હોય !

આ રાજાજ્ઞા સાંભળીને બધા ચિત્રશિલ્પીઓ ખુશ થઈ ગયા. પોતાની કળાને રાજવીના ચરણે સમર્પિત કરવાના આ અવસરને વધાવી લેતાં સૌએ કહ્યું : મહારાજના આ મનોરથને વહેલી તકે પૂર્ણ કરવા અમે ચિત્રસભાના સર્જન કાજે અમે પુરુષાર્થ કરીશું કે, જેના દર્શને સૌનાં દિલ ડોલી ઊઠે. અમે બધા અમારું દિલ રેડી દઈને કામ કરીશું. ચિત્રોમાં પ્રાણની પ્રતિષ્ઠા પણ કરી શકાય, એવી કળાનો હજી જન્મ થયો નથી, એટલે શું થાય ? નહિ તો અમે એવાં ચિત્રોનું સર્જન કરી બતાવત કે, જે ચિત્રોની સાથે દર્શકો વાતચીત પણ કરી શકત !

પોતાની કળાને વ્યક્ત કરવાની તક મળવા બદલ પ્રસન્ન બની ઊઠેલા કારીગરોએ રાજાજ્ઞાને શિરસાવંદ્ય કરીને બીજા જ દિવસથી પોતાનું ચિત્ર-કાર્ય પ્રારંભી દીધું. પોતે-પોતાના ભાગે આવેલા સભાખંડને સૌએ સહુ પ્રથમ તો ઘસી ઘસીને આરસી અને આરસ જેવો લિસ્સો

બનાવી દીધો. આ પછી ચિત્રાંકનનું કાર્ય શરૂ થયું. પછી રંગરોગાનનો વારો આવતો હતો. આમ, ચિત્રસભાનું કાર્ય ધમધોકાર ચાલુ થઈ ગયું.

ચિત્રસભાના નિર્માણમાં જે ચિત્રકારો જોડાયા હતા, એમાં એક વૃદ્ધ ચિત્રકાર પણ હતો. એ બિચારો એકલો હતો. એની સહાયમાં કોઈ ન હતું. એનું નામ હતું : ચિત્રાંગદ ! ચિત્રાંગદ એકલો હોવાથી અને વૃદ્ધ હોવાથી બહુ ઝડપથી કામ કરી શકતો ન હતો. બીજા ચિત્રકારો યુવાન-પ્રૌઢ હતા અને એમની સહાયમાં એમના પુત્રો આદિ હતા, એથી બધાની ઝડપને તો ચિત્રાંગદ ક્યાંથી આંબી શકે ?

વૃદ્ધ ચિત્રકાર ચિત્રાંગદને પરિવારમાં માત્ર એક પુત્રી જ હતી. પણ ઘરની જવાબદારી એના માથે હોવાથી એ માત્ર ભોજનથાળ લઈ આવીને જમાડ્યા સિવાય પોતાના પિતાને વધુ સહાયક બની શકે, એમ ન હતી. રોજના ક્રમ મુજબ એ ભોજન લઈને આવતી, પણ ત્યારે જ એના પિતા મળત્યાગ કરવા માટે જતા, એથી ચિત્રકાર-પુત્રી કનકમંજરીને થોડી વાર બેસી રહેવું પડતું. ત્યારે એ ચિત્રશાળાનું અવલોકન કરતી, તો એને લાગી આવતું કે, અહીં તો બધાને એક જ અસ્તરે મૂંડવાનો અન્યાય પ્રવર્તે છે ! બધા ચિત્રકારો યુવાન છે. એમની સહાયમાં પરિવાર પણ સજ્જ છે. મારા પિતા વૃદ્ધ છે અને પાછા નિઃસહાય છે. છતાં બધાની જેમ મારા પિતાને પણ ચિત્રકામ માટે એકસરખો જ ભાગ ફાળવવામાં આવ્યો છે, આ કેવો અન્યાય કહેવાય ?

કનકમંજરી રૂડી-રૂપાળી તો હતી જ, પણ બોલવા-ચાલવામાં પણ એ ભારે ચતુર હતી. એથી એના મનમાં વારંવાર એમ થઈ આવતું કે, આવા અન્યાય બદલ મારે રાજવીનું ધ્યાન ખેંચવું જ જોઈએ ! આ માટે એ યોગ્ય તક ગોતી રહી હતી. એમાં એક દિવસ કનકમંજરીને યોગ્ય અવસર મળી ગયો.

રોજના ક્રમ મુજબ કનકમંજરી ભોજનથાળ લઈને આવી અને એના પિતા ચિત્રાંગદ મળત્યાગ માટે બહાર ગયા. ચિત્રશાળાના વાતાવરણમાં હવે નવું કંઈ જોવાનું ન હોવાથી એને મન થયું કે, આજે તો હું પણ મારી થોડીક કળા પ્રદર્શિત કરું ! બીજા ચિત્રકારો તો ચિત્રકાર્યમાં ખૂબ ખૂબ આગળ વધી ગયા હતા, જયારે પોતાના પિતા ચિત્રાંગદ તો માંડ માંડ સભાની ભીંતને લિસ્સી બનાવવાનું કાર્ય પૂર્ણ કરી શક્યા હતા. કનકમંજરીએ રંગ અને પીંછી મેળવીને એ ભીંત પર મયૂરપિચ્છ ચીતરવાનું શરૂ કર્યું. આમ તો એ રમત જ કરી રહી હતી, પણ ઠીક ઠીક વાર થવા છતાં પિતાજી હજી આવ્યા ન હતા. એથી એની એ રમત ચાલુ જ રહી. અને થોડી વારમાં તો એ ભીંત જાણે એક સાચા જ મયૂરપિચ્છથી મનોહર બની ઊઠી ! જેને જોતાં જ કનકમંજરીને પોતાને પણ પોતાની આ કળા પર ઓવારી ઊઠવાનું મન થઈ આવ્યું.

કનકમંજરી પોતાની કળાને ટીકીટીકી નિહાળી રહી હતી. એટલામાં જ ત્યાં રાજા જિતશત્રુ ચિત્રકારને નિહાળવા આવી પહોંચ્યા. તેઓ આમ અવારનવાર ઘણી વાર અચાનક જ આવી ચડતા. બીજા ચિત્રોને નિહાળવાનું બાજુ પર મૂકીને રાજવી એ મયૂરપિચ્છ પર મુગ્ધ બનીને ત્યાં જ ઊભા રહી ગયા. એટલું જ નહિ, પણ એ મયૂરપિચ્છને સાચું માનીને એને લેવા એમણે જોરથી હાથ લંબાવ્યો. હાથ જ્યાં ભીંત સાથે અફળાયો, ત્યાં જ એમને ખ્યાલ આવ્યો કે, આ મયૂરપિચ્છે તો પોતાને ભારે ભ્રમણાનો ભોગ બનાવ્યો !

કનકમંજરી ત્યાં જ ઊભી હતી. એને ખ્યાલ જ નહિ કે, પોતાના ચિત્રથી ભ્રમિત બનનારી આ વ્યક્તિ પોતે જ રાજા હશે. એને એમ કે, આ રાજસેવક હશે ! એથી અન્યાય સામે આંગળી ચીંધવાની આ તકને ઝડપી લેતાં કનકમંજરીએ વ્યંગમાં એટલું જ કહ્યું : ચાર પાયા વિના

માંચો ક્યાંથી ટકી શકે ? ત્રણ પાયા તો મને મળ્યા હતા, ચોથો પાયો અત્યારે મળ્યો, હવે મૂર્ખત્વનો માંચો બરાબર ઊભો રહી શકશે !

આ વ્યંગ-વાક્ય સાંભળીને રાજાના કાન સરવા બન્યા. એમને થયું કે, આ વળી કયા માંચાની વાત હશે ? એથી માંચા અને પાયાનું રહસ્ય જાણવા એમણે સામેથી જ કનકમંજરીને પૂછ્યું :

"માંચા અને પાયાની આ વાત રહસ્યવાળી લાગે છે, તું ચોથા પાયા તરીકે જ્યારે મને ઓળખાવે છે, ત્યારે ત્રણ પાયાની વિગત મને જણાવવી, એ તો તારી ફરજ બની રહે છે !"

સમય વર્તીને સાવધાન બની ગયેલી કનકમંજરીએ ચાતુરીપૂર્વક કહ્યું : મારા પિતા વૃદ્ધ ચિત્રકાર ચિત્રાંગદ માટે ભોજન લઈને આજે હું આવતી હતી, ત્યારે નાના-મોટા માણસોથી ભરપૂર રાજમાર્ગ પર ઝંઝાવાતી ઝડપે અશ્વ હાંકનાર એક માણસ મારી નજરે ચડ્યો. એની મૂર્ખતા પર મને દયા આવી કે, જ્યાં હજારો માણસોની અવરજવર ચાલુ હોય, ત્યાં આવી રીતે ઘોડો હંકારાય ખરો ? મને થયું કે, મૂર્ખત્વના માંચાનો પહેલો પાયો બની શકે, એવો માણસ જો કોઈ હોય, તો તે આ ઘોડેસવાર છે ! કેમ કે સમજુ માણસ ક્યારેય રાજમાર્ગ પર આવી ઝડપે ઘોડો હંકારે જ નહિ !

રાજવીને વાતમાં રસ પડ્યો. કનકમંજરીએ બીજા પાયાને જણાવતાં કહ્યું કે, બીજા પાયાનું દર્શન મને આ ચિત્રસભાના નિર્માતા રાજવીમાં થાય છે. કેમ કે એક જ અસ્તરે બધાને મૂંડવા જેવી એમની કાર્યપદ્ધતિ છે. વ્યક્તિ જોઈને કાર્યને સોંપવું, એ ડહાપણનું લક્ષણ છે. જ્યારે અહીંના રાજવીએ તો આવો કોઈ જ વિચાર કર્યા વિના સૌને સરખું કાર્ય સોંપ્યું છે. બીજા ચિત્રકારો યુવાન છે, એમની પાસે સહાયકો પણ ઘણા છે. આની સામે મારા પિતા ચિત્રકાર-ચિત્રાંગદ વૃદ્ધ છે અને એમને સહાય કરનારું કોઈ જ નથી. છતાં એમની અવસ્થા-અશક્તિનો વિચાર કર્યા

વિના એમને પણ સરખે ભાગે ચિત્રકામ સોંપનાર રાજા મૂર્ખત્વના માંચાનો બીજો પાયો બને, એમાં આશ્ચર્ય શું છે ?

પોતાને મૂર્ખ માનનાર-મનાવનાર આ કનકમંજરી ઉપર રાજાને ગુસ્સો આવે એ સહજ હતું. છતાં વાત કરવાની એની ચાતુરી પર એ મુગ્ધ બન્યા હતા અને એક વિચિત્ર છતાં અનેરી સૃષ્ટિના એઓ પ્રવાસી પણ બની ચૂક્યા હતા. એથી એ ગુસ્સાને દબાવી દઈને એઓ કનકમંજરીના ચાતુર્યનું પાન કરી રહ્યા. ચાતુર્યની સાથે એનો ચહેરો પણ રાજવીને આકર્ષી રહ્યો હતો.

કનકમંજરીએ વાત આગળ ચલાવી : ત્રીજા પાયા તરીકે મારે નછૂટકે પિતાને રજૂ કરવા પડે છે. કેમ કે હું ભોજન લઈને આવું છું, ત્યારે જ તેઓ મળત્યાગ કરવા જાય છે. સરસમાં સરસ દ્રવ્યથી બનાવેલું ભોજન પણ શીત થઈ જતાં નીરસ બની જાય છે અને એ શરીરને લાભકર્તા બની શકતું નથી. માટે તો કહ્યું છે કે, 'શતં વિહાય ભોક્તવ્યં' – સો કામ પડતાં મૂકીને પહેલાં ભોજન કરી લેવું જોઈએ ! ખરી રીતે ભોજનનો રસ-કસ જ એની ઉષ્ણતા છે. આની ઉપેક્ષા કરનારો મૂર્ખ જ ગણાય ને ? માટે ભોજન કરવાના અવસરે જ મળત્યાગ કરવા જનારા મારા પિતામાં મને ત્રીજા પાયાનું દર્શન થાય એમાં આશ્ચર્ય શું છે ? હવે ચોથા પાયાની વાત આપણે મુલતવી રાખીએ, તો વધુ સારું ! કેમ કે મને શંકા છે કે, આ વાત તમે સાંભળીય નહિ શકો અને સહીય નહિ શકો !

કનકમંજરીની આ વાતે તો ઉપરથી રાજાની ઉત્સુકતા વધારી મૂકી. એમણે જ્યારે ગમે તેવી વાતને સહી લેવાની બાંહેધરી આપી, ત્યારે કનકમંજરીએ ચોથો પાયો બતાવતાં કહ્યું :

"એક તો આ ચિત્રશાળા છે, આ કંઈ વન-વગડો નથી ! એથી મયૂર કે મયૂરપિચ્છનું અસ્તિત્વ જ અહીં સંભવિત ન ગણાય. એમાંય

આ ભીંત ઉપર તો મયૂરપિચ્છ હોવાની કલ્પનાનેય અવકાશ ક્યાંથી હોય ? છતાં ભીંત પર ચિત્રિત મયૂરપિચ્છને સાચું માનીને એને મેળવવા જોરથી હાથ લંબાવનાર તમને હું ચોથા પાયા તરીકે ન સંબોધું, તો શું કરું ? મૂર્ખત્વના માંચાના આ ચાર પાયા મેં કલ્પ્યા છે. આમાં કંઈ ભૂલચૂક થતી હોય, તો તમે મારી કાનબુટ્ટી પકડી શકો છો !"

કનકમંજરીએ વાત પૂરી કરી. ચિત્રકાર ચિત્રાંગદ મળત્યાગ કરીને આવી રહ્યો હતો, ત્યારે આ વાર્તાલાપ ચાલુ થઈ ગયો હતો. એથી ગુપ્ત રીતે એ ચિત્રકાર આ બધું સાંભળી રહ્યો હતો. પોતાની પુત્રીની ચિત્રકળા પર તો એને ગર્વ અનુભવવાનું મન થઈ આવ્યું હતું, પણ એણે પોતાની ચાતુરી દર્શાવવા જતાં નાના મોઢે મોટી વાત કરી નાખી. એથી એના અંતરમાં ગુસ્સો ધૂંધવાઈ ઊઠ્યો હતો. રાજવી જ્યારે જતા રહ્યા, ત્યારે પોતાની પુત્રીને ધમકાવતાં એણે કહ્યું :

'આનું નામ સ્ત્રીની બુદ્ધિ પગની પાનીએ ! તેં જેમની સાથે આ વાર્તાલાપ કર્યો, એ ખુદ રાજવી હતા. એટલુંય તું ન સમજી શકી અને તેં આપણા આ મહારાજાને બે વાર મૂર્ખ ઠરાવ્યા ! હવે રાજા આપણી ઉપર ગુસ્સે ભરાયા વિના નહિ જ રહે ! મને એમ હતું કે, તારામાં ડહાપણ ઘણું છે ! પણ તેં દોઢ ડહાપણ કરીને આજે મારો ભ્રમ ભાંગી નાખ્યો છે ! તેં આજે એક એવો ગુનો કર્યો છે કે, જેની સજા મોતથી ઓછી નહિ જ હોય !'

કનકમંજરી પણ આ વાત સાંભળીને ચોંકી ઊઠી. એને તો એવી કોઈ કલ્પના આવી ન હતી કે, પોતાની સાથે વાર્તાલાપ કરનારા ખુદ રાજવી પોતે જ હશે ! પિતાનો ગુસ્સો વાજબી હતો. એથી એ મૌન થઈ ગઈ અને આજ પછીની આવતીકાલનો વિચાર એ ગંભીર રીતે કરી રહી.

ચિત્રશાળાની મુલાકાતે આવેલા રાજવી માત્ર આ મયૂરપિચ્છનું જ અવલોકન કરીને વિદાય થઈ ગયા. પોતાને મૂર્ખત્વના માંચાના બે પાયા તરીકે ઓળખાવનાર ચિત્રકાર પુત્રી કનકમંજરી પરનો એમનો ગુસ્સો તો ક્યારનોય અલોપ થઈ ગયો હતો. એ ગુસ્સાનું સ્થાન એક સ્વપ્નસૃષ્ટિએ પચાવી પાડ્યું હતું. એ સ્વપ્નોના સૃષ્ટાદ્રષ્ટા રાજવી જિતશત્રુ વિચારી રહ્યા હતા કે, ઉકરડો રત્નને અભડાવી શકતો નથી. માટે તો રત્ન ઉકરડે પડેલું હોય, તોય એ ગ્રાહ્ય ગણાય છે. કનકમંજરી પણ સ્ત્રીરત્ન છે. એ ચિત્રકારના ઘરે પેદા થયું, એટલા માત્રથી કંઈ મારા માટે અગ્રાહ્ય બની જતું નથી.

•

## પ્રકરણ 3

# રાત મધુરી ! વાત અધૂરી !

ઉત્કંઠા કાળક્ષેપને સહી શકતી નથી. એમાંય એ ઉત્કંઠા જ્યારે પ્રેમના ઘરની હોય છે, ત્યારે તો પ્રેમીને મન પળનો પણ વિલંબ યુગના વિલંબ જેવો સુદીર્ઘ બની જતો હોય છે. આવી જ ઉત્કંઠા રાજવી જિતશત્રુને ઘેરી વળી હતી. એમનું પ્રિયપાત્ર હતું કનકમંજરી ! કનકમંજરી સાથે વાર્તાલાપ કરીને એઓ મહેલે આવ્યા, પણ એમના આંખઅંતર સામે એ જ

કનકમંજરી અને એની એ જ ચાતુરી દર્શન દઈ રહી હતી. એથી રાજવીએ તરત જ શ્રીગુપ્ત મંત્રીને બોલાવીને કહ્યું :

'તમારે એક અગત્યના કામ માટે અત્યારે જ ચિત્રકાર ચિત્રાંગદના ઘરે જવાનું છે. ચિત્રકારની પુત્રી કનકમંજરીની ચાતુરી પર આજે હું આફરીન પોકારી રહ્યો છું. મારું મન પણ એણે ચોરી લીધું છે. એથી તમારે ચિત્રાંગદના ઘરે જઈને મારા મનોરથ સફળ થાય, એવી ભૂમિકા રચવાની છે. તમે સુજ્ઞ છો, એથી આથી વધુ કંઈ સ્પષ્ટતા કરવાની મને જરૂર જણાતી નથી !'

મંત્રી શ્રીગુપ્ત કાનમાં ને સાનમાં સમજી જાય, એવા સુજ્ઞ હતા. એથી એમના માટે આટલી જ ટકોર બસ હતી. એમણે કહ્યું : રાજવી ! ઈશારાથી જ બધું સમજી જવાય એવી બુદ્ધિ તો મારી પાસે નથી, પણ આટલું કહ્યા પછી પણ વધુ સ્પષ્ટતાની જરૂર પડે એવો હું મૂર્ખ પણ નથી ! હું અબઘડી જ ચિત્રાંગદના ઘરે જાઉં છું. મને વિશ્વાસ છે કે, લક્ષ્મી જ્યારે સામે પગલે ચાંલ્લો કરવા આવે, ત્યારે મોઢું ધોવા જવાની વાત એ ચિત્રકાર કરશે જ નહિ. ઉપરથી એ તો આ પ્રસ્તાવને સહર્ષ વધાવી લેશે.

શ્રીગુપ્ત ચિત્રાંગદના ઘરે જઈ પહોંચ્યો. ત્યાં તો ચિત્રકાર અને એની પુત્રી કોઈ અજ્ઞાત ભયથી ધ્રૂજી રહ્યાં હોય, એમ જણાયું. શ્રીગુપ્તને જોતાં જ એમનો ભય વધી ગયો. એમને થયું કે, શ્રીગુપ્ત નહિ, મોતનો સંદેશો જ ઘરમાં પ્રવેશ્યો છે ! એથી પિતા-પુત્રી ધ્રૂજતા-ધ્રૂજતા ઊભા થયા. શ્રીગુપ્તના પગ પકડતાં આંસુભીના અવાજે એઓ બોલી ઊઠ્યા : મંત્રીશ્વર ! પૂત કપૂત થાય, પણ માવતરે કમાવતર ન જ થવું જોઈએ. મારી પુત્રી હજી નાની ગણાય. એથી એણે નાના મોઢે જે મોટી વાતો કરી છે, એને ક્ષંતવ્ય ગણવા હું વિનમ્ર-વિનંતી કરું છું. નાના ગુના કરે, એ નાનાની અલ્પતા છે, પણ મોટાએ એને ક્ષંતવ્ય ગણી લેવી, એમાં જ મોટાની ખરી મોટાઈ છે. કનકમંજરીના અપરાધ બદલ હું ક્ષમા માંગું છું.

આટલું બોલતાં-બોલતાં તો પિતા-પુત્રી બંને ધ્રુસકે-ધ્રુસકે રડી પડ્યાં. શ્રીગુપ્ત દિગ્મૂઢ બની ગયા. એમને સમજાતું ન હતું કે, આનંદના અવસરે અહીં આંસુ શાનાં વહે છે ? એથી એમણે સહાનુભૂતિ દાખવતા કહ્યું : ચિત્રાંગદ ! તમારી કંઈ સમજફેર થતી લાગે છે. આજે તો રાજા તમારી ઉપર પ્રસન્ન બની ઊઠ્યા છે. એથી તમારા ઘરે આજનો દિવસ તો સોનાનો ઊગ્યો ગણાય. એના બદલે તમે દીનહીન બનીને ગભરાઈ કેમ ગયા છો ? વિગતવાર વાત કરો, તો મનેય કંઈ સમજણ પડે !

ચિત્રાંગદ તો એમ જ માનતો હતો કે, શ્રીગુપ્ત મોતની સજા લઈને આવ્યો હશે ? પણ એમની આ વાત ઉપરથી એમ લાગ્યું કે, તેઓ કોઈ ખુશાલીના સંદેશવાહક બનીને આવ્યા છે. ત્યારે કંઈક આસાએશ અનુભવતા ચિત્રાંગદે સવારનો બનાવ અક્ષરશઃ કહી સંભળાવ્યો, જે સાંભળીને શ્રીગુપ્તે કહ્યું : તમારા માટે તો ભાગ્યશાળીને તો ભૂત પણ રળે જેવું થયું. આ ગુનો ખરેખર મોતની સજા સંભળાવે એવો જ કહી શકાય. પણ સજા તો દૂર રહી, ઉપરથી આ વાર્તાલાપ તમારા માટે 'મજા'નું માધ્યમ બની જવા પામ્યો છે. કનકમંજરીની ચતુરાઈ પર રાજા મુગ્ધ બન્યા છે અને એને તેઓ પોતાની રાણી બનાવવા માંગે છે ! આમ તમારા ઘરે લક્ષ્મી ખુદ ચાંલ્લો કરવા આવી છે. બોલો, હવે તમારો જવાબ શો છે ?

ચિત્રાંગદ અને કનકમંજરી : આ બંનેને આ વાત સાવ જ અસંભવિત ભાસતી હતી. કેમ કે એક તો કનકમંજરી ગુનેગાર હતી અને એ કોઈ ઊંચા કુળમાં ઉત્પન્ન થઈ નહોતી. છતાં શ્રીગુપ્તની વાત પર અવિશ્વાસ મૂકી શકાય, એમ પણ ન હતું. એથી રોમાંચ અનુભવતાં ચિત્રાંગદે કહ્યું : લક્ષ્મી ચાંલ્લો કરવા આવે, ત્યારે મોઢું ધોવા જવાની મૂર્ખતા કરું, એવો મૂર્ખ શિરોમણિ હું નથી. રાજાજીની આ વાતને શિરોધાર્ય કરતાં

અત્યારે મારાં રોમરોમ નાચી રહ્યાં છે. પણ આપ જાણો જ છો કે, ક્યાં મારા ઘરની દરિદ્રતા ! અને કયાં રાજવીના ઘરની શ્રીમંતાઈ !

મંત્રી શ્રીગુપ્તે કહ્યું : તમારે આ બધી ચિંતા કરવાની જરાય જરૂર નથી. એક વાર તમે કનકમંજરીના લગ્ન માટે હા કહી દો. પછીની બધી જ જવાબદારીઓ મારાં માથે !

ચિત્રાંગદની ઝૂંપડીમાં આજે અકાળે આંબો ફળ્યો હતો અને ભાગ્યદેવ ચાર હાથે કૃપા વરસાવી રહ્યા હતા. ચિત્રાંગદે જ્યાંથી મોતની સજાની સંભાવના કલ્પી રાખી હતી, ત્યાંથી જ આનંદની વધામણી આવી હતી. ચિત્રાંગદે રાજાની વાત વધાવી લીધી. કનકમંજરીના આનંદનોય પાર નહોતો. એ ઝૂંપડીમાં એ રાતે સોનાનો સૂરજ ઊગ્યો.

રાજવી કનકમંજરી માટે આશાન્વિત જ હતા. એમને ખાતરી હતી કે, ચિત્રાંગદ તો આ માગણીને સહર્ષ વધાવી લેશે ! એથી આશાની સૃષ્ટિમાં તેઓ વિચરવા નીકળી પડ્યા હતા. શ્રીગુપ્તે જ્યારે એમના ચરણને છબીને આસન લીધું, ત્યારે જ તેઓ વિચાર-નિદ્રામાંથી સફાળા જાગ્યા. એમનો પ્રશ્ન હતો : મંત્રીશ્વર ! શું થયું ?

શ્રીગુપ્તે પ્રસન્નતાથી કહ્યું : મહારાજ ! બીજું શું થવાનું હોય, જે ધાર્યું હતું, એ જ થયું ! આપની વાતને ચિત્રાંગદે સોનાના ફૂલડે વધાવી લીધી ! મારા પ્રવેશને પહેલાં તો એઓ મોતની સજાનો પ્રવેશ માનીને રોકકળ કરી ઊઠ્યા. એમને એમ થયું કે, કનકમંજરીએ આપને મૂર્ખ ઠરાવ્યા, આ ગુનાની શિક્ષા મોત જ હશે અને એ સજા ફટકારવા જ હું એમના ઘરે ગયો હોઈશ ! એથી મારા પ્રવેશથી એમના ઘરમાં એક વાર તો રોકકળ મચી જવા પામી. પણ જ્યાં સાચી વાત જાણવા મળી, ત્યાં જ રાત હોવા છતાં એ ઘરમાં સોનાનો સૂરજ પ્રકાશી ઊઠ્યો.

બધી વાત સાંભળીને રાજવી જિતશત્રુનો આનંદ હિલોળે ચડ્યો. થોડા દિવસો બાદ કનકમંજરી એમની સાથે લગ્નના બંધને બંધાઈ ત્યારે

તો આનંદનો એ સાગર અભૂતપૂર્વ ભરતીથી નાચી ઊઠ્યો. નવોઢા કનકમંજરીમાં શું શું હતું એ નહિ, શું શું ન હતું, એ જ સવાલ હતો ! એથી આ નવોઢાએ રાજાના દિલ-દિમાગ પર એવો કબજો જમાવી લીધો કે, રાજાએ એને પટ્ટરાણી તરીકે પ્રતિષ્ઠિત કરી. એથી રાજાની અનેક રાણીઓ કનકમંજરી પરની ઈર્ષાથી ધીમે ધીમે વધુ બળવા માંડી.

એક તો કનકમંજરી પટ્ટરાણી બની હતી. બીજું એ ગુણવાન હતી અને ત્રીજું બોલવા-ચાલવાની એની ચાતુરી ભલભલાને આકર્ષી લે એવી હતી. એથી રાજવી જિતશત્રુ એના મહેલમાં જ રાતવાસો કરવાની ઇચ્છા રાખતા હતા. એમાં વળી એવી એક પરિસ્થિતિ સરજાઈ કે, જેથી રાજવી અઠવાડિયા સુધી લગાતાર કનકમંજરીના મહેલે જ રાતવાસો રહ્યા.

કનકમંજરીની દાસી મદનિકા વાર્તા સાંભળવાની બહુ શોખીન હતી. એમાં વળી કનકમંજરીની પાસે ચાતુર્યભરી વાર્તાઓનો ખજાનો ભર્યો પડ્યો હતો. પછી એનો કથારસ વૃદ્ધિ ન પામે, એ જ આશ્ચર્ય ગણાય !

એક રાતે રાજા સૂવાની તૈયારી કરતા હતા. એટલામાં જ મંદનિકાએ કનકમંજરીને કહ્યું : આપની પાસે વાર્તાઓનો ખજાનો ભરેલો છે અને હું વાર્તા સાંભળવાની શોખીન છું. તો મને એક વાર્તા કહો ને ?

કનકમંજરીએ કહ્યું : રાજાજી સૂઈ જાય, પછી હું વાર્તા માંડીશ. એમને ઊંઘમાં અંતરાય ન થવો જોઈએ. આ સાંભળીને રાજાનેય વાર્તા સાંભળવાની ઇચ્છા થઈ. એથી એઓ ઊંઘવાનો ડોળ કરીને નસકોરાં બોલાવવા માંડ્યા. એ નસકોરાં સાંભળીને મદનિકાએ કહ્યું : હવે તો વાર્તા કહેશો ને ! રાજાજી તો ઘસઘસાટ ઊંઘી ગયા છે, એથી ઊંઘમાં હવે અંતરાય ઊભો થવાની કોઈ જ શક્યતા નથી ! કનકમંજરી વચનબદ્ધ હતી. એથી એણે વાર્તા આરંભી :

હું જે વાર્તા કહું છું. એ કલ્પિત છે. છતાં ચાતુર્યની કસોટી કરનારી આ વાર્તા હોવાથી સાંભળવા જેવી છે. એક શેઠને એક કન્યા હતી. એ

પરણાવવા યોગ્ય થઈ. ત્યારે ત્રણ વર એની સાથે લગ્ન કરવાની તૈયારી સાથે આવ્યા. કન્યા રૂપાળી હતી. એ ત્રણ વર પણ રૂપરૂપના અંબાર હતા, શેઠ મૂંઝવણ અનુભવી રહ્યા કે, મારે કન્યા કોને આપવી ? એટલામાં જ એક દુઃખદ બનાવ બન્યો. એક સર્પે કન્યાને ડંખ દીધો અને કન્યા મરી ગઈ. આનો આઘાત એ ત્રણે વરથી ન ખમાયો. એથી પહેલો વર તો કન્યાની સાથે જ ચિતામાં બળી મર્યો. બીજા વરે પિંડદાન કરીને કન્યાની એ ભસ્મ પર વાસો કર્યો. ત્રીજા વરે દેવનું આરાધન કરીને દેવ પાસેથી અમૃત મેળવ્યું. અમૃત મળતાં જ ત્રીજા વરના આનંદનો પાર ન રહ્યો. એણે એ અમૃત કન્યાના મૃતદેહની ભસ્મ ઉપર છાંટ્યું ને આશ્ચર્ય સરજાયું. એ ભસ્મમાંથી કન્યા અને એની સાથે બળી મરેલો પહેલો વર : આ બંને જીવતા થઈને બેઠા થયા.

કન્યાએ આંખ ચોળીને જોયું, તો પોતાની સામે ત્રણ વર હતા. અમૃત છાંટનાર વર પાસેથી બધી હકીકત જાણી, ત્યારે તો કન્યા ઓર મૂંઝવણ અનુભવી રહી. એની મૂંઝવણનો વિષય હતો : આ ત્રણમાંથી કયા વરને મારે વરવું ? એક પોતાની પાછળ ફના થઈ ગયો હતો, એકે પોતાની ભસ્મમાં જ વસવાટ કર્યો હતો, ત્યારે એકે પોતાને પુનર્જીવિત કરી હતી.

મદનિકા ! તું કહી શકીશ કે, આ ત્રણમાંથી કયા વરને એ કન્યાએ પતિ તરીકે સ્વીકારવો જોઈએ ? મદનિકાએ ઘણો વિચાર કર્યો. પણ જવાબ ન જડતાં એણે કહ્યું : સ્વામિની ! મારી તો બુદ્ધિ આમાં ચાલતી નથી. આપ જ કહો ને કે, કન્યાએ કયા વર પર પસંદગીનો કળશ ઢોળવો જોઈએ ?

કપટ-નિદ્રા માણતા રાજા પણ આ વાત રસપૂર્વક સાંભળી રહ્યા હતા. એમને પણ એનો ખ્યાલ આવતો ન હતો કે, કન્યાએ કયા વર પર પસંદગી ઉતારવી જોઈએ ! એથી એ પણ જવાબ જાણવા ઉત્સુક હતા. ત્યાં તો કનકમંજરીનો અવાજ સંભળાયો : મદનિકા !

આજે તો રાત ઘણી આગળ વધી ગઈ છે અને મારી આંખમાંય ઊંઘ વેરાઈ રહી છે. માટે કાલે તને આનો સાચો અને બુદ્ધિગમ્ય જવાબ આપીશ.

આટલું કહીને કનકમંજરી તો સૂઈ ગઈ. પણ આખી રાત સુધી રાજાના મનમાં આ જ પ્રશ્ન ઘોળાયા કર્યો. બીજો આખો દિવસ પણ રાજા આ પ્રશ્ન વિચારતા જ રહ્યા. પણ જવાબ ન જડતાં, બીજી રાણીના મહેલમાં જવાનો વારો હોવા છતાં એ રાતે ફરી તેઓ કનકમંજરીના મહેલમાં જ આવ્યા. થોડી રાત વીત્યા બાદ મદનિકા હાજર થઈ. એણે કહ્યું : સ્વામિની ! ગઈકાલની અધૂરી કથા આજે પૂરી કરશો ને ? રાજાજી તો હમણાં જ સૂઈ જશે.

રાજાના મનમાંય જિજ્ઞાસા હતી. તેથી તેઓ કપટ-નિદ્રા માણી રહ્યા. એટલે કનકમંજરીએ કહ્યું : મદનિકા ! કન્યા માટે એ જ વર યોગ્ય ગણાય, જેણે પિંડદાન કર્યું અને ભસ્મ પર જેણે વાસો કર્યો !

આ જવાબ સાંભળીને મદનિકાએ કહ્યું : સ્વામિની ! ખરો પ્રેમી તો પહેલો વર ગણાય. જે કન્યા પાછળ બળી મર્યો. ત્રીજાનો પ્રેમ પણ હજી પ્રશંસનીય ગણાય કે, જેણે દેવની આરાધના કરીને કન્યાને જીવતી કરી. બીજા વરમાં કન્યા પરનો એવો કોઈ વિશિષ્ટ પ્રેમ કે એવું કોઈ અજોડ સમર્પણ પણ જોવા મળતું નથી. છતાં આપ એને જ યોગ્ય કઈ રીતે ગણો છો ? આનો બુદ્ધિગમ્ય ખુલાસો શો હોઈ શકે ?

કનકમંજરીએ કહ્યું : મદનિકા પહેલો વર તો કન્યાની સાથે પુનર્જીવન પામ્યો. એથી કન્યા માટે એ ભાઈ સમાન ગણાય. ત્રીજા વરે કન્યાને પુનર્જન્મ આપ્યો. માટે એ પિતા સમાન ગણાય. ભાઈ અને પિતાના સંબંધ તો આ દુનિયામાં પવિત્ર ગણાય છે. માટે હવે રહ્યો વચલો વર ! જે કન્યા માટે યોગ્ય ગણાય. બોલ, મારો આ ખુલાસો બુદ્ધિગમ્ય છે કે નહિ ?

મદનિકા તાળી પાડતી ખુશ થઈ ગઈ. કપટનિદ્રા માણતા રાજા માટે પણ આ જવાબ અજબગજબનો હતો. ત્યાં તો મદનિકાએ કહ્યું : આ તો ગઈકાલની વાર્તા પૂરી કરી. આજે આવી જ બીજી વાર્તા કહેવી પડશે. કનકમંજરીએ બીજી વાર્તા માંડી. એ પણ ગઈકાલ જેવી જ બુદ્ધિગમ્ય હતી. અંતે જ્યાં રહસ્યાત્મક પ્રશ્ન આવ્યો, ત્યાં કનકમંજરીએ અધૂરી વાતને આવતીકાલ પર ટાળતાં કહ્યું : આજે તો ઊંઘ આવે છે. જવાબ હવે કાલે કહી સંભળાવીશ. બીજે દિવસે પણ રાજાજી કનકમંજરીના મહેલે જ રાતવાસો રહ્યા. કેમ કે અધૂરી એ વાર્તા જ એવી હતી કે, ગમે તેવાને જવાબ સાંભળવા ખેંચી લાવે ! બસ ! પછી તો રોજનો આ ક્રમ થઈ પડ્યો. અધૂરી વાત ! ને બીજે દિવસે રાજાજીનો કનકમંજરીના મહેલે વસવાટ ! બરાબર આઠ દિવસ સુધી આમ ચાલ્યું. ત્યારે બીજી રાણીઓ ક્રોધ અને ઈર્ષાથી ધમધમી ઊઠી અને પટ્ટરાણીનું કોઈ છિદ્ર ગોતવા તેઓ આકાશ-પાતાળ એક કરી રહી.

એક દિવસ એક છિદ્ર જડ્યાનો આનંદ બધી રાણીઓને નચાવી રહ્યો. બન્યું હતું એવું કે, પોતાના મહેલમાં કનકમંજરી સાવ મેલોઘેલો પહેરવેશ પહેરીને બેઠી હતી અને મનમાં કંઈક ગણગણી રહી હતી. આ દૃશ્ય ઉપરાઉપરી બે ત્રણ દિવસ સુધી રાણીઓએ જોયું અને એમણે નક્કી કર્યું કે, જરૂર આ નવી રાણી કોઈ કામણ-ટૂમણનો પ્રયોગ કરી રહી છે !

આ છિદ્ર મળતાં જ રાણીઓ નાચી ઊઠી. બધાને એવો વિશ્વાસ બેસી ગયો કે, આ વાત આપણે વધારી-વધારીને રાજા આગળ રજૂ કરીશું, તો રાજાજી જરૂર નવી રાણીને હડધૂત કર્યા વિના નહિ જ રહે !

•

प्रकरण ४

# જાગ્યા ત્યારથી સવાર પામ્યા દેવાવતાર

ઈર્ષ્યા એ આંખ અને અંતરમાં વિચિત્રતા જ નહિ, વિપરીતતાની મેશ આંજનારું એક એવું કાળું તત્ત્વ છે કે, જેના યોગે આંખ પોતાનું અસલી-દર્શન જ ખોઈ બેસે. ઈર્ષ્યાળુની આંખને જે હોય, એ ન દેખાય અને જે ન હોય, એ દેખાય ! પછી તો નવાજૂની સર્જાયા વિના રહે જ શાની ?

રાજવી જિતશત્રુની રાણીઓની આંખ ઈર્ષાના કાજળથી કાળી બની ચૂકી હતી. એથી પટ્ટરાણી કનકમંજરીને એમણે જુદા જ રૂપમાં કલ્પી લીધી હતી. આ કલ્પનાદર્શન રાજાની આગળ રજૂ કરવા એક દહાડો બધી રાણીઓ રાજા પાસે જઈ પહોંચી. એમણે કહ્યું : આપ ઘણા દિવસથી એક જ મહેલમાં રાતવાસો કરવા પધારો છો, એથી મનમાં એક એવો વહેમ જાગ્યો હતો કે, આપની પર કામણટૂમણનો કોઈ પ્રયોગ થયો હોવો જોઈએ. પણ આ અંગે જ્યાં સુધી પ્રબળ અને પ્રતીતિ-જનક પુરાવો ન મળે. ત્યાં સુધી આપને કંઈ પણ કહેતાં અમે અચકાતાં હતાં. પરંતુ હવે પ્રબળ પુરાવો મળી જતાં અમે આપને ચેતવવા આવ્યાં છીએ કે, નવી રાણીથી આપ હવે સાવધ રહેજો ! આજે તો આપની ઉપર કામણટૂમણ જ થઈ રહ્યું છે. પણ ભવિષ્યમાં મારણપ્રયોગ પણ નહિ થાય, એની શી ખાતરી ! માટે અત્યારથી જ ચેતી જવું જોઈએ.

રાજવીના કાન આ સાવ નવી જ અને નવાઈભરી વાત સાંભળીને આશ્ચર્ય અનુભવી રહ્યા. રાણીએ નહિ, પણ રાણીની કહાણીએ પોતાની પર કામણટૂમણ કર્યું હતું. આ સત્ય રાજવી જાણતા હતા. પણ રાણીઓ સમક્ષ એને જાહેર કરવામાં અત્યારે મજા ન હતી. એથી અજાણ બનીને એમણે પૂછ્યું : તમે શું જોયું, એ તો કહો, જેથી મને પૂરો ખ્યાલ આવે.

રાણીઓ મળેલી તકને હવે ગુમાવે ખરી ? ઈર્ષાની આંખે જોયેલી વાતને વધારી-વધારીને રજૂ કરતાં એમણે કહ્યું : સ્વામીનાથ ! અમે જે જોયું એ બધું કહી શકાય એવું નથી, પણ એટલું આપ ચોક્કસ સમજી લો કે, આપણા મહેલમાં એક ભેદી જોગણ પેસી ચૂકી છે. અમે સગી નજરે જોયું છે કે, આ નવી રાણી રોજ અમુક ચોક્કસ સમયે જોગણનો વેશ સજીને ગુપ્ત રીતે બેસે છે. એ મંત્રો ગણગણે છે. એ કંઈ કંઈ નખરાં કરે છે. ટૂંકમાં બહારથી રૂડી-રૂપાળી જણાતી નવી રાણી અમને

તો ભેદી-જોગણ જણાય છે. અમારી વાત આપના મગજમાં બરાબર ઊતરતી ન હોય, તો આપ આજે ને આજે મધ્યાહ્ન પછીના સમયે ગુપ્ત રીતે પરીક્ષા કરી શકો છો! અમારી વાતમાં થોડો પણ ફરક દેખાય, તો આ નવી રાણીની દાસી બની જવાની અમારી બધાંની તૈયારી છે.

રાણીઓએ જે વિશ્વાસતી વાત કરી, એથી ભ્રમિત બની જવાય એવું જ હતું. છતાં ભીતરથી અભ્રાંત રાજવીએ બહારથી ભ્રમિત થઈ ગયાનો દેખાવ કરતાં કહ્યું કે, જો તમારી વાત થોડા ઘણા અંશે પણ સાચી નીકળશે, તો હું નવી રાણીને શિક્ષા કર્યા વિના નહિ રહું. આવાં ધતિંગ તો ચલાવી લેવાય જ નહિ!

બધી રાણીઓના આનંદનો પાર ન રહ્યો. આશક્તિ અંતરે રાજા પાસે આવેલી રાણીઓ વિશ્વસિત-હૈયે વિદાય થઈ. એમને હવે પૂરેપૂરી ખાતરી થઈ હતી કે, આ કાંટો હવે ઉખેડાઈને ફેંકાઈ જ જવાનો! રાજા એ જ દિવસે ગુપ્ત રીતે કનકમંજરીના મહેલમાં જઈ પહોંચ્યા. મહેલની અંદરનું દશ્ય ઉપલક-નજરે જોતાં એમનું હૈયું પણ એક વાર તો ખરેખર શંકિત બની જ ઊઠ્યું.

રાજરાણીના પહેરવેશથી ઓપતી કનકમંજરીએ ફાટેલાં-તૂટેલાં કપડાં પહેર્યાં હતાં. એક ખૂણે એણે આસન જમાવ્યું હતું. એના મુખમાં મંત્રોચ્ચાર જેવા કોઈ શબ્દોનો ગણગણાટ ચાલી રહ્યો હતો. રાજાને થયું કે, મારે જરા નજીક જઈને શબ્દોને સાંભળવા-સમજવાનો પ્રયત્ન કરવો જોઈએ. તો જ સત્ય મારા હાથમાં આવી શકે! રાજા જરા નજીક ગયા. હવે શબ્દોચ્ચાર સ્પષ્ટ સંભળાતો હતો. ચિત્રકારની પુત્રી તરીકે જ્યારે પોતે હતી ત્યારે મેલોઘેલો જે પહેરવેશ પોતે પહેરતી હતી એ જ પહેરવેશને ધારણ કરનારી કનકમંજરી પોતાના આત્માને ઉદ્દેશીને ચેતનને ચીમકી આપતાં કહી રહી હતી :

'ચેતન ! ચિત્રકારની પુત્રીમાંથી એકાએક રાજરાણીનું પદ મળી ગયું, પણ તેનો તું ગર્વ ન કરીશ, પૂર્વાવસ્થાને તું બરાબર સ્મરણમાં રાખજે. લોઢાના આ અલંકારો અને ફાટેલાં-તૂટેલાં આ વસ્ત્રોને જ તું તારા માનજે. આ બીજી બધી ઋદ્ધિ-સિદ્ધિ તો પુણ્યે તને ભાડેથી આપી છે. માટે એને તારી પોતાની માનીને તું ગર્વથી ફુલાઈ ન જઈશ. તો જ લાંબા કાળ સુધી આ બધી ભોગઋદ્ધિ તું ભોગવી શકીશ. બાકી જો તું ફુગ્ગાની જેમ ફુલાઈ જઈશ. તો તારો નાશ નક્કી છે. અત્યારે તને મોંઘાં-મૂલાં વસ્ત્રો મળે છે, પણ કાલે ભાગ્ય રૂઠે, તો કદાચ આ વસ્ત્રો ખેંચાઈ પણ જાય, એવી પરિસ્થિતિમાં અંતરમાં અસમાધિની આગ ભડકી ઊઠે, એ માટે તું આ જીર્ણ - શીર્ણ વસ્ત્રોને રોજરોજ યાદ કરીને કાળજે એટલું કોતરી રાખજે કે, આ રાજમહેલમાં આવતા પૂર્વે તારા દેહની લાજ ઢાંકનારાં વસ્ત્રો આ જ હતાં !'

આત્મા પર અનુશાસન કરતી કનકમંજરીને રાજા થોડી વાર સુધી જોઈ જ રહ્યા. રાણીઓ જેને કામણ-ટૂમણના ખાતે ખતવી રહી હતી, એ પ્રક્રિયા તો સુખમાં લીન નહિ બની જવાની અને દુઃખમાં દીન નહિ બની જવાની એક સાધનાની ભવ્ય તાલીમ સમી હતી. કનકમંજરીનું આવું ધર્મદિલ રાજાથી હજી અજાણ્યું જ હતું. એથી એનું દર્શન મળતાં જ રાજા જિતશત્રુ આનંદ-વિભોર બની ગયા. એમણે પગના એક જ ધક્કે દરવાજો ખોલી નાખ્યો. બધી પરિસ્થિતિનો ખ્યાલ આવી ગયો હોવા છતાં વધુ સ્પષ્ટતા મેળવવા એમણે કનકમંજરીને પૂછ્યું :

'આ વળી કયું નાટક ભજવાઈ રહ્યું છે ! મેં લાખેણા વેશ પહેરવેશ આપ્યા, છતાં ફાટેલા-તૂટેલા પહેરવેશનો મોહ શું હજી નથી છૂટતો ?'

કનકમંજરી જરા શરમાઈ ગઈ. છતાં વળતી જ પળે સ્વસ્થ બની જઈને એણે કહ્યું : સ્વામીનાથ ! આ સંસાર જ એક નાટક છે. એમાં વળી બીજું નાટક શાનું ભજવવાનું હોય ? પળ બે પળ પણ નહિ ટકી

શકનારા સંસાર-નાટકથી અટકીને હું તો આ રીતે મૂળ-દશાની અનુભૂતિ કરવા દ્વારા આત્મ-નિરીક્ષણ કરું છું. રખડતી-દશામાંથી એકદમ રાજરાણી બની ગઈ, એથી મારા મનમાં અભિમાન ન જાગી ઊઠે એ માટે હું આ રીતે રોજ મારા ચેતનને સામે રાખીને જાત સાથે વાત કરું છું. એનો જ એ પ્રભાવ છે કે, હું અહીં સંતોષપૂર્વક જીવી શકું છું.

ઈર્ષાળુ-રાણીઓને જેમાં કામણટૂમણનાં દર્શન થયાં હતાં. એ તો કનકમંજરીની આત્મનિરીક્ષણની એક સાધના હતી. રાણીનું પદ પોતાને અભિમાની ન બનાવી દે, એ માટે ફાટેલો પહેરવેશ પહેરીને એ રોજરોજ પોતાનો ભૂતકાળ યાદ કરી લેતી હતી. આ વિગત જાણ્યા બાદ તો ઉપરથી રાજાનો પ્રેમ કનકમંજરી ઉપર વૃદ્ધિંગત બન્યો. બધી રાણીઓને રાજાએ જ્યારે સત્ય વાત બતાવી, ત્યારે સૌના મોં પડી ગયા. રાણીઓ માટે હવે કશું જ બોલવાનું રહેતું ન હતું.

કનકમંજરીને જ્યારે આ બધી વાતની જાણકારી મળી, ત્યારે બીજી રાણીઓ તરફ એને દ્વેષ ન જાગ્યો, પણ એના અંતરમાં એમની તરફ પણ દયાનો ભાવ જાગ્યો. રાજા જિતશત્રુ એમને ઉપેક્ષાની નજરે ન નિહાળે, એ માટે ઉપરથી એણે રાજવીને ખૂબ જ સમજાવ્યા અને આમાં એને સફળતાય મળી. એની વિગત જાણ્યા બાદ બીજી રાણીઓ પણ કનકમંજરી તરફ સદ્ભાવ ધરાવનાર બની. આમ, રાજવી જિતશત્રુનો સંસાર સરિતાના જળની જેમ આગળ વધવા / વહેવા માંડ્યો.

કનકમંજરી ગુણવાન હતી, પણ શ્રી જિનેશ્વર ભગવંતે પ્રરૂપેલા શુદ્ધ ધર્મની પ્રાપ્તિ હજી એને થવા પામી ન હતી. કનકમંજરી રાણી બની, એથી એના વૃદ્ધ પિતા ચિત્રાંગદનાં ભાગ્ય પણ ખૂલી ગયાં હતાં. રાજાના અત્યાગ્રહથી એઓ રાજભવનમાં જ રહેતા હતા, જીવનનો એમનો ઉત્તરાર્ધ આ રીતે સુખ-સમૃદ્ધિથી છવાઈ ગયો હતો. એક દહાડો આ બંનેના જીવનમાં અજબ ઘડી એક આવી અને વિમલાચાર્યની

ધર્મદેશના એમના અંતરમાં કોઈ નવો જ પ્રકાશ ફેલાવી ગઈ. શ્રીવિમલાચાર્યની ધર્મદેશનાના શ્રવણે એમને એમ લાગવા માંડ્યું કે, આજ સુધી જીવનમાં જે પામવાનું હતું, એ તો પામી જ શકાયું ન હતું, ધર્મની વાતો તો એમને આજ સુધી ઘણી ઘણી સાંભળવા મળી હતી, પણ કર્મના મર્મને ભેદે, એવો સાચો ધર્મ તો એમને આજે જ સાંભળવા મળ્યો હતો.

આ ધર્મશ્રવણ કનકમંજરી અને ચિત્રાંગદના હૈયાના તારે તારને ઝણઝણા આવી ગયું અને એ જ ધર્મસભામાં શ્રી વિમલાચાર્યની પાસે એમણે શ્રાવકધર્મનો વિધિપૂર્વક સ્વીકાર કર્યો. શ્રાવકધર્મની આરાધનામાં તેઓ જેમ જેમ આગળ વધી રહ્યા, તેમ તેમ તેમનું જીવન વધુ ને વધુ ગુણસમૃદ્ધ બનવા લાગ્યું. પોતાના જીવનનો ભૂતકાળ યાદ આવતો, ત્યારે એમને એમ થતું કે, ખરેખર આપણે જીવન હારી ગયા ! પણ ધર્મપ્રાપ્તિ પછીનું જીવન એમની નજર સમક્ષ ખડું થતું, ત્યારે એમનું અંતર સહર્ષ બોલી ઊઠતું કે, આ જીવનમાં જે પામવાનું હતું, એ આપણે પામી ગયા. જેનો અંત સારો એનું બધું સારું ! આમ, જાગ્યા ત્યારથી પ્રાપ્ત થયેલ સવારના અજવાળાને તેઓ સાર્થક કરી રહ્યા હતા.

કનકમંજરીને ઘણી વાર થતું કે, મારા જીવનને આ રીતે ધર્મ અને ધનથી સમૃદ્ધ બનાવવામાં જો કોઈએ મહાન ફાળો આપ્યો હોય, તો તે પિતાજી ચિત્રાંગદે ! એમના આ ઉપકારનો બદલો વાળવા એ કોઈ રીતે સમર્થ ન હતી, છતાં એના માટે એક આશાકિરણ એ હતું કે, જો પિતાજીને હું ધર્મમાં સ્થિર કરું, તો એ પિતૃઋણમાંથી મને આંશિક મુક્તિ મળે ! એથી પિતાજી ધર્મમાં આગળ ને આગળ વધે, એ માટે જ વધુ પ્રયત્નશીલ રહેતી.

ખીલેલાં ફૂલ માટે ખરવું, એ અવશ્યંભાવિ છે, એમ જન્મેલા માટે મૃત્યુ પણ અવશ્યંભાવિ છે, ચિત્રાંગદ એક દહાડો મૃત્યુશૈયાઓ

પોઢ્યા, ત્યારે કનકમંજરીએ એમના દેહ અને દિલની અદ્ભુત સેવા બનાવી. જેના પ્રભાવે સમાધિનું ભાથું બાંધીને મહામંત્ર નમસ્કારના સ્મરણપૂર્વક મૃત્યુ પામીને ચિત્રાંગદનો આત્મા વ્યંતર -દેવ તરીકેની કાયાપલટ પામ્યો.

થોડાં વધુ વર્ષો વીતી ગયાં. પિતાજીના સ્વર્ગગમન બાદ કનકમંજરી વધુ અંતર્મુખ બનતી ચાલી હતી. રાજભવનમાં વસવાટ હોવા છતાં કોઈ યોગભવનના યોગી જેવું જીવન એ જીવતી હતી. એક દહાડો એની ઉપર પણ કાળદેવતાની કુનજર પડી અને પિતા કરતાં સવાઈ-સમાધિ સાથે મૃત્યુ પામીને કનકમંજરી દેવી તરીકેનો દેહપલટો પામી.

આમ, શ્રી વિમલાચાર્યની ધર્મદિશના દ્વારા પ્રાપ્ત થયેલી ધર્મ-પ્રભાતને જીવનના ઉત્તરાર્ધમાં પણ બરાબર જાળવી જાણી, તો એના પ્રભાવે ચિત્રકાર-ચિત્રાંગદ અને એમની પુત્રી કનકમંજરી વ્યંતરદેવ અને દેવી તરીકેનો ભવ પામીને થોડા ઘણા અંશે કૃતાર્થ બની ગયા. આનું જ નામ જાગ્યા ત્યારથી સવાર ! પામ્યા દેવાવતાર !

•

## પ્રકરણ ૫ બંને જીત્યા ! બંને હાર્યા !

**આ** સંસાર એટલે જ જન્મ-મરણની ઘટમાળ ! જન્મ પછી મૃત્યુ અને મૃત્યુ પછી જન્મ ! અનાદિ કાળથી ઘૂમ્યા કરતી આ ઘટમાળમાં દરેક જીવ જકડાયેલો જ છે. કર્મ આ ઘટમાળને ચાલુ રાખનારું મારક-તત્ત્વ છે. ધર્મ આ ઘટમાળમાંથી જીવને મુક્ત બનાવનારું તારક-તત્ત્વ છે. કર્મ-પ્રેરિત આ ઘટમાળ અનાદિ કાલચક્રથી ચાલુ હોવા છતાં એનો અંત આણવાની તાકાત ધર્મમાં રહેલી છે.

રાજવી જિતશત્રુ ! ચિત્રકાર ચિત્રાંગદ અને રાણી કનકમંજરી ! આ ત્રણે પણ જન્મ-મરણની ઘટમાળમાં જ ઘૂમતા જીવો હતા. એથી વ્યંતરદેવ અને દેવી તરીકેની કાયાપલટ પામેલા ચિત્રાંગદ તથા કનકમંજરીના આત્માને વિરાટ-આયુષ્ય ધરાવતા દેવભવનો પણ ત્યાગ કર્યા વિના ચાલે એમ જ ન હતું. કાળના ક્રમ મુજબ વ્યંતરદેવના આયુષ્યની અપેક્ષાએ એ દેવીનું આયુષ્ય ઓછું હોવાથી એ દેવીને એક દહાડો દેવભવનો ત્યાગ કરવો પડ્યો. એ દેવી દૃઢશક્તિ-રાજાની પુત્રી તરીકેની કાયાપલટ પામી.

દૃઢશક્તિ રાજવી વૈતાઢ્ય-પર્વત પર આવેલા તોરણપુરના માલિક હતા. એમને કનકતેજ નામનો એક પુત્ર હતો. આ પછી પુત્રી તરીકે જેની પ્રાપ્તિ થઈ, એનું નામ કનકમાલા રાખવામાં આવ્યું. આ એ જ જીવ હતો, જે કનકમંજરી તરીકેનું જીવન સમાપ્ત થતાં દેવી બનેલ. કનકમંજરી, એમાંથી દેવી અને દેવીમાંથી કનકમાલા ! દૃઢશક્તિ રાજવી અનેક વિદ્યાઓના સ્વામી હતા. એથી એ વૈતાઢ્ય-ગિરિનાં અનેક નગરોમાં એમની એક આગવી નામના-કામના હતી. એમને પ્રાપ્ત થયેલ પુત્ર કનકતેજ તથા પુત્રી કનકમાલા પણ અનેક ગુણોથી સમૃદ્ધ હોવાથી એમની પણ વૈતાઢ્યની ગિરિમાળાઓમાં ખૂબ ખૂબ પ્રસિદ્ધિ હતી.

કનકમાલા નાનપણથી જ રૂપરૂપના ઢગલા સમી હતી, એમાં પાછું યૌવનવયનું આગમન થયું, પછી એના રૂપમાં શી કમીના રહે ? એના વિદ્યા આદિ ગુણોની જેમ એની રૂપ સમૃદ્ધિ બધે જ ગવાતી હતી. આ સમૃદ્ધિ તરફ કોઈ અહોભાવ વ્યક્ત કરતું, કોઈ ઈર્ષાનો ભાવ રાખતું, તો કોઈ કામી-નજરે એને મૂલવતું ! કનકમાલાની રૂપ-રાશિને આ રીતે લોલુપતાની નજરે મૂલવનારાઓમાંનો જ એક હતો : ખેચર વાસવ !

ખેચર-વાસવ ગગનગામિની આદિ અનેક વિદ્યાઓનો સ્વામી હતો. એના કાને જ્યારથી કનકમાલાની રૂપવાર્તા અથડાઈ હતી, ત્યારથી એ

ચેન અનુભવી શકતો ન હતો. એક વાર એ પોતાની વિદ્યા દ્વારા તોરણપુર પહોંચ્યો. એના મનમાં એમ હતું કે, એક વાર કનકમાલાને નજરે નિહાળી લઉં, તો મારું ચિત્ત ચેન અનુભવી શકે ! પણ એનું આ ગણિત સાવ જ ઊંધું પડ્યું. એણે કનકમાલાને જોઈ અને એનું ચિત્ત વધુ બેચેન બન્યું. એ એવા વિચારે ચડ્યો કે, હવે તો આ કનકમાલાનું અપહરણ કરીને પણ એને મારી ન બનાવું, ત્યાં સુધી મારા માટે ખાવું હરામ, પીવું હરામ, અને આરામ પણ હરામ !

તોરણપુરથી ખેચર વાસવ પોતાના નગર તરફ પાછો ફર્યો. એની મન-માળાના મણકા હવે તો કનકમાલાનો જ જાપ કરી રહ્યા. એને બધી ચીજોમાં અહર્નિશ કનકમાલાનું દર્શન થવા માંડ્યું. એને એવો ભય લાગવા માંડ્યો કે, જો હું હવે વહેલી તકે કનકમાલાને નહિ પામું, તો કદાચ પૂરો પાગલ બની જઈશ. કનકમાલા સીધી રીતે તો મળે એમ જ ન હતી. એથી ખેચર વાસવ માટે એના અપહરણની પૂર્વભૂમિકા રૂપે એક પર્વત ઉપર પોતાની વિદ્યા-શક્તિથી એક વિશાળ મહેલનું એણે નિર્માણ કર્યું.

અપહરણની પૂર્વભૂમિકા રચાઈ જતાં ખેચર વાસવ તોરણપુર પહોંચ્યો. એનું દુર્ભાગ્ય અનુકૂળ હશે, એથી એ જ દિવસે કનકમાલા પોતાની સખીઓ સાથે નગર બહાર આવેલા ઉદ્યાનમાં પરિભ્રમણ માટે ગઈ હતી. વાસવ આનંદી ઊઠ્યો. એ તરત જ ઉદ્યાનમાં જઈ પહોંચ્યો અને ઉદ્યાનભ્રમણ કરતી કનકમાલાને ઉઠાવી લઈને ગગન-વાટે એ ઊડી ગયો. કનકમાલાની સખીઓએ હો હા કરી મૂકી. પણ એની કોઈ અસર એ ખેચર પર ન પડી. એ તો વીજળીની જેમ ક્ષણવારમાં જ આકાશમાં અલોપ થઈ ગયો. એને પોતાની વિદ્યાશક્તિ પર અભિમાન હતું કે, બસ ! હવે તો મને પૂછનાર કોણ છે ?

ખેચર આવા અભિમાનથી મગરૂર બનીને ક્ષણવારમાં જ કનકમાલાને પર્વત પર નિર્મિત એ મહેલમાં લઈ આવ્યો. ત્યાં તો એણે લગ્નની બધી

જ પૂર્વતૈયારીઓ કરી રાખી હતી. એને તો એમ જ હતું કે, મારો સામનો કરવા માટે હવે કોણ આવનાર છે ? અને કનકમાલા તો મને સામેથી સહર્ષ સ્વીકારી લેવાની જ છે ને ? પરંતુ એની આ બંને ધારણાઓ ઊંધી પડી. કનકમાલા કોઈપણ હિસાબે વાસવને વરવા માંગતી ન હતી. અને તોરણપુરમાં અપહરણની વાત ફેલાતાં જ કનકમાલાનો ભાઈ કનકતેજ તલવાર તાણીને ખડો થઈ ગયો હતો, અને એણે આકાશ-પાતાળ એક કરીનેય કનકમાલાને શોધી લાવવાની પ્રતિજ્ઞા કરી હતી. આમ, વાસવ માટે ન ઘરનો ન ઘાટનો જેવી પરિસ્થિતિ સરજાઈ હતી. છતાં એની આશા અમર હતી, એથી એણે કનકમાલાને સમજાવવાના પ્રયત્નો ચાલુ કરી દીધા હતા. એ ગિરિ-મહેલનું વાતાવરણ જ એવું માદક અને વૈભવી હતું કે, કનકમાલા સિવાય બીજી કોઈ યૌવના હોત, તો વિના આનાકાનીએ વાસવની ચરણ ચાકરી સ્વીકારી લેત !

વાસવ જેમ વિદ્યાઓનો સ્વામી હતો. એવો જ કનકમાલાનો ભાઈ કનકતેજ પણ અનેક વિદ્યાઓનો સ્વામી હતો. એથી વિદ્યાના પ્રભાવે એને કનકમાલાના અપહરણની તમામ વિગતોની જાણકારી થોડી જ વારમાં મળી ગઈ. પોતાના પિતા દૃઢશક્તિને એણે ગંતવ્ય સ્થાન જણાવ્યું અને વળતી જ પળે એ વાયુની જેમ ઊડીને ત્યાં જઈ પહોંચ્યો, જ્યાં વાસવ ખેચર અપહૃતા-કનકમાલાના પગ પકડીને પોતાનો સ્વીકાર કરવા કાલાવાલા કરી રહ્યો હતો.

વિદ્યાધર જેવા એક શક્તિશાળીને પણ રૂપ-વાસના કેવો વિવશ, કેવો લાચાર અને કેવો મજબૂર બનાવી મૂકે છે એનો નાદર-નમૂનો ખેચર વાસવમાં નિહાળતાં કનકતેજે તલવાર તાણીને એને યુદ્ધ માટે હાકલ કરી : રે ! બાયલા ! આમ એક ચોરની જેમ મારી બહેનને ઉપાડી લાવતાં તને શરમ પણ ન આવી ! તારા જેવા બાયલા પર મારી બહેન કદી નજર પણ ન ઠેરવે ! તેં નારી-ચોરી કરીને તારી વિદ્યાને

કલંકિત બનાવી છે. બાયલા ! બહાર આવ. કાં મારી બહેન મને માનભેર સોંપી દે, કાં યુદ્ધ કરવા તૈયાર થઈ જા !

વાસવ માટે આ અણધારી-દિશાનું અને અણધાર્યું આક્રમણ હતું. એક વાર તો કનકતેજને જોઈને એ કિંકર્તવ્ય મૂઢ બની ગયો. એની આંખ થોડી વાર માટે મીંચાઈ ગઈ. એ જોઈને કનકતેજે એને મહેલમાંથી ઢસડી લાવતાં કહ્યું : બિલાડી જોઈને આંખ મીંચી દેતા ઓ કાયરકબૂતર ! અપહરણ કરતી વખતની તારી બહાદુરી ક્યાં ગઈ ? ચોરી કરવામાં તારું બધું જ બળ વપરાઈ ગયું લાગે છે, એથી અત્યારે તું બાયલાની જેમ આંખ મિંચામણાં કરી રહ્યો છે. પણ તલવાર તાણીને હું તારી પાસે એ જવાબ માંગવા આવ્યો છું કે, આવી ચોરી કરવાના વિપાકોનો તેં વિચાર પણ કર્યો છે ખરો ?

પોતાને બાયલા અને કાયર તરીકે વખોડતી આ વાણી સાંભળીને ખેચર વાસવની મર્દાનગી જાગી ઊઠી. એણે પણ તલવાર તાણીને કહ્યું : તારે તારી બહેનને આમેય કોઈના ઘરે વળાવવાની તો હતી જ ! એના પર તારી માલિકી તો હતી જ નહિ. આ પારકા માલને મેં મારા પરાક્રમના બળે મેળવ્યો છે. પછી હું કાયર કેવો અને બાયલો કેવો ? પણ આ બધા વાગ્યુદ્ધને રહેવા દે. આ મેદાનમાં તલવારના જોરે આપણે આપણા બળાબળનો અત્યારે જ નિર્ણય લઈ લઈએ !

આ આહ્વાન ઝીલવા કનકતેજ તો તૈયાર જ હતો. એથી વળતી જ પળે વાસવ અને કનકતેજ વચ્ચે જીવલેણ-જંગ જામી ચૂક્યો. કનકમાલાનું હૈયું ભયથી ધ્રૂજી ઊઠ્યું. બંનેની નસેનસમાં એવું ખુન્નસ ઊછળી રહ્યું હતું કે, કોઈની જીત માટે આશા રાખી શકાય એમ ન હતી. બંનેની વચ્ચે એવા અટપટા આટાપાટા ખેલાતા હતી કે, કનકમંજરીને એવી પણ એક કલ્પના થઈ આવતી કે, આ આટાપાટ બંનેને તો ખતમ નહિ કરી જાય ને ? આ કલ્પનાથી ધ્રૂજી ઊઠતી એ આંખો મીંચી દેતી.

ધાર્યા કરતાં એ યુદ્ધ ખૂબ જ વહેલા ખતમ થઈ ગયું. યુદ્ધે એવો દારુણ-વિપાક સરજ્યો હતો કે, કોની હાર-જીત માનવી, એ નક્કી થઈ શકે એમ ન હતું. જોવા જઈએ, તો ખેચર વાસવ અને કનકતેજ બંને જીત્યા હતા અને એક દૃષ્ટિએ બંને હાર્યા પણ હતા. બંને એવી રીતે ઝઝૂમ્યા હતા કે, જેથી બંનેને વિજયી માનવા પડે અને એકબીજાને મારતા-મારતા જ બંને મરી ચૂક્યા હતા, એથી બંનેને હારેલા માન્યા વિના ચાલે એમ ન હતું.

શસ્ત્રોની અથડામણનો દર્દીલો અવાજ બંધ થતાં જ કનકમાલાએ આંખો ખોલી, તો વાસવ ને પોતાનો ભાઈ કનકતેજ : આ બંને એને લડતાં-લડતાં મરી ગયેલા દેખાયા ! એથી એની છાતીનાં પાટિયાં બેસી ગયાં. પોતાની રક્ષા ખાતર હોમાઈ ગયેલા ભાઈ કનકતેજનો વિયોગ એના માટે ખૂબ જ દુઃખદ બની ગયો. કનકમાલા હીબકાં ભરીભરીને એવું રડવા માંડી કે, રુદનના એ પડઘાએ આખા વનને રડાવી મૂક્યું. એના જીવનમાં આજે આઘાતજનક ગોઝારી રાત ઊગી હતી. જેથી પોતે અપહૃત બની હતી અને પોતાને ભાઈ ખોવાનો સમો આવી લાગ્યો હતો.

કનકમાલા એકદમ દિગ્મૂઢ બની ગઈ હતી. એને સમજાતું ન હતું કે, પોતે સ્વપ્નવિહાર કરી રહી હતી કે સત્યના કાંટાળા પંથે પગલાં ભરી રહી હતી ? વિચારમાં જરા ઊંડા ઊતરીને એ સામે જ પડેલો ભાઈનો લોહીલુહાણ મૃતદેહ એને વિચાર કરવા દે, એમ ન હતો. એ મૃતદેહને તો કનકમાલાનાં આંસુ જ ખપતાં હતાં. એથી એ દેહ જોઈ જોઈને કનકમાલા મોટેથી રડતી જ રહી, રડતી જ રહી !

રુદનના એ કરુણ અને દર્દીલ ધ્વનિની વચ્ચે થોડી જ પળો બાદ વાત્સલ્યના વેણુનાદ રેલાવતો એક અવાજ આવ્યો : વત્સા કનકમાલા ! જે બનવાનું હતું એ બની ગયું. હવે રડવાનો શો અર્થ ! તારા રડવાથી કંઈ તારો ભાઈ કનકતેજ પાછો જીવતો થનાર નથી ! હું તારો પિતા

છું, તું મારી પુત્રી છે ! માટે તને સહાનુભૂતિ આપવી, એ મારું કર્તવ્ય બની રહે છે.

ગાઢ અંધકારમાં તેજનો લિસોટો દોરી જતી આ આકાશવાણી સાંભળીને કનકમાલા કંઈ વધુ વિચાર કરે, ત્યાં તો દૂરદૂરથી આવી રહેલા પોતાના પિતા દઢશક્તિ તરફ એની મીટ મંડાઈ, પણ એને થયું કે, મને જે સહાનુભૂતિનો અવાજ સંભળાયો, એ મારા પિતાજીનો તો સંભવતો જ નથી. કેમ કે એઓ તો દૂર છે અને મને સંભળાયેલો એ સહાનુભૂતિ-સાદ તો આકાશમાંથી આવતો જણાતો હતો. કનકમાલા આ દ્વિધાથી એકદમ વિચાર-મગ્ન થઈ ગઈ અને ધરતી પર પછડાઈ પડી.

પુત્ર કનકતેજના કથન મુજબ રાજવી દઢશક્તિ કનક માલાની શોધ માટે ગગન વાટે નીકળ્યા હતા, પણ એઓ સૂચિત-સ્થળે આવે, એ પૂર્વે તો વાસવ અને કનકતેજ બંને ખતમ થઈ ચૂક્યા હતા. દઢશક્તિ ઉતાવળે પગે એ મેદાનમાં આવી ઊભા. મેદાનનું સ્મશાનવત્ શાંત વાતાવરણ દૂરથી દેખાતાં અશુભની એંધાણી તો એમના અંતરને આશંકિત બનાવી જ ગઈ હતી. પણ જ્યાં તેઓ એ મહેલના આંગણે આવી ઊભા, ત્યાં તેમની નજરે ત્રણ-ત્રણ શબ દેખાયાં.

વાસવ ખેચર અને પુત્ર કનકતેજ લોહીલુહાણ બનીને ઢળી પડ્યા હતા. એમની નજીકમાં જ પુત્રી કનકમાલાનો નિષ્ચેષ્ટ દેહ પડ્યો હતો. એના અંગ પર ઘાનું કોઈ જ નિશાન જણાતું ન હતું. રાજવી દઢશક્તિની નજર આ દશ્યને સહવા સશક્ત ન હતી. એમના અંતરના રોમેરોમ આઘાત અનુભવી રહ્યા. પુત્ર-પુત્રીનો આ રીતે એકાએક આવી પડેલો વિયોગ, એમના અંતરને વલોવીને વેદના-વિહ્વળ બનાવી રહ્યો. થોડી વાર સુધી જાણે તમામ સૂધબૂધ ખોઈને એઓ એ મૃતદેહોને નિહાળતા જ રહ્યા. થોડી પળો વીતી અને એમનું વિચારચક્ર ચકાવા લેતું ચાલુ થયું. એમણે અનુમાન કર્યું કે,

'વાસવ ખેચરની સાથે ટક્કર લેતો કનકતેજ અને કનકતેજની સામે ઝઝૂમતો વાસવ ખેચર મરણ પામેલા હશે. કેમ કે આ બંનેનાં અંગ લોહીલુહાણ બનેલાં દેખાઈ રહ્યા છે. જ્યારે આ કનકમાલા ભાઈનો વિયોગ અસહ્ય થતાં આઘાતથી મૃત્યુ પામી હશે; કેમ કે એના શરીરે નાનકડો પણ ઘા દેખાતો નથી !'

આ તો એક અનુમાન હોવાથી સત્ય તો સમય જ પુરવાર કરી આપશે, એવા વિશ્વાસ સાથે દૃઢશક્તિ રાજવી પોતાના દિલને દૃઢ બનાવવા મથી રહ્યા. પણ આ પ્રસંગ જ એવો કરુણ અને દારુણ બન્યો હતો કે, ભલભલા ભડવીરોની પહાડ સમી દૃઢતા જ્યાં મીણની જેમ ઓગળી જાય ! રાજવી દૃઢશક્તિનું દિલ આજે આવું મીણ બનીને પીગળી ઊઠ્યું હતું. મનને મજબૂત બનાવવા એમણે આંખો બંધ કરી દીધી. પરંતુ એથી તો કનકમાલા અને કનકતેજના મૃતદેહ વધુ સ્પષ્ટ દેખાવા માંડ્યા. એમણે આંખો ખોલી નાખી. અંતરના બંધને કાબૂમાં રાખવાની એમની મહેનત નિષ્ફળ ગઈ !

એ ગિરિમહેલનું નિરવ-વાતાવરણ વળતી જ પળે રાજવી દૃઢશક્તિના કરુણ-આક્રંદનથી ગમગીન ને ગંભીર બની ગયું ! ધાર્યું હતું શું અને બની ગયું શું ? આ વિચાર કરવાની શક્તિ ગુમાવી બેઠેલા રાજવીની આંખો મુશળધાર આંસુ વહાવી રહી !

•

## પ્રકરણ ૬ આત્મકથાનું અનુસંધાન

**આ**ઘાત પણ ક્યારેક માનવને પ્રભાત ભણી દોરી જનારો બની શકે છે ! બાકી તો આઘાતનું ભાવિ લગભગ રાતના અંધકારમાં અથડાવી મારવાનું જ હોય છે. લાલચોળ બનેલું લોઢું જેમ ઘણનો ઘા પડતાં સૌન્દર્ય પણ ધરી શકે અને બેડોળતા પણ ધરી શકે ! આવું જ જીવન માટે કહી શકાય ! જીવનમાં આઘાત, દુઃખ, ફટકાં અને વિઘ્નોનું આગમન થતાં કોક જ

માનવ વેદનામાંથી વિરાગની વાટ પકડીને ઊર્ધ્વમુખી પ્રવાસ આરંભી શકતો હોય છે. બાકી ઘણા ખરા તો વેદનાથી વિહ્વળ બનીને વધુ વેદનાગ્રસ્ત જ બનતા હોય છે.

રાજવી દૃઢશક્તિની નજર આગળ જે દૃશ્ય તરવરતું હતું, એ એમના જીવનમાં ખાબકેલા એક કારમા-આઘાત સમું જ હતું. યુવાનીના ઊંબરે ઊભેલા કનકતેજ-કનકમાલાની જીવન-લીલા અણધારી રીતે જ સમેટાઈ ગઈ હતી ! પુત્ર-પુત્રીનું આ મૃત્યુ એક ભયંકર ફટકો હતો. આ વેદના શરૂઆતમાં તો એમને અનેક જાતના સંકલ્પ-વિકલ્પો કરાવી રહી, પણ એમનું ભાવિ ભવ્ય હશે, એથી આઘાતના એ વિચારોમાં અથડાતા-અથડાતા અચાનક જ એમને વિરાગની ઊર્ધ્વમુખી એક વાટ જડી આવી અને એઓ વિચારી રહ્યા :

'પુત્ર અને પુત્રી આ રીતે મોતના મુખમાં હોમાઈ ગયાં, એ કંઈ બહુ વિચિત્ર વાત નથી ! આથીય વધુ વિચિત્રતા તો આ સંસારને વરેલી છે. આવી અનેક વિચિત્રતાઓના સરવાળાનું નામ જ સંસાર છે ! સંસાર છે, તો રાગદ્વેષ છે અને રાગદ્વેષ હોય, ત્યાં તો આવી જ નહિ, આથીય વધુ કરુણ ઘટનાઓ સરજાય એમાં કોઈ જ આશ્ચર્ય નથી. માટે ખરેખર જો શોક કરવા યોગ્ય કોઈ હોય, તો તે એક માત્ર આ સંસાર જ છે ! બાકી તો આવા બનાવો અંગે શોક કરનારો ખુદ જ શોચનીય હોય છે, એનો કોણ ઇન્કાર કરી શકે એમ છે ?'

આ વિરાગ-ધારા આગળ વધી. એના વેગે રાજવી-દૃઢશક્તિના ભીતરમાં ખડકાયેલા ભોગ-ખડકોનો ભુક્કો બોલાવી દીધો અને એ જ પળે એમણે નિર્ણય લઈ લીધો કે, આવા સંસારમાં તો જે સમજુ ન હોય, એ જ મજેથી રહેવામાં રાજી હોય. સાચી સમજ જેને મળી હોય, એ તો આવા સંસારમાં ઘડીભર પણ રહેવા રાજી ન હોય !

આઘાતમાંથી મળેલી પ્રભાતનાં ધર્મઅજવાળાં રાજવીની આગળ માર્ગનું દર્શન કરાવી રહ્યાં અને એ માર્ગ તરફ મહાભિનિષ્ક્રમણ આદરવા

એ જ પળે રાજવીએ સંસારના વાઘા તજી દઈને સાધુતાનો વેશ ધારણ કર્યો. અને વળતી જ પળે એક ચમત્કાર સરજાયો !

મહામુનિ દઢશક્તિના ચરણે એક દેવ વંદના કરવા ઉપસ્થિત થયો. મૃત જણાતી કનકમાલા પણ ઊભી થઈ ગઈ અને પિતા મુનિશ્રી દઢશક્તિને એ વંદના કરી રહી. જેમના માટે હવે 'આશ્ચર્ય' જેવી કોઈ ચીજનું અસ્તિત્વ જ ન હતું એ દઢશક્તિ મુનિ પણ આ બનાવથી આશ્ચર્યચકિત બનીને પૂછી બેઠા : તમે કોણ છો? અને આ કનકમાલા એકાએક ક્યાંથી જીવતી થઈ ગઈ ?

કનકમાલાની આંખ પણ આશ્ચર્યથી છલોછલ ભરાયેલી હતી. એને સમજણ પડતી ન હતી કે, મારા પિતા દઢશક્તિ આ રીતે એકાએક ક્યાંથી સાધુ બની ગયા ? પેલી આકાશવાણી તો એના માટે પ્રશ્નચિહ્ન રૂપ હતી જ ! એ વાણીમાં પોતાની જાતને પિતા તરીકે સંબોધનાર કોણ હશે ? પોતાના પિતાને મુનિવેશમાં જોઈને કનકમાલાને હવે આશા બંધાઈ કે, કદાચ્ પોતાની સમક્ષ હવે એક પણ પ્રશ્ન અનુત્તરિત નહિ રહે ! એના મોં પરની જિજ્ઞાસા ઘેરી બની રહી હતી. ત્યાં તો પિતા મુનિને વંદન કરનારી એ વ્યક્તિએ કહેવા માંડ્યું :

'મહામુનિ ! મારો અપરાધ ક્ષંતવ્ય ગણશો. આપની પુત્રી કનકમાલા જીવતી હોવા છતાં માયાથી મેં એને મરેલી બતાવી. આ માયાચાર મારો મોટો અપરાધ હતો. આ અપરાધ મેં મારા એક ક્ષુદ્ર સ્વાર્થ ખાતર કર્યો. ટૂંકમાં મારો પરિચય આપું છું : આ કનકમાલા ગયા ભવમાં દેવી હતી, પૂર્વના ભવમાં હું ચિત્રકાર-ચિત્રાંગદ હતો, ત્યારે આ મારી કનકમંજરી નામની પુત્રી હતી. એના પ્રભાવે મને મળેલ જિન-ધર્મ દઢ થયો અને હું મરીને વ્યંતરદેવ થયો. આ પર્વત મારી પ્રિયભૂમિ છે. લગભગ અહીં જ મારો વસવાટ છે. આજે અચાનક જ આ કનકમાલાનો મને મેળાપ થયો. એક પિતા તરીકે એની પરનું મારું વાત્સલ્ય જાગ્રત થઈ ગયું. મેં

જોયું કે, આ કનકમાલાના આ ભવના પિતા તમે આવી રહ્યા છો, એથી કનકમાલા આ પર્વતને તજીને પુનઃ તોરણપુર જતી રહેશે. એથી જીવતી હોવા છતાં મેં એને મૃત બતાવી. એક વ્યંતરદેવ તરીકે મને મળેલી શક્તિનો મેં આ રીતે દુરુપયોગ કર્યો. મને ક્ષમા...!

એ વ્યંતરદેવ મહામુનિના ચરણે આળોટી રહ્યો. કનકમાલાના બધા જ પ્રશ્નો ઉકેલાઈ ગયા હતા. આ વ્યંતર-વાણીના શ્રવણે નક્કી કર્યું કે, મને સાંત્વન આપનારી આકાશવાણી આ વ્યંતરદેવે જ કરી હોવી જોઈએ. એમાં થયેલો 'પિતા'ના સંબંધનો ઉલ્લેખ હવે બરાબર ઘટી જાય છે. આ ભવ નહિ, ગતભવની પૂર્વના ભવમાં આ વ્યંતરદેવ મારા પિતા હોવા જોઈએ. આટલો નિર્ણય લઈ લીધા બાદ વધુ સ્પષ્ટતા પછી મેળવવાનું નક્કી કરીને એ પોતાના પિતા-મુનિનું દર્શનામૃત પી રહી.

માયાવી રીતે કનકમાલાને મૃત બનાવવાના અપરાધની ક્ષમા ચાહતો વ્યંતરદેવ મુનિ દૃઢશક્તિના ચરણમાં માથું નમાવીને આળોટી રહ્યો હતો. મહામુનિએ એને કહ્યું : વ્યંતરદેવ, આમાં તમારો કોઈ જ અપરાધ નથી. તમારી માયા મારા માટે મહાન લાભ કરનારી બની ગઈ ! કનકમાલાને મૃત જોઈ ન હોત, તો હું થોડો જ આ સંસારનો ત્યાગ કરી શકનારે હતો ! મારા ભોગને ત્યાગના શિખરે પહોંચવાની પ્રેરણા આપનારી તો તમારી આ માયા જ છે. આટલા અંશમાં તો મારે તમારો ઉપકાર માનવાનો રહે છે. જે સંસાર હું મરતાં-મરતાં પણ છોડી શકત કે કેમ એ શંકનીય હતું. એ સંસારને હું આજે આમ એકાએક છોડવા ભાગ્યશાળી બન્યો છું. એ પ્રતાપ આ માયાવી-મૃત્યુનો જ છે. આ માયાએ મારી પર સત્યની છાયા બિછાવી છે અને હું મુનિ બન્યો છું. માટે તમારો કોઈ અપરાધ જ નથી, પછી એને ક્ષંતવ્ય ગણવાની તો વાત જ ક્યાં રહી ?

મુનિની આ વાત સાંભળીને વ્યંતરદેવને થોડોઘણો સંતોષ થયો. પછી એ દેવે કનકમાલાને પૂર્વના બે ભવો વિગતવાર કહી સંભળાવ્યા. જેના શ્રવણે મહામુનિ દઢશક્તિનો વૈરાગ્ય વધુ પ્રબળ બન્યો. પોતાના પૂર્વભવ સાંભળવા મળતાં જ કનકમાલાના હૈયામાંય એક જાતનું મંથન જાગી ઊઠ્યું. એ મંથન ઊહાપોહ બનતાં જ એને જનમ-જનમની જાતિનું સ્મરણ કરાવતું જ્ઞાન થયું. એ જાતિસ્મરણ જ્ઞાનના પ્રકાશમાં એણે જોયું તો વ્યંતરદેવે દર્શાવિલા પૂર્વભવ એને અક્ષરશઃ મળતા જણાયા. આ જાતની સાક્ષાત્પ્રતીતિ થતાં કનકમાલા વ્યંતરદેવના પગમાં નમી પડી. હર્ષની આંસુધારે એણે એ દેવના પગ પખાળ્યા.

ગયા ભવમાં કનકમાલા પોતે દેવી હતી. એ પૂર્વેના ભવમાં પોતે ચિત્રકાર-પુત્રી કનકમંજરી હતી અને રાજવી જિતશત્રુની પોતે પટ્ટરાણી બની હતી ! આ બધી જનમ-જનમની સ્મૃતિઓ આંખ સામે સજીવન બની ઊઠતાં કનકમાલાનું અંતર પોતાના પૂર્વભવના એ સ્વામીનાથને શોધવા તલપી ઊઠ્યું. એથી એણે વ્યંતર-દેવને પૂછ્યું :

'ઓ દેવ-પિતા ! આપનું ઋણ તો હું કોઈ કાળે વાળી નહિ શકું. પૂર્વભવનાં સ્મરણો જાગી ઊઠતાં મારું મન હવે એ સ્વામીનાથ જિતશત્રુને શોધવા તલપી રહ્યું છે. એઓ અત્યારે ક્યાં હશે ? આ મારો પ્રમુખ પ્રશ્ન છે અને મારો બીજો પ્રશ્ન એ છે કે, આ જન્મમાં મને સ્વામી તરીકે કોનો ભેટો થશે ?

વ્યંતરદેવે કહ્યું : વત્સ ! તારું ભાવિ ભવ્ય છે. એ જિતશત્રુ રાજવી મૃત્યુ પામીને દેવ થયા. દેવભવ પૂર્ણ થતાં એઓ એક રાજકુળમાં જન્મ્યા છે અને થોડા વખત પછી એ રાજકુમાર જ તારા પતિ બનવાના છે. આમ, કનકમંજરીના ભવમાં જેમને તું સ્વામીનાથ તરીકે પામી હતી, એમને જ કનકમાલા તરીકેના આ ભવમાંય તું પતિ તરીકે પામવા ભાગ્યશાળી બનીશ ! પરંતુ આ માટે તારે થોડી ધીરજ ધરવી પડશે, તો જ મીઠાં ફળ તું ચાખી શકીશ.

મહામુનિ દૃઢશક્તિ તો વ્યંતરદેવ પાસેની વિગતો જાણીને તરત જ વનવગડાની વાટે ચાલી નીકળ્યા હતા. અને એ મહેલની અંદરના ખંડમાં વ્યંતરદેવ અને કનકમાલા સ્મૃતિના સરોવરનું સ્નાન માણી રહ્યા હતા. કનકમાલાના આનંદનો પાર ન હતો. ભાઈ કનકતેજ મૃત્યુના મુખમાં હોમાઈ ગયો. એનું એને જરૂર દુઃખ હતું. પણ આ બધા ભવભવના અનુભવનો સાક્ષાત્કાર થવા બદલ, વાસવ ખેચર દ્વારા પોતાનું થયેલું અપહરણ પણ અત્યારે એને આનંદદાયક લાગતું હતું. એણે રોમાંચિત બનીને પૂછ્યું : પણ ઓ પિતાદેવ ! મારા એ સ્વામીનાથને હું ઓળખીશ કઈ રીતે ? કોઈ એવું ચિહ્ન તો જણાવો, જેથી હું સ્વામીનાથને ઓળખી શકું !

વ્યંતરદેવે કહ્યું : એ રાજકુમારના દર્શને તારું અંતર જ ઓળઘોળ બની ઊઠશે. પ્રેમનું ખરું આંતરિક કારણ જ આ છે. વગર પરિચયે અને વગર પ્રસ્તાવે પ્રેમના રોમાંચ અનુભવાય, તો માનવું કે, પૂર્વભવનો કોઈ પરિચય જ આ પ્રેમ જગાડે છે ! છતાં તારે કોઈ ચિહ્ન જાણવું હોય, તો એટલું યાદ રાખી લે કે, જે રાજકુમાર અશ્વથી અપહૃત થઈને આવ્યો હોય, એને તું તારા પૂર્વભવનો પતિ જાણજે ! વધુમાં મારે તને એ પણ કહેવાનું છે કે, તું બીજે ક્યાંય જવાનું નામ ન લેતી. આ પર્વતીય મહેલમાં જ તું રહેજે. હું તારી સારસંભાળ કરતો રહીશ. ચિતારામાંથી મને વ્યતંર-દેવ બનાવનાર તું જ છે. એથી તારા માટે હું જેટલું કરું એટલું ઓછું જ છે !

આટલી ભવિષ્ય વાણી ભાખીને વ્યંતરદેવ અદૃશ્ય બની ગયો. કનકમાલા માટે તો આજનો દિવસ હર્ષશોકનો અને નફાનુકસાનનો દિવસ બની ગયો હતો. એણે ભાઈ ગુમાવ્યો હતો, પણ એની સામે એણે મેળવ્યું ઘણું ઘણું હતું. એથી અમર-આશાના આધારે કનકમાલા પર્વત ઉપરના એ મહેલ પર પોતાના દિવસ પસાર કરી રહી. એ મહેલમાં

સખીઓ તરીકે એને દેવીઓની પ્રાપ્તિ થઈ હતી. છતાં એની મીટ તો પૂર્વ-પતિની પ્રતીક્ષા કાજે મહેલના વાતાયનોની બહાર ટગટગતી જ રહેતી. બહારના ભાગમાં પર્ણધ્વનિ સંભળાતો, ત્યારે એ તરત જ બારી-વાટેથી બહાર ડોકિયું કરતી અને વિચારતી કે, મારા પૂર્વ-પતિના પગલે પગલે તો આ પર્ણધ્વનિ નહિ થયો હોય ને? આમ, કનકમાલાના પ્રતીક્ષા-પૂર્ણ દિવસો ધીમે ધીમે પસાર થઈ રહ્યા.

— ● —

આ કથાને આ છટ્ઠા પ્રકરણમાં અહીં અધૂરી મૂકીને આપણે પહેલા પ્રકરણના અંતભાગને જરા યાદ કરી લઈએ, તો જ આત્મકથાનું અનુસંધાન આપણે કરી શકીશું.

ગાંધાર-દેશમાં આવેલ પાંડુવર્ધનપુરના રાજવી દૃઢસિંહના પુત્ર રાજવી સિંહરથ એક દહાડો અશ્વક્રીડા માટે સંચર્યા. ભેટણા તરીકે આવેલા એ બે અશ્વોમાંના એક અશ્વ પર ક્રીડા માટે નીકળેલા સિંહરથે એ અશ્વને ઊભો રાખવા જેમ જેમ પ્રયત્ન કર્યો, એમ એમ વધુ વેગપૂર્વક દોડતો એ અશ્વ એક જંગલમાં જઈ ઊભો. સિંહરથે અંતે કંટાળીને લગામ ઢીલી મૂકી દીધી, તો એ અશ્વ ઊભો રહી ગયો.

એ અશ્વને એક ઝાડ નીચે બાંધીને રાતવાસો કરવા રાજવી નજીકની એક ટેકરી ઉપર ગયા. સવારે ફરતા ફરતા તેઓ એક મહેલની નજીક જઈ પહોંચ્યા, ત્યાં જ એક નવયૌવના આગ્રહ કરીને એમને મહેલમાં લઈ ગઈ. અંદરની ભવ્યતા જોઈને એની ઉપર રાજા વારી ગયા. સ્નાન પૂર્ણ થયા બાદ રાજવીને એ નવયૌવના એક લગ્નમંડપ તરફ દોરી ગઈ. એણે કહ્યું : આ જ પળ શકુનવંતી છે, માટે આપ પહેલાં પત્ની તરીકે મારો સ્વીકાર કરી લો, પછી આપણે બધી વાત કરીશું. રાજાએ આ વાત સ્વીકારી અને નવયૌવના સાથે એઓએ ગાંધર્વ-વિધિથી લગ્ન કર્યું. એ જ રાતે બંનેએ બંનેની વાત જાણવા ઉત્સુકતા દર્શાવી. એથી એ

નવોઢાએ સૌ પ્રથમ આત્મકથાને એક કથાની શૈલીથી કહેવાનો પ્રારંભ કર્યો. અને એ નવોઢા ઉપર મુજબ કથા કહીને અટકી. અપહૃત-રાજવીની વાત આવતા પોતાના સ્વામીનાથની ચમકેલી આંખને એણે બરાબર જોઈ લીધી હતી. પોતે કહેલા વિસ્તૃત-કથાનકનું આત્મકથા સાથે અનુસંધાન કરતાં એ નવોઢાએ સ્વામીનાથ સિંહરથને કહ્યું :

'સ્વામીનાથ ! આ કથા મારી જ આત્મકથા છે. આ કથામાં વર્ણિત કનકમાલા હું પોતે જ છું. અને યક્ષદેવ-નિર્દિષ્ટ અશ્વ દ્વારા અપહૃત-રાજવી આપ પોતે જ છો. ખરી રીતે તો મારે આપની સાથે લગ્નગ્રંથિથી જોડાતાં પૂર્વે યક્ષદેવની રાહ જોવી જરૂરી હતી. પણ આજે એઓ મેરુગિરિની યાત્રાએ ગયા છે અને આજની એ ઘડીપળ રળિયામણી હતી. એથી જ મેં ઉતાવળ કરી. કથામાં વર્ણિત રાજવી જિતશત્રુ આપ પોતે જ છો. આમ, મારી કથા મેં કહી, આપ હવે આપની કથા કહો કે, કઈ રીતે અશ્વ દ્વારા અપહૃત થઈને આપ અહીં પધાર્યા ?'

આત્મકથાનું અનુસંધાન પામીને રાજવી સિંહરથના આનંદ અને આશ્ચર્યની કોઈ અવધિ નહોતી રહી. હવે કથા કહેવાનો એમનો વારો હતો. છતાં સાંભળેલી કથાનાં ચિત્રવિચિત્ર પાત્રો એમની આંખ સામેથી ખસતાં ન હતાં. થોડી વાર પછી એમણે આત્મકથા કહેવાની શરૂઆત કરી. એટલામાં તો વ્યંતરદેવનું આગમન થતાં એ આરંભ અટકી ગયો !

•

## પ્રકરણ ૭

# ભવભવના અનુભવ એક ભવમાં

અકસ્માત ક્યારેક આનંદ બનતો હોય છે. ભુલભુલામણી ક્યારેક માર્ગ-મિલનની ભૂમિકા અદા કરી જતી હોય છે અને આપત્તિ જ ક્યારેક સંપત્તિના શિખર પર ચડાવાનાં પગથિયાંમાં પલટાઈ જતી હોય છે. ભવ્ય-ભાવિ ધરાવનાર માટે જ્યારે આવું આશ્ચર્ય સરજાતું હોય છે ત્યારે ભાગ્યહીન માટે લગભગ આનંદ શોકમાં ફેરવાઈ જતો હોય છે. મળેલો માર્ગ

ચૂકી જતાં એને ભુલભુલામણીમાં ભટકવું પડતું હોય છે અને સંપત્તિ જ એના માટે આપત્તિની આમંત્રણ-પત્રિકા બની જતી હોય છે !

વિદ્યાધર રાજવી દૃઢશક્તિ, એમની પુત્રી કનકમાલા ને કનકમાલા સાથે અણધારી રીતે જ લગ્નગ્રંથિથી જોડાયેલા રાજવી સિંહરથ : આ બધા ભવ્ય ભાગ્ય ધરાવનારા પુરુષોત્તમો હતા. એથી પુત્રીના માયામૃત્યુનું દર્શન રાજવી દૃઢશક્તિને મુનિ બનાવનાર નીવડ્યું. અપહરણ કનકમાલા માટે પૂર્વ ભવના પતિનું મિલન કરાવી આપનાર બન્યું અને વક્રશિક્ષિત ઘોડા દ્વારા થયેલું જંગલ-ભ્રમણ રાજવી સિંહરથ માટે પૂર્વભવની પ્રિયાનો અણધાર્યો-ભેટો કરાવી જવા ઉપરાંત વ્યંતર-દેવની કૃપાના પાત્ર બનાવનાર નીવડ્યું.

એક કથાનકની શૈલીથી કનકમાલાએ જે આત્મકથા કહી હતી, એથી સિંહરથ ખૂબ જ પ્રભાવિત બન્યા હતા. તેમજ પૂર્વભવની ચિત્રકાર-પત્ની, એના ચિત્રકાર પિતા આદિની વિગત સાંભળ્યા બાદ તો એમના અંતરમાંય અનોખું એક આંદોલન જાગી ચૂક્યું હતું. જેથી પોતાની કથા કહેવા એમની જીભ મૌન બની ગઈ હતી. છતાં એમણે કથારંભ કર્યો, ત્યાં જ વ્યંતર દેવનું આગમન થતાં જ આરંભ અધૂરો રહ્યો. વ્યંતરદેવે ગાંધર્વવિવાહ આદિની વિગત જાણી, એમના આનંદને અવધિ ન રહી. કનકમાલાને સુયોગ્ય સ્વામીની પ્રાપ્તિ થતાં એમણે સિંહરથ ઉપર પણ ચારે હાથે કૃપાની વર્ષા કરી.

એ મહેલમાં આનંદ-મંગલનાં ગીત ગુંજી ઊઠ્યાં. કનકમાલાની જિજ્ઞાસા હજી અધૂરી જ હતી. એથી સિંહરથે પોતાની વિગત ટૂંકમાં જણાવતાં કહ્યું કે,

‘ગાંધાર-દેશમાં આવેલા પાંડુવર્ધન પુરમાં મહારાજા દૃઢસિંહ રાજ્ય કરે છે. એમનો હું પુત્ર છું. મારું નામ સિંહરથ છે. નાનપણથી જ મને અશ્વક્રીડાનો ભારે શોખ હોવાથી ગઈકાલે ભેટણા તરીકે આવેલા બે અશ્વોમાંથી એકની પસંદગી કરીને હું અશ્વક્રીડા માટે નીકળ્યો. એ ઘોડો

પવનવેગી તો હતો જ, પણ સાથે સાથે વક્રશિક્ષિત પણ હતો. એથી થોડી પળોમાં તો હું ક્યાંનો ક્યાં આવી પહોંચ્યો ! એની ગતિ અટકાવવા હું લગામ ખેંચતો ગયો, એમ એની ગતિ વધતી જ ગઈ ! અને થાકીને મેં લગામ છૂટી મૂકી દીધી તો એ અશ્વ ઊભો રહી ગયો. સાંજ પડી ગઈ હોવાથી આ પર્વતની તળેટીમાં ઘોડાને સુરક્ષિત જગાએ મૂકીને નિર્ભયતાથી રાતવાસો ગાળી શકાય, એ માટે હું આ ટેકરી પર આવ્યો. વડલાના વિસામે રાત ગાળી, આજે સવારે હું વનભ્રમણ કરવા નીકળ્યો. મારું ભાગ્ય મને જ આ તરફ ખેંચી લાવ્યું. આ પછી શું બન્યું ? એ વર્ણવવાની તો જરૂર જ નથી. કેમ કે આ પછીના બનાવોના તો આપણે બંને સાક્ષી છીએ !

રાજવી સિંહરથે વાત પૂરી કરી, વ્યંતરદેવ ત્યાં હાજર જ હતા. એમણે સૌની વચ્ચે પૂર્વભવની કથા વધુ વિગતથી કહી બતાવી, જેના શ્રવણે સૌ જાણે એક ભવમાં અનેક ભવના અનુભવ માણી રહ્યા. અજબ-ગજબની એ ઘડી હતી. કનકમાલાને તો મહિનાઓ પૂર્વે પિતા દૃઢસિંહ સંયમી બન્યા, એ સમયે જાતિસ્મરણ જ્ઞાન થઈ ચૂક્યું હતું. એથી એના માટે પૂર્વભવના અનુભવનો સાક્ષાત્કાર સહજ હતો. પરંતુ આ પળે તો રાજવી સિંહરથ માટે પણ આવા સાક્ષાત્કાર જેવો અવસર આવી લાગ્યો હતો. એથી આ ભવમાં જ એઓ પણ પૂર્વભવના અનુભવ જાણે સાક્ષાત અનુભવી રહ્યા હતા. એ રાત રોમાંચક બની અને એ રોમાંચ હૈયાને હલબલાવી નાખનારા નીવડ્યા.

રાજવી સિંહરથ અને કનકમાલાના ગૃહાંગણે તો જાણે કલ્પતરુ અને કામઘટ ફળ્યા હતા. આવા આનંદના અવસરે રાજવીને પોતાનું પાંડુવર્ધનપુર અને પિતા દૃઢસિંહ તો ક્યાંથી સાંભરે ? પરંતુ ત્યાં તો સિંહરથની શોધખોળ માટેના પ્રયાસો આકાશ-પાતાળ એક થાય, એવી રીતે પ્રારંભાઈ ગયા હતા. શોધમાં ને શોધમાં મહિનો પૂરો થવા આવ્યો હતો, પણ કોઈ સમાચાર ન મળતાં, પાંડુવર્ધનપુરમાં રાજવી દૃઢસિંહ શોકમગ્ન બનીને પુત્રપ્રતીક્ષા કરી રહ્યા હતા, ત્યારે પર્વત પરના આ

મહેલમાં રાજવી સિંહરથ સુખ-સમૃદ્ધિના સરોવરની સહેલગાહ માણી રહ્યા હતા. એમાં એક દહાડો અચાનક જ એમની નજર સમક્ષ જન્મભૂમિ અને જનકની સ્મૃતિ થઈ આવી. એમને લાગ્યું કે, હું તો અહીં રોજરોજ હર્ષના હોજમાં મોજ માણી રહ્યો છું, પણ મારા પિતાજી ત્યાં મારા વિરહથી કેટલા બધા પીડાતા હશે ? હું કેવો કૃતઘ્ન કે, પ્રિયાની પ્રાપ્તિ થતા પિતાજીને સાવ જ ભૂલી બેઠો ?

રાજવી સિંહરથનું મન હવે ગિરિમહેલમાંથી પાંડુવર્ધનપુરમાં જઈ પહોંચ્યું હતું. એમણે કનકમાલાને કહ્યું : પલકારામાં મહિનો ક્યાં અને કેવી રીતે વીતી ગયો, એની તો ખબર ન પડી. હવે એક વાર હું પાંડુવર્ધનપુર જઈ આવું, ત્યાં મારી પાછળ મારા પિતાજી ઝૂરી રહ્યા હશે ! માટે એક વાર તો મારે હવે ત્યાં જઈ જ આવવું જોઈએ !

ક્યાં આ ગિરિમહેલ ! અને ક્યાં એ પાંડુવર્ધનપુર ! આ બંને વચ્ચે તો વિરાટ અંતર હતું. એથી કનકમાલાએ કહ્યું : સ્વામીનાથ ! ખરી રીતે તો મારે આપની સાથે જ આવવું જોઈએ. પણ અહીંના વાતાવરણના કણ કણ સાથે મારું મન એવી રીતે એકમેક થઈ ગયું છે કે, આ ગિરિમહેલના ત્યાગનો વિચાર પણ હું કરી શકતી નથી. માટે આપ મહાવિદ્યા પ્રજ્ઞપ્તિની સાધના કરી લો. આ વિદ્યાના પ્રભાવે આપ આકાશમાર્ગે આંખના પલકારામાં જ્યાં જવું હોય, ત્યાં પહોંચી શકશો અને પાછા અહીં આવી શકશો.

કનકમાલા વિદ્યાધર રાજવી દઢશક્તિની પુત્રી હોવાથી એની પાસે ઘણી વિદ્યાઓ હતી. એની આ વાત રાજવી સિંહરથને વાજબી લાગી, કેમ કે ગમે તેવા અશ્વ ઉપર પ્રવાસ ખેડવામાં આવે તોય પાંડુવર્ધનપુર પહોંચતાં બે-ત્રણ દિવસ તો નીકળી જ જાય. અને એઓ તનથી જન્મભૂમિમાં જવા ઈચ્છતા હતા, છતાં એમનું મન તો આ ગિરિમહેલમાં જ હતું ! એથી જો આ વિદ્યા સિદ્ધ થઈ જાય, તો વારંવાર ગમનાગમન કરવું સહેલું થઈ જાય ! આ બધા લાભો વિચારીને એમણે પ્રજ્ઞપ્તિ-

વિદ્યાની સાધના આરંભી. થોડા જ દિવસની સાધનાના અંતે મહાવિદ્યા-પ્રજ્ઞપ્તિ એમને સિદ્ધ થઈ. એથી હવે તો કોઈ પણ ગામ-નગર કે દેશ એમના માટે દૂર ન હતો. એથી વિદ્યાસિદ્ધિ થતાં જ એઓ વહેલી તકે પાછા ફરવાનો કોલ આપીને જન્મભૂમિ તરફ ગગનમાર્ગે વિદાય થયા.

પાંડુવર્ધનપુરમાં તો રાજવી સિંહરથની શોધખોળ અવિરત ચાલુ જ હતી. પણ રોજેરોજ અસફળતાભર્યા જે સમાચારો આવતા હતા, એથી રાજા દઢસિંહનું પિતૃહૈયું વધુ ને વધુ ચિંતિત બનતું જતું હતું. પુત્રવિયોગને લગભગ મહિનો વીતવા છતાં કશા જ આશાસ્પદ સમાચાર આવ્યા ન હતા, એથી દઢસિંહનું અંતર અમંગળ-કલ્પનાઓથી ભરાઈ ગયું હતું અને એમણે લગભગ પુત્ર-મિલનની આશા મૂકી જ દીધી હતી. એમાં એક દહાડો અચાનક જ ગગનમાર્ગે પુત્રનું આગમન થતાં આખા નગરમાં આશ્ચર્ય અને આનંદ ફેલાઈ જવા પામ્યો. પોતાના આગમનથી આનંદનો જે સાગર ઊછળી રહ્યો હતો, એના પરથી આટલા દિવસો કેવા શોક ભરપૂર ગયા હશે ? એની કલ્પના આવતાં જ સિંહરથનું દિલ ધ્રૂજી ઊઠ્યું ! પિતાના પગ પકડી લેતા એમણે કહ્યું : પિતાજી ! આ સ્વાર્થી-સંતાને આપનો અક્ષમ્ય અપરાધ કર્યો છે. આપના દુઃખ ઉપર મેં સુખ માણ્યું છે. મારો આ અપરાધ કેટલો બધો અક્ષમ્ય હતો, એની તો આજે અહીં આવતાં જ મને કલ્પના આવી રહી છે !

પિતા-પુત્ર બંનેની આંખમાંથી શ્રાવણ-ભાદરવા વરસી રહ્યા. હર્ષનાં એ આંસુ હતા. પુત્રનું આગમન સમગ્ર-નગર માટે આશ્ચર્યજનક હતું અને આનંદજનક પણ હતું. હૈયે-હૈયે જિજ્ઞાસા હતી. અંતરેઅંતર આતુરતાથી ભરપૂર હતા. એથી રાજવીએ કહ્યું : વત્સ ! તારી કથા સાંભળવા હું અત્યંત આતુર છું. છતાં એ આતુરતાને અત્યારે દાબી દીધા વિના ચાલે એમ જ નથી. તું તે દિવસે અશ્વક્રીડા માટે ગયો એ ગયો. એ વાતને આજે મહિનો વીતી ગયો. આ દિવસો દરમિયાનની તારી કથા સાંભળવાની સૌને ઇંતેજારી છે. માટે આજની સભામાં તારે તારી આપવીતી રજૂ કરવાની છે.

પિતૃઆજ્ઞાને શિરોધાર્ય કરતાં રાજવી સિંહરથ વધુ કશું જ ન બોલી શક્યા. પોતાના આગમનથી નગરમાં જે હર્ષ હિલોળે ચડ્યો હતો, એનાં દર્શને એઓની વાચા જ જાણે બંધ થઈ ગઈ હતી. એમના આગમને ઘરે ઘરે જાણે પુત્ર-જન્મ જેવા આનંદની લહાણી થવા માંડી હતી. સૌની પ્રતીક્ષાનો વિષય આજની રાજસભા હતી. રોજના સમય કરતાં એ રાજસભા વહેલી પ્રારંભાઈ, છતાં પ્રજા એમાં હકડેઠઠ ઊભરાઈ હતી. પિતૃચરણને છબીને રાજવી-સિંહરથે પોતાની આપવીતી કહેવા માંડી. એ વીતક જેમ જેમ આગળ વધી રહી એમ પ્રજાની ઉત્સુકતામાં પણ વધારો થતો ગયો. કેટલાંય ગામનગરો, કેટલાંય પાત્રો અને ચિત્રવિચિત્ર કેટલાય પ્રસંગોની સફરે લઈ જતી એ આત્મકથા જ્યારે પૂરી થઈ, ત્યારે જન-જનના મન-મન અણગણ આશ્ચર્ય અને આનંદથી ઊભરાઈ ઊઠ્યા. કેમ કે એ કથા જ અદ્ભુત હતી, કેમ કે એ વીતકવાર્તા જ ભવભવના અનુભવથી સભર હોવાથી રસિક અને રોમાંચક હતી. સભા વિખરાઈ, ત્યારે સૌના મુખે રાજવી સિંહરથ જઈ વસ્યા હતા.

આજકાલ કરતાં જ્યારે પાંચ દિવસનો કાળ વીતી ગયો, ત્યારે સિંહરથે પિતાજીને કહ્યું : તનથી અહીં હોવા છતાં હું મનથી તો એ ગિરિમહેલમાં જ છું. માટે આપની આજ્ઞા હોય, તો હવે ત્યાં થોડા દિવસ જઈ આવું !

પિતૃઆજ્ઞા પામીને સિંહરથ ગગનમાર્ગે ચાલી નીકળ્યા. એમને માટે હવે તો એ ગિરિમહેલ જરાય દૂર ન હતો. પોતાની પ્રતીક્ષા કરી રહેલી કનકમાલાની સમક્ષ જ્યારે સિંહરથે પાંડુવર્ધનપુરની બધી વિગત કહી સંભળાવી, ત્યારે એની આંખ પણ સજળ બની. બસ ! આ પછી તો રાજવી સિંહરથ માટે ગિરિમહેલથી પાંડુવર્ધનપુર અને પાંડુવર્ધનપુરથી ગિરિમહેલનું ગમનાગમન સાવ સહજ બની ગયું. એ સાહજિકતા વધતા વધતા લગભગ રોજેરોજના ગમનાગમનમાં પલટાઈ ગઈ. આની અસર રાજવીના 'સિંહરથ'ના નામ ઉપર પણ પડવા પામી. લોકો તો જેવું દેખે, એવું ભાખે ! એથી અવારનવાર - ઘણી વાર રાજવી નગ એટલે પર્વત ઉપરના મહેલ તરફ ગતિ ગમન કરતા, આ કારણે લોકો સિંહરથને

'નગગતિ'ના નામે ઓળખવા માંડ્યા અને થોડા વખતમાં તો આ નામ જ વધુ પ્રખ્યાત બની ગયું. એથી 'સિંહરથ' નામ ભુલાઈ ગયું અને 'નગગતિ' નામ જ સૌના મોઢે રમતું બની ગયું.

થોડાં વર્ષો વીતી ગયાં. રાજવી સિંહરથ-નગગતિની ઉપર પેલા વ્યંતરદેવના ચાર હાથ હતા. એ વ્યંતરદેવ પણ પુત્રીપ્રેમના કારણે એ ગિરિમહેલની નજીકમાં રહેતા હતા. પરંતુ એમના માથેય એક સ્વામી હતા. દેવ હોવા છતાં એ સ્વતંત્ર તો નહોતા જ ! એક વાર સ્વામીઆજ્ઞા થતાં આ ગિરિવાસ છોડવાની પરિસ્થિતિ એમની સામે ઉપસ્થિત થઈ. એમને પુત્રીપ્રેમે વિહ્વળ બનાવી દીધા. પરંતુ સ્વામી-આજ્ઞા તો સ્વીકારવી જ પડે એવી હતી. એથી એમણે બીજી રીતે 'પુત્રી-પ્રેમ' વ્યક્ત કરવા વિચાર્યું. એમને થયું કે, હું અહીંથી જતો રહીશ, આ પછી કદાચ રોજના ગમનાગમનથી કંટાળીને રાજવી સિંહરથ નગગતિ કનકમાલાને પાંડુવર્ધનપુર લઈ જવાનો આગ્રહ કરે, તો શું થાય ? અહીંના વાતાવરણમાં વર્ષો વિતાવનારી કનકમાલાને ત્યાં જરાય ન ગમે, એ સંભવિત છે ! એથી મારે એવું કંઈક કરવું જોઈએ કે, મારી પુત્રીને ભવિષ્યમાં જરાય વાંધો ન આવે !

વ્યંતરદેવે એક દહાડો રાજવી નગગતિને કહ્યું : રાજવી ! મારાં અહીંનાં અન્નજળ હવે પૂરાં થયાં છે ! સ્વામી આજ્ઞા થતા મારે હવે આ સ્થાન છોડવું પડશે. મારી પુત્રી કનકમાલાને આ સ્થાન સિવાય બીજે ગોઠવું શક્ય નથી. માટે તમે અહીં એક નગર વસાવો અને અહીં રહીને જ પાંડુવર્ધનપુરનું રાજ્ય પણ સંભાળો ! જો આવી ગોઠવણ થઈ જાય, તો હું નિશ્ચિંત બનીને અહીંથી વિદાય થઈ શકું !

રાજવી નગગતિએ આ દેવ-માગણીને સ્વીકારી લીધી અને એ પર્વત ઉપર એક વિશાળ નગર વસાવવામાં આવ્યું. નગાતિપુર તરીકે પ્રસિદ્ધ થયેલું એ નગર ધીરે ધીરે ખૂબ જ વિકસવા માંડ્યું. અનેક જિનાલયોથી મંડિત એ નગર ધર્મધામ તરીકે વિખ્યાત બન્યું. નગાતિપુરમાં રહેતા

રાજવી નગગતિ પાંડુવર્ધનપુરનું રાજ્ય પણ ખૂબ જ સુંદર રીતે સંભાળી રહ્યા. વર્ષો વીતી ગયાં. આ અરસામાં એમના પિતા દઢસિંહ એક દહાડો સ્વર્ગવાસી બન્યા. એથી નગગતિ-રાજવીની જવાબદારીમાં ઠીકઠીક વધારો થયો. સમયની સરિતા વહેતી જ રહી, વહેતી જ રહી !

બે બે સમૃદ્ધ રાજ્યોનું સ્વામીત્વ ભોગવવા છતાં રાજવી નગગતિ હતા તો પ્રત્યેકબુદ્ધ ! બુદ્ધ અને અશુદ્ધ જણાતા એમના આત્માને પ્રતિબુદ્ધ બનવા માટે કોઈ નાનકડા એકાદ નિમિત્તની જ અપેક્ષા હતી અને એ નિમિત્ત સાવ સામાન્ય જણાતા એક બનાવે એક દિ' એકાએક પૂરું પાડ્યું.

કાર્તિકી-પૂર્ણિમાનો દિવસ હતો. વર્ષોના ક્રમ મુજબ રાજવી નગગતિ કૌમુદી-મહોત્સવ માણવા નગાતિપુર-નગરની બહારના ઉદ્યાનમાં જવા નીકળ્યા હતા. એઓ હાથીના હોદ્દે બેઠા હતા. નગરની બહાર પહોંચી ગયા બાદ એક ઘેઘૂર આમ્રવૃક્ષ આવ્યું. સાવ સાહજિક ભાવે જ રાજા નગગતિએ એ આમ્રવૃક્ષ પરથી થોડાં આમ્રપર્ણ તોડ્યાં. વૃક્ષની વિશાળતા, વૃક્ષને વરેલી ઘટાટોપતા અને ભવ્યતા એમના અંતરમાં અંકિત થઈ ચૂકી હતી. થોડાં આમ્રપર્ણ તોડીને રાજવી તો આગળ નીકળી ગયા. પણ લોકો તો ગતાનુગતિક હતા. એથી એ મહોત્સવમાં જોડાયેલા બધા લોકો થોડાં થોડાં આમ્રપર્ણ તોડતા ગયા. આનું દુઃખદ-પરિણામ એ આવ્યું કે, થોડી જ વાર પૂર્વેનું એક ઘેઘૂર આમ્રવૃક્ષ થોડી વાર પછી જ એક ઠૂંઠામાં પરિવર્તિત બની ગયું. ચામડી ઉતાર્યા પછીના હાડપિંજર જેવી દશા એ આમ્રવૃક્ષની બની જવા પામી.

કૌમુદી-મહોત્સવ પૂર્ણ થયો. રાજવી નગગતિની આંખમાંથી એ આમ્રવૃક્ષની રમણીયતા હજી ખસી ન હતી. એથી પાછા ફરતી વખતે એ આમ્રવૃક્ષની નીચે થોડો આરામ કરવાનું એમણે મનોમન નક્કી કરી રાખ્યું હતું. રાજવી પ્રજા સાથે પાછા ફર્યા. નિર્ધારિત સ્થળ આવવા છતાં એ આમ્રવૃક્ષનું દર્શન ન થતાં રાજવીએ આશ્ચર્ય સાથે મંત્રીશ્વરને પૂછ્યું :

જતી વખતે જેનાં થોડાં આમ્ર-પર્ણ મેં તોડ્યાં હતાં એ આમ્રવૃક્ષ કેમ દેખાતું નથી ? શું આપણે બીજો રસ્તો લીધો છે ?

મંત્રીશ્વરે જવાબમાં જણાવ્યું કે, રાજવી ! આ રસ્તો તો એનો એ જ છે કે, જ્યાંથી આપણે પસાર થયા હતા. એ આમ્રવૃક્ષ પાછળ રહી ગયું. પણ આપ એને ઓળખી નહિ શક્યા હો. કેમ કે એની સમગ્ર શોભા લોકસ્વભાવને વરેલી ગતાનુગતિકતાએ લૂંટી લીધી છે. આપે એનાં બે પાંદડાં તોડ્યાં, આનું અનુકરણ બધાએ કર્યું. પરિણામ એ આવ્યું કે, રમણીય એક આમ્રવૃક્ષ ઠૂંઠામાં ફેરવાઈ ગયું.

આ સાંભળીને રાજવી નગગતિ વિચારમાં પડી ગયા. એમણે પાછા ફરીનેય વૃક્ષને જોવાની ઇચ્છા પ્રગટ કરી. મંત્રીશ્વરને સમજાયું નહિ કે, એક ઠૂંઠાને નિહાળવાનું આવું આકર્ષણ શા માટે ? રાજવી અને મંત્રીશ્વર પાછા ફર્યા. એઓ રસભરપૂર આમ્રવૃક્ષમાથી રૂક્ષ બની ગયેલા એ ઠૂંઠાની આગળ આવીને અટક્યા. કુતૂહલપ્રિય લોકોની તો ત્યાં ભારે ભીડ જામી ગઈ.

રાજવી નગગતિના અંતરમાં સૂતેલું પ્રત્યે બુદ્ધત્વ જાણે જાગવા માટે કોઈ નિમિત્તની પ્રતીક્ષામાં જ હતું. એ નિમિત્તમાત્રતા પામવાનું ભાગ્ય એ ઠૂંઠાનું હશે, એથી ઠૂંઠાને જોતાં જ રાજવી નગગતિ ગંભીર-વિચારમાં સરી પડ્યા : ઓહ ! ક્યાં પળ પૂર્વેનું એ આમ્રવૃક્ષ ! કેટલી બધી એની આભા અને કેટલી બધી એની પ્રભા ! અને અત્યારે હાડપિંજરમાં પલટાયેલું ક્યાં આ ઠૂંઠું ! એ આભા-શોભા-પ્રભાનો કોઈ જ અંશ અત્યારે અહીં જીવંત જોવા મળતો નથી ! શું સંસાર આટલો બધો પરિવર્તનશીલ ! પુદ્ગલોની પળેપળે પલટાતા રહેવાની પ્રક્રિયા શું આટલી બધી ઝડપી !

રાજવીની વિચારણા આત્મલક્ષી બની : રે ! આ આમ્રવૃક્ષ જ શા માટે, મારું શરીર પણ આવું જ પરિવર્તનશીલ ક્યાં નથી ? અરીસો પણ જેના પ્રતિબિંબને ઝીલવા પ્રતીક્ષા કર્યા કરતો, એ મારી યુવા-કાયા

ક્યાં ? અને એ જ અરીસો જેને મોં બગાડીનેય આવકાર આપવા રાજી નથી, એ મારી વર્તમાન-કાયા ક્યાં ? જે કેશાવલિ અને કાળજાની કોર જેવી પ્યારી છે, શિર પરથી અલગ કર્યા પછી એ જોવીય ગમતી નથી ! જે ખાનપાનની સોડમ આવતાં જ જીભમાંથી પાણી છૂટે છે, એને આરોગ્ય પછીના અશુચિ-પરિણામનો વિચાર આવતાં જ ઊલટી થવા લાગે છે ! આ બધું અનિત્યપણાનું જ નાટક નહિ તો શું છે ? બધું જ પરિવર્તનશીલ છે. પળે-પળે એ પલટાય છે અને ક્ષણે ક્ષણે એ ક્ષીણ થતું રહે છે.

રાજવી-નગગતિ ગંભીર ધર્મધારામાં ઊંડા ને ઊંડા ઊતરતા ગયા. એ ઊંડાણમાંથી એઓ સપાટી પર આવ્યા, ત્યારે એમના હાથમાં વિરાગની રત્નરાશિ ઝળહળી રહી હતી. એના ઝળહળાટમાં એમને મુનિત્વમાં મોક્ષમાર્ગ જણાયો અને તેઓ સંસાર-ત્યાગ માટે કૃતસંકલ્પ બન્યા. ભાવના તો ભવનાશિની છે. એમની આ ભાવના-પૂર્તિ માટે ત્યાં તરત જ શાસન દેવતા પ્રગટ થયા. એમના દ્વારા મુનિવેશની પ્રાપ્તિ થતાં જ રાજવીમાંથી તેઓ રાજર્ષિ નગગતિ બની ગયા !

પળવારમાં જ આમ્રવૃક્ષ જેમ ઠૂંઠામાં ફેરવાઈ ગયું હતું, એમ થોડી જ પળોમાં રાજવીના શણગાર સંકેલાઈ ગયા હતા અને ત્યાં અણગારની આભા ફેલાઈ ચૂકી હતી. નગાતિપુરની વિરાટ પ્રજા એ અણગારી આભાનાં દર્શને ધન્ય બની ગઈ ! જીવનમાં ઘણા ચમત્કારો એણે નિહાળ્યા હતા, પણ આ ચમત્કારની આગળ એ બધા ચમત્કારો સૌને હેઠ લાગી રહ્યા હતા. આ ચમત્કારની સત્યતા પામવા, સૌ આંખો ચોળીને એ તરફ જઈ રહ્યા હતા. ત્યાં તો રાજર્ષિ નગગતિએ વનવગડાની વાટે કદમ ઉઠાવ્યું !

આખું નગર એ કદમને વધાવતાં ગર્જના કરી ઊઠ્યું : જય હો પ્રત્યેકબુદ્ધ રાજર્ષિ નગગતિનો !

ક્ષિતિપ્રતિષ્ઠિત નગરની છેડે એક ઉપવન હતું. એ ઉપવનની છેડે એક યક્ષમંદિર હતું. જેમાં ચાર દિશામાં ચાર દ્વારો હતાં : પૂર્વ-પશ્ચિમ-દક્ષિણ-ઉત્તર !

પૂર્વના દ્વારેથી એક મુનિએ પ્રવેશ કર્યો. જે પ્રત્યેક બુદ્ધ હતા અને જેમનું નામ હતું : કરકંડૂ મુનિ !

દક્ષિણના દ્વારેથી બીજા મુનિએ પ્રવેશ કર્યો. એ પણ પ્રત્યેક બુદ્ધ હતા અને જેમનું નામ હતું દ્વિમુખ મુનિ ! યક્ષને થયું : આવા મુનિને પીઠ કરીને મારાથી કેમ બેસાય ? ને એણે પોતાનું મોં દક્ષિણ તરફ નવું સરજ્યું !

પશ્ચિમના દ્વારેથી એક મુનિ પ્રવેશ્યા, એય પ્રત્યેક બુદ્ધ હતા, જેમનું નામ હતું : નમિરાજર્ષિ ! યક્ષે પોતાનું મોં પશ્ચિમ ભણીય નવું વધાર્યું. થોડી વાર થઈ અને ઉત્તરના દ્વારેથી એક મુનિ-કાયા અંદર આવી, એ મુનિય પ્રત્યેક-બુદ્ધ હતા, જેમનું નામ હતું : નગગતિ મુનિ ! યક્ષે પોતાનું મુખ એ બાજુય વિકુર્વ્યું ને આમ, યક્ષ ચતુર્મુખી બન્યો.

ચારે પ્રત્યેક-બુદ્ધ મુનિઓ આજે ક્ષિતિપ્રતિષ્ઠતના ઉદ્યાનમાં અચાનક જ આવી મળ્યા હતા. આ બધા પૂર્વજન્મમાં મિત્રો હતા, પોતાનું દેવ-જીવન પુષ્પોત્તર વિમાનમાં એમણે એકી સાથે જ ગાળ્યું હતું. અને એ ચારે દેવો એકી સાથે ચ્યવીને માનવીય-દેહમાં જુદે જુદે સ્થાને અવતર્યા હતા. ચારે મિત્રો જુદે જુદે સ્થાને સમકાળે જ સંસારથી વિરકત બનીને સંયમી બન્યા હતા અને સંયમી બન્યા પછી આજે અચાનક જ એમનો મેળાપ થઈ ગયો હતો.

રાજર્ષિ-કરકંડૂના શરીરે, બાલ્યવયથી જ ખંજવાળની વ્યાધિ હતી. જેથી એક તૃણ વડે તેઓ પોતાના દેહ પરની ખણજ મિટાવતા. સંયમી બન્યા પછીય એમની વ્યાધિ એવી ને એવી જ હતી. એમણે તૃણ વડે પોતાના દેહની ખણજ મિટાવી ને તૃણ પોતાની પાસે પાછું ગોપવી દીધું ! આ જોઈને દ્વિમુખ-મુનિ બોલી ઊઠ્યા : રાજર્ષિ કરકંડૂ ! આ શું ? રાજકાજ છોડ્યું. વૈભવોને વિછોડ્યા ને હજી આ તૃણનો મોહ નથી છૂટ્યો ! જેથી એને તમે ગોપવી રાખો છો. આખા સાગરને તર્યા અને ગોષ્પદમાં હવે મુઝાયા છો ?

દ્વિમુખ - મુનિની આ દોષદૃષ્ટિ નમિરાજર્ષિને ન ગમી. એમને થયું : નિર્ગ્રન્થને વળી દોષની આવી ગ્રન્થિઓ શી ? એમણે દ્વિમુખ મુનિને કહ્યું : રાજર્ષિ દ્વિમુખ ! તમે બધુંય ત્યાગ્યું. સુવર્ણ, સુંદરી ને સિંહાસનને લાત મારીને તમે ચાલી નીકળ્યા. સૃષ્ટિ સાથેનો સ્નેહ-તંતુ તમે તોડી નાખ્યો. છતાંય આ દોષદૃષ્ટિ ન છોડી શક્યા ? સૃષ્ટિ-સમસ્તનો તમે ત્યાગ કર્યો ને આ દોષદૃષ્ટિમાં તમે અટવાયા ? કરકંડૂ મુનિ રોગી છે, એથી એમને માટે આ તૃણ પરિગ્રહ ન કહેવાય ! મૂર્ચ્છા જ પરિગ્રહ છે ! આ સાંભળીને મહર્ષિ નગગતિથી ન રહેવાયું : અરે ! આ પણ એક દોષ-દૃષ્ટિ જ ને ? એમણે નમિરાજર્ષિને કહ્યું : રાજર્ષિ-નમિ ! દોષદૃષ્ટિના ત્યાગની પ્રેરણા આપનાર તમે દોષ-દૃષ્ટિનો ત્યાગ ક્યાં કર્યો છે ? દ્વિમુખ-મુનિએ કરકંડૂમુનિની ભૂલ ભલે કાઢી, પણ તમારે મૌન સેવવું જોઈએ. આ તો દોષદૃષ્ટિના ત્યાગના ઉપદેશમાં જ એ દૃષ્ટિનો સ્વીકાર આવી ગયો ન ગણાય ?

આ બધાનું મધ્યસ્થ-દૃષ્ટિથી દર્શન કરનાર શ્રી કરકંડૂ મુનિએ સૌથી છેલ્લે બધાને ઉદ્દેશીને કહ્યું :

“મુનિઓ ! નિંદા અને દોષદૃષ્ટિ કોને કહેવાય ? જે કહેવા પાછળ ક્રોધ હોય, દ્રોહ હોય કે ઈર્ષા હોય, એને જ નિંદા કહેવાય. આ તો પડતાને ઊભા કરવાની પ્રવૃત્તિ છે. આને પ્રેરણા કહેવાય. મુનિ મુનિને, કલ્યાણમિત્ર કલ્યાણમિત્રને પ્રેરણા નહિ આપે, તો પછી કોણ આપશે ?”

-ને મુનિ કરકંડૂએ પોતાનું એ તૃણ ફેંકી દીધું. ચારે રાજર્ષિઓ અન્યત્ર અલગ અલગ વિહાર કરી ગયા.

આ પછી એક ધન્ય દિવસ ઊગ્યો, જ્યારે સાચો ‘યુદ્ધવિરામ’ જાહેર થયો. એ ચારે પ્રત્યેક બુદ્ધ રાજર્ષિઓ સાચા વિજયી જાહેર થયા ને ‘સંસાર-મુક્ત’ બનીને, નિરંજનોની નગરીના અતિથિ બન્યા.

**પ્રત્યેકબુદ્ધ રાજર્ષિ નગગતિ જીવનકથા સંપૂર્ણ**

● ● ●

।। नमुं सुरिराजा ।।

વિ.સં.૨૦૪૯-૨૦૭૨ 'સૂરિપદ રજતોત્સવ'

## ।। नमो आयरियाणं ।।

जे बहुलसिद्धसमिद्धा साइसया सासणं पभावंति ।
रायसमा निच्चिंता ते आयरिए नमंसामि ।।

જેઓ ઘણી ઘણી લબ્ધિ-સિદ્ધિઓથી સમૃદ્ધ હોય છે, અતિશયવાળા હોય છે, શાસનને શોભાવે છે અને રાજાઓની જેમ નિશ્ચિંત હોય છે, તે આચાર્ય ભગવંતોને હું નમસ્કાર કરું છું.

અગ્નિ જેવા પવિત્ર

પંચ પ્રસ્થાન
પુણ્યસ્મૃતિ
પ્રકાશન
સુરત